# ઝાણં - ૬૩ દુર્ધ્યાનો

# પતિત મનને પાવન કરો-૩

: પ્રકાશક :

**સંપર્કસ્થાન - પ્રાપ્તિસ્થાન**

*સન્માર્ગ પ્રકાશન*

જૈનઆરાધના ભવન, પાછીયાની પોળ,
રીલીફ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧
ફોન : ૨૫૩૫ ૨૦ ૭૨ ● ફેક્સ ૨૫૩૯ ૨૭ ૮૯
E-mail : sanmargprakashan@gmail.com





# ઝાણં ૬૩ દુર્ધ્યાનો

# પતિત મનને

**આઉર પચ્ચક્ખાણ પયન્ના આગમના આધારે થયેલાં પ્રવચનો...**

# પાવન કરો ! - ૩

# ઝાણં ૬૩ દુર્ધ્યાનો પતિત મનને પાવન કરો-૩

ISBN-978-81-87163-48-0

| | | |
|---|---|---|
| **પ્રથમ આવૃત્તિ** | : | વિ. સં. ૨૦૬૫ |
| **નકલ** | : | ૩૦૦૦ |
| **સાહિત્યસેવા** | : | રૂ. ૨૫/- |

**: પ્રકાશક :**

**સંપર્કસ્થાન – પ્રાપ્તિસ્થાન**

*સન્માર્ગ પ્રકાશન*

જૈનઆરાધના ભવન, પાછીયાની પોળ,
રીલીફ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧
ફોન : ૨૫૩૫ ૨૦ ૭૨ ● ફેક્સ ૨૫૩૯ ૨૭ ૮૯
E-mail : sanmargprakashan@gmail.com



## પ્રકાશકના અંતર બોલ

અનંત સુખાત્મક મોક્ષ મેળવવા માટે ધ્યાન-સાધનાનો માર્ગ શ્રી વીતરાગ સર્વજ્ઞ અરિહંત પરમાત્માએ બતાવેલો છે. જગતમાં ધ્યાનના સ્વરૂપ અને સાધનાની બાબતમાં ઘણી ભ્રમણાઓ પ્રવર્તે છે. જગતનાં ધ્યાનો એકાંગી ધ્યાનો છે. માત્ર કાયા વાચા અને મનને સ્થિર કરી એનાથી મળતા ઈહલૌકિક લાભો મેળવવામાં જ મોટે ભાગે એની ઈતિશ્રી મનાઈ છે. જૈન શાસનનું ધ્યાન માત્ર શારીરિક સ્થાનોનાં સ્થિરીકરણ પૂરતું સીમિત ન રહેતાં એ આત્મિક સ્થિરીકરણ સાથોસાથ આત્મિક શુદ્ધિકરણ સાધી આપવા પ્રયોજાયેલું છે. **શુદ્ધિ વિનાની સ્થિરતાદિ સિદ્ધિ મારક બને છે. શુદ્ધિપૂર્વકની સ્થિરતાદિ સિદ્ધિ તારક બને છે.**

આત્મિક શુદ્ધિ સાધવા માટે આત્માની અશુદ્ધિ કરનારાં તત્ત્વો દૂર કરવાં પડે. ત્યાર બાદ શુદ્ધિને પામવા શુદ્ધિકર તત્ત્વો અને એ શુદ્ધિને સ્થિર, સ્થિરતર અને સ્થિરતમ બનાવવા સ્થિરીકરણ કરનારાં તત્ત્વો ય લાવવાં પડે છે. આ બે પાંખિયા કાર્યશૈલીને જૈન શાસ્ત્રકારો અપ્રશસ્તનું વર્જન અને પ્રશસ્તનું સર્જનના નામે ઓળખાવે છે.

આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન અપ્રશસ્ત ધ્યાનો છે માટે તેમનો ત્યાગ કરવાની સાધના કરવાની છે તો ધર્મધ્યાન અને શુક્લધ્યાન પ્રશસ્ત ધ્યાનો છે માટે તેમનું આરાધન કરવાની સાધના કરવાની છે. આગમાદિ ગ્રંથોમાં વિધ-વિધ સ્વરૂપે, વિધ-વિધ શબ્દોમાં આ ધ્યાન સાધનાને વણી લેવામાં આવી છે. જૈન શ્રમણત્વ અને શ્રાવકત્વની પ્રત્યેક આચાર, વિચાર અને પ્રરૂપણા શૈલીમાં અપ્રશસ્ત ધ્યાનોના ત્યાગનો અને પ્રશસ્ત ધ્યાનોના આરાધનનો જ આયામ-વ્યાયામ જોવા મળે છે.

ધ્યાન એક એવી મહત્ત્વપૂર્ણ સાધના છે કે એથી જ એનો **આવશ્યક સૂત્ર**માં સમાવેશ કરી લેવાયો છે. શ્રમણ-શ્રમણીઓ જો અપ્રશસ્ત એવાં આર્ત્ત-રૌદ્ર ધ્યાન કરી બેસે તો ય દોષ લાગે છે અને પ્રશસ્ત એવાં ધર્મ-શુક્લ ધ્યાન ન કરે તો ય દોષ લાગે છે, માટે જ દૈવસિકાદિ અતિચારની આલોચના (પ્રાયશ્ચિત્ત) કરતાં,

**'આર્ત્તધ્યાન-રૌદ્રધ્યાન ધ્યાયાં, ધર્મધ્યાન-શુક્લધ્યાન ન ધ્યાયાં'**

એ પદ બોલી આ સ્ખલના અંગે મિચ્છા મિ દુક્કડં આપવાનો હોય છે.

આ ધ્યાન અંગેના સાધના સૂત્રની વ્યાખ્યાના અવસરે સૂરિપુરંદર પૂ.આ.**શ્રી.હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજે સમગ્ર **ધ્યાન શતક**નું ઉદ્ધરણ કરી એના પર પોતાની શાસ્ત્રપૂત આગવી શૈલીમાં વૃત્તિ બનાવી છે. આ 'ધ્યાનશતક' નામનો મહાગ્રંથ સમર્થ શ્રુતધર પૂ.આ.**શ્રી.જિનભદ્રગણિ ક્ષમાશ્રમણજીનો** બનાવેલો છે. **સંબોધ પ્રકરણ**માં પણ ધ્યાનશતક મૂળરૂપે સંગ્રહાયેલું છે. ધ્યાન પર જૈન સૂરિ-મુનિવરોએ અઢળક સાહિત્યનું સર્જન કર્યું છે. પૂ.કલિકાલસર્વજ્ઞ પૂ.આ.**શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજ તેમજ પૂ. ન્યાયાચાર્ય ન્યાયવિશારદ પૂ. મહોપાધ્યાયજી **શ્રીયશોવિજયજી** મહારાજે પણ યોગશાસ્ત્ર તેમજ અધ્યાત્મસારાદિ ગ્રંથોમાં ખાસ ધ્યાન અંગે લંબાણપૂર્વક વિશદ વિવેચનો કર્યાં છે.

આજે બુદ્ધિજીવી વર્ગમાં ધ્યાન અંગે ઘણી જિજ્ઞાસા છે. યત્ર તત્ર ચાલતી તથાકથિત ધ્યાનની શિબિરો આદિમાં ભટકાઈ એ રાંક જીવો અવળા માર્ગે ભટકાય છે. એવા જીવો સુધી જૈન શાસનનો ટોચનો છતાંય તદ્દન વ્યવહારુ અને પ્રેક્ટીકલ બને તેવો ધ્યાનમાર્ગ સરળ શૈલીમાં પ્રસ્તુત કરવો અનિવાર્ય લાગતા ધ્યાન અંગેનાં જ સ્પેશિયલ પ્રવચનો ગોઠવીને આ દિશામાં આગળ વધવાનો એક સન્નિષ્ઠ પ્રયાસ થયો.

જૈન શાસન શિરતાજ, અજોડ વ્યાખ્યાતા, તપાગચ્છાધિરાજ, ભાવાચાર્ય ભગવંત, શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાની આજીવન ધ્યાનપૂર્વક સેવા-વૈયાવચ્ચ કરી સૂરિપદ લક્ષ્મીને શોભાવતા, તપ રૂપ સુદર્શન ચક્રધારી, પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **ગુણયશસૂરીશ્વરજી** મહારાજાના ચરણારવિંદમાં ભ્રમર જેવા એકનિષ્ઠ બની જૈન શાસનને પ્રવચન કિરણોથી તેજસ્વી બનાવતા, પ્રવચન પ્રભાવક, પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **કીર્તિયશસૂરીશ્વરજી** મહારાજ આ પ્રવચનોના પ્રદાતા છે.

મુંબઈના સ્વીટ્ઝલૅન્ડ સમા **વાલકેશ્વર** અને શ્રદ્ધાળુ વર્ગથી ભર્યા-ભર્યા **ભૂલેશ્વર લાલબાગ**માં ધ્યાનનાં પ્રવચનો થયાં. શ્રોતાઓએ મન ભરીને માણ્યાં. એમાંનાં આર્ત્ત-રૌદ્રધ્યાનનાં વ્યાખ્યાનો ઝડપભેર તૈયાર કરાવી **ઝાણં : મનને જાણો, મનને જીતો !** પુસ્તકરૂપે અમોએ પ્રકાશિત કર્યાં. એ પુસ્તક એટલું બધું લોકપ્રિય બન્યું કે ટૂંક જ સમયમાં આવૃત્તિઓ પ્રકાશિત કરવી પડી. સન્માર્ગ પત્રમાં ગુજરાતી તેમ હિંદીમાં પણ એ પ્રવચનો છપાયાં.

ત્યાર બાદ ધર્મધ્યાન અને શુક્લધ્યાન અંગેનાં પ્રવચનો તૈયાર કરાવી મુદ્રિત કરવાનો વિચાર હતો. વાચકો તરફથી સતત એની માંગણી આવતી હતી. એ દરમ્યાન વિ.સં. ૨૦૫૮-૫૯માં **શ્રીહસ્તગિરિજી તીર્થ** અને વિ.સં. ૨૦૬૦માં **શ્રીભોરોલ તીર્થ**માં થયેલા ઐતિહાસિક ઉપધાન તપો દરમ્યાન આ જ વિષયનાં છણાવટપૂર્વકનાં પ્રવચનો થતાં, ત્રણેય સ્થળોએ થયેલ ધર્મ-શુક્લ ધ્યાનનાં પ્રવચનોનાં સંકલન-સંયોજનપૂર્વક નવાં પુસ્તકો તૈયાર કરવાનો વિચાર થયો. આ કાર્ય પરિશ્રમસાધ્ય હોઈ વિલંબ થવા લાગ્યો.

એ જ અરસામાં વિ.સં. ૨૦૬૩માં શંખેશ્વર તીર્થે શ્રી હાલારી જૈન ધર્મશાળામાં **શ્રીરત્નત્રયી પરિવારે** આયોજેલ ઉપધાન તપના આરાધકો આદિ સમક્ષ શ્રી મહાવીર સ્વામી પરમાત્માના સ્વહસ્ત દીક્ષિત સૂરીશ્વર **શ્રીવીરભદ્રાચાર્ય** મહારાજે રચેલા **આઉર પચ્ચક્ખાણ પયન્ના**માં વર્ણવાયેલાં ૬૩ દુર્ધ્યાનો કે જે આર્ત્ત અને રૌદ્રધ્યાનના જ અપેક્ષાભેદે ભેદ છે, તેનાં પ્રવચનો થયાં. શ્રોતા સાધુ-સાધ્વીજી ભગવંતો અને શ્રાવક-શ્રાવિકા વર્ગ આ પ્રવચનોમાં ઓળઘોળ બન્યો. આ પ્રવચનો અપેક્ષાએ ખૂબ સરળ, લોકગ્રાહ્ય, આબાળવૃદ્ધ સૌ કોઈ માટે સુગ્રાહ્ય અને સુપાચ્ય લાગવાથી અને આર્ત્ત-રૌદ્રધ્યાન અંગે જ વિશેષ સ્પષ્ટતા કરતાં હોવાથી **ઝાણં-મનને જાણો, મનને જીતો !** પુસ્તક બાદ એનું જ પ્રકાશન હાથ ધર્યું છે. આથી ક્રમ જળવાયો છે. આ શ્રેણીના આ પહેલા પુસ્તકમાં ૬૩ દુર્ધ્યાનો પૈકીનાં પહેલા-**અજ્ઞાનધ્યાન**થી ત્રીજા - **કુદર્શનધ્યાન**

સુધીનાં પ્રવચન નં. ૧ થી ૫ સુધીનાં કુલ પાંચ પ્રવચનો છપાયાં હતાં. બીજા પુસ્તકમાં ચોથા-**ક્રોધધ્યાન**થી સાતમા-**લોભધ્યાન** સુધીનાં પ્રવચન નં. ૬ થી ૧૦ સુધીનાં કુલ પાંચ પ્રવચનો છપાયાં હતાં. ત્રીજા પુસ્તકમાં ૬૩ દુર્ધ્યાનો પૈકીનાં આઠમા **રાગધ્યાન**થી લઈ નવમા **દ્વેષધ્યાન** સુધીનાં બે દુર્ધ્યાનો અંગેનાં **પ્રવચન નં. ૧૧ થી નં. ૧૩** સુધીનાં કુલ ૩ પ્રવચનોનો સમાવેશ કરાયો છે. આ શ્રેણીનાં બધાં પ્રવચનો પ્રકાશિત થયા બાદ ધર્મધ્યાન શુક્લધ્યાન અંગેનાં પ્રવચનોનું પ્રકાશન કરવાનો મનસૂબો સેવ્યો છે.

દેવગુરુની અસીમ કૃપા, વર્ધમાન તપોનિધિ તથા પ્રવચન પ્રભાવકશ્રીજીનું જિનાજ્ઞાનિષ્ઠ સાંનિધ્ય અને અનેક સ્વાધ્યાયપ્રેમી મુનિવરો, સાધ્વીજી ભગવંતો તેમજ સુશ્રાવક-સુશ્રાવિકા વર્ગના સામૂહિક સ્વાધ્યાય યજ્ઞના ફળરૂપે આ ગ્રંથરત્ન તૈયાર કરી પ્રકાશિત કરવામાં અમને સફળતા મળી છે. આ અવસરે કૃતજ્ઞ ભાવે અમો તેઓશ્રીના ઉપકારનું સ્મરણ કરીએ છીએ. ધ્યાનનાં આ પ્રવચનો વાંચી, વિચારી, એના આલોકમાં આર્ત્ત-રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરી, ધર્મ-શુક્લ ધ્યાન આરાધી નિર્જરાના માર્ગે સૌ કોઈ અનંત સુખાત્મક મોક્ષને પામે એ જ અભ્યર્થના.

**વિ.સં. ૨૦૬૫ ચૈત્ર સુદ ૧૩** *સન્માર્ગ પ્રકાશન*
**ચરમતીર્થપતિ શ્રીમહાવીરસ્વામી જન્મ કલ્યાણક**



..... *આભાર* ....

*સન્માર્ગ પ્રકાશન દ્વારા*

**પ્રવચન પ્રભાવક પૂજ્ય આચાર્યશ્રી વિજય કીર્તિયશસૂરીશ્વરજી**
મહારાજનાં પ્રવચનોના સંગ્રહ રૂપે પ્રકાશિત થતા

## ઝાણં ૬૩ દુર્ધ્યાનો

## પતિત મનને પાવન કરો ! - ૩

**પુસ્તકના પ્રકાશનમાં મહત્ત્વપૂર્ણ સહયોગ આપતા**

**શ્રીયુત દેવજીભાઈ કોરસીભાઈ સંગોઈના**

જીવનના વિવિધ સુકૃતોની

અનુમોદનાર્થે

તેમજ

તેમની

**૩૧મી**

**પુણ્યતિથિ પ્રસંગે**

**શ્રીમતી જવેરબેન દેવજીભાઈ સંગોઈ પરિવાર**

કચ્છ – ગામ કપાયા નિવાસી

વર્તમાનમાં – મુંબઈ – ઘાટકોપર

**આપે કરેલી શ્રુતભક્તિની અમો હાર્દિક અનુમોદના કરીએ છીએ અને ભવિષ્યમાં પણ આપ ઉત્તરોત્તર ઉત્તમ કક્ષાની શ્રુતભક્તિ કરતા રહો એવી શુભેચ્છા પાઠવીએ છીએ.**

લિ. *સન્માર્ગ પ્રકાશન*

# પ્રવચન - અનુક્રમ તથા દ્દષ્ટાંત-વિષયક્રમ


પ્રવચન વિષય પૃષ્ઠ

૧૧ **8-રાગધ્યાન** ૧

રાગના પ્રકારો-૬, આમરાજા-શ્રી બપ્પભટ્ટીસૂરિજી-૮,

**A-દૃષ્ટિરાગ-૯,**

મહારાજા શ્રેણિકનો દૃષ્ટિરાગ-૯, દૃષ્ટિરાગના પર્યાયો-૧૪, મહાજન કોને કહેવાય ?-૧૫, ગુરુનું કહ્યું માનવું કે નહિ ?-૧૭, પૂ. બાપજી મહારાજ-૧૯, ગોખે બેઠી બિલ્લી ચણા ચાવે-૨૦, શાસ્ત્ર નિરપેક્ષ સુધારકો-૨૪, શ્રી રામચંદ્રસૂરિજી-૨૬, મિથ્યાત્વના પ્રકારો-૨૮, વિપાક અને અપાયનું ચિંતન-૩૦

૧૨ **8-રાગધ્યાન** ૩૩

રાગધ્યાનાં રૂપો-૩૫,

**B-કામરાગ-૩૭,**

સ્થૂલભદ્રજીનો કામરાગ-૩૭, રાજસ્થાના કાકા-૩૭, નરસિંહ મહેતા-૩૮, કામરાગના સૂક્ષ્મ પ્રકારો-૩૯, મહોત્સવની મજા...૪૦, સ્વાર્થ રાગનો નમૂનો-૪૧, લલિતાંગદેવ-સ્વયંપ્રભાદેવી-૪૪, પ્રજાપતિ રાજાનો પ્રપંચ-૪૫

**C-**સ્નેહરાગ-૪૭,

પૃથ્વીચંદ્ર-ગુણસાગર-૪૮, રામચંદ્રજી અને સીતાજી-૫૧, સ્નેહમાંથી દ્વેષ-૫૬, આર્દ્રકુમારનો સ્નેહરાગ-૫૯, રામચંદ્રજી સ્નેહરાગમાં-૬૨, મરુદેવા માતાનો ઋષભ પ્રત્યે સ્નેહ-૬૪, ગૌતમ મહારાજાને ગુરુવીર પ્રભુ પ્રત્યે-૬૭, સ્નેહરાગ અને ગુણરાગ વચ્ચે ભેદ-૬૮, શ્રી રામચંદ્રસૂરિજી સાંતાક્રૂઝનો પ્રસંગ-૭૦, સાધુતાની સુરક્ષા કાજે શ્રી રામચંદ્રસૂરિજીની શહાદત-૭૨, અપવાદ અને ઉન્માર્ગનો ભેદ-૭૫, તત્ત્વરાગથી ગુરુનો ય ઉદ્ધાર શક્ય : શૈલકાચાર્ય-પંથકજી-૭૭, શ્રી મહાવીર પ્રભુનો ભક્તિરાગ-૮૧, શ્રી શય્યંભવસૂરિજી-મનકમુનિ-૮૨, 'વસુધૈવ કુટુંબકમ્' બોલવાનો અધિકાર કોને ?-૮૪





૧૩ **8-રાગધ્યાન :** ૮૭

પ્રશસ્ત-અપ્રશસ્ત રાગનું સ્વરૂપ-૮૯, શુભ નિમિત્તોમાં ય અશુભધ્યાન-૯૧, અપ્રશસ્ત પણ પ્રશસ્ત બને-૯૪,

**9-દ્વેષધ્યાન :** ૯૬

દ્વેષનું સ્વરૂપ-૯૬, મિથ્યાદૃષ્ટિ રાજા અને સમ્યગ્દૃષ્ટિ મંત્રી-૯૯, પર્યાય બદલાય એટલે ભાવ બદલાય-૧૦૭, સમ્યગ્દૃષ્ટિનું શરીર વિજ્ઞાન-૧૦૯, દ્વેષધ્યાન દીક્ષિતને પણ પીડી શકે-૧૧૧, રાગદ્વેષને જીતવાનો મહામંત્ર-૧૧૨, અનુશાસને ઝીલે તે આગળ વધે-૧૧૬, ઈર્ષા પણ દ્વેષનો જ પ્રકાર છે-૧૧૯, દ્વેષમાંથી પ્રગટે છે નિષ્ઠુરતા-૧૨૦


# ઝાણં-૬૩ દુર્ધ્યાનો
## પતિત મનને પાવન કરો ! - ૩

### પ્રવચનોમાં પ્રયોજાયેલા શાસ્ત્ર સંદર્ભોનો અકારાદિક્રમ

આઉર પચ્ચક્ખાણ પયન્ના
આદિનાથ સ્તવન (જ્ઞાનસુંદર)
ઉપદેશમાળા
કર્મગ્રંથ
જ્ઞાનસાર
ત્રિષષ્ટિ૦
દશવૈકાલિક
નીતિશાસ્ત્ર
નવાણું પ્રકારની પૂજા
પંચસૂત્ર
મરુદેવીની સજ્ઝાય (જ્ઞાનવિમલ)
યોગશાસ્ત્ર
વિનયની સજ્ઝાય (યશોવિ.)
વીતરાગસ્તોત્ર
શત્રુંજયના દુહા
શાંત સુધારસ
ષોડશક ટીકા
સાડી ત્રણસો ગાથાનું સ્તવન
સુભાષિત સંગ્રહ

# સમ્યગ્દષ્ટિનું શરીર વિજ્ઞાન

ખેતરમાં અનાજ ઉગે, એમાંથી લોટ બને,

એ જ ખેતરમાં ઘાસ ઉગે, એ ઘાસ ગાય-ભેંસ ખાય, એમાંથી દૂધ બને, એ દૂધનો માવો બને, ઘી પણ બને.

એ જ ખેતરમાં શેરડી થાય, એના રસમાંથી ગોળ અને સાકર બને.

આ લોટ, માવો કે ઘી અને ગોળ કે સાકરના મિશ્રણ-સંયોજનથી મિઠાઈ બને. રોટલી રોટલા વગેરે ખાદ્ય પદાર્થો પણ બને. હવે એ મિઠાઈ અને ખાદ્યપદાર્થો માણસ ખાય, એની બીજા દિવસે શી પરિસ્થિતિ થાય ? વિષ્ટા જ કે બીજું કાંઈ ?

એ જ રીતે મધુરમાં મધુર પણ પાણી માણસ પીવે, એની શી પરિસ્થિતિ થાય ? પેશાબ અને પરસેવો જ કે બીજું કાંઈ ?

આ જ વિષ્ટા અને પેશાબ જેવા દુર્ગંધી અને અરુચિકર જણાતા પદાર્થોમાંથી ખાતર બને. એ ખાતરથી જ પાછાં અનાજ, ઘાસ અને શેરડી પાકે. પદાર્થનું આ પર્યાયચક્ર ચાલ્યા જ કરે.

માટે જ સમજી લો કે -

જે કાંઈ મિષ્ટાન્ન તમારા પેટમાં જાય છે તે વિષ્ટાનો જ પૂર્વ પર્યાય અને પશ્ચાત્ પર્યાય પણ છે. આટલું ય સમજાઈ જાય તો કોઈ પદાર્થ પર રાગ કે દ્વેષ ન થાય.

# ૧૧

## 8-રાગધ્યાન

પ્રવચન-૧૧ : વિ. સં. ૨૦૬૩, પોષ સુદ-૧, ગુરુવાર,
તા. ૨૨-૧૨-૦૬ શ્રી શંખેશ્વરજી મહાતીર્થ - ઉપધાન તપ પ્રસંગે

### સમાધિમૃત્યુથી મોક્ષ સુધીની યાત્રા સદ્ધ્યાનથી :

અનંત ઉપકારી, ચરમ તીર્થપતિ, શ્રમણ ભગવાન શ્રીમહાવીર પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ શ્રીવીરભદ્રાચાર્યજીએ ‘આતુરપ્રત્યાખ્યાન’ નામના પ્રકીર્ણક આગમગ્રંથમાં ત્રેસઠ પ્રકારનાં દુર્ધ્યાન બતાવ્યાં છે. આ દુર્ધ્યાનોને સમ્યગ્ રીતે જાણીને જો તેનાથી બચી જવાય અને સદ્ધ્યાનમાં પ્રવેશ કરી શકાય તો મૃત્યુ સમાધિમય બને, જન્માંતરમાં બોધિબીજની પ્રાપ્તિ સુલભ બને અને પરંપરાએ આત્મા મોક્ષ સુધી પહોંચી શકે.

દુર્ધ્યાનોને નહિ ઓળખવાના કારણે, દુર્ધ્યાનો કરી કરીને આત્માએ જે ભવની પરંપરા, દુઃખની પરંપરા સર્જી છે તેનો ઉચ્છેદ કરી આત્માને વહેલી તકે સિદ્ધિપદની પ્રાપ્તિ થાય તે માટે આ આગમમાં દુર્ધ્યાનને ઓળખવાનો અને એનાથી પાછા હટવાનો સુંદર માર્ગ બતાવ્યો છે.

ધ્યાન એ મનની સ્થિરતા કે એકાગ્રતારૂપ છે. મન તે વિષયમાં સ્થિર કે

એકાગ્ર બને છે કે જે વિષયથી મન ભાવિત બન્યું હોય છે. મન તે વિષયથી ભાવિત બને છે કે જે વિષયનું મનમાં વારંવાર ચિંતન થયું હોય છે. મન તે વિષયનું વારંવાર ચિંતન કરે છે કે જ્યાં એનો આંતરિક ઢાળ હોય છે. ઢાળ કહો, રુચિ કહો, રતિ કહો, ગમો કહો કે ખેંચાણ કહો; બધું એક જ છે.

**જેનો ઢાળ સંસાર તરફનો હોય છે તેને સંસારના વિચારો વાગોળવા ગમે છે અને તેનું ચિંતન પણ સંસાર કે સંસારના ઉપાયો સંબંધી હોય છે. જેનો ઢાળ મુક્તિ તરફનો હોય છે તેને મુક્તિના વિચારો વાગોળવા ગમે છે અને તેનું ચિંતન પણ મુક્તિ કે મુક્તિના ઉપાયો તરફનું હોય છે.**

જેનું મન સંસારના રંગે રંગાયેલું હોય છે તેને જ્યારે ચિંતન, ભાવના કે ધ્યાન આવે ત્યારે તેની ભૂમિકાને અનુરૂપ આર્તધ્યાન કે રૌદ્રધ્યાન આવે છે અને જેનું મન મુક્તિનાં રંગે રંગાયેલું હોય છે તેને જ્યારે ચિંતન, ભાવના કે ધ્યાન આવે ત્યારે તેની ભૂમિકાને અનુરૂપ ધર્મધ્યાન કે શુક્લધ્યાન આવે છે.

### આત્માનો ઢાળ ક્યાં છે, તે અગત્યનું :

આત્માની રતિ (ઢાળ) સંસાર તરફ છે કે મુક્તિ તરફ છે તે બાબત અતિ મહત્ત્વની છે.

અનાદિકાળથી આત્માનો ઢાળ સંસાર અને સંસારના ઉપાયો પ્રત્યે છે. એ ઢાળ ન બદલાય ત્યાં સુધી આર્ત્તધ્યાન કે રૌદ્રધ્યાન હટે નહિ અને ધર્મધ્યાન કે શુક્લધ્યાન પ્રગટે નહિ, માટે જ જ્ઞાનીઓનો પહેલો પ્રયત્ન જીવોનો ઢાળ બદલાવવા તરફ હોય છે.

અનાદિકાળથી આપણો ઢાળ સંસાર તરફનો રહ્યો છે, માટે જ અત્યાર સુધીમાં આપણે જે ચિંતન કર્યું તે ચિંતન પણ સંસારનું, સંસારના પદાર્થોનું કે સંસારી વ્યક્તિઓનું જ કર્યું. જ્યાં સુધી સંસારનો ઢાળ હોય છે ત્યાં સુધી જે પણ ચિંતન, ભાવના કે ધ્યાન થાય છે તે મોટા ભાગે અપ્રશસ્ત જ હોય છે. કાં તો એ આર્ત્તધ્યાનરૂપ હોય છે કાં તો એ રૌદ્રધ્યાનરૂપ હોય છે.

જ્ઞાની ભગવંતોની કરુણા ઝીલાયા પછી, એ કરુણા દ્વારા પ્રગટેલા ક્ષયોપશમથી જ્યારે સંસારનું વાસ્તવિક સ્વરૂપ ઓળખાય છે અને સંસારની



વિરોધી એવી મુક્તિનું વાસ્તવિક સ્વરૂપ સમજાય છે, ત્યાર પછી જ સંસાર તરફનો ઢાળ ઘટવાની અને મુક્તિ તરફનો ઢાળ વધવાની શરૂઆત થાય છે. આત્માની આ દશા થયા પછી કરેલી દરેક ધર્મક્રિયાઓ, ચિંતન, ભાવના કે ધ્યાન પ્રશસ્ત બને છે. એ ધર્મધ્યાનરૂપ બની શુક્લધ્યાનની ભૂમિકાનું સર્જન કરે છે. આ રીતે કરાયેલી એ ધર્મક્રિયાઓ સાચા અર્થમાં સફળ બને છે.

અત્યાર સુધીમાં તમે-અમે-આપણે જે કાંઈપણ પ્રયત્ન કર્યો તે અશુભ ભાવોને ઉપાદેય માનીને એને પોષવા-પંપાળવાનો જ કર્યો છે. માટે જ ધર્મોપદેશક જ્યારે કહે કે, 'સંસાર અસાર' ત્યારે એવા જીવોના મનમાં થાય કે 'નહિ, સંસાર અસાર નહિ, સાર પણ છે.'

આવા સંસારરસિક આત્માઓ મોટે ભાગે માને કે, 'આપણે ત્યાગી, વૈરાગી, સાધુ કે સંતોના પરિચયમાં આવવું નહિ અને એમની વાતો સાંભળવી નહિ, જો એમનો પરિચય કરશું, એમની વાતો સાંભળશું તો આપણો હર્યો-ભર્યો લીલોછમ સંસાર છૂટી જશે.'

**સંસારના ભૂખ્યા લોકો મોટે ભાગે સંસાર ત્યાગી સાધુઓ પાસે જાય નહિ અને જો કદાચ જાય તો પણ એવા જ સાધુઓ પાસે જાય કે, જેની પાસે જઈને તે પોતાના સંસારને હર્યો-ભર્યો, લીલોછમ બનાવી શકે તેમ હોય.**

જેને અર્થ-કામ જ ઉપાદેય લાગતા હોય, જેને અર્થ-કામથી જ સુખ છે એમ લાગતું હોય, એવા લોકો પોતાને જોઈતા અર્થ-કામ કે અર્થ-કામને મેળવવાના ઉપાયો જ્યાંથી મળે ત્યાં જ જાય એ સ્વાભાવિક છે.

એમને લાગે કે અધર્મ કરવાથી અર્થ-કામ મળશે તો તે અધર્મ કરશે અને એમને લાગે કે ધર્મ કરવાથી અર્થ-કામ મળશે તો તે ધર્મ પણ કરશે. પણ એમના દ્વારા કરાયેલો બાહ્ય ક્રિયારૂપ એ ધર્મ પણ સરવાળે અર્થ-કામ મેળવવા જ કરાતો હોવાથી અધર્મરૂપ જ બની જાય છે. એ ધર્મક્રિયા દરમ્યાન કરાતું ચિંતન વગેરે અપ્રશસ્ત ધ્યાનરૂપ બની દુર્ગતિનું કારણ બને એમાં કાંઈ નવાઈ નથી.

### ઢાળ બદલવા ભાવનાઓનું ભાવન :

જ્યાં સુધી હૈયાનો ઢાળ સંસાર તરફનો હોય અને એમાં કશું જ ખોટું ન

લાગતું હોય ત્યાં સુધી સંસાર ઉપાદેય લાગે છે અને જ્યાં સુધી સંસાર ઉપાદેય લાગે ત્યાં સુધી સંસાર ઉચ્છેદનાં સાધનો પણ એ જીવ માટે સંસાર સંવર્ધનનાં કારણો બને છે. જ્યારે હૈયાનો ઢાળ બદલાય અને સંસાર અસાર લાગે, ત્યારે એ જ સંસાર વધારનારાં નિમિત્તો સંસારના ઉચ્છેદનું કારણ પણ બની શકે છે. સંસાર વધારનારો પૈસો પણ મુક્તિ તરફનો ઢાળ પ્રગટ્યા પછી સંસાર ઉચ્છેદનું કારણ બની શકે છે. ઢાળ બદલાયા પછી, મોક્ષની અભિરુચિ થયા પછી, જેટલાં સંસાર વધારનારાં નિમિત્તો છે, તેનાથી પણ સંસારનો ઉચ્છેદ કરવાનું કામ કરી શકાય છે. માટે આપણે આપણા હૈયાનો ઢાળ બદલવો જરૂરી છે. તે માટે આત્માને કેળવવો પડે. એ માટે અનિત્યાદિ બાર ભાવનાઓથી ભાવિત થવું જરૂરી છે. એ બાર ભાવનાઓ પૈકીની પહેલી છ ભાવનાઓ આત્માનો સંસાર તરફનો ઢાળ ઘટાડવા માટે ઉપયોગી બને છે અને પછીની છ ભાવનાઓ આત્માનો મુક્તિ તરફનો ઢાળ પેદા કરવા માટે ઉપયોગી બને છે.

**પહેલી છ ભાવનાઓ નિર્વેદજનની છે, એટલે કે એ સંસારની અસારતાની પ્રતીતિ કરાવી સંસાર પ્રત્યે વૈરાગ્ય પ્રગટાવે છે, જ્યારે પછીની છ ભાવનાઓ સંવેગજનની છે, એટલે કે મુક્તિની મહાનતાની પ્રતીતિ કરાવી મુક્તિને પામવાની લગન પ્રગટાવે છે.**

નિર્વેદ ગુણ જીવને સંસારથી ઉભગાવે છે. જેલમાં સબડતા કેદીઓ અને નરકના નારકીજીવો જેમ ત્યાંથી પ્રતિપળ છૂટવાની ઝંખના ધરાવતા હોય છે; તેમ નિર્વેદને પામેલો આત્મા સંસારથી છૂટવા ઝંખતો હોય છે.

સંવેગ ગુણ મુક્તિની તાલાવેલી જગાવે છે. દેવતાઈ અને માનવીય ગમે તેટલાં ઊંચાં પૌદ્ગલિક સુખો મળે તો ય આત્મા એમાં મુંઝાતો નથી. એ સુખોને ય એ દુઃખરૂપ ગણીને એકમાત્ર મુક્તિના સુખને મેળવવા ઝંખતો હોય છે.

ભાવનાઓનું આ સામર્થ્ય છે. માટે જ આ ભાવનાઓ માત્ર બોલવાની નથી, માત્ર વાંચવાની ય નથી, એનાથી આત્માને પ્રયત્નપૂર્વક ભાવિત કરવાનો છે. આત્માને ભાવિત કરવાની તાકાત જેવી મનમાં છે તેવી બીજા કોઈનામાં નથી. એટલે પહેલાં બાર ભાવનાઓથી મનને ભાવિત કરવાનો પ્રયત્ન કરવો પડે અને મન ભાવિત થાય એટલે આપોઆપ તેનાથી આત્મા ભાવિત થાય. મન



બદલાવાથી આત્માનો ઢાળ પણ બદલાય અને આત્માનો ઢાળ બદલાવાથી આત્મા બદલાય અથવા મન બદલાવાથી જેમ ધ્યાન બદલાય છે, તેમ આત્માનો ઢાળ બદલાવાથી પણ ધ્યાન બદલાય છે.

આપણે સદ્ધ્યાન કરવું છે. એ માટે સદ્ધ્યાનને ઓળખવું છે. અહીં વર્ણવેલાં આ ૬૩ પ્રકારનાં દુર્ધ્યાનને સમજવાથી સદ્ધ્યાન પણ સહેલાઈથી ઓળખાશે. અત્યારે આપણો જેટલો પ્રયત્ન છે તે અપ્રશસ્ત ધ્યાનમાંથી પ્રશસ્ત ધ્યાનમાં જવા માટે એટલે કે દુર્ધ્યાનમાંથી સદ્ધ્યાનમાં જવા માટેનો છે.

### ગુરુ જ્ઞાન આપે, પણ પુરુષાર્થ તો આપણે જ કરવાનો છે :

**મોહનીય કર્મનો ક્ષયોપશમ આત્માનો ઢાળ બદલી આપે છે અને જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ પરિસ્થિતિનું વાસ્તવિક બ્યાન આપે છે.** જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ અત્યારે 'ક્રોધ ધ્યાન આવ્યું', અત્યારે 'માન ધ્યાન આવ્યું,' અત્યારે 'માયા ધ્યાન આવ્યું,' એમ પ્રવર્તતી મનની પરિસ્થિતિનું વિષય-વિભાગવાર બ્યાન આપે છે, પરિસ્થિતિને ઓળખાવે છે અને દર્શન મોહનીય કર્મનો ક્ષયોપશમ 'આ દુર્ધ્યાન ન ચલાવાય, એને દૂર કરો !' એમ પરિસ્થિતિ સામે લડવાની લાગણી પેદા કરાવે છે.

અત્યારે મારો પ્રયત્ન હેય-ઉપાદેયનું જ્ઞાન કરાવવાનો છે, તેના લાભ-નુકસાન બતાવવાનો છે. **ગુરુ તો જ્ઞાન આપી શકે, માર્ગદર્શન આપી શકે, વિવેક આપી શકે, તમે ઈચ્છો તેટલો સાથ સહકાર આપી શકે, પણ એમણે બતાવેલા માર્ગ ઉપર ચાલવાનો પ્રયત્ન તો તમારે જ કરવો પડશે ને !**

**સભા :** *અમને ચાલતાં નહોતું આવડતું ત્યારે મા તેડીને લઈ જતી.*

ક્યારે ? ચાલતાં નહોતું આવડતું ત્યારે ને ? અને મા પણ ક્યાં સુધી તેડે ? 'મા'ને તેડવા દે અગર જ્યાં સુધી સંતાનની લાત વાગે તેવા તેના પગ ન થાય ત્યાં સુધી ! જો પગ મજબૂત થાય અને મા તેડવા જાય તો આ ભાગ્યશાલી (!) 'મા'ને ય લાત મારે પછી એને 'મા' તેડે ખરી ? બિમાર બચ્ચાંને મોંઢામાં આંગળી નાંખીને મા દવા પણ ક્યાં સુધી પીવડાવે ? મોઢામાં દાંત ન આવે ત્યાં સુધી. દાંત આવ્યા પછી તો મોઢામાં ચમચી નાખે અને એમાં જરા પગમાં જોર આવે, લાતો મારતો થાય એટલે મા પણ કહી દે, 'લે આ દવા

પડી છે, પીવી હોય તો પી લે,' આમ થાય ત્યાં સુધી કરુણા છે. **કરુણાનો અવસર પૂરો થઈ જાય પછી ઉપેક્ષા-માધ્યસ્થ છે.** ધર્મોપદેશક પણ ઉપદેશ આપે તે કરુણા ભાવનાથી આપે પણ સામો મારવા આવે ત્યાં સુધી ઉપદેશ ન અપાય. એવા પ્રત્યે ઉપેક્ષા-માધ્યસ્થ ભાવના ભાવવી પડે. એટલે આ બધી ભૂમિકાઓ બરાબર સમજજો. ગુરુ જે પણ સન્માર્ગનું જ્ઞાન આપે તે સન્માર્ગે શક્તિ મુજબ ચાલવા પ્રયત્ન કરજો.

## ૮-रागंझाणे

### रागध्याने

B **अ० रागंझाणे - रागोऽभिष्वङ्गमात्रम्, स च कामराग-स्नेहराग-दृष्टिरागभेदात् त्रिधा । तत्र कामरागो विष्णुश्रियां विक्रमयशोराजस्येव, स्नेहरागो दामन्नकश्वसुरश्रेष्ठिन इव, स्वपुत्रमरणश्रवणतो हृदयस्फोटात्, दृष्टिरागो ब्रह्मलोकादागत्य स्वदर्शनानुरागतः स्वशिष्यं प्रति "असुरे रमसे" इत्यादि भणतः कपिलस्येव तस्य ध्यानं तस्मिन् ।।८।।**

## (૮) રાગધ્યાન

### રાગધ્યાનના વિષયમાં

**અ० - રાગધ્યાન - અભિષ્વંગ માત્રને રાગ કહેવાય છે, અને તે કામરાગ, સ્નેહરાગ અને દૃષ્ટિરાગના ભેદથી ત્રણ પ્રકારે છે.**

**તેમાં વિક્રમયશા રાજાનો વિષ્ણુશ્રી પ્રત્યેના રાગ જેવો રાગ તે કામરાગ.**

**દામન્નકના સસરા શ્રેષ્ઠી જેવો રાગ તે સ્નેહરાગ, કારણ કે પોતાના પુત્રના મરણના સમાચાર સાંભળતાં જ તેમનું હૃદય બંધ પડી ગયું હતું.**

**અને પોતાના દર્શનના અનુરાગથી બ્રહ્મલોકમાંથી આવીને સ્વશિષ્યને 'असुरे रमसे' વગેરે કહેતા કપિલ જેવો રાગ તે દૃષ્ટિરાગ. તે (સર્વ)નું ધ્યાન તે રાગ ધ્યાન. તે હોતે છતે (જે અતિચાર લાગ્યો હોય તેનું મિચ્છા મિ દુક્કડં).।।૮।।**

### રાગના પ્રકારો :

આજે આપણે રાગ ધ્યાનનો વિચાર કરવો છે પહેલાં રાગ એટલે શું ? તે સમજી લઈએ. કોઈપણ વ્યક્તિ, વસ્તુ કે વાતાવરણ પ્રત્યે લગાવ, રુચિ,



આસક્તિ, રતિ, ગમો, લાગણી, બંધનનો ભાવ, આત્મીયતા, ખેંચાણ, ઢાળ એ રાગ છે. એને અહીં **અભિષ્વંગ** એવા શબ્દથી પણ વર્ણવ્યો છે. આ રાગના કામરાગ, સ્નેહરાગ અને દૃષ્ટિરાગ એમ ત્રણ પ્રકાર છે.

**૧-કામરાગ,** કામ-ભોગની લાગણીથી ઉત્પન્ન થતો રાગ, **૨-સ્નેહરાગ,** સ્નેહના ભાવોથી પેદા થતો રાગ અને **૩-દૃષ્ટિરાગ,** દૃષ્ટિ એટલે મિથ્યા માન્યતા, મિથ્યા મત ઉપરનો રાગ.

જેના જીવનમાં કામવૃત્તિની પ્રધાનતા હોય તેના જીવનમાં કામરાગ બરાબર ઘર કરીને બેઠો હોય છે.

જેના જીવનમાં સ્નેહવૃત્તિની પ્રધાનતા હોય તેના જીવનમાં સ્નેહરાગ બરાબર ઘર કરીને બેઠો હોય છે.

કેટલાંક જીવો એવા હોય છે કે જેની ચિત્તવૃત્તિમાં કામનો અંશ પણ ન હોય, સ્નેહનો અંશ પણ ન હોય, ભોગની કોઈ વૃત્તિ પણ ન હોય; પણ એનામાં ખોટા મતો, ખોટી માન્યતાઓનો રાગ હોય છે. એને દૃષ્ટિરાગ કહેવાય છે. આ દૃષ્ટિરાગથી પીડાતા લોકો પળે પળે સન્માર્ગનું ખંડન કરવા અને ઉન્માર્ગનું મંડન કરવા જ પ્રયત્ન કરતા હોય છે. દૃષ્ટિરાગને પરવશ પડેલા જીવો સ્વ-પરનું જીવન ખુવાર કરે છે. એવા જીવો પણ આ જગતમાં ઘણા હોય છે. માટે જ કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવંત શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ કહ્યું છે કે,

'कामरागस्नेहरागा-वीषत्करनिवारणौ ।
दृष्टिरागस्तु पापीयान्, दुरुच्छेदः सतामपि ।।'

અર્થ : 'કામરાગ અને સ્નેહરાગ આ બે પ્રકારના રાગ દૂર કરવા સહેલા છે, પણ પાપી એવો દૃષ્ટિરાગ તો સંતોને માટે પણ ઘણી મુશ્કેલીથી દૂર કરી શકાય તેવો છે.'

### સારા દેખાતા પણ ખરાબ હોઈ શકે :

જેની દૃષ્ટિ સરસ હોય, જેનો વ્યવહાર સાલસ હોય, જેનામાં એક પણ સ્વાર્થ વૃત્તિ કે કોઈ રમત ન હોય, જે ઉદાર હોય, જે સૌનું કરી છૂટવાની

ભાવનાવાળો હોય, જે સૌને માટે મરી છૂટતો હોય જેને માટે સામાન્યપણે એમ કહી શકાય કે એ સૌને માટે આશીર્વાદરૂપ છે. પણ એવા જીવો ય દૃષ્ટિરાગથી એટલા પીડાતા હોય કે બાહ્યદૃષ્ટિએ સારા દેખાતા હોવા છતાં પણ અંદરથી પૂરેપૂરા ખરાબ હોય એમ બની શકે. એ પોતાની લોકમાનસમાં રહેલી સારી છાપનો ઉપયોગ કરીને અનેક જીવોને ઉન્માર્ગે લઈ જઈને એમની જીંદગી ખુવાર કરે, એમ બની શકે. લોકોને ઉન્માર્ગે દોરી શકાય તે માટે બાહ્ય દૃષ્ટિએ સારું જીવન જીવનારને પારધી જેવો કહી શકાય.

પક્ષીઓ ચણ ખાતા હોય અને કોઈ અવાજ કરે તો પારધી હાથ જોડીને, વિનમ્ર બનીને ઈશારાથી અટકાવતો હોય કે 'ભાઈ ! શાંતિ રાખો ! પક્ષીઓને શાંતિથી ચણવા દો ને !' દેખીતી રીતે તો આ પ્રવૃત્તિ જીવદયાની હોય તેવું લાગે, પણ એની પાછળનો એનો ભાવ શું હોય ? પક્ષીઓને મારવાનો જ ! બાહ્ય દૃષ્ટિએ કદાચ એનો વ્યવહાર અજાણ્યા માણસને સારો દેખાય છે, પણ અંદર ભાવ ખરાબ છે. જીવોને પકડીને મારવાનો જ એનો ભાવ છે. માટે એની બાહ્યદૃષ્ટિથી જીવદયા જેવી લાગતી ચણ ખવડાવવાની પ્રવૃત્તિ પણ પરિણામે સારી નથી. એ અહિંસક ભાવ નથી, પણ હિંસક ભાવ જ છે. એમ દૃષ્ટિરાગથી પીડાતા લોકો બાહ્ય દૃષ્ટિએ કદાચ સારા પણ દેખાતા હોય તો પણ એ પરિણામે સારા નથી હોતા; કારણ કે સરવાળે તો એ અનેક જીવોનું અહિત કરતા હોય છે.

### વ્યક્તિ ગમે છે માટે આદરના દાખલા :

કેટલાક જીવોને સાધુ બહુ ગમે, તે ધર્મરાગના કારણે નહિ, પણ સ્નેહરાગના કારણે અથવા તો દૃષ્ટિરાગના કારણે. એટલે સાધુની કહેલી વાત કે એમનો સાચો મત એમને ન ગમે. **વ્યક્તિ પ્રત્યેનો રાગ તે સ્નેહરાગ છે અને વ્યક્તિમાં રહેલી ખોટી માન્યતા પ્રત્યેનો રાગ તે દૃષ્ટિરાગ છે.**

**ગોપગિરિ** એટલે આજનું **ગ્વાલીયર.** ત્યાંના **આમ** રાજાની વાત કરવા માગું છું. એ આમરાજાને જૈનાચાર્ય **શ્રી બપ્પભટ્ટીસૂરિજી** મહારાજ પ્રત્યે ઘણો અનુરાગ હતો. છેક નાની ઉંમરથી એમની વચ્ચે મિત્રતા હતી. એમના પ્રત્યે એની પ્રીતિ સ્નેહરાગમાંથી પેદા થયેલી હતી. જ્યારે પૂ.આ.શ્રી બપ્પભટ્ટીસૂરિજી



મહારાજના હૃદયમાં તો એનું કલ્યાણ કરવાની જ ખેવના હતી. આમરાજાએ અવારનવાર સૂરિજીને કહ્યું હતું કે, 'ગુરુદેવ ! તમે મને બહુ ગમો છો, પણ તમારો જૈન મત હજુ ગમતો નથી.'

મારી આંખ સામે કેટલાંક એવાં કપલો (પતિ-પત્ની યુગલ) છે કે પત્ની મિથ્યામતમાં હોય અને પતિ જૈનમતમાં હોય, પતિ મિથ્યામતમાં હોય અને પત્ની જૈનમતમાં હોય. પત્નીના સ્નેહ માટે, પત્નીને રાજી રાખવા ખાતર એ મિથ્યામતિ પતિ જૈન ધર્મસ્થાનોમાં આવે, જૈન ધર્મગુરુ પાસે પણ આવે. કારણ કે આ એની પત્નીનું દેરાસર છે, એની પત્નીના ભગવાન છે અને એની પત્નીના ગુરુ છે. પત્ની ગમે એટલે પત્નીના મંદિર, દેવ, ગુરુ ગમે, પણ એમની વાત એને ન ગમે. એનાં દીકરા-દીકરી જૈનધર્મ કરવા માંગે તો કદાચ એમને કરવા પણ દે, એમાં પોતે સહાય પણ કરે. એવી સહાય કરવી એને એ કર્તવ્ય પણ માને, પણ એ કરતી વખતે પણ એના મનમાં તો એક જ વિચાર ચાલે કે ક્યારે તક મળે અને આને ખોટા પૂરવાર કરું. આવા દૃષ્ટિરાગી આત્માઓ કોઈ સમ્યગ્ ગણાતી પ્રવૃત્તિ પણ કદાચ કરે તો પણ એમને એ માર્ગ-માર્ગ તરીકે બુદ્ધિમાં બેસે જ નહિ.

### રાજા શ્રેણિકનો ત્યારનો ભાવ દૃષ્ટિરાગ હતો :

મહારાજા **શ્રેણિક** જ્યાં સુધી સમ્યગ્દર્શન પામ્યા ન હતા ત્યાં સુધીની આ વાત છે. દૃષ્ટિરાગ કેવો હોય તેનો આ નમૂનો છે. એમના પટ્ટરાણી મહાસતી **ચેલ્લણાદેવી** નિર્મળ સમ્યગ્દૃષ્ટિ હતાં અને રાજા શ્રેણિક મિથ્યાદૃષ્ટિ હતા. જ્યારે પતિ-પત્ની ભેગાં થતાં ત્યારે એમની પરસ્પર તત્ત્વચર્ચા થતી અને તત્ત્વચર્ચામાં મહાદેવી એવાં તર્ક-દૃષ્ટાંતો આપતાં કે મહારાજા શ્રેણિક એમનાં એક પણ તર્ક-દૃષ્ટાંતોને તોડી ન શકતા. એમની પાસે બાહુબળ ખૂબ હતું. અનેક યુદ્ધો જીતેલાં હતાં. એમના પિતા રાજવી **પ્રસેનજિત**ના બધા પુત્રોમાં એ સૌથી વધારે બુદ્ધિશાળી હતા. છતાં તત્ત્વ પરિણત સમ્યગ્દૃષ્ટિ એવાં મહાદેવીની તત્ત્વચર્ચા સામે એમને અનેકવાર મૌન રહેવું પડતું. એમાં એમનો માનભંગ થતો હતો, એ માનભંગ એમને અકળાવતો પણ હતો અને એમાંથી 'મહાદેવીના જૈન-ધર્મને કેવી રીતે ખોટો પુરવાર કરું' - તેનું એમના મનમાં સતત દુર્ધ્યાન ચાલતું રહેતું.

એકવાર એમણે એક યોજના મનમાં વિચારી લીધી.. પોતાના અંગત માણસોને એકાંતમાં બોલાવ્યા. આખી એ યોજના સવિસ્તર સમજાવી દીધી. અને એ યોજનાને સાકાર કરવા અવસરની રાહ જોઈને બેઠા હતા. મનમાં ઊંડે ઊંડે આનંદ હતો કે જો આ યોજના બરાબર પાર પડી જાય તો ચેલ્લણાનો જૈન ધર્મ ખોટો છે અને મારો ધર્મ જ સાચો છે એમ પુરવાર કરી શકાશે.

એક દિવસ રાજપુરુષે આવીને રાજા શ્રેણિકને અંગત રીતે જણાવ્યું, 'મહારાજ ! આપની સૂચના મુજબનું આયોજન થઈ ગયું છે. આવતી કાલે સવારે જ એનું પરિણામ આપ બધાને બતાવી શકશો.'

હર્ષાવેશમાં આવીને રાજા શ્રેણિકે ચેલ્લણાને કહ્યું, 'ચેલ્લણા ! તું રોજ કહે છે ને કે મારા દેવ વીતરાગી, મારા ગુરુ ત્યાગી, મારો ધર્મ તત્ત્વસભર અને આચારસંપન્ન, પણ કાલે સવારે જ તને બતાવીશ કે તારા ગુરુ કેવા ત્યાગી ને વૈરાગી છે ?'

**ચેલ્લણા મનમાં સમજી ગયાં કે રાજાએ નક્કી કોઈ ષડ્યંત્ર રચ્યું છે. જ્યારે વ્યક્તિ તર્કબદ્ધ વાતનો ઉત્તર ન આપી શકે ત્યારે કષાયને આધીન બનીને એ સત્યને અસત્ય અને અસત્યને સત્ય પુરવાર કરવા કોઈપણ રસ્તા આદરી શકે.**

નગરની બહાર મહાદેવનું એક મંદિર હતું. વહેલી સવારે નગરજનો સાથે ચેલ્લણાને લઈને શ્રેણિક મહારાજા એ મંદિર પાસે આવ્યા અને સિંહાસન ઉપર ગોઠવાયા. હકડેઠઠ માનવ-મહેરામણ ઉમટ્યું હતું. મંદિરનો દરવાજો ખુલ્યો, દરવાજો ખુલતાની સાથે જ સોળ શણગાર સજેલી એક વેશ્યા અંદરથી બહાર આવી. મહારાજા શ્રેણિકે તેનો ચહેરો જોયો. એનો ચહેરો પડેલો અને કરમાયેલો હતો એટલે શ્રેણિકના મનમાં ફાળ તો પડી. છતાં હજુ મનમાં પોતાની યોજના પાર પડ્યાનો આનંદ હતો. હજુ એ કાંઈ વિચારે તે પહેલાં મહાદેવના મંદિરમાંથી આખા શરીરે ભભૂત લગાવેલા, અંગ ઉપર માત્ર કૌપીન ધારણ કરેલા, હાથમાં ત્રિદંડ લઈને 'અલખ નિરંજન !' બોલતાં એક બાવાજી બહાર આવ્યા. મહારાજ શ્રેણિકને થયું. 'આ હું શું જોઈ રહ્યો છું ? આ તો મારી જ માન્યતાના સાધુ આવ્યા. અંદર તો જૈન-સાધુ હતા. તો એ ક્યાં ગયા અને આ ક્યાંથી આવ્યા ?' મહારાજ શ્રેણિક કાંઈ વિચારે, વાતનો તાળમેળ મેળવે અને



ચેલ્લણાને કાંઈ કહેવા જાય તે પહેલાં જ ચેલ્લણાંએ એમનું આયોજન ઊંધું પડેલું જાણી લીધું અને પ્રતિબોધનો પાકો અવસર આવ્યો છે એમ જાણીને શ્રેણિક મહારાજાને કહ્યું, 'મહારાજ ! આ ગુરુ કોના છે ? મારા કે તમારા ?'

મહારાજા મૌન રહ્યા !

આયોજન જેને સોંપાયું હતું તે માણસો ઉપર મહારાજાની નજર ગઈ ! એકાંતમાં માણસોને બોલાવ્યા અને કરડાઈથી પૂછ્યું, 'ક્યાં બાફ્યું ? બોલો ! આ કોણ હતા ? તમારી ઓળખવામાં ભૂલ થઈ ?'

માણસોએ કહ્યું, 'ના, મહારાજ. જરા પણ કાચું કાપ્યું ન હતું. અમે જેને અંદર જતા જોયા, તે ૧૦૦% જૈન સાધુ જ હતા.'

'રાત્રે દરવાજા બરાબર બંધ હતા ?'

'જી, મહારાજ.'

'તો આમ કેમ બન્યું ?'

'એ ક્યાં ગયા અને આ ક્યાંથી આવ્યા ?'

'એ જ મુંઝવણ છે મહારાજ ! અમને ય તેની કશી ખબર નથી પડતી.'

'તો બોલાવો પેલી વેશ્યાને, જે રાતના અંદર હતી.'

વેશ્યાને બોલાવી .

'બોલ, શું બન્યું ?' એણે કહ્યું, 'મહારાજ ! મને જરા સ્વસ્થ થવા દો.' એનું અંગે-અંગ ધ્રુજી રહ્યું હતું. સ્વસ્થ થઈને બોલી,

'મહારાજ ! હું અંદર જઈને આપના સેવકોએ સોંપેલો મારો કાંઈક રોલ ભજવું તે પહેલાં જ એ જૈન સાધુએ ભયાનક ત્રાડ પાડી. એમની ત્રાડ સાંભળીને હું ત્યાં જ થીજી ગઈ. હું એક ડગલું ય આગળ ન વધી શકી.'

જૈન સાધુ એટલે ક્ષમાના સાગર ને ? હવે તમે જ કહો કે ક્ષમાના સાગર ગણાતા સાધુ આવી ત્રાડ પાડી શકે ? ક્ષમાના સાગર ગણાય તે આવો રૌદ્ર ચહેરો બનાવી શકે ? જરૂર ત્રાડ પાડી શકે અને જરૂર રૌદ્ર ચહેરો પણ બનાવી શકે. તેનું કારણ હતું શીલની સુરક્ષા. એમનું આ શીલ ધ્યાન હતું.

'મહારાજ ! એમની ત્રાડથી હું પછડાઈ પડી. એમની સામે એક પગલું ય ઉપાડવાની હિંમત ન રહી ત્યાં જ બેસી પડી અને એમણે જે રીતે મારી ઉપર તીખ્ખી નજરે ત્રાટક કર્યું હતું, એમનું જે તેજ હતું તે ત્રાટકને કે તે તેજને સહન કરવાની મારામાં કોઈ તાકાત જ ન રહી.'

'પછી મહાત્માનું શું થયું ? એ ક્યાં ગયાં ?' મહારાજે એકી શ્વાસે પ્રશ્નો કર્યા.

વેશ્યાએ જવાબ આપ્યો, 'મહારાજ ! એ મને કાંઈ ખબર નથી.'

'મહારાજ ! વચ્ચે કોઈ મોટો આગનો ભડકો થયો હોય એમ મને લાગ્યું. બને કે એ આગમાં એ ઓગળી ગયા હોય અને એમાંથી બીજી આ વ્યક્તિ પ્રગટ થઈ હોય કે, એના એ જ હોય તો પ્રભુ જાણે !' આટલું બોલીને વેશ્યાએ થોડો વિશ્રામ લીધો. શ્રેણિક મહારાજાના મનનો કોયડો હજુ ઉકેલાયો ન હતો.

**ગીતાર્થ સાધુએ શાસનનું માલિન્ય નિવાર્યું :**

આપણે એ મહાત્માની ય થોડી વાત કરી લઈએ. એ સંવિજ્ઞ-ગીતાર્થ હતા, પૂર્વના કાળમાં સંવિજ્ઞ ગીતાર્થ સાધુ ગુરુની આજ્ઞા મેળવી પોતાની વિશિષ્ટ યોગ્યતાના કારણે એકલા વિચરી શકતા હતા. આજે એ રીતે કોઈને એકલા વિચરવાનો અધિકાર નથી. સંવિજ્ઞ-ગીતાર્થ સાધુ ઉત્સર્ગનો અને અપવાદનો ક્યારે, કેટલો, કઈ રીતે ઉપયોગ કરવો તે બરાબર તાગ કાઢી શકે. શીલ-બ્રહ્મચર્ય સામે આક્રમણ આવેલું જાણી સૌથી પહેલાં એમણે ત્રાડ પાડીને પોતાના શીલનું રક્ષણ તો કરી લીધું. પણ ગીતાર્થતાને કારણે દીર્ઘદૃષ્ટિથી વિચાર્યું કે આ રીતે કોઈ સ્ત્રી એમને એમ ન આવે. એ આવે ને પાછળથી તરત બારણાં બંધ થઈ જાય એવું પણ એમને એમ તો ન જ બને. માટે તે સ્ત્રી કારણ વિના આવી નથી, નક્કી કોઈ ષડયંત્ર રચાયું હોય એમ જણાય છે. મારા શીલનું રક્ષણ કરવું જેટલું અગત્યનું છે, તેટલું જ વિશ્વ કલ્યાણકર જૈન શાસનનું માલિન્ય (નિંદા-અવર્ણવાદ) થતું અટકાવવું પણ અગત્યનું છે. સવારે દરવાજો ખુલશે, ત્યારે વેશ્યા પણ બહાર નીકળશે અને હું પણ નીકળીશ. એ જોઈને કોણ માનશે કે હું પવિત્ર છું. આવી પરિસ્થિતિમાં લોકો જૈન શાસન અને જૈન શાસનના સાધુ માટે કેવી કલ્પના કરશે ? વિમર્શના અંતે એમણે ગીતાર્થ દૃષ્ટિથી ઉપાય વિચારી લીધો.



દેવોને પણ વંદનીય, પરમાત્માના માર્ગનો આ વેષ કે જેની સુરક્ષા માટે અનેક વ્યક્તિઓએ પોતાના પ્રાણોનાં ય બલિદાન આપ્યાં છે, તે જ વેષનું દહન કરવાનો સંકલ્પ કર્યો. મંદિરમાં દીવો હતો. જૈન સાધુથી જેમ સ્ત્રીને ન અડાય, જેમ સચિત્ત (સજીવ વસ્તુ)ને ન અડાય, તેમ અગ્નિને પણ ન અડાય. કારણ અગ્નિ પોતે સજીવ છે. એને અડવાથી અગ્નિકાયિક જીવોની હિંસા થાય છે, પણ શાસનનું માલિન્ય થતું અટકાવવા માટે એ જ મહામુનિએ પોતાના હાથમાં એ દીવો લીધો. એની જ્યોતથી પોતાનાં એક-એક વસ્ત્ર બાળતા ગયા. દેવોને પણ વંદનીય એવા આ ધર્મધ્વજને (ઓઘાને) પણ આખો બાળી નાખ્યો. એની ભભૂતિ આખા શરીરે ચોળી દીધી અને ચોલપટ્ટામાંથી નાનું કૌપીન બનાવીને પહેરી લીધું ! દાંડાને તોડીને એમાંથી ત્રિદંડ બનાવી દીધો. પછી અડીંગો જમાવીને ધ્યાનમાં બેસી ગયા.

'મહારાજ ! હું તો એમની સામે નજર પણ માંડી શકી નહિ. એમ ને એમ મડદાની જેમ દરવાજા પાસે પડી રહી. આખી રાત મેં મારા ઈષ્ટદેવનું સ્મરણ કર્યું છે કે આ મહારાજાની દૃષ્ટિ મને બાળીને ભસ્મસાત ન કરી દે.'

મહારાણી ચેલ્લણાને જ્યારે આ બધી વાત ખબર પડી ત્યારે એની છાતી ગજ-ગજ ફૂલી. મારા જૈન શાસનના ગુરુ ભગવંતો કેવા ગીતાર્થ ! એમ એને થયું. ત્યાર બાદ અવસરે તક જોઈ મહારાણી ચેલ્લણાએ મહારાજ શ્રેણિકને કહ્યું, 'મહારાજ ! તમે જોયું ? જૈન શાસનના ગુરુમાં કેવી ગીતાર્થતા હોય ! શીલ નિર્મળ પાળ્યું. મહાવ્રતો અખંડ પાળ્યાં. ધર્મની અસ્મિતા જયવંત રાખી.'

મહાદેવી ચેલ્લણાનું જૈન શાસનના દેવ ગુરુ ધર્માદિ તત્ત્વો પ્રત્યેની ચર્ચા-વિચારણા વખતનું ધ્યાન પ્રશસ્ત ધ્યાન હતું, એ મંદિરમાં ત્રાડ પાડનારા, વેષ બાળનારા ગીતાર્થ મહાત્માનું ધ્યાન પણ પ્રશસ્ત ધ્યાન હતું, પણ મહારાજ શ્રેણિકનું જૈન સાધુને આબાદ સપડાવવાનું અને એ દ્વારા જૈનધર્મને બદનામ કરવાનું અને જૈન સાધુ બરાબર સપડાઈ ગયા છે, હવે જૈનધર્મને બરાબર બદનામ કરીને ચેલ્લણાને બોલતી બંધ કરીને પોતાના ધર્મની મહત્તા સ્થાપી શકાશે તેમ માની આનંદ માણતી વખતનું ધ્યાન અપ્રશસ્ત ધ્યાન હતું. એમના હૈયામાં ઘર કરી ગયેલા મિથ્યાત્વના કારણે એ ધ્યાન, દૃષ્ટિરાગનું ધ્યાન હતું.

## મિથ્યામત પ્રવર્તકોને દૃષ્ટિરાગ હોય :

**મિથ્યામતનું પ્રવર્તન કરવા કે સન્માર્ગનું ખંડન કરવા જેટલો અભ્યાસ કરાય, જેટલો ઉપદેશ અપાય, જેટલા ગ્રંથો રચાય, જેટલી યુક્તિ-પ્રયુક્તિઓ મેળવાય, જેટલું નવસર્જન કરાય તે સમયે એકાગ્ર બનેલી મનઃ સ્થિતિ દૃષ્ટિરાગ ધ્યાનમાં આવે.**

મિથ્યાત્વના ઉદયના કારણે મિથ્યામતોના પ્રવર્તક બનેલા, એ મિથ્યામતોના પ્રચારક બનેલા અને મિથ્યામતોમાં આકર્ષાઈ એને જ સાચો માની, એની સાધના કરનારા લોકોમાં દૃષ્ટિરાગ નામનું ધ્યાન હોય છે.

ગાઢ મિથ્યાદૃષ્ટિ આત્માઓ દૃષ્ટિરાગમાં આંધળા બનીને એમના એ મિથ્યામતના પ્રવર્તન માટે, લોકોના ધડ-મસ્તક પણ જુદાં કરતા અચકાતા નથી. એક એવો કાળ આવ્યો હતો કે જેમાં મિથ્યામતિ ધર્માંધ રાજવીઓએ એમના સૈન્યને આદેશ કર્યો હતો કે આપણો મત જે ન સ્વીકારે તેનાં ધડ-મસ્તક જુદાં કરો. આજે પણ કેટલાક પંથોના ધર્માંધ લોકો સત્તા, સંપત્તિ આદિના જોરે આવા અમાનુષી ઉપાયો અજમાવતા જોવા મળે છે. આ ધ્યાન પણ દૃષ્ટિરાગ ધ્યાન જ છે.

## દૃષ્ટિરાગના પર્યાયો :

વીતરાગ સર્વજ્ઞ પરમાત્માની માન્યતાથી વિપરીત જેટલી માન્યતાઓ છે એનો આગ્રહ તે દૃષ્ટિરાગ. દૃષ્ટિ એટલે જ દર્શન. ધર્મ, મત, પંથ કે સંપ્રદાય એ દર્શનના જ પર્યાયવાચી શબ્દો છે. પરમાત્મા શ્રી વીતરાગ સર્વજ્ઞ પ્રભુ દ્વારા પ્રરૂપિત ધર્મથી વિપરીત જેટલા પણ ધર્મો, દર્શનો, મતો, પંથો કે સંપ્રદાયો છે, તે અસર્વજ્ઞ અને રાગી, દ્વેષી, મોહી, અજ્ઞાની આત્માઓ દ્વારા પ્રરૂપિત અને પ્રસ્થાપિત હોવાથી એના પ્રત્યેનો રાગ એ દૃષ્ટિરાગ કહેવાય છે. આ **દૃષ્ટિરાગ એક મોટામાં મોટું પાપ છે. જે આત્મા માટે ખૂબ અહિતકર છે.**

દૃષ્ટિરાગી આત્માને ઉપદેશ આપવો ય ભારે પડી જાય છે. ઉપદેશક એને જો કહે કે, 'તમે જિનાજ્ઞા વિરુદ્ધ બોલો છો' તો એ તરત સામે કહી દે કે, 'જે હોય તે ! હું તો વર્ષોથી કરતો આવ્યો છું. એમ જ કરવાનો !'



હું એકલો આમ કરતો નથી, ઘણા કરે છે, આપણે તો ઘણા કરે તે કરવાનું. મહારાજ ! તમે કેટલાં શાસ્ત્રો ભણ્યા ? તમે આમ કહો છો અને બીજા ઘણા બધા આચાર્યો આમ કહે છે. અમે ક્યાં સાચું-ખોટું જોવા જોઈએ ? અમારે તો ઘણા આચાર્યો જે કહે તે કરવાનું !' એમાં વળી કોઈ કહે, 'સાહેબ ! બે આચાર્યો જુદું-જુદું કહેતા હોય તો અમારે શું કરવાનું ?'

પહેલાં મુદ્દો એ આવે છે કે તમે જેને ગીતાર્થ આચાર્ય તરીકે આગળ કરો છો, તેમની ગીતાર્થતા અને સંવિજ્ઞતા પુરવાર થવી જોઈએ. જે સંવિગ્ન હોય, ભવભીરુ હોય, ઉત્સર્ગ - અપવાદનો જ્ઞાતા હોય તે ગીતાર્થ કહેવાય અને તેવા એક પણ ગીતાર્થ હોય તો તે ગીતાર્થનું કહેલું મનાય. બાકી ઘણા ભેગા થયા, એટલે જે બહુમતિમાં હોય તે બધા ગીતાર્થ થઈ જાય કે ગીતાર્થ કહેવાય એવો કોઈ નિયમ નથી.

## મહાજન કોને કહેવાય ?

**ઘણા લોકો ભેગા થઈ જાય એટલા માત્રથી તેમને મહાજન તરીકે માનવા એવો કોઈ નિયમ નથી.** પૂજ્યપાદ ઉપાધ્યાયજી મહારાજાએ આ રીતે કોઈ પોતાને મહાજન કહેવડાવતા હોય તેને મહાજન તરીકે માનવાની ના પાડી છે. આપણે તેમની પંક્તિઓ જ જોઈ લઈએ.

*'કોઈ કહે જિમ બહુજન ચાલે, તિમ ચલિયે શી ચર્ચા ?,*
*મારગ મહાજન ચાલેં ભાખ્યો, તેહમાં લહીએ અર્ચા રે.'*

અર્થ : 'કોઈ એમ કહે છે કે, જેમ ઘણા માણસો કરતા હોય તેમ કરવું, બીજી ચર્ચાનું શું કામ છે ? કારણ કે ઘણા માણસો ચાલતા હોય, તે જ માર્ગ કહેવાય અને એમાં રહેવાથી જ આપણને માન-પૂજા મળે.'

આ રીતે કુતર્ક કરનારને જવાબ આપતાં લખ્યું છે કે-

*'એ પણ બોલ મૃષા મન ધરીયેં, બહુજન મત આદરતાં;*
*છેહ ન આવે બહુલ અનારય, મિથ્યામતમાં ફરતાં રે.'*

અર્થ : 'બહુમતી કરે તેમ કરવું આ રીતે તમે જે બોલો છો

તે પણ ખોટું છે - એમ મનમાં ધારી રાખો ! કારણ કે મિથ્યામતી અનાર્યોની જ બહુમતી છે. તેમના મતોમાં ફરતાં તો પાર પણ ન પમાય.'

*'થોડા આર્ય અનારય-જનથી, જૈન આર્યમાં થોડા;*
*તેમાં પણ પરિણતજન થોડા, શ્રમણ અલપ બહુ મોડા રે.'*

અર્થ : 'શાસ્ત્રમાં કહ્યું છે કે, અનાર્યોથી આર્યો થોડા છે, આર્યોથી જૈનો થોડા છે, એ જૈનોમાં પણ તત્ત્વની પરિણતિવાળા જૈનો થોડા છે. આગળ વધીને શ્રમણ થનારામાં પણ સાચા શ્રમણો થોડા જ છે અને મુંડા-વેષધારી કુસાધુઓ જ ઘણા છે.'

*'ભદ્રબાહુ ગુરુ વદન-વચન એ, આવશ્યકમાં લહિયેં;*
*આણા-શુદ્ધ મહાજન જાણી, તેહને સંગે રહિયે રે.'*

અર્થ : 'આ રીતનું વચન ચૌદ પૂર્વધર શ્રી ભદ્રબાહુ સ્વામીજી મહારાજે આવશ્યક નિર્યુક્તિ નામના આગમમાં કહેલું છે. તેને અનુસારે જે જિનાજ્ઞાથી શુદ્ધ એવા લોકો છે તેમને જ 'મહાજન' જાણીને તેમના સંગમાં રહેવું જોઈએ.'

*'અજ્ઞાની નવિ હોવે મહાજન, જો પણ ચલવે ટોળું;*
*ધર્મદાસગણી વચન વિચારી, મન નવિ કીજે ભોળું રે.'*

અર્થ : 'અજ્ઞાની વ્યક્તિ ટોળેટોળાં ભેગાં કરે તો પણ તે 'મહાજન' રૂપ બનતો નથી - આ રીતે શ્રીધર્મદાસગણીનું વચન (ઉપદેશમાળામાં) છે તે વિચારીને મનને ભોળું કરી ખોટા માર્ગે ન જવું જોઈએ.'

આ રીતે સ્પષ્ટ થાય છે કે, મહાજન કહે તે પ્રમાણ, પણ મહાજન કોણ ? એનો જવાબ એમણે આપ્યો કે **જિન આજ્ઞાથી વિશુદ્ધ જે જન સમુદાય હોય તેને**



**મહાજન કહેવાય. એમાં ક્યારેક એકાદ વ્યક્તિ જ મળે કે જે શાસ્ત્રનીતિથી ચાલતી, વર્તતી હોય તો તે એકલી વ્યક્તિને પણ મહાજન કહેવાય.** કહ્યું છે કે,

'एकोऽपि शास्त्रनीत्या यो, वर्त्तते स महाजनः ।'

એકલો પણ જે શાસ્ત્રનીતિથી ચાલે તે મહાજન કહેવાય.

### ધર્મદાતા ગુરુનું કહ્યું માનવું કે નહિ ?

**સભાઃ** *જે ગુરુએ ધર્મ પમાડ્યો તે ગુરુનું માનવાનું કે નહિ માનવાનું ? એમનો ઉપકાર છે એટલે એ જે કહે તે સ્વીકારી લેવાનું કે નહિ ?*

તેનો જવાબ 'હા' અને 'ના' એમ બે રીતે મળે. એ જે કહે તે શાસ્ત્રાનુસારી-ધર્માનુસારી તો હોવું જોઈએ ને ? ગુરુ શાસ્ત્રાનુસારી-ધર્માનુસારી કહે તે માનવાનું અને એ જે કહે તે શાસ્ત્રાનુસારી-ધર્માનુસારી ન હોય તો નહિ માનવાનું. નહિ તો શાસ્ત્રોમાં ગુરુ છોડવાની વાત શા માટે કરી ? શાસ્ત્રોમાં તો ગુરુ કરવાની જ વાત આવવી જોઈએ ? એના બદલે ગુરુનો પણ ત્યાગ કરવાની વાત કેમ આવી ? એક જ કારણ છે કે - **ગુરુનો નાતો તીર્થંકર સાથે છે. જેનો તીર્થંકર સાથેનો નાતો તુટી જાય તેનામાંથી ગુરુતત્ત્વ નંદવાઈ જાય. આત્માને પરમાત્મા સુધી લઈ જનાર તત્ત્વ મહાત્માનું છે. કર્મથી ગુરુ (ભારે કર્મી) એવા આત્માઓને પરમગુરુએ કહેલો પંથ નિર્મળપણે બતાવી, કર્મથી લઘુ બનાવી, પરમગુરુમાં ભેળવી દેનાર તત્ત્વ ગુરુનું છે.**

ગુરુ જો એ કામ ન કરે તો એ ગુરુપદ ગુમાવી બેસે છે. એ સુગુરુ મટીને કુગુરુની શ્રેણીમાં દાખલ થઈ જાય છે. જેનામાંથી સુગુરુપણું ચાલ્યું જાય અને કુગુરુપણું આવી જાય, પછી એ તત્ત્વ વગરની વ્યક્તિને પકડી રાખવી એ મૂર્ખામી કહેવાય. પાવર હાઉસ સાથે જે ઈલેક્ટ્રીક બોર્ડનું જોડાણ ન હોય તેનાથી બલ્બ કે ટ્યૂબ ન પ્રગટે, પંખો ન ચાલે, એ.સી. કે હીટર ન ચાલે.

### ગુરુનો સંબંધ જિનેશ્વર જોડે જોઈએ :

ગમે તેટલા સારામાં સારી કંપનીનાં સ્વીચબોર્ડ, વાયરો, બલ્બ કે એપ્લાયન્સીસ વસાવ્યા હોય, પણ પાવર હાઉસ સાથે જોડાણ ન હોય તો એ ઉપકરણો માત્ર શોભા બની રહે છે. એનો કોઈ ઉપયોગ રહેતો નથી. ઠીક આ જ ન્યાય ગુરુતત્ત્વમાં લાગુ પડે છે.

*'કુગુરુની વાસના પાશમાં, હરિણ પરે જે પડ્યા લોક રે;*
*તેહને શરણ તુજ વિણ નહિ, ટળવળે બાપડા ફોક રે.'*

હે સીમંધર પ્રભુ ! આ ભરત ક્ષેત્રના પ્રભુ શ્રી મહાવીર તો મોક્ષે જતા રહ્યા. કેવળજ્ઞાની અને પૂર્વધરોનો પણ વિરહ છે. અહીં જે અંધાધૂંધી ચાલી છે. તેનું બ્યાન કોની આગળ કરું ? અહીં તો મોટા નામ ધરાવતા ધર્મના ધોરી આચાર્ય પદધારીઓ પણ જમાનાના રવાડે ચડ્યા છે. પૈસાથી ધર્મ વેચી રહ્યા છે. શિથિલ આચાર, શિથિલ વિચાર અને શાસ્ત્ર વિરુદ્ધ પ્રરૂપણા અને પ્રવર્તનોથી સકલ સંઘના ભાવપ્રાણોની કરપીણ કત્લેઆમ થઈ રહી છે. પ્રભુ હવે કોને કહું ? સહ્યું જતું નથી. અમારું કાંઈ ચાલતું નથી. મારા ભરત ક્ષેત્રના લોકો એવા કુગુરુઓના સંસર્ગના કારણે, સુગુરુઓથી દૂર રહેવાના કારણે, ઉન્માર્ગની વાસનાવાળા બન્યા છે, એ કુગુરુઓની માયા જાળમાં બરાબર ફસાયા છે. પારધીની જાળમાં કે પાશમાં જેમ ભોળાં હરણીયાં સપડાઈ કાળનો કોળીયો થાય છે, તેમ આ ભરત ક્ષેત્રના મુગ્ધ જીવો કુગુરુના પાશમાં આબાદ સપડાઈ ભવોભવ દુઃખી થવા દુર્ગતિમાં ચાલ્યા જાય છે. પ્રભો ! આપના વિના આ ટળવળતા જીવોને અન્ય કોઈ જ આધાર નથી.

કેટલાક પુણ્યાત્મા કોઈ મહાત્મા પાસે પ્રભુનાં વચનો સાંભળે કે કોઈ ધર્મગ્રંથો વાંચે અને તે સાંભળીને કે વાંચીને એવા કુગુરુઓ પાસે જઈ એમના શિથિલ આચાર, વિચાર અને પ્રરૂપણા સામે પ્રશ્ન કરે ત્યારે એમનો કોપ આસમાને ચડે. એ એમને કહે કે, 'ભલાદમી ! તમે કાંઈ ભગવાનને જોવા ગયા હતા ?' એ ના પાડે તો વટથી કહે, 'તો પછી માનો ને અમારી વાત !' એ જરા મુંઝાય એટલે ભાર દઈને કહે, 'જો તમને ભગવાનની ઓળખ કોણે કરાવી ? અમે ગુરુઓએ જ ને ? તો પછી પ્રશ્ન શાના કરો છો ! અમે કોને પકડીએ, કોને નહિ પકડીએ એ અમારો ગુરુઓનો વિષય છે, તમારે એનો વિચાર નહિ કરવાનો. તમારે બસ ! અમને પકડીને ચાલવાનું ! ડૂબશું તો અમે ડૂબશું, તમે નહિ. અમે પણ કાંઈક સમજીને જ તમને આ માર્ગ બતાવતા હોઈશું ને ? એમ કહી એક અજૈન કવિનો બનાવેલો દોહો પણ એને સંભળાવી દે.



*'ગુરુ ગોવિંદ દોનો ખડે, કિસકો લાગુ પાય ?*
*બલિહારી ગુરુદેવ કી, ગોવિંદ દીયો બતાય !'*

આમ કહીને એ 'ગુરુદેવ' શબ્દ ઉપર ભાર આપે. પ્રભુ અને ગુરુ આ બેમાં ગુરુની એકાંતે મહત્તા સ્થાપીને ભક્તને કે શિષ્યને મૌન કરે. પણ આ જ દોહાનો બીજો પણ અર્થ થાય, જેનાથી દેવની મહત્તા ગુરુ કરતાં ય વધુ પૂરવાર થાય, તે અર્થ પેલો કુગુરુ તે ભક્ત કે શિષ્યને ન જ બતાવે.

**સભા :** *એવો તે બીજો કયો અર્થ થાય છે ?*

પ્રભુ અને ગુરુ બંને પાસે પાસે ઊભા હતા ત્યારે શિષ્યને મુંઝવણ થઈ કે મારે પહેલાં કોને પગે લાગવું ? દેવને કે ગુરુને ? એણે ગુરુ તરફ નજર કરી તો ગુરુએ બલિહારી-ઉપકાર કરીને ગોવિંદ (દેવ) તરફ ઈશારો કરીને સમજાવ્યું કે 'અમે બેઉ હોઈએ ત્યારે પહેલાં દેવને જ પગે લાગવું. કારણ કે, તે તો મારા પણ ગુરુદેવ છે; સમજ્યો !'

**જે ગુરુ તમને પોતાના બનાવવા પ્રયત્ન કરે તે ગુરુ, સુગુરુ નથી. જે તમને પરમાત્માના બનાવવા પ્રયત્ન કરે તે ગુરુ જ સુગુરુ છે. જે ગુરુ પોતાની વાત મનાવવાનો આગ્રહ રાખે તે ગુરુ સુગુરુ નથી, પણ જે ગુરુ શાસ્ત્ર વચન મનાવવાનો આગ્રહ રાખે તે ગુરુ જ સુગુરુ છે.**

### ભક્તિરાગનો એક દાખલો : પૂ. બાપજી મહારાજ :

ગુરુને જોયા કરવાનું મન થાય, પણ ગુરુની આજ્ઞા માનવાનું મન ન થાય ત્યાં સ્નેહરાગ છે અને અવસરે કારણવશાત્ ગુરુથી દૂર રહીને પણ ગુરુની આજ્ઞા માનવાનું મન થાય તો એ ગુણરાગ, ભક્તિરાગ છે. પૂ. બાપજી (પૂ.આ.શ્રી સિદ્ધિસૂરિ) મહારાજના હૃદયમાં એમના ગુરુ પૂ.પં. શ્રીમણિવિજયજી ગણિવર પ્રત્યે ભક્તિરાગ હતો. એટલે દીક્ષાના પહેલાં જ વર્ષે એમના ગુરુદેવે એમને છેક અમદાવાદથી સુરત વૈયાવચ્ચ માટે મોકલવાનો વિચાર કર્યો અને એમને એ વાતની જાણ કરી ત્યારે બીજો-ત્રીજો કોઈ જ વિચાર કર્યા વિના ગુરુ આજ્ઞાથી તેઓ અન્ય ગચ્છના ગ્લાન મુનિ શ્રીરત્નસાગરજી મહારાજની સેવા માટે વિહાર કરીને ગયા.

હજુ એ સુરત પહોંચ્યા. એમની સેવાની બધી વ્યવસ્થા ગોઠવી ત્યાં જ પોતાના ગુરુદેવના કાળધર્મના સમાચાર આવ્યા. માત્ર એક જ વર્ષના પર્યાયવાળા તેમની ઉપર જાણે વજ્રાઘાત થયો. પણ મુનિ શ્રીરત્નસાગરજીએ એમને આશ્વાસન આપ્યું. અત્યંત ગરમ સ્વભાવના ગણાતા તે મુનિ શ્રીરત્નસાગરજી મહારાજ આમની સેવા, વિનય, વિવેક, વૈરાગ્યથી એવા સંતુષ્ટ અને પ્રસન્ન થયા કે બાપજી મહારાજ પર એમની પૂરેપૂરી કૃપા ઊતરી. ગુર્વાજ્ઞાનું અણિશુદ્ધ પાલન કરવાના કારણે ગુરુતત્ત્વની પણ એમની ઉપર કૃપા ઊતરી. એના કારણે એમનો આત્મ વિકાસ ખૂબ જ સુંદર થયો. એમને પૂ. આત્મારામજી મહારાજ જેવા કુશળ અધ્યાપક પણ મળી શકયા. ગુરુ પ્રત્યેનો ભક્તિરાગ એમને છેક સંઘ-સ્થવિર પદ સુધી લઈ ગયો.

**સભા :** *ગુરુમાં ગુરુપણું છે કે નહિ એ જોવાની અમારી ક્ષમતા નથી. એટલું અમે ભણ્યા નથી તો શું કરવું ?*

ભણવાની મહેનત કરવી અને જ્યારે સમજાઈ જાય ત્યારે વિવેક કરવો, જેમનામાં ગુરુપણું ન દેખાય તેમનો ત્યાગ કરવો અને જેમનામાં ગુરુપણું દેખાય તેમનો સ્વીકાર કરવો.

### એવા ય ગુરુ હોય છે :

એક અજૈન સંત હતા. એક દેશના રાજાને કોઈ કારણે બહુ માન્ય હતા. સતત સહવાસ, ઉન્માર્ગની દેશના, રાજાના મનનું સંપાદન, એને ઈષ્ટ અને અનુકૂળ આવે તેવી વાતોનું જ પ્રતિપાદન વગેરે દ્વારા એમણે એ મુગ્ધ રાજાનું મન પૂરેપૂરું આવર્જિત કરી લીધું. આથી એ રાજગુરુ બની ગયા. રાજા એમની જ વાત માનતો. બીજા કોઈની વાત એ માનતો ન હતો અને એ નગરમાં બીજા કોઈ ધર્મગુરુઓને કે વિદ્વાનોને આવવા પણ ન દેતો.

આ રીતે કેટલોક સમય વીત્યા પછી એ સંન્યાસીને મુંઝવણ શરૂ થઈ. કારણ કે એને એ રાજાને પોતાનો જ બનેલો રાખવો હતો અને પોતાને બીજે ફરવા જવું હતું. એને થયું કે કાંઈક ઉપાય કરતો જાઉં. રાજાને એકાંતમાં બોલાવીને કહ્યું, ‘રાજન્ ! મારું મન કાશીની યાત્રા કરવા જવાનું છે.’ રાજાએ કહ્યું એમાં આપે શું



ચિંતા કરવાની. હું બધી વ્યવસ્થા કરી દઉં છું. હાથી, ઘોડા, પાલખી, દાસ-દાસી બધું ગોઠવી આપું છું.’

સંતે કહ્યું, ‘રાજન્ ! મને એ કે બીજી કોઈ જ ચિંતા નથી. માત્ર તારા હિતની ચિંતા છે.’ બગલાને જેમ માછલી જવા દેવી પાલવતી નથી હોતી તેમ કુગુરુઓને પણ ભક્તોને છોડવાની તૈયારી નથી હોતી. ‘આ દુનિયામાં ઘણા કુગુરુ હોવાથી મને તારી ઘણી ચિંતા થાય છે. હું અહીંથી જાઉં અને પાછળ કોઈક કુગુરુ તને આવી ભરમાવી જાય, ફસાવી જાય તો તારું શું થાય ? માંડ-માંડ હાથમાં આવેલો સાચો ધર્મ તું હારી જાય.

સંતના લેબાશમાં રહેલા એ શેતાને બરાબર જાળ પાથરી. રાજા એ જાળમાં ફસાઈ ગયો અને કહ્યું, ‘સાચી વાત છે આપની, આ પરિસ્થિતિમાં હું શું કરું ? આપ કહેશો તેમ કરીશ.’

એ સંન્યાસીએ કહ્યું, ‘રાજન્ ! હું તને એક શ્લોક લખીને આપું છું અને એનો અર્થ તને મોંઢે કહું છું. જે તારે કોઈને પણ કહેવાનો નથી. અહીં કોઈપણ સાધુ-સંત, ફકીર, પંડિત કે ઓલીયો આવે તો તારે તેને સૌથી પહેલો આ શ્લોક વંચાવવો. જો મારો કહેલો અર્થ એ તને કહે તો એ સાચો સંત, સાચો જ્ઞાની છે એમ માનજે. બાકી બધા ખોટા છે એમ માનીને તગેડી મૂકજે.’ એમ કહી એણે રાજાને એક સંસ્કૃત શ્લોક લખી આપ્યો. એનો અર્થ રાજાને કહી દીધો. રાજા ખુશ ખુશ થઈ ગયો અને આ સંન્યાસી નિશ્ચિંત થઈને યાત્રાએ ગયો.

એના પછી ઘણા સાધુ સંતો તેના રાજ્યમાં આવ્યા. તે દરેકને એણે આ શ્લોકનો અર્થ પૂછ્યો. ‘મહારાજ ! પહેલાં આ શ્લોકનો અર્થ બોલો પછી મારા રાજ્યમાં રહેવાની વાત.’ બધા શ્લોકનો સંસ્કૃત ભાષા મુજબ થતો અર્થ કહેતા. પણ પેલા સંન્યાસીએ કહેલા અર્થ પ્રમાણે કોઈનો અર્થ આવતો જ ન હતો. તેથી બધા સાધુઓને તે રાજા ગામમાંથી રવાના કરી દેતો.

### સમકિતી મંત્રીની ધીરજ અને હોંશિયારી :

એ રાજાનો મંત્રી સમ્યગ્દૃષ્ટિ હતો. રાજાના આવા અભિગમથી એ મંત્રીને ચિંતા થઈ કે જો આવું જ ચાલશે તો કદી કોઈ સાચા ધર્મગુરુ આ રાજ્યમાં આવી શકશે જ નહિ અને જો એવું થશે તો રાજ્ય, રાજા, પ્રજા બધા જ અધર્મી બની

જશે. તેણે રાજાને કહ્યું, 'આનો અર્થ મને તો કહો.' ત્યારે રાજાએ કહ્યું કે, 'મંત્રીશ્વર ! મારા ગુરુએ મને આનો અર્થ કોઈને ય કહેવાની સ્પષ્ટ ના પાડી છે.' એટલે મંત્રીને વિચાર આવ્યો કે આનું ઠેકાણું પાડવા હવે કોઈ સામાન્ય જ્ઞાનીનું કામ નથી. કોઈ વિશિષ્ટ જ્ઞાની ગુરુને બોલાવવા પડશે. તપાસ કરતાં જણાવ્યું કે, નજીકના ગામમાં જ ચાર જ્ઞાનના સ્વામી ગુરુ ભગવંત પધાર્યા છે. ત્યાં જઈને એણે ગુરુ ભગવંતને બધી પરિસ્થિતિનું બ્યાન આપ્યું. 'ભગવંત ! આપ નહિ પધારો તો આખું રાજ્ય મિથ્યાત્વ પામશે. આપ પધારો !'

મંત્રીએ એમને આમંત્રણ આપીને રાજ્યના ઉદ્યાનમાં બોલાવ્યા. ઘણા કાળ પછી શહેરના આંગણે ગુરુ ભગવંત આવ્યા હોવાથી લોકો મોટી સંખ્યામાં એમનું પ્રવચન સાંભળવા દોડી આવ્યા. ત્યાર બાદ એ મંત્રી રાજાને લઈને ઘોડા ઉપર બેસી નગરમાં ફરવા નીકળ્યો. ત્યાં ઉદ્યાનમાં કોઈ મહાત્માને દેશના આપતાં રાજાએ જોયા. રાજાને ગુસ્સો આવ્યો કે મને મળ્યા વિના, મારી પાસેથી શ્લોક મેળવીને એનો મારા ગુરુએ કહેલો અર્થ કર્યા વિના આ મુંડિયો નગરમાં કેવી રીતે આવ્યો ?

રાજાના ચહેરા પર ગુસ્સો જોઈને હોંશિયાર મંત્રીએ કહ્યું, 'મહારાજ ! ધીરજ રાખો ! આપની વાત બરાબર છે. પણ હમણાં હોહા કરવી બરાબર નથી. આટલી મોટી મેદની અહીં આવેલી છે. આપણે કાંઈ પણ કરશું તો લોકમત આપણી વિરુદ્ધમાં અને એ મહાત્માના પક્ષમાં થઈ જશે. આપણે પહેલાં ઘોડા ઉપરથી ઊતરી સભામાં ગોઠવાઈ જઈએ. પછી આપણને શ્લોક બતાવતાં ક્યાં વાર લાગવાની છે !' એમ સમજાવી મંત્રીએ રાજાને સભામાં બેસાડી રાખ્યા.

અદ્‌ભુત દેશના થઈ. લોકો સંતૃપ્ત બન્યા. ઉત્તમ ધર્મ પ્રાપ્ત થયો એનો પ્રજાને આનંદ થયો. પણ રાજાને તો જરા પણ જપ ન હતી. એટલે જેવી દેશના પતી કે તરત એ જ્ઞાની મહાત્મા પાસે ગયા. મંત્રીએ કાનમાં કહી રાખ્યું હતું કે, 'અત્યારે જો એમનો વિરોધ કરીશું તો પ્રજા વિફરશે. શાંતિથી કામ લઈએ. મહાત્મા પાસે જઈ રાજાએ શ્લોકાર્થ પૂછ્યો. જૈન સાધુથી ખોટું બોલાય નહિ. સીધો અર્થ કરે તો આ રાજા રવાના કરી દે તેમ હતું અને ખોટો અર્થ કહેવાય તેવો ન હતો. તેથી તેમણે સ્યાદ્‌વાદ દૃષ્ટિથી રાજાને કહ્યું કે,



"રાજન્ ! તારા ગુરુએ આ શ્લોકનો અર્થ જે કહ્યો છે તે હું તને કહું છું. તારા ગુરુએ આ શ્લોકનો અર્થ આ પ્રમાણે કર્યો છે, બરાબર ને ?" એમ કહીને એના ગુરુએ ચિઠ્ઠીમાં જે અર્થ લખેલો હતો તે કહ્યો. એમાં લખેલું હતું કે **'ગોખે બેઠી બિલ્લી ચણા ચાવે.'**

## સદ્‌ગુરુની શિખામણ : જ્ઞાની બનો !

રાજા તો પોતાના ગુરુનો કહેલો અર્થ સાંભળીને ખુશ થઈ ગયો અને માન્યું કે ઘણા વખતે મને કોઈ સાચા ગુરુ મળ્યા. પછી એ તો રાજા બહુમાનપૂર્વક એમની ભક્તિ-ઉપાસના કરવા લાગ્યો. પણ આ તો સાચેસાચ સદ્‌ગુરુ હતા. ગમે એટલાં માન-સન્માન મળે, પણ માસકલ્પથી વધારે એક સ્થાને રોકાવાની વાત નહિ. માસકલ્પ પૂરો થયો. એટલે એમણે વિહારની તૈયારી કરી. રાજાએ આગ્રહભરી વિનંતી કરી, પણ એમણે એનો સ્વીકાર ન કર્યો. અંતે રાજાએ હિતશિક્ષા માંગી ત્યારે ગુરુ ભગવંતે કહ્યું કે,

"સંસ્કૃત વ્યાકરણ એકવાર ભણી લો !"

ગુરુ ભગવંત વિહાર કરી ગયા. રાજાએ સંસ્કૃત ભણવાનું ચાલુ કર્યું. ઘણા વખતે પાછા એ ગુરુ ભગવંત એના રાજ્યમાં પધાર્યા. રાજાએ ભક્તિપૂર્વક સન્માનપૂર્વક રાજસભામાં પધરાવ્યા. એ પછી રાજા જ્યારે તેઓશ્રીને એકાંતમાં મળ્યો ત્યારે ગુરુ ભગવંતે રાજાને એના ભૂતપૂર્વ ગુરુએ આપેલા પેલા શ્લોકનો અર્થ કરવા કહ્યું. રાજાએ શ્લોક ખોલ્યો અને જાતે અર્થ કર્યો. એણે કહ્યું,

"ભગવંત, આ ચિઠ્ઠીમાં લખેલો અર્થ તો સાચો નથી. કારણ કે આમાં નથી તો 'ગોખ' મળતો, નથી તો 'બેસવાનો' શબ્દ મળતો, નથી તો 'બિલ્લી' મળતી, નથી તો 'ચણા' મળતા અને નથી તો 'ચાવવાની ક્રિયા જણાવતું ક્રિયાપદ' મળતું."

ગુરુ ભગવંતે કહ્યું, 'તું તારી જાતે સત્ય સમજી શકે એ માટે જ મેં તને સંસ્કૃત ભણવાનું કહ્યું હતું. હવે રાજાને પસ્તાવો થયો કે કુગુરુના બતાવેલા અર્થને કારણે કેટલાંય સાચા ગુરુ ભગવંતનો મેં અવિનય કર્યો.

**સભા :** *એના ગુરુએ આપેલો એ શ્લોક કયો હતો અને એનો સાચો અર્થ શું હતો ?*

એ પણ કહી દઉં.

'तज्ज्ञानमेव न भवति, यस्मिन्नुदिते विभाति रागादिगणः ।
तमसः कुतोऽस्ति शक्तिर्दिनकरकिरणाग्रतः स्थातुम् ? ।।१।।'

ભાવાર્થ : 'જેનો ઉદય થયા બાદ રાગ વગેરેનો સમૂહ ઊભો રહે તો તે જ્ઞાન જ નથી; સૂર્યના કિરણોની સામે ઊભા રહેવાની અંધકારની તાકાત ક્યાંથી હોય ?'

**સભા :** *'ક્ષયે પૂર્વા તિથિઃ કાર્યા'માં પણ આવું જ કરવા જેવું લાગે છે ?*

શું કરવા જેવું ?

**સભા :** *વ્યાકરણ ભણવાનું.*

હા, જી. તત્ત્વ પામવું હોય તો કોઈપણ વિષયમાં સત્ય-અસત્ય સમજવા માટે વ્યાકરણ વગેરે જ્ઞાન ભણવું જ પડશે.

પૂજ્યપાદ શ્રીઆત્મારામજી મહારાજે સત્યને મેળવવા ખાતર ગામ છોડ્યું, દેશ છોડ્યો, ગુરુ છોડ્યા, કાયમ મોઢે બાંધી રાખેલી મુહપત્તિ છોડી, બાવીશ વર્ષોનો સંયમપર્યાય છોડ્યો, માન-મોભો છોડ્યો, પ્રતિષ્ઠા નામના છોડી, છોડવા જેવું બધું જ છોડ્યું. તત્ત્વ સમજાતાં પૂર્વનું બધું જ બદલી કાઢ્યું.

### આજે શાસ્ત્રને જડ કહેનારા જડભરતો પાક્યા છે :

આજે તો આગ્રહ એવો છે કે ખોટાને પણ યેનકેન સાચું પૂરવાર કરવું, એ માટે શાસ્ત્રો પ્રત્યેની શ્રદ્ધા તૂટે એવા પ્રયત્ન થઈ રહ્યા છે. એ માટે કહેવાય છે કે, "આ શાસ્ત્રો તો જડ છે, એ દ્રવ્યશ્રુત છે. જ્યારે અમે ગીતાર્થો તો ભાવશાસ્ત્ર-ભાવશ્રુત છીએ. માટે શાસ્ત્રનું પૂછડું પકડી નહિ રાખવાનું, અમે ગીતાર્થો કહીએ તે માનવાનું. એમાં પ્રશ્ન નહિ કરવાનો. અમને કાંઈ ડૂબવાનો અભરખો નથી. શાસ્ત્રનો કોઈ ઠેકો એમનો એકલાનો નથી, અમે પણ શાસ્ત્રમતીમાં જ માનીએ છીએ, પણ અહીં પોથીમાં લખેલું એ જ શાસ્ત્ર એમ નથી, અમે કહીએ એ શાસ્ત્ર કહેવાય. આ તો જડ શાસ્ત્ર છે, અમે જીવંત શાસ્ત્ર છીએ." અહીં સુધી લખવાનું, બોલવાનું ચાલુ થઈ ગયું.

પોતાને ગીતાર્થ કહેવડાવનારે પહેલાં તો એ પૂરવાર કરવું જરૂરી છે કે પોતે સંવિજ્ઞ ગીતાર્થ કઈ રીતે છે. જે સંવિજ્ઞ ગીતાર્થ હોય તે શાસ્ત્ર વચનોનો અપલાપ થાય કે અનાદર થાય એવું ક્યારેય ન બોલે.



**ભૂતકાળના બુદ્ધિભ્રષ્ટ, સુધારકોએ શાસ્ત્રને બાળવાની વાત કરી અને આજના બહુમતવાદી શાસ્ત્ર નિરપેક્ષ સુધારક આચાર્યોએ શાસ્ત્રની શ્રદ્ધાને જ ખતમ કરવાનું કામ કરવા માંડ્યું છે. ભૂતકાળમાં ધર્માંધ મુસ્લીમોએ મૂર્તિને તોડવાનું કામ કર્યું હતું. જ્યારે ઈસાઈઓએ મૂર્તિને હાથ ન લગાડતાં મૂર્તિની શ્રદ્ધા તોડવાનું કામ કર્યું. તેવું જ કાંઈક કાર્ય આજના કહેવાતી એકતાના પૂજારીઓ, એકતાના નામે અનેકતા સર્જવાની ભાવનાવાળાઓ અને શાસ્ત્ર નિરપેક્ષ બહુમતવાદી આચાર્યો જાણ્યે અજાણ્યે કરી રહ્યા છે.**

તમારું ભણવાનું ઘટવાને કારણે ધર્મોપદેશકોનું ય ભણવાનું ઘટ્યું. પહેલાં કોઈપણ ધર્મોદેશકોએ આ સુધર્માસ્વામીજીની પાટ ઉપર બેસવું હોય તો બહુ ભણીને ગીતાર્થતા કેળવવી પડતી હતી. શ્રોતાઓ બહુશ્રુત રહેતા. એમના પ્રશ્નો માર્મિક રહેતા. એમને શાસ્ત્રાધારે સચોટ સમાધાનની ઝંખના રહેતી. એના કારણે ધર્મોપદેશક સાધુને પણ ગીતાર્થ, અપ્રમત્ત સ્વાધ્યાયી બનવું પડતું. આજે આમાંનું કાંઈ રહ્યું નથી.

### શ્રાવક સંઘ અજ્ઞાની બન્યો માટે...

**તમારું ભણતર ગયું. એનાથી તમને જૈન શાસ્ત્રોના પારિભાષિક શબ્દોની પણ ખબર નથી. ગુણસ્થાનક, માર્ગણા, આશ્રવ, સંવર, પરિણતિ જેવા શબ્દોનો ય અર્થ તમે સમજતા નથી. એના કારણે આગમિક પ્રવચનો ગયાં. શાસ્ત્ર અને પ્રકરણ ગ્રંથો વંચાતાં બંધ થયાં. આજે તમને સમજાય તેવી ભાષા અને શૈલીમાં, સાવ ઊતરતી કક્ષાનાં પ્રવચનો કરવાં પડે છે. એના કારણે સાધુઓને પણ એવું બધું વાંચવાનો અને પીરસવાનો ચસકો લાગ્યો. આગમો, શાસ્ત્રો અને પ્રકરણ ગ્રંથોનો અભ્યાસ ગયો. ગીતાર્થતા ગઈ. સાવ છીછરું નિરૂપણ, છીછરા પથ્થર ફેંકવા જેવા પ્રશ્નો અને ઉડાઉ ઉત્તરો આજની વ્યાખ્યાન સભાનું રોજિંદું દૃશ્ય બન્યું. આના કારણે સરવાળે જૈન સંઘને કેટલું બધું નુકશાન વેઠવું પડ્યું !**

આખો માર્ગ આજે ડહોળાઈ રહ્યો છે. એના મૂળમાં તમે નથી ભણતા - એ કારણ છે. તમે નથી ભણતા માટે અમે પણ નથી ભણતા. ગ્રાહકની જેવી ડીમાંડ હોય તેવો માલ વેપારી રાખે, એના જેવું થયું છે.

તમે અમારી સાથે આજે જોડાયા છો એ કબુલ, પણ તે મોટે ભાગે કાં તો સ્નેહરાગથી, કાં તો સ્વાર્થરાગથી. ધર્મરાગથી, ભક્તિરાગથી જોડાનારા કેટલા ? ઘણી વખત અમને એમ થાય કે અમે સંઘ વચ્ચે જીવીએ છીએ કે કોઈ સંસારી સમાજ વચ્ચે જીવીએ છીએ ?

અહીં શંખેશ્વરમાં જ ચાલુ ઉપધાનમાં એકવાર કોઈ બે ભાઈ વંદન કરવા સાથે આવ્યા. સારી રીતે વાત કરી મેં એમના માથે હાથ મૂક્યા. હું તો ભૂલી પણ ગયો. પણ થોડા દિવસ પછી એમાનો એક ભાઈ મારી પાસે આવ્યો અને કહે, 'મહારાજ સાહેબ, આપે મારા ભાઈ ઉપર બે હાથ મૂક્યા અને મારી ઉપર એક જ હાથ મૂક્યો. એટલે એમના ધંધાના પ્રૉબ્લેમ સૉલ્વ થઈ ગયા ને મારા ન થયા. આપે આવો પક્ષપાત કેમ રાખ્યો ?' મેં કહ્યું કે, 'તમે બન્ને ય સાથે જ મારી પાસે આવ્યા અને સાથે જ મારી પાસેથી ગયા. તમે કોઈએ તમારા કોઈ પ્રૉબ્લેમની વાત મને કરી નથી કે તમારા કોઈ પ્રૉબ્લેમને હું જાણતો પણ નથી - અને કોઈના સંસારિક કોઈપણ પ્રશ્નમાં હું પડતો પણ નથી. એ તો તમે પણ જાણો જ છો ને ?'

મને કહે કે, 'હા સાહેબ ! તમારી એ વાત બરાબર, પણ તમારા બે હાથ મૂકવાથી એનો પ્રૉબ્લેમ સૉલ્વ થયો અને મને એક મૂક્યો એનાથી મારો પ્રૉબ્લેમ સૉલ્વ ન થયો એનું શું ? બોલો ! આવા લોકોને મારે શું જવાબ આપવો ?

અમે તો તમારો સંસાર સૉલ્વ કરવા જ માથે હાથ મૂકીએ છીએ. એના માટે જ તમે મૂકાવવા માગતા હો તો બે શું ચાર હાથ મૂકું. બાકી અમારા મનમાં કોઈ પ્રત્યે પક્ષપાત હોતો નથી. તમારા લોકોની વચ્ચે રહેવામાં કેવી કેવી પરિસ્થિતિઓ સર્જાય છે, એનો આ નમુનો છે.

**સંસારના રસિયાને ક્યાંય પણ લઈ જાઓ ત્યાં પણ એ સંસાર જ ગોતે.**

**ધર્મરસિયાને ક્યાંય પણ લઈ જાઓ ત્યાં એમાંથી એ ધર્મ જ ગોતે.**

### અમે હોલસેલના વેપારી છીએ :

**સભા :** *સાહેબ ! તમે બધાંને દીક્ષાની વાત કેમ કરો છો. શ્રાવકપણાના ધર્મની વાત કેમ કરતા નથી ?*



મારા પરમતારક ગુરુ ભગવંતને એકવાર મેં પૂછ્યું હતું કે, 'આપ બધાને સાધુ બનાવવાની મહેનત કેમ કરો છો. શ્રાવક કેમ બનાવતા નથી ?' ત્યારે ગુરુદેવે કહ્યું હતું, 'જો, આપણે હોલસેલના વેપારી છીએ, રીટેલના નહિ. એક ગૃહસ્થને વ્રતધારી બનાવવામાં નવનેજે પાણી ઊતરે છે. મહેનત ઘણી અને લાભ ઓછો જ્યારે એક પુણ્યાત્માને વૈરાગી બનાવી સાધુપણાની દીક્ષા આપીએ તો એની પાછળ કેટલા લોકો શ્રાવક બને ? કમ સે કમ એના પીયરીયા સાસરીયા મોસાળીયા વગેરે સગા-સંબંધી તો ધર્મમાં જોડાય અને એ રીતે એક દીક્ષા પાછળ અનેક શ્રાવક-શ્રાવિકા બને. આથી બધી મહેનત સાધુ બનાવવા જ કરવાની !'

હવે તમે બાકી બધી ચિંતા મૂકી દો. સીધી વાત કરો. 'તમારે હવે ભણવું છે ?'

**સભા :** *ભણશું તો દીક્ષા જ લેવી પડશે.*

એ જ તો કરવાનું છે. દીક્ષા લેવાનું લક્ષ્ય નહિ હોય તો તમે જે પણ ધર્મકરણી કરશો, તે બધી તાત્ત્વિક દૃષ્ટિએ નકામી, વ્યર્થ અને નિરર્થક નીવડશે. શ્રાવકપણું દીક્ષા જીવનની નેટ પ્રેક્ટીશ જ છે. જે શ્રાવકને દીક્ષા લેવાનું મન નથી તે શ્રાવક-શ્રાવક જ નથી. સાધુપણું પામવાની ભાવના વિના શ્રાવકપણાના સાચા ભાવ આવતા જ નથી. માટે તો કહ્યું કે,

**'सर्वविरतिलालसः खलु देशविरतिपरिणामः ।'**

અર્થ : 'સર્વવિરતિની લાલસા (તાલાવેલી) વાળો જ દેશવિરતિનો પરિણામ કહેવાય.'

બોલો ! હવે કાંઈ કહેવું છે ?

ફરી મૂળ વાત ઉપર આવો ! કામરાગ અને સ્નેહરાગ જેટલા ઘાતક છે તેનાથી પણ વધુ ઘાતક દૃષ્ટિરાગ છે. તે દૃષ્ટિરાગથી બચવા એને બરાબર ઓળખવો જરૂરી છે. મિથ્યાત્વ, મિથ્યામાન્યતાઓ કે મિથ્યાસિદ્ધાંતો પ્રત્યેના આકર્ષણના કારણે જે રાગ પેદા થયેલો હોય તો ત્યાં દૃષ્ટિરાગ પ્રધાનતા ભોગવે છે અથવા પાંચે પ્રકારના મિથ્યાત્વને કારણે થતો રાગ દૃષ્ટિરાગનું રૂપ ધારણ કરે છે.

### મિથ્યાત્વ દૃષ્ટિરાગને ખેંચી લાવે છે :

**સભા :** *એ પાંચ પ્રકારનાં મિથ્યાત્વ કયાં કે જેમાંથી દૃષ્ટિરાગ ઉત્પન્ન થાય ?*

**૧-આભિગ્રહિક મિથ્યાત્વ :** મિથ્યા એવા કોઈપણ એક દર્શન, ધર્મ, મત, મજહબ કે પંથ-સંપ્રદાયને પોતાનું માની લેવાય અને એના ઉપરના મમત્વના કારણે 'મારું જ દર્શન સત્ય છે, બાકીનાં દર્શનો મિથ્યા છે' આવો ગાઢ આગ્રહ બંધાય તે આભિગ્રહિક નામનું મિથ્યાત્વ છે. આ મિથ્યાત્વવાળી વ્યક્તિને એના દર્શન ઉપર જે રાગ હોય છે તે દૃષ્ટિરાગ છે.

**૨-અનાભિગ્રહિક મિથ્યાત્વ :** મિથ્યા એવા કોઈપણ એક દર્શન પ્રત્યે આને મમત્વ ન હોય. પણ જગતમાં જેટલાં પણ દર્શનો છે તે બધાં સારાં ને બધાં મારાં એમ એને બેઠું હોય, અગર તો કોઈપણ એક દર્શન પ્રત્યે એનો ઝોક ન હોય, પણ બધાને ગોળ-ખોળ ન્યાયે સમાન માનતો હોય તેનું મિથ્યાત્વ આ બીજા પ્રકારમાં આવે છે. એનો એ પ્રકારનો રાગ એ પણ દૃષ્ટિરાગ જ છે. છતાં પહેલા પ્રકારવાળા કરતાં આને વાળવો સહેલો છે.

**૩-આભિનિવેશિક મિથ્યાત્વ :** જે આત્મા પહેલાં જૈન ધર્મ પામ્યો હોય છે, સમ્યગ્દર્શનની સ્પર્શના કરેલી હોય, છતાં પોતાની કોઈ એક બાબતનો આગ્રહ બંધાઈ જતાં માન કષાયને આધીન થઈને 'પકડેલું છોડે જ નહિ અને યેન કેન પ્રકારેણ એ ખોટી માન્યતાને સાચી પૂરવાર કરવા પ્રયત્ન કરે' તેવા આત્માઓ આ ત્રીજા-આભિનિવેશિક મિથ્યાત્વને પામે છે. બધા નિહ્નવો આમાં જ આવે છે. આ એક અત્યંત ખરાબ કોટિનું મિથ્યાત્વ છે. આ મિથ્યાત્વવાળી દશામાં રહેલ આત્માનો એના પોતાના મતનો રાગ તે પણ દૃષ્ટિરાગ છે.

**૪-સાંશયિક મિથ્યાત્વ :** અન્ય દર્શનોની સહેલાઈ આદિથી આકર્ષાઈ જે આત્માઓ સર્વજ્ઞ-જૈન શાસનમાં શંકા ધરાવતા થાય, એ શંકાનું સમાધાન નહિ મળવાના કારણે અંતે જે મિથ્યા માન્યતામાં ચાલ્યા જાય તે આત્માઓ સાંશયિક મિથ્યાત્વવાળા ગણાય. એમનો પોતાના માનેલા ને સ્વીકારેલા પંથનો રાગ પણ દૃષ્ટિરાગ કહેવાય.

**૫-અનાભોગિક મિથ્યાત્વ :** અનાદિકાળથી આપણે જ્યાં અનંતો સમય વીતાવ્યો તે નિગોદથી લઈ, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, બેઈન્દ્રિય,



તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય જીવોમાં અને પંચેન્દ્રિય તિર્યંચ અને માનવોમાં પણ જે અસંજ્ઞી એટલે કે મન વિનાના જીવો છે, તે બધામાં આ પાંચમું અનાભોગિક મિથ્યાત્વ વસેલું હોય છે. આવા જીવોનો રાગ પ્રગટ ન દેખાય, પણ એ સત્તારૂપે કે સુખ-દુઃખના સંવેદનો રૂપે, સંજ્ઞારૂપે અવશ્ય હોય છે. એમનો એવો રાગ પણ દૃષ્ટિરાગ કહેવાય.

દર્શન-મોહનીય કર્મના ઉદયથી દૃષ્ટિરાગ થાય છે.

ચારિત્ર-મોહનીય કર્મના ઉદયથી જે રાગ થાય તે કાં તો સ્નેહરાગ હોય કાં તો કામરાગ હોય, અગર તો બંને રાગ એક સાથે હોય. ચારિત્ર મોહનીય કર્મમાં જ અંતર્ભાવ પામતા નવ નોકષાયમાંના ત્રણ વેદમાંથી કોઈપણ વેદના ઉદયને કારણે થતો રાગ એ કામરાગનું રૂપ ધારણ કરે છે અને જ્યારે એવો કામરાગ ન હોય, પણ કોઈ કારણ વગર સહજ રીતે કોઈ વ્યક્તિને જોઈને ચારિત્ર મોહનીય કર્મ અને અવિરતિના ઉદયથી જે રાગ પ્રગટ્યો હોય તે સ્નેહરાગનું રૂપ ધારણ કરે છે. સમ્યગ્દૃષ્ટિ આત્માને દૃષ્ટિરાગ નથી હોતો, પણ એને કામરાગ અને સ્નેહરાગ જરૂર હોઈ શકે છે. પરંતુ એ કામરાગ અને સ્નેહરાગને હેય જ માની કાઢવાનો પ્રયત્ન કરતો હોય છે. જ્યારે મિથ્યાદૃષ્ટિ આત્માને દૃષ્ટિરાગ હોવા સાથે કામરાગ અને સ્નેહરાગ પણ હોય છે. એમાં કેટલાક મિથ્યાત્વી આત્માઓમાં કામરાગ અને સ્નેહરાગ પ્રગટપણે નહિ દેખાતા હોય તેમ બને. વૈરાગ્ય આદિના કારણે તેમણે કામસંજ્ઞા અને સ્નેહ-મમત્વને નિયંત્રિત કર્યા હોય તેમ બને. પણ મિથ્યાત્વ જીવતું અને જાગતું હોવાથી આ નિયંત્રિત કામ અને સ્નેહ ક્યારે ભડકો થઈ બળે તે કહેવાય નહિ.

### ભૂતકાળની કરણીના સંસ્કારો :

ચિત્તવૃત્તિ ઉપર મોહની જેવી જેવી છાયાઓ આવે છે, ચિત્તવૃત્તિ તેવા-તેવા પ્રકારના નિત નવા આકારો લે છે. જેમ અલગ-અલગ આઈટમોમાંથી ઊંધિયું પણ બને તેમ અલગ-અલગ ભાવોમાંથી આવી અનેક સ્થિતિનાં નિર્માણ થતા હોય છે. માટે જ સતત આપણા ભાવો-પરિણામોને જોતા રહેવું પડે. કેવાં-કેવાં નિમિત્તોમાંથી, અધ્યવસાયોમાંથી આ પરિણામો પેદા થાય છે, ક્યાં કયું કર્મ કામ કરી રહ્યું છે, ક્યા કયા ભાવો કામ કરી રહ્યા છે ? - તે સતત જોતા રહેવું પડે.

આવા પ્રકારની ચિત્તવૃત્તિ કેવા-કેવા અધ્યવસાયોમાંથી નિર્મિત થઈ છે ? - તેને જાણવા માટે ભૂતકાળની કલ્પનાઓ પણ જીવંત કરવી પડે. ભૂતકાળને યાદ પણ કરવો પડે કે મેં ભૂતકાળમાં કેવી-કેવી પ્રવૃત્તિઓ કરી હશે ?

કેવા-કેવા વિચારો કર્યા હશે ?

કેવા-કેવા સંસ્કારો પાડ્યા હશે ?

કેવા-કેવા વ્યવહારો કર્યા હશે ?

કેવાં કર્મો કર્યાં હશે કે જેના પરિણામે મને અત્યારે આવા ભાવો અને પરિણામો થાય છે ? આ ચિંતન કરવું તે વિપાક વિચય ધર્મધ્યાન છે. **વ્યક્તિના વર્તમાન જીવન ઉપર ભૂતકાલીન જીવનોની અસર હોય છે.** આર્યદેશના દરેક ધર્મો આ બાબતને માને છે. તેઓ આને સંસ્કાર કહે છે. પાશ્ચાત્ય ખ્રિસ્તી અને ઈસ્લામી ધર્મ પૂર્વજન્મની વાતને સૈદ્ધાંતિક રીતે માનતા નથી. એ જ રીતે વૈજ્ઞાનિકો પણ પ્રત્યક્ષ દેખાતી વસ્તુને જ માનતા હોઈ પૂર્વજન્મ કે પુનર્જન્મ જેવી વસ્તુ માનતા નથી. પરંતુ હવે વિજ્ઞાનની કેટલીક શાખાઓ આ બાબતમાં આગળ વધી છે અને હીપ્નોટીઝમના પ્રયોગો દ્વારા વ્યક્તિઓની જુગજૂની સ્મૃતિઓના સમીકરણો ખોલી એની ઐતિહાસિક ઘટનાઓ સાથે મેળવણી કરી નક્કર પાયે પૂર્વજન્મ, સંસ્કાર અને પુનર્જન્મની વાતોમાં વિશ્વાસ મૂકતા થયા છે. પૂર્વજન્મની ઘટનાઓની સ્મૃતિ થઈ હોય એવી હજારો વ્યક્તિઓના કિસ્સાઓ નોંધાયા છે. એની ઉપર ગહન સંશોધનો પણ થયા છે.

## વિપાક અને અપાયનું ચિંતન કરો !

આપણી વાત હતી પૂર્વનાં કર્મોના આધારે વર્તમાનમાં જે ફળો ભોગવવાં પડે છે તેનું ચિંતન કરવાની. આને વિપાક વિચય ધર્મધ્યાન કહેવામાં આવ્યું છે.

વર્તમાનમાં આપણા જીવનમાં જે જે ઘટનાઓ બને છે તે ભૂતકાળની કઈ કઈ પ્રવૃત્તિઓનો પરિપાક છે, ભૂતકાળના કયા-કયા કર્મનો એ વિપાક છે, તેનું ચિંતન કરવાથી વિપાક વિચય ધર્મધ્યાન પ્રગટી શકે છે. વિપાક એટલે ફળ, પરિણામ કે રીઝલ્ટ.



જેટલો શ્રુતજ્ઞાનનો બોધ વધારે, એનો વ્યાપ અને ઊંડાણ વધારે, એની ઉપસ્થિતિ વધારે, એની પારદર્શિતા વધારે અને એની વિભાગીકરણ કરવાની આંતરિક ક્ષમતા જેટલી વધારે એટલા ઊંડાણ અને વિસ્તારથી **વિપાક વિચય ધર્મધ્યાન** થઈ શકે છે.

એ જ રીતે વર્તમાનની પ્રવૃત્તિઓથી ભવિષ્યમાં કેવાં-કેવાં દુઃખો ભોગવવાં પડશે તેનું ચિંતન કરવાથી અપાય વિચય ધર્મધ્યાન પ્રગટી શકે છે. વર્તમાનમાં આપણી અનુકૂળતાને પૂરી કરવા માટે, આપણી પ્રતિકૂળતાને ટાળવા માટે જે જે રાગ-દ્વેષના ભાવો અને તેને અનુરૂપ પ્રવૃત્તિ કરીએ છીએ તે આત્માને અપાય કરનાર છે. અપાય એટલે આપત્તિ. રાગ-દ્વેષથી આત્માને આપત્તિ આવે છે, માટે રાગ-દ્વેષને જ અપાય-આફત માની એનાથી અળગા રહેવાનો પ્રયત્ન કરવો જરૂરી છે.

માનો કે તમે થાક્યા-પાક્યા ઘરે ગયા હો ત્યારે, તમારી પત્નીએ તમારી કાળજી લીધી હોય, તમને મીઠો આવકાર આપ્યો હોય, તમારા હાથમાંથી બૅગ લઈ લીધી હોય, પ્રેમથી ઠંડા પાણીનો ગ્લાસ આપ્યો હોય, ત્યારે તમને એ વ્યવહાર ગમે અને એના ઉપર જે લાગણી થાય તે લાગણીનું નામ જ રાગ છે. એ રાગ મને ક્યાં લઈ જશે ? કેવાં કર્મો બંધાવશે ? તે કેવા અપાય-આફતનું સર્જન કરશે ? તેના કેવા વિપાકો મારે ભોગવવા પડશે ? તેનું ચિંતન કરવું તે **અપાય વિચય ધર્મધ્યાન** છે.

તમે ઘરે જાઓ ત્યારે જો તમારા દીકરાનો દીકરો 'દાદા-દાદા' કરતો દોડતો આવ્યો તો તમને એને ઊંચકવાનું મન થાય, એ તમને વળગી પડે અને તમને એનો વ્યવહાર કે એ બાબો ગમે તો એ તમારા આ રાગની લાગણી છે. તમને આવી લાગણી સ્વાભાવિક લાગે છે. પણ જ્ઞાની કહે છે કે, આ લાગણી સ્વાભાવિક નથી, એ અપાય એટલે આફત છે. દુર્ધ્યાનનું કારણ છે. લાગણીના બધા પ્રકારો એ અપાય એટલે આફત છે. એ મને કેવાં કેવાં કર્મોનો બંધ કરાવશે ? એ કર્મોનો ઉદય થશે ત્યારે કેવી વિચિત્ર સ્થિતિનું નિર્માણ થશે ? એ મારા આત્માની કેવી બેહાલી કરશે ? આ બધું ચિંતન કરવું તે અપાય વિચય ધર્મધ્યાનનું સર્જન કરે છે.

આ ચિંતન કોણ કરી શકે ? જેની પાસે વિશાળ પ્રમાણમાં  શ્રુતજ્ઞાન હોય અને જેનું આચરણ વિશુદ્ધ હોય તે. માટે જ ધર્મધ્યાનમાં પ્રવેશ કરતાં પહેલાં શ્રુતભાવના અને ચારિત્ર ભાવનાથી આત્માને ભાવિત કરવાનું કહ્યું છે.

આ રીતે આપણે દૃષ્ટિરાગને વિગતથી સમજવાનો પ્રયાસ કર્યો. હવે પછી કામરાગ અને સ્નેહરાગને પણ સમજવાનો પ્રયાસ કરીશું. એમાં આગળ વધીને સ્નેહરાગ અને તત્ત્વરાગ કે ભક્તિરાગમાં રહેલા તફાવત અંગે પણ વિચારણા કરીશું. આજે સમય થયો છે એટલે મૂકી દઉં છું. બાકીનું હવે પછી અવસરે.

✦ ❖ ✦





# ૧૨

## 8-રાગધ્યાન

પ્રવચન-૧૨ : વિ. સં. ૨૦૬૩, પોષ સુદ-૨, શુક્રવાર,
તા. ૨૩-૧૨-૨૦૦૬ શ્રી શંખેશ્વરજી મહાતીર્થ - ઉપધાન તપ પ્રસંગે

### સદ્ધ્યાનથી સમાધિ સુલભ :

અનંત ઉપકારી, ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ શ્રીવીરભદ્ર નામના આચાર્ય ભગવંતે આતુર પ્રત્યાખ્યાન નામના મહાન આગમ ગ્રંથરત્નના માધ્યમથી ૬૩ પ્રકારના દુર્ધ્યાનને બતાવીને એ દુર્ધ્યાનથી બચવાનો અને એ દ્વારા અંતિમ આરાધના પ્રસંગે ઉત્તમ આત્મ-સમાધિમાં સ્થિર થવાનો ઉત્તમ માર્ગ બતાવ્યો છે.

અનાદિકાલીન ભવોની પરંપરાનો અંત લાવીને આત્માની શુદ્ધ અવસ્થાને પામવા માટે  જરૂરી ગણાય એવી ઉજળી આરાધનાઓને જે ઉત્કૃષ્ટ કક્ષાએ પહોંચાડવી છે, તે સામાન્ય સાધકો માટે માત્ર એકાદ ભવની સાધનાથી જ શક્ય નથી બનતી હોતી. તેને માટે અનેક ભવોની ઉજળી સાધના હોવી જરૂરી છે. જ્યારે કોઈક પૂર્વભવમાં બીજરૂપે પ્રારંભ થયેલી એ સાધના

આગળ વધતી-વધતી પરાકાષ્ટાએ પહોંચે છે ત્યારે સાધકને નિરાવરણ અને જગતની પ્રત્યેક વસ્તુઓને યથાર્થ દર્શાવતું કેવળજ્ઞાન, કેવળદર્શન થાય છે. કેવળજ્ઞાની આત્મા જ ત્યાર બાદ બાકી રહેલા અઘાતી કર્મોનો ઉચ્છેદ કરી ભવોનો, દુઃખોનો સમૂળગો અંત કરી અનંત સુખાત્મક મોક્ષને પામે છે. સાધનાને આ રીતે તે પરિપૂર્ણ કરે છે.

મુક્તિની આ સાધનાને અખંડ રાખવા તે સાધના થઈ શકે તેવા ભવો અને ઉત્તમ ધર્મ-સામગ્રી પામવી અનિવાર્ય છે. એ માટે બોધિની પ્રાપ્તિ પણ અનિવાર્ય છે. આ ઉત્તમ ભવો (જન્મો), ધર્મ-સામગ્રી અને બોધિ પામવા માટે મૃત્યુ સમયે સમાધિ અત્યંત આવશ્યક છે. સમાધિ માટે મૃત્યુ સમયે ચિત્તની નિર્મળતા આવશ્યક છે અને એ ચિત્તની નિર્મળતા માટે સતત જીવનમાં દુર્ધ્યાનથી બચવું આવશ્યક છે. આ રીતે આખી સાધનાની સાંકળ ગોઠવાયેલી છે. જે આત્મા દુર્ધ્યાનથી બચે તે આત્મા આ સાધનાની શૃંખલા દ્વારા અંતે છેક મોક્ષ સુધી પહોંચે છે.

આ સાંભળતાં જ આપણને પ્રશ્ન થાય કે દુર્ધ્યાનનું ફળ જો આસક્તિ, કર્મબંધન, દુરંત દુર્ગતિ અને દુઃખની પરંપરા છે તો શા માટે લોકો આવાં ખરાબ દુર્ધ્યાનો કર્યા કરે છે અને શા માટે સુખ શાંતિ, સદ્‌ગતિ અને શાશ્વત મોક્ષ આપતા સદ્‌ધ્યાનને અવગણે છે, એની ઉપેક્ષા કરે છે ?

આના જવાબમાં જ્ઞાની ભગવંતો કહે છે કે,

**'अणाइ जीवे, अणाइ जीवस्स भवे, अणाइ कम्मसंजोगनिवत्तिए ।'**

અર્થ : 'જીવ અનાદિનો છે, જીવનો સંસાર પણ અનાદિનો છે અને જીવનો એ સંસાર, જીવ સાથેના અનાદિ કર્મ સંયોગને આભારી છે.'

એ જ રીતે અનાદિ કર્મજનિત સંસારમાં જીવના આર્ત્ત-રૌદ્રધ્યાન કરવાના સંસ્કાર પણ અનાદિના છે. જો કે ધ્યાન સંજ્ઞીપણામાં હોય છે અને સંજ્ઞીપણું અનાદિકાલીન હોતું નથી. આમ છતાં એવા ધ્યાનને પ્રગટાવનાર સંજ્ઞાઓ તો અનાદિકાળથી હોય છે. તેથી આર્ત્ત-રૌદ્રધ્યાન પ્રગટે તેવા સંસ્કારો તો આત્મામાં અનાદિકાળથી હોય છે. એટલે જીવને એ સંસ્કારો અનાદિકાળથી હોવાથી એ



માટે એનો વિશેષ પ્રયત્ન ન હોવા છતાં ય એને દુર્ધ્યાન સરળતાથી આવી જાય છે અને સદ્‌ધ્યાન લાવવાની ઈચ્છા અને પ્રયત્ન હોવા છતાં ય એનો તો અનાદિકાલથી કોઈ ખાસ અભ્યાસ કે સંસ્કાર નહિ હોવાથી સદ્‌ધ્યાન સહેલાઈથી આવતું નથી. દુર્ધ્યાન પ્રયત્ન વિના ય આવી જાય છે; જ્યારે સદ્‌ધ્યાન માટે સતત પ્રયત્ન કરવો જરૂરી છે.

**શલ્ય નિવારણની મહત્તા :**

કોઈપણ ઈમારત ચણતાં પહેલાં ભૂમિની શુદ્ધિ કરવી અત્યંત અનિવાર્ય મનાઈ છે. એના પાયામાં રહેલું શલ્ય દૂર કરવું અત્યંત આવશ્યક ગણાય છે. જે ભૂમિમાં શલ્ય રહેલું હોય તે ભૂમિ ઉપર બનેલી ઈમારત ઉપદ્રવોનું સર્જન કરે છે, એમાં રહેનારની સુખ-શાંતિ જોખમાય છે, એમ વાસ્તુગ્રંથો કહે છે; એ જ રીતે સમાધિથી માંડીને કેવળજ્ઞાન સુધીની સાધનાની ઈમારત ચણતાં પહેલાં એ ઈમારતના પાયા સમાન ચિત્તની શુદ્ધિ કરવી અત્યંત અનિવાર્ય છે. ઈમારતના પાયામાંથી જેમ હાડકાં, વાળ વગેરે શલ્યોને દૂર કરવાં જરૂરી મનાય છે; તેમ ચિત્તરૂપી પાયામાંથી દુર્ધ્યાનરૂપી શલ્યોને દૂર કરવાં અત્યંત આવશ્યક છે.

આવા ૬૩ દુર્ધ્યાનોની આપણે વિચારણા કરી રહ્યા છીએ. તેમાંથી ગઈ કાલે રાગંઝાણે એટલે રાગધ્યાનની થોડી વાત કરી હતી. આ રાગધ્યાન બે પ્રકારની વ્યક્તિઓને પ્રગટી શકે છે. ૧-જેને રાગ ઉપાદેય લાગતો હોય તેને અને ૨-જેને રાગ હેય લાગતો હોય તેને પણ.

જેને રાગ ઉપાદેય લાગતો હોય તેને તે સહજ રીતે પ્રગટે છે અને જેને રાગ હેય લાગતો હોય, પણ હજુ રાગના સંસ્કારો જેના નિર્મૂળ ન થયા હોય તેને પણ રાગધ્યાન પ્રગટી શકે છે. એ રાગ ધ્યાનને કરતો નથી, પણ પૂર્વના અશુભ સંસ્કારોવશ નિમિત્ત મળતાં એને રાગધ્યાન થઈ જાય છે. એમાં જેને રાગ ઉપાદેય લાગતો હોય તેને રાગધ્યાનનાં દારૂણ પરિણામો ભોગવવાં પડે છે; જ્યારે જેને રાગ ઉપાદેય લાગતો નથી, પણ હેય લાગે છે, તેને રાગધ્યાન થવા છતાં એનાં એવાં દારૂણ પરિણામો ભોગવવાં પડતાં નથી.

**રાગધ્યાનનાં ત્રણ રૂપો :**

આ રાગ ધ્યાન ત્રણ વિભાગમાં વહેંચાયેલું છે. કારણ કે, રાગધ્યાનના

કારણભૂત રાગ પણ ૧-કામરાગ, ૨-સ્નેહરાગ અને ૩-દૃષ્ટિરાગ એમ ત્રણ વિભાગમાં વહેંચાયેલો છે.

કામની વૃત્તિને કારણે, કામના આવેગોને કારણે, કામની અતૃપ્તિના કારણે કામના સંતર્પણને કારણે આત્મામાં જે વૃત્તિ પ્રગટે તે કામરાગ કહેવાય છે. એના માટે જે ચિંતન થાય, જે પણ ભાવના થાય કે જે પણ અનુપ્રેક્ષા થાય અને ત્યાંથી આગળ વધીને તેમાં જે ચિત્તની એકાકારતા આવે તેને કામરાગની ચિંતા, ભાવના, અનુપ્રેક્ષા અને ધ્યાન કહેવાય છે.

જેની પાછળ કોઈપણ ભોગવૃત્તિની અપેક્ષા નથી, જેની પાછળ કોઈપણ ઈન્દ્રિયનાં વિષયોને સંતર્પણ કરવાની વૃત્તિ નથી, જેની પાછળ કોઈપણ કામ-ભોગના આવેગો નથી, પણ કોઈ વ્યક્તિ કે વસ્તુ વિશેષને જોઈને અંદરથી સ્નેહની વૃત્તિ પ્રગટે, લગાવ પ્રગટે, ખેંચાણ કે આકર્ષણ પ્રગટે, એમાંથી એ કાયમ પોતાની સાથે જ રહે, એનો ક્યારેય પોતાને વિયોગ ન થાય, ભાગ્યયોગે વિયોગ થાય તો ફરી વહેલામાં વહેલું કઈ રીતે અને ક્યારે મળશે ? આવી આતુરતા, અધીરજ કે ઈચ્છા એ સ્નેહરાગનું પરિણામ છે.

જેમ કામરાગ છે, સ્નેહરાગ છે તેમ ત્રીજો જે દૃષ્ટિરાગ પણ છે તેમાં કામભોગની કે વ્યક્તિ-વસ્તુ સાથેના સ્નેહની વૃત્તિ પ્રવૃત્તિ નથી પરંતુ મુખ્યત્વે મિથ્યામાન્યતાઓ પ્રત્યે ખેંચાણ હોય છે - મિથ્યામતનું આકર્ષણ હોય છે. એમાંથી જ મિથ્યામતને સાંભળવાનું અને સમજવાનું મન, એ મિથ્યામતને આરાધવાનું મન, સ્વતંત્ર મિથ્યામતની સ્થાપના કરવાનું મન, પોતાને ગમતા એ મિથ્યામતનો પ્રચાર-પ્રસાર કરવાનું મન, એને ઉણી આંચ ન આવે એવું મન થવું, આવી બધી વૃત્તિઓને દૃષ્ટિરાગ કહેવાય છે.

### દૃષ્ટિરાગની જેમ કામરાગ પણ મારક :

જેમ દૃષ્ટિરાગ વિવેકદશાનો નાશ કરીને માણસને અંધ જેવો બનાવે છે. તેમ કામરાગ પણ વિવેકદશાનો નાશ કરીને માણસને અંધ જેવો બનાવે છે. કામમાં અંધ બનેલી વ્યક્તિઓનો કામરાગ પણ કેવો હોય છે. તે સમજાવવા શાસ્ત્રમાં શ્રીસ્થૂલભદ્રજીનો દાખલો વર્ણવાયો છે.



બાર-બાર વર્ષ સુધી સ્થૂલભદ્રજી જન્મદાતા મા-બાપને છોડીને કોશાને ત્યાં રહ્યા. જ્યારે રાજ્યના ષડ્યંત્રમાં પિતા શકટાલનું મૃત્યુ થયું, ત્યારે એમના નાના ભાઈ શ્રીયક, સ્થૂલભદ્રજીને બોલાવવા કોશાને ત્યાં ગયા ત્યારે પણ એ આવવા તૈયાર નહોતા. રાજાજ્ઞા હોવા છતાં કોશાના મહેલમાંથી બહાર નીકળવા તૈયાર નહોતા. પિતાનું મૃત્યુ થવા છતાં જેની આવવાની તૈયારી ન હોય તેનો રાગ કેવો તીવ્ર હશે ! એટલે કામરાગ કેટલો ભયંકર છે તે સમજાય છે ને ?

**સભા :** *કામરાગના પ્રકાર સમજાવશો ?*

કામરાગ અનેક પ્રકારનો છે. કામ એટલે મોહજન્ય ભોગની ઈચ્છા અને એ ઈચ્છાને પોષવા-પંપાળવાનો ભાવ તે કામરાગ. આવા કામરાગવાળા જીવોને એક-એક ઈન્દ્રિયોના વિષયોને માણવાની ઈચ્છા થતી હોય છે અને એને પોષવા પ્રવૃત્તિઓ કરતા હોય છે. જેમ કે,

એક બીજાને ગમવા માટે વાળનું સૌષ્ઠવ જાળવવું, વસ્ત્રનું સૌષ્ઠવ જાળવવું, શરીરનું સૌષ્ઠવ જાળવવું, અલંકારનું સૌષ્ઠવ જાળવવું. ચોવીસ કલાક એક જ ચિંતા હોય કે હું કેવો લાગું છું ? લોકોની નજર મારા ઉપર પડે. લોકો મારી નોંધ લે.

રાજસ્થાનના એક ગામમાં એક કાકા મળ્યા. એમના ગામમાં દહેરાસરનું કામ ચાલી રહ્યું હતું. વાતમાંથી વાત નીકળી કે, 'મહારાજ સાહેબ ! આવતી સાલ અમારા ગામમાં ભગવાનની પ્રતિષ્ઠા છે.' એમ કહીને એ ભાઈ એકદમ રડવા લાગ્યા. મેં કહ્યું, 'એકદમ શું થયું ? પ્રતિષ્ઠા તો આનંદનો અવસર છે.'

'મહારાજ સાહેબ ! મને પ્રતિષ્ઠા કરાવવાની ખૂબ ભાવના હતી. પણ હવે બધી હોંશ મરી ગઈ છે.'

'કેમ શું થયું ?'

'દીકરાની મા મરી ગઈ. હવે શું મજા આવે ? એ જીવતી હોત તો ઘણું ઘણું કરવાના કોડ હતા.' આ પણ કામરાગનું જ એક સ્વરૂપ છે ને ?

કામરાગનું પાત્ર દૂર થતાં જ થાય કે, અમે સાથે ખાતા હતા, સાથે ફરતા હતા, સાથે જ સુખ-દુઃખ ભોગવતા હતા. એમ એક-એક વસ્તુ યાદ કરી-કરીને રોવું એ પણ કામરાગનો જ એક પ્રકાર છે.

આવા લોકો કામરાગના ધ્યાનમાં વારંવાર લીન બની જતા હોય છે. એમાં જો પોતાના કામરાગનાં સાધનો કે પાત્રો ચાલ્યાં જાય તો આખી જીંદગી એને નિરસ લાગે છે અને પોતાનું આખું જ ભવિષ્ય એને અંધકારમય ભાસે છે.

નરસિંહ મહેતાની પત્ની જ્યારે મરી ગઈ ત્યારે એમણે સ્વસ્થતાથી ગાયું કે,

*'ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજશું શ્રી ગોપાળ !'*

ભગવાનની ભક્તિમાં પત્ની અંતરાયરૂપ હતી. પત્નીની વિદ્યમાનતામાં ભગવાનની ભક્તિ માટે પૂરો સમય ક્યાંથી આપી શકાય ? હવે પૂરો સમય પ્રભુ ભજનમાં વ્યતીત થશે, આ ભાવમાંથી એમણે આ ઉદ્ગાર કાઢ્યા હતા. જો એમનો કામરાગ કે સ્નેહરાગ તીવ્ર હોત તો આવા ઉદ્ગારો એમના મોઢામાંથી ન નીકળ્યા હોત.

**કામરાગના સૂક્ષ્મ પ્રકારો :**

રાગની તીવ્રતાને કારણે મનમાં કેટલાં ઘમસાણ ચાલે છે ? આજે તો કામરાગ પોસાય તેવાં સાધનો તમારા ઘરમાં હોય. દુનિયાની ખરાબીની ગટરો તમારા ઘરમાં એવી ઠલવાય કે જેને પવિત્ર રહેવું હોય તે પણ પવિત્ર ન રહી શકે. ભૂતકાળમાં ઘરમાં ચિત્રપટો પણ રહેતા તો એવા રહેતા કે જેનાથી ધર્મ ભાવના વધે અને પવિત્રતાઓ પુષ્ટ થાય. આજે તો તમે એવા ચિત્રપટો અને સાધનો વસાવ્યાં છે કે જે થોડી ઘણી પવિત્રતા બચી હોય તે પણ નષ્ટ થઈ જાય. જે દૃશ્યો તમે જુવો છો, જે શબ્દો તમે સાંભળો છો, તેનાથી તમને ધર્મસ્થાનોમાં કે અમારી પાસે આવવાનું મન પણ ન થાય એવી પરિસ્થિતિનું આજે તમારા ઘર આંગણે નિર્માણ થઈ ગયું છે.

જે માણસમાં ખાવાની તાકાત નથી. ખાધેલાને પચાવવાની તાકાત નથી તે ભૂતકાળને યાદ કરી-કરીને રોયા કરે કે 'પહેલાં તો હું ગુંદરપાકના દશ ચોસલા સહેલાઈથી ખાઈ જતો હતો અને આજે મગનું પાણી પણ પચતું નથી.' આ પણ કામરાગનો જ એક વધુ સૂક્ષ્મ પ્રકાર છે. મહાનુભાવ ! આમ રોઈ-રોઈને ખાવાનાં વલખાં ક્યાં સુધી મારશો ? ઘણા તો ખાઈ ન શકે એટલે મીઠાઈનો



નાનો ટુકડો લઈને જીભ ઉપર મિનિટો સુધી મમળાવ્યા કરે. આસ્વાદ માણ્યા જ કરે. આ કેટલી તીવ્ર આસક્તિ કહેવાય ? આના મૂળમાં ય પેલો કામરાગ જ બેઠો છે.

એક-એક ઈન્દ્રિયોનાં **'જેટલા'** વિષયો છે તેમાંના કોઈપણ વિષયો પ્રત્યે આસક્તિ હોવી તે પણ સરવાળે કામરાગ જ છે.

કુદરતી દૃશ્ય જોયું, એ ગમ્યું, એને જોયા જ કરું - એમ થયું... એ પણ કામરાગ.

આપણા ઘરમાં ગાર્ડન આવું જ જોઈએ. એક-એક વૃક્ષો આવા જ આકારમાં જોઈએ. એ પણ કામરાગ.

આપણા ઘરમાં પડદા આવા જ જોઈએ. એ પણ કામરાગ.

આપણા ઘરમાં ગાડી આવી જ જોઈએ. એ પણ કામરાગ.

આપણા ઘરમાં સંગીતનાં સાધનો, સ્ટીરીઓ, સી.ડી. પ્લેયર વગેરે જોઈએ જ અને તે પણ અમુક પ્રકારનાં જ જોઈએ. એ પણ કામરાગ.

આપણા ઘરમાં વાનગી આવી જ જોઈએ. એ પણ કામરાગ.

આપણા ઘરમાં પરફ્યુમ્સ-સ્પ્રે આવાં જ જોઈએ. એ પણ કામરાગ.

આપણાં કપડાં આવાં જ જોઈએ. એ પણ કામરાગ.

આપણા જૂત્તાં પણ આવાં જ જોઈએ. એ પણ કામરાગ.

ટૂંકમાં પાંચ પૈકી કોઈપણ ઈન્દ્રિયનો રાગ કે એની સંતૃપ્તિ કે તર્પણ થાય એવી સામગ્રીનો રાગ તે કામરાગ.

**સભા :** *આપે હમણાં કહ્યું કે, એક એક ઈન્દ્રિયના **'જેટલા વિષયો'** એટલે 'કેટલા વિષયો' છે ?*

સ્પર્શનેન્દ્રિયના આઠ, રસનેન્દ્રિયના પાંચ, ઘ્રાણેન્દ્રિયના બે, ચક્ષુઈન્દ્રિયના પાંચ અને શ્રવણેન્દ્રિયના ત્રણ એમ કુલ પાંચેય ઈન્દ્રિયોના મળીને તેવીસ વિષયો છે. તે પૈકીના કોઈપણ વિષયનો રાગ તે કામરાગ છે.

'મને તો મારી પત્નીના હાથની જ રસોઈ જોઈએ.' એવી લાગણી એ પણ કામરાગ.

જૂનાકાળનાં દૃષ્ટાંતો આવે છે કે 'પત્ની છાણ વઘારીને આપે તો પણ એના પતિને સ્વાદિષ્ટ લાગે.' આ મોહાંધ લોકોની દુનિયા છે અને એ બધું કામરાગનું પરિણામ છે. એમાં લીન બની જવું એ કામરાગનું ધ્યાન છે.

તમે તો અહીં ઉપધાન તપની આરાધનામાં જોડાયા છો. ૨૪ કલાક તમે કઈ ભાવનામાં રમો છો ? તમને કયા વિચારો આવે છે ?

'કાલે નીવિમાં શું આઈટમ હશે ?' એ જ ને ? તો લખી લો કે આ પણ કામરાગનું જ ચિંતન છે.

**એમને પૂજા-પૂજનનો રસ નહિ, મોજ-મજાનો જ રસ હતો :**

ઘણા અમને આવીને કહે, 'મહારાજ સાહેબ ! ફલાણા ભાઈએ મહોત્સવ બહુ સરસ કર્યો.' મને એમ કે પૂજા-પૂજનો, ભગવાનની ભક્તિ વગેરે બહુ સરસ થયું હશે. એટલે અનુમોદનાનો ભાવ જાગ્યો અને પૂછ્યું, 'ભાઈ ! મહોત્સવમાં શું વિશેષ હતું ?'

'સાહેબ ! આપને શું કહું. એક-એક જે વ્યવસ્થાઓ હતી તે બધી જ અફલાતૂન હતી. જ્યારે અમે ત્યાં પહોંચ્યા ત્યારે આવકારવા બધા જ સ્ટેશન ઉપર હાજર હતા. દરેક માટે ગાડીઓની વ્યવસ્થા હતી. ઉતરવાની જગ્યાઓ આલીશાન હતી, નાનામાં નાની ઉપયોગી સામગ્રીઓ એમાં હાજર હતી. કાંસકા, માથામાં નાંખવાના તેલથી માંડીને નાવાના સાબુને પણ ભૂલ્યા નહોતા. જમવાની વ્યવસ્થા એકદમ અપ ટુ ડેટ હતી, એક-એક આઈટમો હતી, જે રીતે બનાવી હતી અને જે રીતે એને પીરસી હતી, તેનું વર્ણન થાય તેમ નથી; જ્યારે નીકળવાનું થયું ત્યારે બે દિવસ ચાલે એટલો નાસ્તો દરેકને બાંધી આપ્યો હતો. ખરેખર આયોજન એકદમ સુંદર હતું.'

પછી મેં પૂછ્યું, 'પૂજા-પૂજનો કયાં હતાં ? મહારાજ સાહેબ કોણ હતા ? પ્રવચનો શાના ઉપર થતાં હતાં ?' તો ભાગ્યશાળીએ જવાબ આપ્યો, 'સાહેબ ! એ બધો ખ્યાલ નથી. એક બીજાને મળવામાંથી ટાઈમ જ નહોતો



મળ્યો.' આ સાંભળીને વિચારકને આંચકો લાગે કે નહિ ? **વાનગીઓ સારી, આગતા-સ્વાગતા સારી અને સગવડતા સારી એટલે મહોત્સવ સારો, આ તમારી માન્યતા. આ પણ કામરાગની આધીનતાનું જ પરિણામ છે.**

પતિને પત્ની ઉપર કે પત્નીને પતિ ઉપર જે રાગ તે કામરાગ. આ તો સ્થૂલ વ્યાખ્યા છે, બાકી પાંચે ઈન્દ્રિયનો, પાંચે ઈન્દ્રિયના વિષયોનો, પાંચેય ઈન્દ્રિયોના વિષયોની સાધન સામગ્રીનો રાગ તે કામરાગ.

પાંચ ઈન્દ્રિયના વિષયો અને એ વિષયોને ઉદ્દિપ્ત કે સંદિપ્ત કરતી સામગ્રી ઉપરનો રાગ તે કામરાગ.

વ્યક્તિ કે વસ્તુ પ્રત્યે સ્નેહની મમત્વની લાગણી હોય તે સ્નેહરાગ.

વ્યક્તિ કે વસ્તુ પ્રત્યે એનો ભોગ, ઉપભોગ કરવાની વૃત્તિ એટલે જ કામ-ભોગની વૃત્તિ, આવી કામ-ભોગની વૃત્તિમાંથી પ્રગટેલો રાગ એટલે જ કામરાગ. ભોગવૃત્તિમાંથી પ્રગટેલ સ્નેહની લાગણી હોય તે પણ કામરાગ. કામ-ભોગની વૃત્તિ વિનાનો રાગ તે સ્નેહરાગ. આજે તો તમારો તમારા પરિવારજનો પ્રત્યે સ્નેહરાગ પણ ક્યાં છે ? નર્યો સ્વાર્થરાગ છે. બોલો ! બધા દીકરાઓ પ્રત્યે તમારો સ્નેહ સરખો ? આ તો અમને પણ કહે, 'સાહેબ ! પાંચે આંગળીઓ પણ ક્યાં સરખી છે ? એક દાખલો આપું.

**એવા લોકો ઉપાશ્રયે આવે તે પણ કામરાગથી પ્રેરાઈને :**

વિ.સં. ૧૯૮૬ એટલે ઈસ્વીસન ૧૯૩૦ની એ વાત છે. મારા પરમતારક, પરમશ્રદ્ધેય ગુરુદેવશ્રીજી પાસે એક યુવાન આવ્યો. આવીને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો અને કહેવા લાગ્યો કે,

'મારી પત્ની સ્ટવની ઝાળ લાગતાં એકાએક દાઝીને મરી ગઈ. એ મને આમ જાળવતી અને આમ રાખતી. આમ કરતી ને તેમ કરતી.' એણે પારાયણ ચાલુ કર્યું. મહારાજ સાહેબે એને અનિત્યતા, અશરણ, સંસાર અને એકત્વ-અન્યત્વ ભાવનાની વાત કરી. સાંત્વન આપ્યું. સંસારની અસારતા અને નશ્વરતાની વાત કરી. વૈરાગ્યનો ઉપદેશ આપ્યો. એ દિવસે એ કાંઈક હળવો થઈને ઘરે ગયો. એને થયું કે રોવાની આ જગ્યા સારી મળી. એ બીજા દિવસે

ય આવ્યો. એ જ પારાયણ માંડી. મહારાજ સાહેબે ફરી સમજાવી સાંત્વન આપ્યું. ત્રીજા દિવસે પાછો આવ્યો. મહારાજ સાહેબે જોયું કે આનો ઈલાજ કરવો પડશે. એમણે એને પૂછ્યું,

'તને તારી પત્ની ખૂબ યાદ આવે છે ?'

એણે પાછી પારાયણ માંડી. 'તે તો આમ હતી ને તેમ હતી.'

મહારાજ સાહેબે કહ્યું, 'તને તારી પત્ની ખૂબ પ્રિય હતી ને, તો એની યાદમાં એક અભિગ્રહ કર. હવે બીજી નહિ પરણું !'

અનપેક્ષિત વાત આવતાં જ એ ભડક્યો.

બોલ્યો 'એવું શી રીતે બને ?'

મહારાજ સાહેબે કહ્યું, 'તને એના ઉપર આટલો બધો પ્રેમ છે તો એની ખાતર કાંઈક તો કરવું જ જોઈને ને ?'

એ તરત બોલ્યો, 'મહારાજ સાહેબ ! એ તો શ્મશાનમાં જ બીજીની વાત શરૂ થઈ ગઈ છે.'

એને કહ્યું કે, 'તો પછી આ બધું નાટક શું માંડ્યું છે ? બીજી નથી આવી ત્યાં સુધી જ રડવાનું છે કે બીજું કાંઈ ?' એમ કહ્યું, એટલે એ રવાના થઈ ગયો. થોડા દિવસો પછી સમાચાર મળ્યા એ યુવાન બીજી પત્ની જોડે પરણી ગયો. એ પણ કામરાગ જ. એ ઉપાશ્રયે આવતો હતો અને રડતો હતો તે પણ કામરાગથી જ.

ઘણાને કામરાગ સાથે સ્નેહરાગ પણ હોય છે. કામરાગના પાત્ર પાસે જો પોતાનું કામ ન સરે તો પણ સ્નેહરાગના કારણે એ એને ન ભૂલી શકે અને ઘણાને કામરાગ સાથે સ્નેહરાગ નથી હોતો. એનો કામરાગ કામ પૂરતો જ હોય છે. કામ પતે એટલે રાગ પૂરો. કામ પૂરતો રાગ, પોતાનું કામ ન સરે ત્યાં સુધી સામા પાત્ર સાથે રાગના નાટક ચાલે. જેવું કામ સરે કે એ રાગ વિરાગમાં પલટાઈ જાય. આ વિરાગ ગુણ નથી, પણ દોષરૂપ છે.

મિથ્યાત્વની ગેરહાજરીમાં રહેલા કામરાગ અને સ્નેહરાગ સંસારને ઝાઝો વધારી શકતા નથી. કારણ કે, તે રાગમાંથી મિથ્યાત્વનું ઝેર નીચોવાઈ ગયું હોય



છે. પણ જ્યાં મિથ્યાત્વ હાજર અને ગાઢ હોય છે ત્યાં રહેલા કામરાગ અને સ્નેહરાગ સંસારને જરૂર વધારે છે. જ્યારે દૃષ્ટિરાગ તો ગાઢ મિથ્યાત્વની હાજરીમાં જ હોય છે એટલે એ ઘણો ઘણો સંસાર વધારી દે છે. મંદ મિથ્યાત્વની હાજરીમાં ય દૃષ્ટિરાગ હોય છે. પણ એ માંદો અને મરવા પડેલો હોવાથી ઝાઝો સંસાર વધારી ન શકે.

### રાગાંધ જીવોની દશા દયાજનક :

અહીં (ઉપધાનમાંથી) જતાં પહેલાં તમે કેવા કેવા નિયમો કરશો ? આજ પછી અભક્ષ્ય ખાવાનું બંધ ? અપેય પીવાનું બંધ ? હૉટલ બંધ ? કંદમૂળ બંધ ? તમે આ નિયમો કરીને જાવ એટલે તમારા ઘરવાળાં કદાચ કહેશે, 'આ ઉપધાન કર્યા એટલે અમારું બહાર હરવા-ફરવાનું બંધ થઈ ગયું. અમારું હૉટલમાં જવાનું બંધ થઈ ગયું. કયા ભોગ લાગ્યા કે મેં એમને ઉપધાનની રજા આપી' અને ધર્મ નહિ પામેલા હોય તો કદાચ અમારા માટે કહે કે, 'આ મહારાજે છતે ધણીએ મને ધણી વગરની કરી નાંખીને મારું ઘર ભંગાવ્યું.' મારા પરમતારક ગુરુદેવ માટે તો આવું ઘણું કહેવાતું હતું. 'છતે ધણીએ આ રામવિજયજી સ્ત્રીઓને વિધવા બનાવે છે.' તમે શું માનો છો ? તમારા ઘરમાં તો આવી પરિસ્થિતિ નથી ને મહાનુભાવ ?

કોક તો બીજી રીતે પણ પૂછે, 'કોને પૂછીને નિયમ લઈ આવ્યા ? શું તમારે એકલાએ જ મોક્ષમાં જવું છે ? અમારે નહિ ? આવી ઉતાવળ શું આવી છે ? જ્યારે જે થતું હોય ત્યારે તે કરાય. આવું જ કરવું હતું તો શું જોઈને મને પરણવા આવ્યા હતા ?' આવું કદાચ અણસમજભર્યું તમારી પત્ની કહે, તો સહન કરવાની તૈયારી રાખી છે ને ? **કામરાગને વશ થશો તો નિયમો નહિ પાળી શકો. કામરાગને જીતી શકશો તો જ આવા નાના નાના નિયમો પણ સારી રીતે પાળી શકશો.** ધર્મ શરૂ થયો એટલે કજીયા તો થવાના જ. ધર્મ જેને ગમ્યો છે તેની સામે ધર્મ જેને નથી ગમતો એવી વ્યક્તિ આવી ટકરાય તો તેમાંથી કજીયો થાય તે સમજી શકાય તેમ છે. પણ **ધર્મી પોતે ક્યારેય કજીયો ઉભો કરે નહિ અને સામેથી કજીયો આવે તો સહન કરવામાં પાછું વાળીને જુવે પણ નહિ.** એ મજેથી એ કજીયાને વેઠે.

શાસ્ત્ર કહે છે કે, પુત્ર-પત્નીના નિમિત્તે પણ ચારેય પ્રકારના આર્ત્તધ્યાનની જેમ ચારે ય પ્રકારનાં રૌદ્રધ્યાન આવી શકે છે. એટલે સ્નેહરાગ કે કામરાગમાંથી ચારે પ્રકારના રૌદ્રધ્યાનના પાયા ઉદ્‌ભવી શકે છે.

'મારી પત્ની સામે જો કોઈ આંખો માંડશે તો હું એની આંખો ફોડી નાખીશ.'

'મારા દીકરા સાથે જો કોઈ ખરાબ વ્યવહાર કરશે તો હું એને ખતમ કરી નાખીશ.'

'મારાં સ્વજનો માટે જે કોઈ નબળું બોલશે ! એને હું પતાવી દઈશ.'

'મારી પત્નીઓ ઉપર કોઈની નજર ન પડવી જોઈએ.' એવા ભાવોમાંથી તો કુમારનંદી સોનીએ પોતાની ૫૦૦ સ્ત્રીઓની સુરક્ષા માટે નગરની બહાર એક સ્થંભીયો મહેલ બનાવ્યો હતો ને !

કેટલાક તો એવા વહેમીલા હોય કે ઑફિસે જવા નીકળ્યો હોય અને જરા શંકા પડે તો અડધેથી પાછો આવે, વચ્ચે વચ્ચે ફોન કરીને તપાસ પણ કરી લે, જરૂર પડે તો ચાર જણને પૂછી પણ લે કે આજે ઘરે કોણ-કોણ આવ્યું હતું ? એવી જ રીતે પત્નીને પણ પતિ માટે થાય કે 'આજે આટલા મોડા કેમ આવ્યા ? ન જાણે ક્યાં જતા હશે ?' જે મારા સ્નેહમાં વચ્ચે આવે એને પતાવી દઉં. જે મારો સંસાર ઉજ્જડ કરે એના સાતે ભવ ઉજ્જડ થાઓ.' આ બધું કામરાગ કે સ્નેહરાગમાંથી થયેલ રૌદ્રધ્યાન છે.

હિંસાનુબંધી, મૃષાનુબંધી, સ્તેયાનુબંધી અને વિષય-સંરક્ષણાનુબંધી આ ચારે રૌદ્રધ્યાનના પ્રકારોના મૂળમાં કામરાગ અને સ્નેહરાગ પણ છે. એના ય મૂળમાં અનુકૂળતાનું અર્થીપણું અને પ્રતિકૂળતાનું દ્વેષીપણું છે. આ અનુકૂળતાના અર્થીપણામાંથી અને પ્રતિકૂળતાના દ્વેષીપણામાંથી આર્ત્તધ્યાન પણ પ્રગટે છે અને રૌદ્રધ્યાન પણ પ્રગટે છે. આ બન્ને ય દુર્ધ્યાન છે, સંસારનો હેતુ છે, એ સંસારનું સર્જન કરે છે, દુઃખનું સર્જન કરે છે, દુઃખની પરંપરાનું ય સર્જન કરે છે.

અંક નં. ૨૯૮

**તીર્થંકરોના આત્માઓને પણ પૂર્વભવોમાં રાગધ્યાને પીડ્યા છે :**

કેવા-કેવા ઉત્તમ આત્માઓને પણ કામરાગ પીડતો હોય છે. તેનો એક દાખલો ભગવાન શ્રીયુગાદિનાથ છે. તેઓ જ્યારે દેવલોકમાં હતા, ત્યારે



**લલિતાંગ** એમનું નામ હતું. એ ભવમાં એમને પ્રિય એવી **સ્વયંપ્રભા** નામની દેવી હતી. તેના પ્રત્યે તેમનો અતિ રાગ હતો. **દેવલોકમાં ય બધાના સંયોગો કાયમી હોતા નથી.** દેવનું આયુષ્ય વધું હોય અને દેવીનું ઓછું હોય તો દેવી ચ્યવી જાય. ક્યારેક દેવનું આયુષ્ય પૂરું થવા આવ્યું હોય અને દેવી નવી ઉત્પન્ન થયેલી હોય તો દેવીની હાજરીમાં જ એનો પતિરૂપ દેવ ચ્યવી જાય. આવું ઘણું બધું ત્યાં બનતું હોય છે. અહીં સ્વયંપ્રભા દેવીનું આયુષ્ય પૂરું થવાથી એનું ચ્યવન થયું. તે સમયે પ્રભુના આત્મા લલિતાંગદેવની વેદના, વ્યથા, અજંપો અને રુદન કેવાં હતાં, એ બધું વર્ણન કલિકાલસર્વજ્ઞ પ્રભુએ 'ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર'માં કર્યું છે.

ત્યાં લખ્યું છે કે, 'શ્રીપ્રભ વિમાનનો માલિક તે લલિતાંગ દેવ પોતાની પ્રિયતમા સ્વયંપ્રભાના અચાનક ચ્યવનથી પર્વત માથે પડતાં અગર તો વજ્રનો આઘાત થતાં માણસ જેમ મૂર્ચ્છિત થાય છે, તેમ મૂર્ચ્છિત થઈ ગયો. જ્યારે ભાનમાં આવ્યો ત્યારે તે વારંવાર વિલાપ કરવા લાગ્યો. એના વિલાપથી સંપૂર્ણ વિમાન શોક અને વિલાપવાળું બની ગયું.

દેવતાઈ ઉદ્યાનોમાં પણ હવે તેને પ્રીતિ ન રહી. ત્યાંની દિવ્ય વાવડીઓ એને આપત્તિ જેવી લાગવા લાગી. ક્રીડા પર્વતો અને નંદનવન પણ તેને આનંદદાયી ન રહ્યાં. વારંવાર 'પ્રિયા ! પ્રિયા ! તું ક્યાં ગઈ ?' એવો વિલાપ કરતો તે અખિલ વિશ્વને પ્રિયતમા સ્વયંપ્રભામય જ છે એમ નિરખવા લાગ્યો.'

કામી માણસોને કામ ન મળે ત્યાં સુધીની જે ઉત્કંઠા હોય છે, કામ મળ્યા પછીનો જે ઉન્માદ હોય છે, કામનાં સાધનો ઝુંટવાઈ જતાં જે વલોપાત હોય છે અને ભવિષ્યમાં ફરી એ સાધનો ક્યારે મળે તેનાં વલખાં હોય છે, તેનું બહુ સુંદર બ્યાન ત્રિષષ્ટિકાર મહર્ષિએ ત્યાં આપ્યું છે. ખરેખર આ **કામ પોતે અરૂપી છે. છતાં એ જેને વળગે છે, તેને પૂરેપૂરો આંધળો કરે છે. આંધળા માણસને સામે રહેલી વસ્તુ પણ ન દેખાય. તેમ કામીને કામ પાત્ર સિવાય બીજું કાંઈ પણ ન દેખાય.**

**ત્રિપૃષ્ઠ વાસુદેવના પિતાનો કામરાગ :**

ભગવાન શ્રીમહાવીર પરમાત્માનું ચરિત્ર જો વાંચ્યું હોય તો ત્રિપૃષ્ઠ

વાસુદેવનો એમનો જે ભવ થયો તેમાં એમના પિતાને એક સ્વરૂપવતી દીકરીનો જન્મ થયો હતો. દીકરી કાળક્રમે મોટી થઈ. નવયૌવના થઈ. રાજકુળોમાં સામાન્ય રીતે એવો વ્યવહાર હોય છે કે દીકરી ઉંમર લાયક થાય એટલે એની મા રાજરાણી એને સજાવી-ધજાવીને પિતા પાસે રાજદરબારમાં મોકલે, જેથી પિતાને એની અવસ્થા જોઈને ખ્યાલ આવે કે હવે દીકરી ઉંમરલાયક થઈ છે. હવે તેને માટે યોગ્ય વરની વિચારણા મારે કરવી જોઈએ.

આ દીકરીની માતાએ પણ દીકરીને સજાવીને પિતા પાસે રાજસભામાં મોકલી. સામાન્યપણે દીકરીને જોઈને પિતાને વાત્સલ્ય પ્રગટતું હોય છે. પણ અહીં ભવિતવ્યતા જ એવી કે આ દીકરીને જોતાં જ ત્રિપૃષ્ઠના પિતા પ્રજાપતિ રાજાને કામરાગ પ્રગટ્યો. દીકરીને પોતાની પત્ની બનાવીને એની સાથે સંબંધ બાંધવાની નિંદ્ય ઈચ્છા થઈ. આ પણ કામરાગનું જ પરિણામ હતું ! દીકરી સાથે સંબંધ બાંધવામાં સમાજની વ્યવહારની અને દેશની મર્યાદાઓ નડતી હતી. સમાજ, વ્યવહાર અને દેશની મર્યાદા આવો નિંદ્ય સંબંધ બાંધવાના વિરોધમાં હતા. પણ રાજાને તો યેનકેન પ્રકારેણ દીકરીનો ભોગવટો કરવો જ હતો. કારણ કે, એ કામને વશ થઈ આંધળો બની ચૂક્યો હતો. સીધી રીતે તો આ માગણી થઈ શકે તેમ ન હતી. તેથી રાજાએ પોતાની કામના પૂરી કરવા માયાનો સહારો લીધો. રાજસભા ભરી. લોકોને સામાન્યપણે પૂછ્યું, 'બોલો ! મારા રાજ્યમાં કોઈપણ રત્ન પેદા થાય તો એનું માલિક કોણ ? એના ઉપર અધિકાર કોનો કહેવાય ? એને વાપરવા-ભોગવવાનો અધિકાર કોનો ?'

રાજાના મનનું પાપ નહિ જાણતા લોકો બોલ્યા, 'મહારાજ ! એના માલિક તો આપ જ કહેવાઓ અને એને વાપરવા-ભોગવવાનો અધિકાર પણ આપનો જ કહેવાય.' સભાના જવાબને દોહરાવી રાજાએ વાતને પાકી કરી. પછી એ જ શબ્દોથી સભાજનોને બાંધી લીધા અને પછી ધીમેથી કહ્યું,

'મારા અંતઃપુરમાં આ કન્યારત્ન ઉત્પન્ન થયું છે. આ રત્નની માલિકી કોની ? એનો ઉપભોગ કરવાનો હક કોનો ? મારો જ ને ?'

પોતાના ઉત્તરોથી જ રાજાના છળ દ્વારા બંધાયેલા સભાજનો હવે શું બોલે ! બધાના ચહેરા કાળા શ્યામ થઈ ગયા. કોઈનાથી કાંઈ બોલી શકાયું નહિ. બધા



નીચે મોઢે ત્યાંથી નીકળી ગયા. ત્યાર પછી એ રાજાએ પોતાની દીકરી સાથે ગાંધર્વ વિધિથી લગ્ન કર્યા અને એ જ દીકરી સાથે સંસાર સંબંધ બાંધ્યો. એ પુત્રીની માતા આ બનાવથી દુઃખી થઈને પોતાના પીયર ચાલી ગઈ. રાજાએ પુત્રીને પોતાની પટ્ટરાણી બનાવી. એના સંબંધથી જ નીચગોત્ર કર્મના ઉદયે પરમાત્મા શ્રીમહાવીરસ્વામીનો જીવ એમના પુત્ર તરીકે એમની કુક્ષીમાં અવતર્યો. જે ત્રિપૃષ્ઠ વાસુદેવ તરીકે પ્રસિદ્ધ થયા. કામરાગ કેવાં અકાર્યો કરાવે છે અને કેવું-કેવું અધઃપતન કરે છે તેનો આ પણ એક નમૂનો છે.

સૌ પોતે વિચારે કે કામરાગને કારણે મનમાં કેવા-કેવા વિકલ્પો જાગે છે. વસ્તુ નથી મળી ત્યાં સુધી મેળવવાની ઈચ્છા થાય છે, વસ્તુ મળી ગઈ તો એને ટકાવી રાખવાના વિચારો થાય છે, ટકેલી વસ્તુને બરાબર માણી લેવાના વિચારો થાય છે. એકવાર માણેલી વસ્તુને ફરી-ફરી જુદા જુદા આકાર-પ્રકારમાં માણવાના વિચારો થાય છે. આ બધું જ કામરાગનું પરિણામ છે અને એનું ચિંતન ભાવના અનુપ્રેક્ષા અને ધ્યાન એ **રાગંઝાણે**માં આવે છે. આ પણ એક પ્રકારનું આર્તધ્યાન જ છે. એ રાગને માણતાં જે આડા આવે તેને પતાવવા સુધીના વિચાર આદિ થાય તે રૌદ્રધ્યાન છે.

**સ્નેહરાગ :**

જે વ્યક્તિ મિથ્યામતનો આગ્રહી નથી. સાચા મતને - સન્માર્ગને જ માનનારો છે. તેના જીવનમાં દૃષ્ટિરાગ ન હોય, પણ તે સિવાયના બે રાગ હોઈ શકે છે. ૧-કામરાગ અને ૨-સ્નેહરાગ. એટલે મિથ્યા દૃષ્ટિ ધરાવતી વ્યક્તિમાં જેમ સ્નેહરાગ અને કામરાગ હોય છે તેમ સમ્યગ્ દૃષ્ટિ ધરાવતી વ્યક્તિમાં પણ ૧-કામરાગ અને ૨-સ્નેહરાગ હોઈ શકે છે. મિથ્યાત્વીમાં દૃષ્ટિરાગ વધારાનો હોય છે, જે સમ્યગ્દૃષ્ટિમાં ક્યારેય હોતો નથી.

જ્યાં સુધી વિરતિનો પરિણામ ન આવે ત્યાં સુધી સ્નેહરાગ અને કામરાગ આ બંને રાગ સાધકને પણ પીડી શકે છે.

દીકરા-દીકરી ઉપરની લાગણી, તેનું ચિંતન એ સ્નેહરાગ છે. માને પૂછો, 'દીકરા-દીકરીનો ચહેરો જુએ ને ખુશ થાય ને?' એને રમતાં જુએ ને ખુશ થાય ને?' ઘણી માતાઓ તો અહીં ધર્મસ્થાનમાં આવીને, ઉપધાનમાં બેસીને ય તેના

વિચારો કરે, 'એ બરાબર સ્કૂલે જતો હશે ને ? એણે ખાઈ તો લીધું હશે ને ?, એને સારું હશે ને ?' આ બધો સ્નેહરાગ. મા-બાપ કે મિત્ર-સ્વજનો પ્રત્યેની પ્રેમભરી લાગણી તે પણ સ્નેહરાગ.

અહીં ઉપધાનમાં આવ્યા પછી પણ ઘણી વ્યક્તિઓને આરાધનામાં સેટ થવામાં દિવસો ગયા. એમને પૂછ્યું કે 'કેમ ? તપ માફક નથી આવતો ?'

'ના સાહેબ ! તપમાં કોઈ મુશ્કેલી નથી. તપ કરવો તો ફાવે છે.'

'તો શું ક્રિયા માફક નથી આવતી ?', અમે પૂછીએ.

'ના, એ પણ ફાવે છે.'

'તો શું પ્રૉબ્લેમ છે ?

'સાહેબ, બીજું કાંઈ નથી પણ 'દીકરો-દીકરી યાદ આવે છે. ઘરવાળાં યાદ આવે છે !' આ પરિસ્થિતિ છે કે નહિ ? આ સ્નેહરાગ અને સ્નેહરાગમાંથી પ્રગટેલું રાગધ્યાન.

ઘણા આરાધકો માળા ગણતાં ગણતાં દીકરા-દીકરી સાથે મનોમન વાતો કરી લે. એકાએક આંખમાં આંસુ આવી જાય. કોઈ પૂછે 'કેમ અચાનક તમારી આંખમાં આંસુ આવ્યાં ?'

'એ તો જરા દીકરો-દીકરી યાદ આવી ગયાં !' એમ કહે.

આ સ્નેહરાગમાંથી પ્રગટતું રાગધ્યાન.

**ધર્મક્રિયા સાથે કરવાના ભાવમાં ય સ્નેહરાગ હોઈ શકે :**

ઘણા અહીં આવી શકે એવી શક્તિવાળા છે. અહીં એટલે સમજ્યાને !, દીક્ષાજીવનમાં ! છતાં સ્નેહરાગને કારણે અહીં આવી શકતા નથી. કેટલાક તો અહીં આવ્યા પછી પણ સ્નેહ રાગના સંસ્કારો એવા પંપાળતા હોય છે કે તેને કારણે કહે, 'મહારાજ સાહેબ ! અમારે બધી ક્રિયાઓ સાથે જ કરવી છે. જેને કારણે મોક્ષમાં પણ સાથે-સાથે જ રહી શકીએ.'

શાસ્ત્રમાં પૃથ્વીચંદ્ર અને ગુણસાગરની વાત આવે છે. એમના પૂર્વના ભવોમાં પણ એ બંનેયનો પરસ્પર કામરાગ અને સ્નેહરાગ પોસાતો જ રહ્યો. એમાંના એક ભવમાં કામરાગ તો ગયો, પણ સ્નેહરાગ પોસાતો જ રહ્યો. પિતા-પુત્રરૂપે



જન્મ્યા. ગુરુ ઉપદેશથી વૈરાગ્ય થયો અને સંસારનો ત્યાગ કર્યો. સંયમનો સ્વીકાર કર્યો. ઉત્તમ તપ આરાધના કરી. એટલી ઉત્તમ એમની આરાધના હતી કે એ જોતાં જ જોનારને લાગે કે આમને અને મોક્ષને હવે ઝાઝું છેટું નથી. છતાં હજુ એમનો મોક્ષ થયો ન હતો. તે જોઈને એમના ગુરુને ય થયું કે આટલી ઉત્તમ આરાધના કરવા છતાં આમના ભવનો ઉચ્છેદ કેમ થતો નથી ? ગુરુએ જ્ઞાનનો ઉપયોગ મૂક્યો અને એમાં એમને નડતું સ્નેહરાગનું બંધન દેખાયું.

એ બંન્ને ય જીવો લાયક હતા, ખાનદાન હતા, આરાધક હતા, ગુર્વાજ્ઞા-સમર્પિત હતા. ગુરુએ બન્નેયને બોલાવીને કહ્યું કે, 'વત્સ ! આજ પછી તમારે બંનેએ જુદી-જુદી દિશામાં વિચરવાનું છે.' એમને સ્નેહરાગ નડતો હતો, પણ સ્નેહરાગને એ જરાપણ ઉપાદેય માનતા ન હતા. પોતાના મોક્ષમાં સ્નેહરાગ બાધક છે એમ પણ માનતા. સ્નેહરાગ કાઢવાની જ એમની સાધના હતી. છતાં હજુ સ્નેહરાગ નીકળ્યો ન હતો એ વાસ્તવિકતા હતી. એમનામાં રોમ-રોમ પરિણમેલા આરાધક ભાવના કારણે એમણે ગુરુએ જેવું કહ્યું તેવું તહત્તિ કર્યું. બીજો કોઈ વિકલ્પ ન ઉઠ્યો.

આજે તો બે સાધુઓ કે બે સાધ્વીજીઓ સ્નેહના બંધનથી જોડાઈ જાય, એમનું અહિત થતું નિવારવા ગુરુ દ્વારા એમને આજ્ઞા થાય અને એ બન્નેયને જુદા વિચરવાનું છે એવી ખબર પડે ત્યારથી જ સંકલ્પ-વિકલ્પો અને આર્ત્તધ્યાન ચાલુ થઈ જાય.

ગુરુની આજ્ઞાને શિરસાવંદ્ય કરી આ બંને ઉત્તમાત્મા જુદી જુદી દિશામાં વિચરણ કરવા લાગ્યા. કોઈપણ પ્રકારનો સંદેશ-વ્યવહાર કે સંપર્ક-સેતુ રાખ્યો નહિ. આ રીતે સ્નેહરાગના નિમિત્તોથી પર રહી, સ્નેહરાગને જીતી ઉત્તમ સંયમની આરાધના કરી બંને સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્કૃષ્ટ આયુષ્યવાળા દેવ થયા. ત્યાં પણ વીતરાગપ્રાયઃ ભાવમાં દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરી મનુષ્યરૂપે ઉત્પન્ન થયા. યોગ્ય સમયે એક જણ રાજ્યગાદી પર બેઠાં બેઠાં તો બીજા લગ્નની ચોરીમાં પાણિગ્રહણ કરતાં કરતાં વૈરાગ્યવશ ક્ષપકશ્રેણી માંડી ઘાતિકર્મો ખપાવી ત્યાં જ કેવળજ્ઞાન પામ્યા અને પછી આયુષ્યના અંતે મોક્ષે ગયા.

**સજોડે ક્રિયા કરવાની ભાવના અને વિધિ :**

બાકી તો સ્નેહરાગ એટલો પ્રબળ હોય કે ગુરુને ય કહી દે કે, 'અમે જે જે કરશું તે અમે સાથે જ કરશું.' આ સ્નેહરાગ.

પૂજા કરવા જાય તો પણ સાથે જ જાય, ગુરુવંદન કરવા આવે તો ય સાથે જ આવે, તપ કરવાનો હોય તો ય સાથે જ કરે. આત્માને પૂછજો કે 'એમાં મારી કઈ લાગણીઓ કામ કરે છે ?' વીતરાગના ધામમાં તો રાગને જીતવા જવાનું છે. વીતરાગના ધામમાં રાગને તોડવાનું કામ કરવાનું કે પંપાળવાનું કામ કરવાનું ? દવાખાનામાં જઈને રોગને વધારવાનો, પંપાળવાનો કે કાઢવાનો ? તમે મિત્ર - સ્વજન - સ્નેહીને કારણે અહીં આવો એનો અમને વાંધો નથી, પણ અહીં આવ્યા પછી શું કરવાનું ?

**સભા :** *આપની નિશ્રામાં રહેવાનું.*

અમારી નિશ્રામાં રહીને ય છેવટે રાગને તોડવો છે કે નહિ એ બોલો ?

**સભા :** *શાસ્ત્રોમાં બધી ક્રિયાઓ સજોડે કરવાનું વિધાન છે ને !*

ગપ્પાં ન મારો ! **શાસ્ત્રોમાં જે ક્રિયા સજોડે કરવાનું વિધાન છે તે જ ક્રિયા સજોડે કરવાની હોય છે, બધી ક્રિયા કાંઈ સજોડે કરવાની વિધિ નથી અને જે ક્રિયાઓ સજોડે કરવાની વિધિ છે, તે પણ રાગને પોષવા માટે નહિ, પણ રાગને તોડવા માટે** - એ વાત કેમ ભૂલી જાઓ છો ?

**સભા :** *શ્રાવકને કે શ્રાવિકાને ધર્મમાં જોડવા પત્ની કે પતિથી સજોડે ક્રિયા કરાય કે નહિ ?*

માન્યું કે તમે એ માટે સજોડે ક્રિયા કરી, પણ શ્રાવક કે શ્રાવિકા ધર્મમાં જોડાઈ ગયા પછી પત્ની કે પતિએ શું કરવાનું ?

**દૃષ્ટિરાગ સમ્યક્ત્વ પામવામાં અવરોધ કરે છે, કામરાગ વિરતિ પામવામાં નડતર ઉભી કરે છે અને સ્નેહરાગ વીતરાગતા અને કેવળજ્ઞાન પામવામાં નડતરરૂપ છે.** પોતાના ગુરુદેવ ભગવાન શ્રી મહાવીરદેવ પ્રત્યે જ ગૌતમ સ્વામીને સ્નેહરાગ હતો.બીજા કોઈ પ્રત્યે સ્નેહરાગ ન હતો. ઉત્તમ કક્ષાનું સંયમ જીવન પાળનાર એમને પણ માત્ર આટલા જ સ્નેહરાગથી જો કેવળજ્ઞાન ન થયું



હોય તો સ્નેહરાગથી ખદબદતા આપણને કેવળજ્ઞાન ક્યાંથી થાય ? એમાં ય સાથે અવિરતિ છે અને એને મિથ્યાત્વનો પુટ ચડેલો છે. **એકલી અવિરતિ કરતા મિથ્યાત્વના પુટવાળી અવિરતિ વધારે બાધક છે.** એકલી અવિરતિવાળાને રાગ થઈ જાય, પણ એ રાગને ઉપાદેય ક્યારેય ન માને. એને પંપાળવાનું એને ન ગમે. એને તોડવાનું એને ગમે અને યથાશક્ય એ પ્રયત્ન પણ કરે. જ્યારે મિથ્યાત્વના પુટવાલી અવિરતિવાળો રાગને ઉપાદેય માને, પંપાળે, રાગમાં એ રાજી થાય અને એને મજબૂત કરવાનું કામ કરે.

**રામચંદ્રજી અને સીતાજીના પરસ્પર રાગનો પ્રકાર :**

રામચંદ્રજીને સીતાદેવી પ્રત્યે જે રાગ હતો તે તોડવા તેમણે કેવો પ્રયત્ન કર્યો અને સીતાજીને પણ રામચંદ્રજી પ્રત્યે કેવો રાગ હતો, તેનું વર્ણન રામાયણમાં આવે છે. સીતાજી દીક્ષિત બન્યાં. સુંદર સંયમ આરાધ્યું અને આયુષ્ય પૂર્ણ થયે મરીને બારમા અચ્યુત દેવલોકનાં ઈન્દ્ર બન્યાં અને રામચંદ્રજી લક્ષ્મણજીના મૃત્યુ બાદ કૃતાંતવદન દેવ દ્વારા પ્રતિબોધ પામી દીક્ષિત થયા બાદ સંયમ સાધનાના પ્રાંતે જ્યારે ક્ષપકશ્રેણી માંડી રહ્યા હતા ત્યારે એ જ બારમા દેવલોકના ઈન્દ્ર નીચે આવ્યા. સમ્યગ્દૃષ્ટિ એવા ઈન્દ્રને ય સ્નેહરાગ પજવી ગયો. મોહવશ એમને એવો ભાવ જાગ્યો કે રામચંદ્રજીને સંસારવાસમાં રાખું. એ માટે સાધનામાંથી ચલાયમાન કરવા એમણે પૂર્વજન્મનું સીતાજીનું રૂપ ધારણ કર્યું અને રામચંદ્રજી સામે મોહક નૃત્ય કરવા લાગ્યાં. મનમાં એક જ ભાવ હતો કે રામચંદ્રજી ધ્યાનથી વિચલિત થઈ જાય તો એ ક્ષપકશ્રેણી ન માંડે જેથી અમે બન્નેય હવે પછીના ભવોમાં સાથે રહીને સાથે મોક્ષમાં જઈએ. સમ્યગ્દૃષ્ટિ આત્માને પણ રાગ કેવો સતાવે છે, તેનો આ નમૂનો છે.

રામચંદ્રજી ધ્યાનથી ચલિત ન થયા, એટલે ક્ષપકશ્રેણી માંડીને એમણે ઘાતિકર્મોનો ક્ષય કર્યો અને એમને નિર્મળ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. કેવળજ્ઞાનનો મહોત્સવ કરીને સીતેન્દ્રએ પૂછ્યું, 'ભગવંત ! મારો મોક્ષ ક્યારે થશે ?' આ પ્રશ્ન કર્યો. એ એમની યોગ્યતા હતી. ક્ષણ માટે સ્નેહરાગને આધીન થઈ ગયાં હતાં. પણ એ સ્નેહરાગને એઓ ઉપાદેય માનતા ન હતાં. જે ઉપસર્ગો કર્યા તેની ક્ષમાપના માંગી. મહર્ષિરામચંદ્રજીના કેવળજ્ઞાનનો ઉત્સવ ઉજવી પાછા દેવલોકમાં ગયાં.

## સ્નેહરાગની તીવ્રતા - સીતાજીનું દિવ્ય અને દીક્ષાગ્રહણ :

આ રીતે વીતરાગ સર્વજ્ઞ બનેલા રામચંદ્રજીના એક સમયના સ્નેહરાગની પણ કેવી તીવ્રતા હતી તે પણ આપણે જોઈએ.

નગરજનોના મોઢે સીતાજીને અપાયેલ કલંકની વાત સાંભળી ગર્ભવતી એવાં પણ સીતાજીને રામચંદ્રજીએ વનવાસમાં મોકલ્યાં. જ્યાં જીવવાની કોઈ આશા રાખી ન શકે તેવા ભયાનક જંગલમાં ય સતીત્વના પ્રભાવે સીતાજીના પ્રાણનું અને શીલનું રક્ષણ થયું. પીયર જેવો ઉત્તમ કોટિનો આશરો મળ્યો. યોગ્ય સમયે લવ અને કુશ એમ બે ઉત્તમ પુત્રોનો જન્મ પણ થયો. બંનેય મહાપરાક્રમી થયા. એકવાર એમને પ્રશ્ન થયો. આપણી માતાનાં શરીર ઉપર સૌભાગ્યનાં ચિહ્નો દેખાય છે અને આપણા પિતા તો ક્યાંય દેખાતા નથી. માતાને પ્રશ્ન કર્યો, 'આમ કેમ ?' માતાએ વાત કરી, 'તારા પિતા અને કાકા તો અર્ધભરત ક્ષેત્રના સ્વામી છે અને પૂરા વિશ્વમાં તેઓ અજેય એવા મહાપરાક્રમી છે.' આ સાંભળી લવ અને કુશે કહ્યું કે, 'માતાજી અમે તેમને પણ જીતીશું.' માતાએ ઘણા વાર્યા પણ લવ-કુશ ઝાલ્યા ન રહ્યા. યુદ્ધ કરવા અયોધ્યા સમીપે આવ્યા. એમનું અહિત ન થાય માટે માતા સીતાજી પણ સાથે આવ્યાં. લવ-કુશે જોરદાર યુદ્ધ કર્યું. પોતાના પિતા અને કાકા સામે પણ બંનેએ જીત મેળવી. રામચંદ્રજીને આશ્ચર્ય થયું. 'આજે આ શું થયું છે ? બળદેવ-વાસુદેવ અમે કે આ બંને બાળકો ? ત્રણ ખંડમાં અજેય અમારી શું હાર થઈ ગઈ !'

એ કાંઈ વિચારે એટલામાં નારદજી ત્યાં આવી ચડ્યા. પિતા-પુત્રો, કાકા-ભત્રીજાઓની પરસ્પર ઓળખ અપાઈ. બંને પરસ્પર ભેટી પડ્યા. 'બાપ કરતા બેટા સવાઈ' ઉક્તિને સાર્થક થતી જોઈ. રામચંદ્રજી અને લક્ષ્મણજીને અનોખો હર્ષ અને પ્રમોદ થયો. હારવા છતાં એ હાર એમને સરવાળે જીત જેવી અનુભવાઈ.

શ્રીરામચંદ્રજીએ સીતાજીને વિજ્ઞપ્તિ કરવા મોકલ્યા કે નગરી અને મહેલને પાવન કરવા પધારો ! ત્યાં જ સીતાજીએ કહ્યું,

'હું ત્યારે જ આવીશ કે જ્યારે હું દિવ્યમાં નિષ્કલંક પૂરવાર થઈશ.'



## અગન જ્વાળા શાંત સરોવરમાં ફેરવાઈ :

દિવ્ય કરવાની તૈયારીઓ થઈ. દિવ્ય માટે ખાડો ખોદાયો. ત્રણસો હાથ લાંબી-પહોળી અને બે માથોડાં જેટલી ઉંડી મોટી ખાઈ ખોદવામાં આવી. એ ખાઈમાં ચંદનનાં લાકડાં ભરીને આગ પ્રગટાવવામાં આવી. જ્વાળા આકાશને આંબી જાય એવી વિકરાળ બની હતી કે અયોધ્યાવાસીઓ માટે એ જોવી પણ દુઃસહ બની હતી.

ભડભડ બળતી આગ પાસે આવીને મહાસતી સીતાદેવીએ કહ્યું, 'આજ સુધીમાં મારા પતિદેવ શ્રીરામચંદ્રજી સિવાય મેં મનથી પણ કોઈનો વિચાર કર્યો હોય તો અગ્નિ મને પોતાનામાં સમાવી લે.'

એ દૃશ્ય જોઈને અયોધ્યાવાસીઓએ પોકાર કર્યો. 'મહાસતી ! રહેવા દો ! રહેવા દો ! આપ પવિત્ર છો. દિવ્ય નથી કરવું.'

આ સાંભળીને રામચંદ્રજીએ આંખો લાલ કરી, 'અયોધ્યાવાસીઓને ઉદ્દેશીને કહ્યું કે, 'તમે એના એ જ છો. પહેલાં જુદું કહેતા હતા અને આજે જુદું કહો છો. તમારા ઉપર વિશ્વાસ કોણ કરે ? આજે હવે દિવ્ય થઈને જ રહેશે.'

લોકો આગળ કાંઈ વિચારે કે બોલે તે પહેલાં જ મહાસતીએ ભડભડતી આગમાં ઝંપલાવી દીધું. લોકોના શ્વાસ અદ્ધર થઈ ગયા, સૌનું હૃદય ધડકન ચૂકી ગયું. બધાએ આંખો બંધ કરી દીધી. પરંતુ એકાએક અસહ્ય ગરમી અને આગના ભડભડ અવાજના બદલે પારાવાર શીતળતા અનુભવાઈ અને પાણી વહેવાનો ખળખળ અવાજ આવવા લાગ્યો. એટલે આશ્ચર્યચકિત થઈને લોકોએ જ્યારે આંખ ખોલી ત્યારે જોયું કે મહાસતી આગમાં પડતાની સાથે જ ભડભડ બળતી એ આગ તુરંત જ શીતલ જળ બની ગઈ. આખી મોટી ખાઈ પાણીના સરોવરમાં પલટાઈ ગઈ. ચંદનના અંગારા બુઝાયા અને ત્યાં વિશાળ જળરાશિથી લહેરાતું સરોવર રચાઈ ગયું. સરોવરમાં અનેક કમળો શોભવાં લાગ્યાં. એ કમળોની મધ્યમાં એક વિશાળ કમળ ઉપર સાક્ષાત્ લક્ષ્મી દેવી અહીં અવતર્યા હોય તેમ મહાસતી સીતાદેવી શોભવા લાગ્યાં. આ બધો મહાસતીના પરમપવિત્ર શીલનો પ્રભાવ હતો. આ પ્રભાવ નજરોનજર જોઈને અયોધ્યાના પ્રજાજનો ભાવવિભોર બની ગયા અને મહાસતીનો જયજયકાર કરવા લાગ્યા.

ગઈકાલ સુધી જે લોકોએ એક કલંકિત નારીના રૂપે જેને નીહાળી હતી તે જ લોકો આજે એ મહાસતીને અહોભાવથી જોવા લાગ્યા અને નમવા લાગ્યા.

### સતીત્વના પ્રભાવે ચમત્કાર સર્જાયો :

ત્યાં તો અચાનક એક અણધારી ઘટના બની. સરોવરમાં દરીયાઈ ભરતી અને મોજાઓનો ઉછાળો આવ્યો. સરોવરનું એ પાણી ઉભરાવા લાગ્યું, એનો વેગ વધવા લાગ્યો અને અયોધ્યાવાસીઓ તરફ એ પાણી ધસમસતું આગળ વધવા લાગ્યું, નગરવાસીઓ ગભરાયા, મુંઝાયા અને બૂમાબૂમ કરવા લાગ્યા, 'મહાસતી ! બચાવો ! બચાવો !' આજ સુધી એમના માટે ભયમાં શ્રીરામચંદ્રજી કે લક્ષ્મણજી શરણરૂપ હતા, આજે એ સ્થાન બદલાયું અને એમના માટે શરણરૂપ મહાસતી સીતાજી બની ગયાં.

મહાસતી સીતાજીના મનમાં તો કોઈના ય પ્રત્યે દ્વેષ કે દુર્ભાવ પણ ન હતો. અગર જો મહાસતી દ્વેષને આધીન થયા હોત તો કદાચ આક્રોશપૂર્વક કહ્યું હોત કે, 'અયોધ્યાવાસીઓ ! તમને કઈ રીતે માફ કરીને બચાવી શકું ? તમારા પાપે જ તો મારે દુઃખ ભોગવવું પડ્યું છે, તમારા કારણે જ તો મારે રાન-રાન ભટકવું પડ્યું છે, હવે તમારાં કરેલાંનું ફળ તમે જ ભોગવો !' ના, આવો એક વિચાર તેમને ન સ્પર્શ્યો. નિકટના એ મોક્ષગામી હતાં. ગણધરનો એ આત્મા હતો. એ જ ભવમાં સિદ્ધિગામી પતિના એ મહાસતી પત્ની હતાં, બીજા જ ભવમાં છેક બારમા દેવલોકના ઈન્દ્ર બનવાની મહાન યોગ્યતા એમની હતી.

**'सर्वंसहेव सर्वंसहा महान्तो हि सदा ।'**

'મહાન આત્માઓ હંમેશા પૃથ્વીની જેમ સર્વનો અપરાધ સહન કરનારા હોય છે.'

**પૃથ્વીને કોઈ ફાડે, ખોદે, બાળે, ઘસે, ભીની કરે, તો પણ પૃથ્વી જેમ પોતાના આધારે જીવતા પ્રાણીઓના બધા અપરાધ ખમી ખાય તેમ મહાપુરુષો, મહાત્માઓ પણ અપરાધીના અપરાધને ગળી જઈ પ્રસન્ન રહી શકતા હોય છે.** અત્યાર સુધી ભલે અયોધ્યાવાસીઓએ મહાસતી સીતાજી પ્રત્યે ગમે તેવો ખોટો વ્યવહાર કર્યો, પણ તેમના મનમાં તો સૌ પ્રત્યે કરુણાનો જ ભાવ હતો. એટલે જ અયોધ્યાવાસીઓની રાવ સાંભળીને તેમણે તરત જ કરુણાથી પ્રેરાઈને



પોતાના બન્ને ય હાથ લાંબા કરી પાણીને રોકવાનો ભાવ કર્યો અને એમના એ સંકલ્પ બળથી - એમના સુવિશુદ્ધ શીલના પ્રભાવથી પાણી શાંત થયું અને પાછું ફર્યું. કારણ કે, **ઉત્તમ આત્માઓના, બ્રહ્મચારી મહાપુરુષોના, મહાસતીઓના સંકલ્પો નિષ્ફળ જતા નથી.**

પોતાની માતાના નિર્મળ શીલનો પ્રભાવ જોઈને લવ અને કુશના આનંદનો પાર ન રહ્યો. એ કોઈના ઝાલ્યા ન રહ્યા. બન્ને ય ભાઈઓએ એ વિશાળ સરોવરમાં ઝંપલાવ્યું અને તરતાં તરતાં પોતાની માતા પાસે પહોંચી ગયા. કમળમાં બિરાજમાન મહાસતી સીતાદેવીના ખોળામાં લવ અને કુશ બેસી ગયા અને કમળમાં બિરાજમાન મહાસતી સીતાદેવી અને બેય પુત્રોને લઈ એ કમળ પોતાની મેળે રાજનૌકાની જેમ ગતિ કરીને સરોવરને કાંઠે આવ્યું. જેવાં તે કાંઠે ઉતર્યાં કે તરત અયોધ્યાવાસીઓ મહાસતીને લળી લળીને વિનંતી કરવા લાગ્યા. 'મહાસતીજી ! અયોધ્યામાં પધારો ! અયોધ્યાને પાવન કરો !' કારણ કે, હમણાં જ તેમણે મહાસતીનાં શીલનો પ્રભાવ જોયો હતો.

અયોધ્યાવાસીઓની વાતમાં આવીને જેમણે આ પૂર્વે અન્યાયી રીતે મહાસતી સીતાજીનો ઘોરવનમાં ત્યાગ કરાવ્યો હતો તે રામચંદ્રજી પોતે કહી રહ્યા છે, 'મહાસતી ! નગરીમાં પધારો ! નગરીને પાવન કરો !'

શ્રીરામચંદ્રજીનું આખું અંતઃપુર વિનંતી કરી રહ્યું છે. 'મહાસતીજી ! અંતઃપુરમાં પધારો ! અંતઃપુરને પાવન કરો !'

### જે કર્મે બેહાલી કરી તે કર્મ હવે ન જ જોઈએ :

મહાસતી સીતાજીએ એક જ વિચાર કર્યો કે 'જન્મી ત્યારથી કર્મે મારી બેહાલી કરવામાં પાછું વાળીને જોયું નથી. જન્મતાંની સાથે જ મારા જોડિયા ભાઈ ભામંડલનું અપહરણ થયું. મારાં લગ્ન થયાં એ પ્રસંગે મારા પિતાનું અપહરણ થયું. લગ્ન કરીને હજુ સાસરે આવી ત્યાં તો મારા પતિને વનવાસ ભોગવવો પડ્યો, પતિની સાથે મેં પણ વનવાસ સ્વીકાર્યો, વનવાસમાં થોડાંક ઠરીને ઠામ થયાં એમાં તે રાવણ દ્વારા ખુદ મારું જ અપહરણ થયું, રાવણ સાથે યુદ્ધ કરીને વિજયી બની અયોધ્યા આવી ત્યારે હું માનતી હતી કે હવે સુખના દિવસો આવ્યા, પણ ત્યારે મારા પર કુલટા તરીકેનું કલંક આવ્યું, લોકોની

વાતમાં આવીને ખુદ શ્રીરામચંદ્રજીએ જ ગર્ભવતી એવી પણ મારો ઘોર વનમાં ત્યાગ કર્યો. પોતાના ભાઈ લક્ષ્મણની વાત પણ એમણે ન સાંભળી. કર્મે મારી બેહાલી કરવામાં પાછું વાળીને જોયું નથી. બસ હવે ન જોઈએ અસાર એવો આ સંસાર ! હવે કર્મના ક્લંકને નિવારવું છે.' આ રીતે વિચારણા કરીને દારૂણ કર્મોનો ક્ષય કરવા માટે તેમણે સર્વજ્ઞ પ્રરૂપિત સર્વવિરતિના માર્ગે આગળ વધવાનો દૃઢ નિર્ણય કરી લીધો. પોતાની જાતે જ પોતાના કેશનો લોશ કરી તે વાળ રામચંદ્રજીને સમર્પીને સીતાજી સર્વવિરતિના માર્ગે ચાલી નીકળ્યાં. આ બધું ક્ષણાર્દ્ધમાં ઘટી ગયું. લોકો કાંઈ વિચારે એ પહેલાં જ આ ઘટના બની ગઈ અને સીતાજી ભાવસાધ્વી બની ત્યાંથી જ્ઞાની ગુરુના ચરણોમાં જવા નીકળી પડ્યાં.

આ બાજુ રામચંદ્રજીને પોતાના હાથે સીતાજીને થયેલા અન્યાય અને અપરાધની યાદ આવી. ક્લંક અપાયાની, લક્ષ્મણની વાત પણ નહિ સાંભળવાની, સીતાને બચાવની તક પણ ન આપ્યાની, ગર્ભવતી સીતાજીને તીર્થયાત્રાના બહાને ઘોર જંગલમાં ભાગ્યના ભરોસે એકલાં અટુલાં મૂકી દેવાના પોતાના અપરાધની આખી ઘટના આંખ સામે આવી. અપરાધ અપરાધ લાગ્યો. અપરાધ ખમાવવાની ઈચ્છા પણ જાગી, પણ તે ઈચ્છા પુરી થાય તે પહેલાં તો મહાસતી સીતાજી કેશલોચ કરીને ચાલી નીકળ્યાં. મહાસતીજીને આ રીતે અચાનક ચાલ્યાં જતાં જોઈ રામચંદ્રજી તરત જ મૂર્ચ્છિત થઈને જમીન ઉપર ઢળી પડ્યા. યોગ્ય ઉપચારોથી ભાનમાં આવતાં જ તરત તેમણે અયોધ્યા-વાસીઓને ઉદ્દેશીને કહ્યું કે, 'મુંડેલા માથાવાળી પણ સીતાને એ જ્યાં હોય ત્યાંથી લઈ આવો !' પણ એના જવાબમાં પ્રજા, સૈન્ય કે રાજપરિવારમાંથી કોઈનો કશો જ સાનુકૂળ પ્રતિભાવ ન મળ્યો. સૌ સ્થિતપ્રજ્ઞની જેમ સ્થિર ઉભા હતા.

## સ્નેહમાંથી દ્વેષનું પ્રગટીકરણ :

આજ સુધીમાં રામચંદ્રજીનો પ્રતાપ અને પ્રભાવ લોકોએ જોયો હતો. સૌના હૃદયમાં રામચંદ્રજી અને એમની આજ્ઞા પ્રત્યે અત્યંત આદર હતો. એટલા જ માટે આજ સુધી તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કોઈએ કર્યું ન હતું. ન પ્રજાએ, ન સૈન્યે કે ન રાજપરિવારે, પણ આજનો દિવસ જુદો હતો. કોઈની હિંમત ન હતી કે સીતાજીના માર્ગમાં કોઈ આડે આવે કે, દીક્ષા લેવા ગયેલાં સીતાજીને પાછાં



કોઈ લઈ આવે. થોડી ક્ષણો પૂર્વે જ મહાસતી સીતાજીનો પ્રભાવ સૌએ નજરોનજર જોયો હતો. એ ચિતાનો અગ્નિ કેવો શાંત થઈ જળ સરોવર બન્યું, એ જળ સરોવર કેવી રીતે છલકાયું, એ નીર કઈ રીતે અયોધ્યાવાસીઓ તરફ ધસ્યું અને મહાસતીના સંકલ્પ માત્રથી જ એ નીર એકાએક કઈ રીતે ઓસરી પણ ગયું એ બધું જ સૌએ નજરોનજર નીહાળ્યું હતું, તે કોઈ સ્વપ્ન તો ન જ હતું, માટે જ મહાસતીને સાધ્વી બન્યા બાદ લાવવાની ખુદ રામચંદ્રજીની આજ્ઞા થવા છતાં રામભક્ત ગણાતી એક પણ વ્યક્તિ આગળ ન આવી. ખુદ હનુમાનજી પણ નહિ અને લક્ષ્મણજી પણ નહિ.

જ્યારે એમના આદેશનો અમલ કરવા કોઈ આગળ ન આવ્યું ત્યારે રામચંદ્રજીના આવેશનો પાર ન રહ્યો. તેમણે ધનુષ્ય-બાણ હાથમાં લઈને કહ્યું, 'મારી આજ્ઞાનો આ રીતે અનાદર ? હમણાં જ બતાવી દઉં.' રાગમાંથી દ્વેષ પ્રગટ્યો. રામચંદ્રજી આગળ કાંઈ કરવા જાય તે પહેલાં જ લક્ષ્મણજીએ રામચંદ્રજીનો હાથ પકડીને કહ્યું, 'વડીલબંધુ, આપ આ શું કરી રહ્યા છો ? આપે, આપના ઉપરના ક્લંકને ટાળવા નિષ્કલંક એવાં પણ મહાસતીનો જ્યારે વનમાં ત્યાગ કર્યો, ત્યારે આપને વાંધો ન આવ્યો અને આજે મહાસતી કર્મના ક્લંકને ટાળવા સંસારવાસનો ત્યાગ કરી દીક્ષા ગ્રહણ કરવા જઈ રહ્યાં છેં ત્યારે આવો અનુચિત વ્યવહાર કરવો આપને શોભે છે ?

એક તરફ શ્રીજયભૂષણ મહર્ષિને કેવળજ્ઞાન થયું છે અને બીજી તરફ મહાસતી સીતાજીએ દીક્ષાનો સ્વીકાર કર્યો છે ત્યારે એનો મહોત્સવ કરવાને બદલે આપ જે આ બધું કરવા ધારો છો તે કેટલું યોગ્ય છે ? '

## એમને કષાય હતો, પણ નિયંત્રિત હતો :

આ સાંભળતાં જ રામચંદ્રજી જાગી ગયા અને રાગધ્યાન તથા દ્વેષધ્યાનમાંથી બહાર આવ્યા. રાગમાંથી પ્રગટેલા દ્વેષના કારણે અવિવેકની એક લહેર આવી ગઈ, પણ તરત વિવેક જાગૃત થયો. એમને પોતાની ભૂલ સમજાઈ ગઈ અને કર્તવ્યના માર્ગે આગળ વધ્યા. એમના હૈયાનું સમ્યગ્દર્શન એમને જાગૃત રાખતું હતું. એમણે બંધુ લક્ષ્મણને કહ્યું કે, **'કેવળજ્ઞાની મહાત્મા પાસે સીતાએ દીક્ષા લીધી તે ખૂબ સારું કર્યું છે.' આવી સ્થિતિમાં પણ આવા શબ્દો શ્રી રામચંદ્રજીના મુખમાંથી જે બોલાયા તે તેમના હૃદયમાં રહેલા સમ્યગ્દર્શનનો જ પ્રતાપ હતો.**

રામચંદ્રજીથી આ પ્રસંગે થયેલું વર્તન એ અવિરતિનું જ પરિણામ હતું. આ સમયે પણ એમાં મિથ્યાત્વ ભળ્યું ન હતું. માટે જ તેઓ તરત જાગૃત થઈ શક્યા. ત્યાંથી નીકળીને બધા કેવળજ્ઞાની મહાત્મા શ્રીજયભૂષણ પાસે ગયા. એમના પાવન મુખે ધર્મદેશના સાંભળી. આ દરમ્યાન રામચંદ્રજીના હૃદયમાં ઘમ્મર-વલોણું ચાલતું હતું, કરેલું દુષ્કૃત ડંખી રહ્યું હતું, એમને થયું કે, રાગની પ્રબળતા વશ થયેલું મારું અનુચિત કૃત્ય જોતાં મને લાગતું નથી કે હું ભવ્યાત્મા હોઈશ.

ધર્મદેશના પુરી થતાં જ તેમણે વિનયપૂર્વક કેવળજ્ઞાની ભગવંતને પૂછ્યું, 'ભગવંત ! હું ભવ્યાત્મા કે અભવ્યાત્મા ?'

જ્ઞાની ભગવંતે કહ્યું કે, 'રામચંદ્રજી ! તમે ભવ્યાત્મા જ છો.'

આ જવાબ મળતાં ટાઢક તો થઈ, પણ પાછું થયું, હું ભવ્યાત્મા છું એ તો બરાબર, પણ મારાં લક્ષણો જોતાં લાગતું નથી કે મારો મોક્ષ નજીકના ભવિષ્યમાં થાય. શું હું દુર્ભવ્ય તો નહિ હોઉં ને ? શું મારે ઘણા ભવો સુધી ભટકવાનું તો નહિ હોય ને ? એટલે તેમણે ફરી પ્રશ્ન કર્યો. 'ભગવંત ! હું ચરમ શરીરી કે અચરમ શરીરી ?'

જ્ઞાની ભગવંતે કહ્યું, 'રામચંદ્રજી ! તમે ચરમ શરીરી છો ! આ જ ભવે મુક્તિમાં જશો.' આ સાંભળતાં જ એમને અત્યંત ખુશી થઈ. એમના રોમે રોમે આનંદના દીવડા પ્રગટ્યા. ખૂબ આશ્વાસન મળ્યું.

આમ છતાં આંતર-નિરીક્ષણ કરતાં એમને થયું કે સીતાજી પ્રત્યેનો મારો રાગ તો હજુ છૂટી જશે, પણ મારો લક્ષ્મણ પ્રત્યેનો રાગ તો ઉભો જ છે. લક્ષ્મણ પ્રત્યે તો મને અનહદ રાગ છે. સીતાજી કરતાં ય એ રાગ કેઈ ગુણો વધારે છે. શું લક્ષ્મણ ઉપરનો મારો રાગ જીવતો રહે અને મને કેવળજ્ઞાન થાય એવું બને ? આવી શંકા જાગતાં એમણે એ પ્રશ્ન પણ કર્યો કે 'ભગવંત ! શું લક્ષ્મણ ઉપરનો મારો રાગ જીવતો રહે અને મને કેવળજ્ઞાન થાય એવું બને ?'

કેવળજ્ઞાની ભગવંતે કહ્યું, 'રામચંદ્રજી ! તમારા જીવનમાં એવી એક ધન્ય પળ જરૂર આવશે કે જ્યારે તમારો લક્ષ્મણ ઉપરનો રાગ પણ તૂટશે.' કલિકાલસર્વજ્ઞ ભગવંતે નોંધ્યું છે કે આ શબ્દો સાંભળતાં જ રામચંદ્રજીના આખા શરીરમાં રોમાંચનો અનુભવ થયો. રાગની હાજરી જરૂર હતી, પણ એમાં ય રાગ તોડવાનો ભાવ હતો. રાગ હતો પણ રાગ પ્રત્યે ઉપાદેય ભાવ ન હતો.



આજે તમને કોઈ જ્ઞાની કદાચ કહે કે 'તમારા પ્રેમપાત્ર પ્રત્યેનો તમારો રાગ તૂટશે' તો તમને શું થાય ? ધ્રાસકો પડે ને ! કે પછી 'બહુ સારું' એમ થાય ? રાગ તો તોડવો જ છે, હજુ છૂટતો નથી, પણ મરતાં-મરતાં ય રાગ તોડીને મરવું છે એવું થાય ? **તમારો કોઈક પ્રત્યેનો રાગ તૂટવાની વાત સાંભળતાં જો તમને રોમાંચ થાય તો માનજો કે તમારામાં સમ્યક્ત્વ હાજર છે અગર તો આવવાની તૈયારીમાં છે, પણ રાગ તૂટવાની વાત સાંભળતાં ધ્રાસકો પડે, ઝટકો લાગે કે દ્વેષ થાય તો સમજજો કે તમારામાં અવિરતિ તો બેઠી જ છે, સાથે સાથે મિથ્યાત્વ પણ અડ્ડો જમાવીને બેઠું છે.**

## મરતાં પહેલાં ય રાગના અનુબંધો તોડો !

મરતાં પહેલાં આ રાગ અને રાગના અનુબંધો તોડવા છે ? રાગ અને રાગના અનુબંધો લઈને તો નથી જ મરવું. તમને કદાચ ખબર નહિ હોય કે **દ્વેષ અને દ્વેષના અનુબંધો કરતાં ય આ રાગ અને રાગના અનુબંધો વધારે ખરાબ છે.** રાગ હોય ત્યાં નક્કી દ્વેષ બેઠો જ હોય. **આર્દ્રકુમાર** જેવા આર્દ્રકુમાર પણ આ રાગનાં બંધનોના કારણે જ સંસારમાં રહી ગયા.

વિરાગી થઈ જવાના કારણે અનાર્ય દેશનું આખું સૈન્ય જેમને બાંધી ન શક્યું, તેમને રાગને કારણે કાચા સુતરના તાંતણા બાંધી ગયા. જન્માંતરમાં પરમ વિરક્તિથી પત્નીની સાથે ચારિત્રનો સ્વીકાર કર્યો હતો. નિર્મળ ચારિત્રનું પાલન કર્યું હતું. પણ એક વાર સાધ્વીરૂપે પત્નીને જોતાં મનમાં સંસાર સંબંધી નબળો વિચાર આવ્યો. રાગના સંસ્કારો દૃઢ બન્યા. ચારિત્રમાં અતિચાર લાગ્યો. એ અતિચારની આલોચના કર્યા વિના જ કાળધર્મ પામ્યા. એનાં પરિણામે જ્યાં જૈનશાસનનો 'જ' પણ સાંભળવા ન મળે એવા અનાર્ય દેશમાં જન્મ થયો. પુણ્યના યોગે **અભયકુમાર**ની મૈત્રી થઈ. મિત્રતા ઈચ્છતા આર્દ્રકુમારને અભયકુમારે શ્રી આદિનાથ પરમાત્માની મહાન આચાર્ય દ્વારા અંજન કરેલી પ્રતિમા પૂજાના શ્રેષ્ઠ ઉપકરણોથી સજાવીને મોકલી. પ્રતિમાની વીતરાગી મુદ્રા જોતાં ઉહાપોહ થયો, 'આવું મેં પૂર્વે ક્યાંક જોયું છે.' એમાંથી જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વ ભવની સંયમ સાધના યાદ આવી. એમાં પોતે કરેલી વિરાધના અને એના ફળરૂપે જ અનાર્યદેશ, અનાર્યજાતિ, અનાર્યકુળમાં જન્મ મળ્યાનું ગણિત

સમજાયું. મનમાં એક જ ઝંખના જાગી કે ક્યારે આ અનાર્યદેશ છોડું, આર્યદેશમાં જાઉં અને ફરી સર્વવિરતિ પામી આત્મ કલ્યાણ સાધું. ઘણી મહેનતે અનાર્યદેશ છોડ્યો, આર્યદેશમાં આવ્યા, અનેક મિથ્યામતિઓ મળ્યા, પણ એ કોઈની તર્કજાળમાં પણ એ ન ફસાયા અને ભગવાન શ્રી મહાવીરદેવનાં શરણે જઈને સંયમનો સ્વીકાર કર્યો. અગ્યાર અંગના પાઠી બન્યા. વિશિષ્ટ ગીતાર્થ બન્યા. એકાકી વિહાર કરવાની એમને અનુજ્ઞા મળી.

વિહાર કરતાં કરતાં એકવાર એક ગામની બહાર ખંડેર જેવા મંદિરમાં ધ્યાનમાં ઉભા હતા. ગામની કુમારિકાઓ રમત કરવા માટે ત્યાં આવી. અંધારિયા મંદિરમાં આછો પ્રકાશ આવતો હતો, મંદિરના થાંભલા ઝાંખા-ઝાંખા દેખાતા હતા. એ મંદિરમાં જેટલા થાંભલા હતા તેના કરતાં એક વધારે છોકરી હતી. રમતની રીત એવી હતી કે એક-બે અને ત્રણ બોલાય, ત્યાં બધી છોકરીઓ થાંભલાને વળગીને બોલે કે, 'આ મારો વર' અને જેના હાથમાં થાંભલો ન આવે તે હારી કહેવાય.

રમતની શરૂઆત થઈ, એક-બે ને ત્રણ બોલાયા. કુમારિકાઓ દોડી અને એ દરેકે એક-એક થાંભલો પકડ્યો. એમાંથી બાકી રહી ગયેલી એક કુમારિકાએ કાયોત્સર્ગ ધ્યાનમાં ઉભા રહેલા આર્દ્રકુમારને જ થાંભલો સમજી પકડી લીધા અને બોલી 'આ મારો વર.' આ કુમારિકાનું નામ હતું **સુનંદા.** ત્યાં જ વીજળીનો ઝબકારો થયો એ છોકરીને સમજાયું કે હું જેને પકડીને ઉભી છું તે થાંભલો નથી, પણ કોઈ સાધુપુરુષ છે. એણે વિચાર્યું કે ભલે હું ભૂલથી બોલી કે 'આ મારો વર', પણ હવે તો મારા માટે આ જ વર હોઈ શકે, બીજો નહિ અને એ વિજળીના ઝબકારમાં એણે એમના પગની નિશાની પણ જોઈ લીધી. એટલે એણે મનોમન નિર્ણય કરી લીધો કે ભવિષ્યમાં પરણીશ તો આ સાધુને જ પરણીશ.

આર્દ્રકુમારને પણ ઉભાં થનારાં બંધનોનો અંદાજ આવી ગયો. એથી એમણે ઉભાં થનારાં બંધનોથી બચવા તત્કાળ ત્યાંથી વિહાર કર્યો. આર્દ્રકુમાર એક બંધનથી ભાગ્યા, પણ એમણે એ પૂર્વે જ એક બીજું બંધન ઉભું કરેલું હતું અને તે બંધન હતું કર્મનું, રાગનું. જેના કારણે વર્ષો પછી એવી જ ઘટનાઓ બની



કે જેના કારણે આર્દ્રકુમાર મુનિને આ જ કન્યા સુનંદાના પતિ તરીકે સંસાર ઉભો કરવાનો વારો આવ્યો. કાળક્રમે બાળક જન્મ્યું. બાર વર્ષ સંસાર ચાલ્યો. પછી ફરી સર્વવિરતિ લેવાનો નિર્ણય કર્યો. એ દરમ્યાન બાળક નાનું હતું. મા રેંટિયો કાંતતી હતી. બાળકે માને પૂછ્યું, 'મા ! તું શા માટે રેંટિયો કાંતે છે ?'

'બેટા ! તારા બાપુ તો કાલે જવાના છે. એ ગયા પછી આપણે ખાઈશું શું ? માટે હમણાંથી જ રેટિંયો કાંતવાનો અભ્યાસ કરું છું.' જવાબમાં એ નાના બાળકે કહ્યું કે, 'મા ! તું ચિંતા ન કર. બાપુને હમણાં જ બાંધી લઉં છું. જાય શેના ?' બાળકે માએ કાંતેલા કાચા સુતરના તાંતણા લીધા. ખાટલામાં ઊંભા પગ કરીને સુતેલા આર્દ્રકુમારના પગમાં આંટીઓ ભરાવી દીધી. પછી બાળક તાળી પાડીને, ખુશ થતો બોલ્યો કે, 'મા ! મેં બાપુને બાંધી દીધા. હવે આપણને મુકીને બાપુ ક્યાંય નહિ જઈ શકે.' બાળકનાં આ કાલાં ઘેલાં વચનો સાંભળી આર્દ્રકુમાર સ્નેહરાગથી બંધાઈ ગયા. કામરાગના બંધનને ફગાવવાનો નિર્ણય કરી ચૂકેલા એ આર્દ્રકુમાર સ્નેહરાગની સાંકળમાં આબાદ ઝડપાઈ ગયા. એ કાચા સુતરના જેટલા આંટા હતા, તેટલાં વર્ષો સુધી સંસારમાં રહેવાનું તેમણે મનોમન નક્કી કરી લીધું. બાર આંટા હતા, તેથી બીજાં બાર વર્ષ સુધી સંસારમાં રહેવાનો નિર્ણય કરી લીધો.

### આવાં ય બંધનો હોય છે :

જેમને રાજ્યનું બંધન બાંધી ન શક્યું, જેમને અનાર્યદેશનું આખું સૈન્ય બાંધી ન શક્યું, જેમને મિથ્યામતિઓની તર્કજાળ બાંધી ન શકી, તે બળવાન રાજપુત્રને કામરાગને કારણે એક અબળા સંસારમાં બાંધી શકી. જ્યારે એ અબળા પણ સંસારમાં બાંધવા સમર્થ ન રહી ત્યારે એક નાનું બળહીન બાળક પણ એમને સ્નેહરાગના બંધનથી બાંધી શક્યું. આ છે સ્નેહરાગની તાકાત.

જેમને રાજ્યના તોતિંગ કિલ્લાઓ બાંધી ન શક્યા, તેમને સ્નેહરાગને કારણે એક સ્ત્રીના હાથે કંતાયેલા અને બાળકના હાથે બંધાયેલા કાચા સુતરના તાંતણાએ બાંધી લીધા. ફરી બાર વર્ષ સંસારના બંધનોમાં બંધાઈ રહેવું પડ્યું. છતાં આર્દ્રકુમારના એ રાગનાં બંધનો તીવ્ર અનુબંધવાળાં તો ન જ હતાં કે એની પરંપરા લાંબી ચાલે. એમના આત્મામાં પ્રગટી ચૂકેલ સમ્યગ્દર્શનના કારણે

અવિરતિના ઘરનો એ રાગ છેવટે તૂટ્યો અને ફરીથી કામરાગ-સ્નેહરાગને ફગાવી સર્વ સંગત્યાગ કરી એ પુણ્યાત્મા સંયમની સાધનામાં આગળ વધી ગયા.

તમારો સ્નેહ જેના પ્રત્યે હોય તેનું તમે ભલું કરો કે ભૂંડું કરો ? એના આત્માનું હિત થાય તેવો પ્રયત્ન કરો કે અહિત થાય તેવો પ્રયત્ન કરો ? તમારા ઘરમાં જન્મેલાં સંતાનોને આર્યત્વના સંસ્કાર મળે કે અનાર્યત્વના સંસ્કાર મળે ? આ તો છોકરો રાત્રે ન ખાતો હોય તો મા કહે, 'બેટા ! ખાઈ લે.' અને છતાં દીકરો ન જ ખાય તો આજની મા પરાણે એના મોઢામાં મૂકી દે અને કદાચ મા દીકરાને સારા સંસ્કારો આપવા રાત્રે ન ખવડાવતી હોય તો બાપ કહે કે 'તારે ત્યાગ કરવો હોય તો કર, પણ છોકરાને શું કામ હેરાન કરે છે ? એને રિબાવવાનો નહિ.'

પરમતારક પરમશ્રદ્ધેય ગુરુદેવશ્રી કહેતા કે, એક વર્ષીતપ કરનારી બાઈ હતી અને એના દીકરાને રાત્રે ખવડાવતી. કોઈએ પૂછ્યું, 'બહેન ! તમે વર્ષીતપ કરો છો અને દીકરાને રાત્રે ખવડાવો છો ?' એટલે એમણે સામે પ્રશ્ન કરતાં કહ્યું, 'એણે બચારાએ કયાં પાપ કર્યાં કે ન ખાય ?' આ સ્નેહરાગનું પરિણામ છે. **ધર્મક્રિયા કરનાર વ્યક્તિમાં પણ સ્વજનાદિ પ્રત્યેના સ્નેહમાંથી ધર્મવિરુદ્ધ પ્રવૃત્તિ થાય છે.** આ સ્નેહરાગની પ્રબળતા છે. **સ્નેહરાગ તો એટલો બધો ખરાબ છે કે માણસને ભાનભૂલો બનાવી દે. વાસ્તવિકતાઓ પણ સ્વીકારવા ન દે.**

### સ્નેહરાગની પરાકાષ્ઠા દેખાય છે શ્રી રામચંદ્રજીમાં :

રામચંદ્રજી અને લક્ષ્મણજી વચ્ચે એવો સ્નેહરાગ હતો કે દેવલોકના ઈન્દ્રને પણ કહેવું પડ્યું, 'આ બંને ય ભાઈઓ એક-બીજા વગર જીવી ન શકે.' આ વાત બે દેવોને ન બેઠી. એ પરીક્ષા કરવા મર્ત્યલોકમાં આવ્યા. એકે આવીને લક્ષ્મણજીની સામે દેવ-માયાથી એવું દૃશ્ય ઉભું કર્યું કે, સાક્ષાત્ રામચંદ્રજીનું મૃત્યુ થયું દેખાય અને બીજાએ આવીને અચાનક લક્ષ્મણજીને રામચંદ્રજીના મૃત્યુના સમાચાર આપ્યા.

'હે, રામચંદ્રજી ગયા ?'

આ બોલતાં જ આઘાત લાગવાથી લક્ષ્મણજીના પ્રાણ ચાલ્યા ગયા. રામચંદ્રજી પ્રત્યેના સ્નેહરાગમાંથી એમના વિના કઈ રીતે જીવી શકાય ? એ લાગણીના અતિરેકમાં એમનું મોત થઈ ગયું.

આ બાજું રામચંદ્રજીને આ સમાચાર મળ્યા કે, 'લક્ષ્મણજી ગયા.' તો એ કહે, 'મારો ભાઈ મને મૂકીને જાય જ નહિ, મારો ભાઈ મને પૂછ્યા વગર એક પગલું પણ માંડે નહિ.' સ્નેહરાગનો આ બીજો પ્રકાર. રામચંદ્રજી કોઈપણ સંયોગમાં એ માનવા તૈયાર ન હતા કે લક્ષ્મણનું મૃત્યુ થયું છે. તેઓ એમ જ માનતા હતા કે, 'મારો ભાઈ મારાથી રીસાઈ ગયો લાગે છે' એટલે જ તેઓ સતત લક્ષ્મણજીને મનાવવાનો પ્રયત્ન કરતાં કહેતા કે, 'ભાઈ ! તું બોલ ! કેમ મારાથી રીસાઈ ગયો છે ? બોલ, તને શું જોઈએ છે. તને જે જોઈએ તે આપું. લે, આ ખાઈ લે. લે, આ પી લે.' અગર જો કોઈ કહે કે, લક્ષ્મણજી મરી ગયા છે તો લાલ આંખ કરીને કહે કે, 'મારો ભાઈ સૂઈ ગયો છે. ખબરદાર છે જો આવું અપમંગળ બોલ્યા છો તો.'

જ્યારે રાજ્યમાં ચારેબાજુથી આ જ સાંભળવા મળ્યું ત્યારે રામચંદ્રજીએ લક્ષ્મણને ઉદ્દેશીને કહ્યું, 'ભાઈ ! અહીં બધા આપણા દુશ્મન બન્યા છે. આપણે સાથે રહીએ તે કોઈને નથી ગમતું. આપણો પ્રેમ આ લોકોથી સહન નથી થતો. ચાલ, આપણે હવે અહીં નથી રહેવું. રામચંદ્રજી લક્ષ્મણને ઉપાડીને જંગલમાં ચાલ્યા ગયા. છ મહિના સુધી લક્ષ્મણજીનું મડદું લઈને જંગલમાં ફર્યા છે.

આ વાસુદેવ વગેરેના શરીરનાં બંધારણ જ એવાં હોય છે કે મર્યા પછી એમાં છ મહિના સુધી કોઈ વિકૃતિ ન આવે. શ્રીરામચંદ્રજીના રથના સારથી કૃતાંતવદન મરીને દેવ બન્યા હતા. એમણે વિવિધ યુક્તિઓથી રામચંદ્રજીને પ્રતિબોધ આપી સ્નેહરાગથી પાછા વાળવાનું કામ કર્યું હતું.

સ્નેહરાગ પણ કઈ કક્ષાનો હોય છે વિચારો. ચાર જ્ઞાનને ધરનારા, પચાસ હજાર કેવળજ્ઞાની શિષ્યોના ગુરુ, અનંતલબ્ધિના નિધાન એવા શ્રીગૌતમ-સ્વામીજી ગણધરને પણ પ્રભુ શ્રીમહાવીરસ્વામીજી ઉપર વ્યક્તિગત સ્નેહરાગ જ્યાં સુધી હતો ત્યાં સુધી એમને પણ કેવળજ્ઞાન ન થયું. વ્યક્તિગત સ્નેહરાગ એ મોહ છે. શાસ્ત્રમાં આવો સ્નેહરાગ કરવાનો નિષેધ કરાયો છે. **ષોડશક ગ્રંથ**ની ટીકામાં લખ્યું છે કે -

'मोहो हि ससङ्गप्रतिपत्तिरूपः शास्त्रे निवार्यते गुरुषु गौतम-
स्नेह-प्रतिबन्धन्यायेन तस्य मोक्षं प्रत्यनुपकारकत्वात् ।'

'સંગના સ્વીકારરૂપ મોહ છે, શાસ્ત્રમાં ગૌતમસ્વામીજીના પ્રભુ પ્રત્યેના સ્નેહરાગના દાખલાથી ગુરુ પ્રત્યે આવા મોહનું નિવારણ કરવાનું કહ્યું છે. કારણ કે, આવો મોહ એ મોક્ષ અપાવવામાં સહાયક બનતો નથી, પણ બાધક બને છે.'

સ્નેહ રાગમાં પાંચે ઈન્દ્રિયોના વિષયો માણવાની સીધી ભાવના નથી, પણ માત્ર કોઈ વ્યક્તિને જુએ અને એને એ ગમે. વ્યક્તિની વાત સાંભળે તો પણ એ સાંભળવી ગમે, એનો સંગ, સહવાસ મળે તે ગમે. એનો વિયોગ થાય તે ન ગમે. એના સુખમાં પોતાને સુખનો અનુભવ થાય અને એના દુઃખમાં પોતાને દુઃખનો અનુભવ થાય. એના માટે કંઈક કરી છૂટવાની, ઘસાવાની લાગણી થાય, આ બધું સ્નેહરાગનું પરિણામ છે. કોઈની ઈચ્છા કોઈની સાથે જીવવાની હોય, તે વ્યક્તિ ન મળે તો એ જિંદગી જીવે, પણ એ જિંદગી મરવા કરતાં ય ખરાબ રીતે જીવે, પળે પળે એને યાદ કરીને જીવે એવું પણ સ્નેહરાગમાં બને છે.

**મરુદેવા માતાનો સ્નેહરાગ :**

મરુદેવા માતા ભગવાન ઋષભદેવની દીક્ષા પછી એક હજાર વર્ષ સુધી રડતાં રડતાં જીવ્યાં તે પુત્ર પ્રત્યેના સ્નેહરાગનું પરિણામ હતું. કલિકાલ સર્વજ્ઞ પ્રભુએ મરુદેવા-માતા અને ભરત ચક્રવર્તીના સંવાદને અનોખી શૈલીમાં આલેખ્યો છે.

એકવાર અયોધ્યામાં ભરત માતામહીને વંદન કરવા સવારના પહોરમાં ગયા. પુત્રના વિરહના કારણે સતત એક હજાર વર્ષ સુધી અશ્રુજળ વહેડાવતાં રહેવાના કારણે મરુદેવા માતાનાં નેત્રનાં તેજ અવરાઈ ગયાં હતાં.

માતામહી મરુદેવાને જ્યારે પૌત્ર ભરતે નમસ્કાર કર્યા ત્યારે એમણે એમને આશીર્વાદ આપ્યા. ભરતના સામિપ્યથી એમનો પુત્રસ્નેહ જાગૃત થયો અને પુત્ર-વિરહના શોકથી એ પુનઃ વ્યથિત થઈ બોલવા લાગ્યાં -

'ભરત ! મારો પુત્ર ઋષભ મને, તને, સમગ્ર પૃથ્વીને, આ પ્રજાને અને સંપત્તિને ઘાસના તણખલાની જેમ છોડી એકાકી ચાલ્યો ગયો, છતાં એની મા આ મરુદેવા મૃત્યુ પામી નથી !



ભરત ! મારા ઋષભના મસ્તક પર ચંદ્રના કિરણો પણ એને ન અડે તેવું દિવ્ય તેજસ્વી છત્ર રહેતું હતું તે એનો વૈભવ ક્યાં અને આજે છત્રરહિત થવાથી સૂર્યનો તાપ, વરસાદ આદિનો ઉપદ્રવ થાય એ અવસ્થા ક્યાં ?

ભરત ! મારો ઋષભ મદમસ્ત ગજરાજ પર બેસતો, વિધ-વિધ રથાદિ વાહનોમાં ભ્રમણ કરતો હતો અને આજે આ કઈ દશા કે સામાન્ય પાદચારીની જેમ ચાલે છે !

ભરત ! મારા ઋષભને ઉત્તમ ચામરો ઢોળાતા, એના શરીર પર મચ્છર તો શું, માખી પણ બેસવા દેતા નહોતા ને આજે એ જ મારો ઋષભ જંગલના રાની ડાંસ, મચ્છર અને જીવજંતુઓના દંશ સહન કરે છે.

બેટા ! મારા ઋષભે ક્યારેય અન્ન ખાધું નથી, એણે તો દેવોએ લાવેલા દિવ્ય ફળો વગેરેનો જ આહાર કરેલો છે, આજે તો તેને ઘરે ઘરે ફરી ભિક્ષા દ્વારા નિર્વાહ કરવો પડે છે.

વત્સ ભરત ! પહેલાં મારા ઋષભને સોનાનું અને રત્ને જડ્યું સિંહાસન હતું. એના ઉપર ઈન્દ્ર, મહેન્દ્રની જેમ એ બેસતો અને આજે બેસવા માટે આસન પણ નથી !

ભરત ! આ અયોધ્યાનો એ અધિપતિ હતો અને દેવો અને નરેન્દ્રોથી એ રક્ષાયેલો હતો. આજે એની રક્ષા કેવળ એનું ભાગ્ય કરે છે. ચારે બાજુ જંગલી પશુઓથી એ ઘેરાયેલો રહે છે.

વ્હાલા ભરત ! પહેલાં તો મારા ઋષભને દેવાંગનાઓ બત્રીશબદ્ધ નાટકો અને છત્રીસે રાગ-રાગિણીઓ દ્વારા આનંદિત કરતી અને આજે એની આગળ સર્પોનાં નૃત્યો અને હિંસ્ર શ્વાપદોની ગર્જનાઓ જ થાય છે.

અહો ! મારો પ્રિય પુત્ર ઋષભ કેટકેટલાં કષ્ટો ભોગવે છે.

અહો ! કમળથી ય કોમળ એની કાયા વર્ષાઋતુની જળધારા ઝીલે છે. હેમંતઋતુની કડકડતી ઠંડી એને પરેશાન કરે છે. ઉષ્ણઋતુ એને વનવાસી હાથીની જેમ સંતપ્ત કરે છે.

આવી રીતે સતત મારો પુત્ર નિરાધાર, ઘર વિનાનો થઈ રખડતા માણસની જેમ એકાકી થઈ ફરે છે. એ અપાર દુઃખો વચ્ચે ઘેરાયેલો રહે છે.

ભરત ! મારો એ ઋષભ આવો દુઃખથી ઘેરાયેલો છે. એ જ હાલતમાં મારી સામે ઊભો છે એમ હું પળેપળ અનુભવ કરી રહી છું.'

માતા મરુદેવાની આ ચિંતનધારા પોતાના પુત્ર પ્રભુ ઋષભદેવ પરના સ્નેહરાગનું પરિણામ હતું.

આ સ્નેહરાગના કારણે રુદન અને રુદનના કારણે આંખનું તેજ ચાલ્યું ગયું.

પૂર્વાચાર્યોએ તો આ પ્રસંગને વિધ-વિધ સ્વરૂપે આલેખ્યો છે. કેટલાક આલેખનોમાં તો માતા-ભરતને ઓળંભો-ઠપકો આપતાં પણ વર્ણવ્યાં છે.

*'બોલ-બોલ આદેસર વ્હાલા, કાંઈ થારી મરજી રે કે મ્હાંસુ મુઢે બોલ'*

આ રાજસ્થાની ભાષાનું લોકપ્રસિદ્ધ સ્તવન આવા સંવાદથી ભરેલું છે.

તો ભક્ત કવિ આચાર્ય શ્રીજ્ઞાનવિમલસૂરિજી મહારાજે સજ્ઝાયમાં આ જ પ્રસંગ સશક્ત શબ્દોમાં ઢાળ્યો છે.

તેના શબ્દો આ રહ્યા :

*'એક દિન મરુદેવી આઈ, કહે ભરતને અવસર પાઈ,*
*તું તો ષટખંડ પૃથ્વી માણે, મારા સુતનું દુઃખ નવિ જાણે-૧*

*તું તો ચામર છત્ર ધરાવે, મારો ઋષભ વિકટ પથ જાવે,*
*તું તો મંદિરમાં સુખ વિલસે, મારો અંગજ ધરતી ફરસે-૨*

*તું તો સરસા ભોજન આસી, મારો ઋષભ નિત્ય ઉપવાસી,*
*તું તો સ્વજન કુટુંબે મ્હાલે, મારો ઋષભ એકલડો ચાલે-૩*

*તું તો વિષયતણાં સુખ સોચી, મારા સુતની વાત ન પૂછી,*
*એમ કહેતા મરુદેવી વયણે, આંસુ-જલ આવ્યાં નયણે-૪*

*એમ સહસ વરસને અંતે, લહ્યું કેવળ ઋષભ ભગવંતે,*
*તવ ભરત ભણે સુણો આઈ, સુત દેખી કરો વધાઈ-૫*



*આઈ ગજ ખંધે બેસાડ્યાં, સુત મળવાને પધાર્યાં,*
*કહે એહ અપૂરવ વાજાં, કુણ વાગે છે એ તાજાં-૬*

*તવ ભરત ભણે સુણો આઈ, તુમ સુતની એ ઠકુરાઈ,*
*તુમ સુત આગે ઋદ્ધિ સહુની, તૃણ લે સુર-નર બેઉની-૭*

*હરખે નયણે જળ આવે, તવ બેઉ પડલ ખરી જાવે,*
*હું તો જાણતી દુઃખીયો કીધો, સુખીયો તે સહુથી અધિકો-૮*

*મોહ ગયો અન્યત્વ ભાવે, તવ સિદ્ધ સ્વરૂપે થાવે,*
*જ્ઞાનવિમલ શિવનારી, તસ પ્રગટે અનુભવ સારી-૯'*

બોલો, આવી મા પણ આજે કોઈને મળી છે ?

માતા ત્રિશલાજીનો પણ પ્રસંગ આપણે જાણીએ છીએ. જ્યારે પરમાત્મા શ્રી મહાવીર દેવનો આત્મા ગર્ભમાં હતો. માતાજીએ એમને જોયા પણ નહોતા. માતાજી ઉપરની ભક્તિથી પ્રેરાઈને પ્રભુએ પોતાના અંગોપાંગનું હલન-ચલન બંધ કર્યું. ત્યારે માતાને જે વિકલ્પો ઉભા થયા હતા. તેનું વર્ણન કલ્પસૂત્રનાં પ્રવચનોમાં તમે સાંભળ્યું હશે. આખું રાજભવન, સમસ્ત ક્ષત્રિયકુંડ નગર માતાજીના શોક સાથે શોકસાગરમાં ડુબી ગયું હતું. માતાજી, પિતાજી કે પ્રજાજનોને જે શોક થયો તેના મૂળમાં પણ સ્નેહરાગ જ કામ કરતો હતો.

### ગૌતમ મહારાજાને કેવલી બનતાં અટકાવ્યા સ્નેહરાગે :

ગૌતમ મહારાજા જેવા છઠ્ઠા-સાતમા ગુણ સ્થાનકે રમણતા કરનારા મહર્ષિ, નિર્મળ કોટિના મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યાય એવાં ચાર જ્ઞાનને ધરનારા, શ્રુતકેવળી, શાસનના શિરતાજ, પ્રથમ ગણધર, ભગવાનની પાદપીઠ ઉપર બેસીને સમવસરણમાં દેશના આપનારા, પચાસ હજાર કેવળજ્ઞાની શિષ્યોના ગુરુ, જેને જેને દીક્ષા આપી તે દરેકને કેવળજ્ઞાનની ભેટ ધરનારા એવા પણ ગૌતમ મહારાજાને કેવળજ્ઞાન શા માટે થતું ન હતું ? શું એમને કેવળજ્ઞાન નહોતું જોઈતું ? શું એમની સાધનામાં કાંઈ ખામી હતી ? ના, એમને કેવળજ્ઞાન જોઈતું હતું અને એમની સાધનામાં પણ બીજી કોઈ ખામી ન હતી, પણ એમના ભક્તિરાગમાં સ્નેહરાગના કણીયા હતા. પ્રભુ મહાવીર સ્વામીજી પ્રત્યે એમને અપાર ભક્તિરાગ હતો. પરંતુ એમાં દેવતત્ત્વ કે ગુરુતત્ત્વના રાગ ઉપરાંત

વ્યક્તિગત સ્નેહરાગનો અંશ ભળ્યો હતો, જે એમની કક્ષાની વ્યક્તિ માટે કેવળજ્ઞાનમાં બાધક બને તેમ હતો. આ સ્નેહરાગે જ એમને કેવળજ્ઞાન થવા ન દીધું. કેવળજ્ઞાન રૂપ વિમાન તો ક્યારનું આવીને એમની આસપાસ આંટા મારતું હતું. પણ એને ઊતરવા માટે ક્લીયર રનવે મળતો ન હતો. આ સ્નેહરાગ એમાં બાધક હતો. આ સ્નેહરાગે જ એમને નિર્મળ કેવલજ્ઞાનથી દૂર રાખ્યા અને જે ક્ષણે એઓ સ્નેહરાગથી મુક્ત બન્યા, આત્મભાવમાં લીન બન્યા, તે જ ક્ષણે રનવે ક્લીયર થયાનું સિગ્નલ મળતાં એમનું કેવળજ્ઞાન વિમાન હેમખેમ ઊતર્યું.

## સ્નેહરાગ અને ગુણરાગની ભેદરેખા :

**સભા :** *ગુરુ પ્રત્યેનો રાગ પણ સ્નેહરાગ ગણાય ?*

તમારા આ પ્રશ્નનો જવાબ 'હા' અને 'ના' એમ બે રીતે આપી શકાય તેવો છે. **ગુરુ પ્રત્યે વ્યક્તિ તરીકેનો રાગ હોય તો એ સ્નેહરાગ છે અને જો તે ગુરુતત્ત્વ તરીકેનો રાગ હોય તો સ્નેહરાગ પણ ગુણરાગ, ભક્તિરાગ છે.** કારણ કે, જેને તત્ત્વ પ્રત્યે જ રાગ હોય તેને ગમે તેટલી વ્યક્તિઓ બદલાય, પણ એ બદલાયેલ વ્યક્તિમાં જો ગુરુતત્ત્વ અકબંધ હોય તો એમાં કોઈ વિકલ્પ ન જાગે. પણ જેને વ્યક્તિ તરીકેનો જ રાગ હોય એના મનમાં દ્વિધા ઉભી થયા વગર ન રહે. **આપણને ગુરુ પ્રત્યેનો રાગ પણ ગુરુતત્ત્વ તરીકે જ જોઈએ.** ગુરુ પ્રત્યેના રાગમાં સ્નેહના કણીયા ન જોઈએ. સ્નેહના કણીયા આવી જાય એમ બને, પણ સાધક એને લાવવા જેવા કે રાખવા જેવા ન માને, એ એને કાઢવાનો જ પ્રયત્ન કરે. તત્ત્વરાગ અને સ્નેહરાગ વચ્ચેનું આ વિભાગીકરણ અતિ વિવેકશીલ વ્યક્તિઓ જ કરી શકે.

**સભા :** *આપના પરમતારક ગુરુદેવશ્રી પ્રત્યે આપને જે રાગ છે તે કેવા પ્રકારનો છે ? ગુણરાગ કે સ્નેહરાગ ?*

પૂજ્યપાદ પરમતારક, પરમશ્રદ્ધેય, પરમગુરુદેવશ્રીજીનું વ્યક્તિત્વ જ એવું ગુણસમૃદ્ધ હતું કે તેઓશ્રી પ્રત્યે વિવેકી કોઈને પણ ગુણાનુરાગ અને ભક્તિભાવ પ્રગટ્યા વિના ન રહે. આમ છતાં વ્યક્તિ વિશેષને એમના પ્રત્યે સ્નેહરાગ ન જ થાય એવું તો ન કહી શકાય.



**મોહાધીન મનમાં સ્નેહરાગ હોય છે અને વિવેકસભર હૃદયમાં ભક્તિરાગ, ગુણરાગ હોય છે.** ભક્તિરાગ બહુ વિશિષ્ટ વસ્તુ છે. ભક્તિરાગમાં ક્ષયોપશમ ભાવની છાયા હોય છે અને જ્યારે ક્ષયોપશમ ભાવની છાયા હોય ત્યારે સંઘ પ્રત્યે, શાસન પ્રત્યે, ગુરુ પ્રત્યે જે રાગ હોય તે ભક્તિરાગ જ હોય છે.

## પરમગુરુદેવનો સાંતાક્રૂઝની બિમારીનો પ્રસંગ :

વ્યક્તિગત મારી વાત કરું તો હું કહી શકીશ. મારા હૃદયમાં તેઓશ્રી પ્રત્યે જે રાગ હતો અને છે તે મહદઅંશે ગુણરાગ અને ભક્તિરાગ જ હતો અને છે. આમ છતાં એમાં સ્નેહરાગ નહિ જ હોય એવું તો નહિ જ કહી શકું. પણ બેયમાંથી પ્રાધાન્ય તો ગુણરાગ-ભક્તિરાગનું જ રહ્યું છે એવું તો નિશ્ચિતપણે કહી શકીશ. કારણ કે મારા સંયમ જીવનના પ્રારંભિકકાળથી જ તેઓશ્રીજીના જીવનના અનેક પ્રસંગો જોવા જાણવા મળ્યા અને એ દરેક પ્રસંગમાં મેં તેઓશ્રીજીના વ્યક્તિત્વને ઊંડાણથી સમજવાનો પ્રયત્ન કર્યો છે અને કરતો રહ્યો છું. એના પરિણામે પ્રારંભિક કાળમાં મારા મનમાં એક માન્યતા ઘર કરીને બેઠી હતી કે આ મહાપુરુષ બોલે છે તે બધું કરી શકે છે, પણ એક વસ્તુ નહિ કરી શકે. એમની કાયા એટલી બધી નાજુક હતી, ચામડી પણ એટલી બધી સુંવાળી હતી કે આ કાયા રોગ કે દુઃખને સહન નહિ કરી શકે. ભલે એ વ્યાખ્યાનમાં ગમે તેટલો ઉપદેશ આપતા હોય કે, **'સુખ ભૂંડું અને દુઃખ રુડું.'** પણ એમને જ્યારે કોઈ રોગ આવશે ત્યારે એ દુઃખ સહન નહિ કરી શકે, એવું મને અંદરખાને લાગતું હતું. પણ જ્યારે વિ.સં. ૨૦૨૯ની સાલમાં શાંતાક્રૂઝમાં ભયંકર બિમારી આવી, આખા મોઢામાં ચાંદાં પડી ગયાં. એક ચાંદું થયું હોય તો ય આપણી કેવી હાલત થાય છે તે આપણને ખબર છે. એમના મોઢામાં ચામડી ક્યાંય દેખાતી જ ન હતી. આખા શરીરે મોટા મોટા ફોડલા, ૨ થી ૩ ડીગ્રી તાવ, પેશાબમાં એકલું લોહી જાય. સાત-આઠ દિવસ પાણીનું બુંદ પણ મોઢામાં ગયું ન હતું. આ માંદગી ૨૦ દિવસ ચાલી. એ માંદગી દરમ્યાન 'મારા માટે શું વ્યવસ્થા કરી ? ડૉક્ટરોને બોલાવ્યા કે નહિ ? ચિકિત્સા શું કરો છો ? મને આ દુઃખે છે' વગેરે કોઈ જાતની રજુઆત કે ફરિયાદ એમણે કરી નથી.

મોટા-મોટા ડૉક્ટરો આવ્યા. ડૉક્ટરોએ એમને તપાસ્યા. પછી અમે બાજુના રૂમમાં ગયા. ડૉક્ટરોએ એમને કહ્યું, 'મહારાજ સાહેબ ! મોટા મહારાજની

શ્વાસનળી ઉપર જોખમી પૂરવાર થાય એવો સોજો આવ્યો છે. કઈ મિનિટે શ્વાસ બંધ થઈ જશે, ખબર નહિ પડે. પેશાબમાં એકલું લોહી જાય છે. એમને હમણાંને હમણાં હૉસ્પીટલમાં એડમીટ કરવા પડશે. ગળામાં હોલ પાડીને શ્વાસ ચાલુ રાખવો પડશે, નહિતર કેસ કલાક-બે કલાકમાં ખલાસ થઈ જશે !'

ડૉક્ટરની વાત અમને વ્યાજબી લાગી. તેથી અમે બધા એકમતે તૈયાર થઈ ગયા. કારણ કે, હવે જોખમ લેવાય એવું ન હતું. અમે બધું નક્કી કરીને ગુરુદેવની રૂમમાં ગયા. એમનાથી કાંઈ પણ બોલાય એવી શારીરિક સ્થિતિ ન હતી. છતાં એમને કાંઈક કહેવું હતું એટલે અમને ઈશારાથી કહ્યું, 'તમારી બધી વાત મેં સાંભળી લીધી છે' પછી મહેનત કરી એટલું જ બોલ્યા, **"આજ્ઞા"**, અને એ પછી ઈશારાથી કહ્યું કે, 'મને અહીં જ રાખવાનો છે.' અમારે માટે **"આજ્ઞા"** એ છેલ્લો શબ્દ હતો. આજ્ઞા સામે કાંઈ કરી શકાય તેમ ન હતું. એથી હૉસ્પીટલમાં લઈ જવાનો વિચાર માંડી વાળ્યો. પછી ત્યાંને ત્યાં ઉપાશ્રયમાં જ રાખીને બધી ટ્રીટમેન્ટ ચાલુ કરી.

આ આખી બિમારી દરમ્યાન એમણે વેદનાની એક ફરિયાદ ન કરી. મરણ પ્રાયઃ વેદનાને બહુ સહજ રીતે સમભાવે સ્વીકારી લીધી હતી. આ જોઈને મારો ભ્રમ ભાંગી ગયો. એ દિવસોમાં તેઓશ્રીજીની પરિચર્યા કરવાનો મને લાભ મળ્યો. બહુ નિકટમાં રહેવા મળ્યું. બહુ નજીકથી મેં સુખ અને દુઃખના પ્રસંગોમાં એમની સમચિત્તતા જોઈ. પોતાની આવી જીવલેણ માંદગીમાં પણ તેઓ આશ્રિત મહાત્માઓની ચિંતા કરતા. સાથેના એક મહાત્મા દર પખવાડિયે એક અઠ્ઠાઈ કરતા. એમનું પારણું ક્યારે આવે છે તેને પણ તેઓશ્રી પોતાની આવી વિષમ સ્થિતિમાં ય યાદ રાખતા અને જે દિવસે પારણું હોય તે દિવસે મારા ગુરુદેવ (પૂ. ગુણયશસૂરિજી મ.)ને બોલાવીને તેમની ભક્તિ માટેની ભલામણ કરતા. આશ્રિતગણની આવી કાળજી એમણે આ માંદગીના દિવસોમાં લીધી છે.

### અસ્વસ્થતામાં પણ જવાબદારીનું ભાન :

એ વખતે રાષ્ટ્રીય સ્તરે ભગવાન મહાવીર પરમાત્માના નિર્વાણની પચ્ચીસો વર્ષની ઉજવણીની વિચારણાઓ થઈ રહી હતી. રાષ્ટ્રીય સ્તરે થતી ઉજવણીનાં નુકસાનો અંગે મહાત્માઓ, સંઘના આગેવાનો, કાઉન્સીલરો આદિ સાથે કેટલીક



મીટીંગો થતી હતી. આવી નાજુક તબિયતે પણ તેઓ એ મીટીંગ પોતાની નિશ્રામાં કરાવતા અને કોઈની કોઈ વાત યોગ્ય ન લાગે તો ઈશારાથી એમને અટકાવતા. જરૂરી માર્ગદર્શન પણ આપતા. તેઓશ્રીએ પોતાના જૈન શાસનના જવાબદાર આચાર્ય તરીકેના કર્તવ્યથી આવા નાજુક સમયમાં પણ પીછેહઠ કરી નહોતી. નખશીખે સુકોમળ શરીર હોવાના કારણે રોગાદિ કષ્ટને તેઓશ્રી સહી નહિ શકે એવો મારો ભ્રમ ત્યારે ભાંગવાના કારણે મને એ વખતે થયું કે લોકમાં કહેવત છે, 'ડુંગરા દૂરથી રળિયામણા.' 'ડુંગરા ભલે દૂરથી રળિયામણા હોય. પણ મેરુ પર્વત તો જેમ જેમ વધુ નજીક જઈએ તેમ તેમ તે વધારે રળિયામણો લાગતો હોય છે. ગુરુદેવશ્રીજીનું જીવન મેરુપર્વત જેવું રળિયામણું હતું. દૂરથી પણ અને નજીકથી પણ.

તેઓશ્રીએ પોતાના જીવનકાળમાં પોતાના અતિ નજીક ગણાતા શિષ્યોની પણ ક્યારેય કોઈ અપેક્ષા રાખી નથી. માર્ગરક્ષાના અવસરે એમણે એ શિષ્યોને પણ કહ્યું હતું કે, 'તમને ડર હોય કે આજે આપણા માથે ગુરુ છે, એમનું પુણ્ય છે, એટલે બધુ સારું છે, કાલે એ ચાલ્યા ગયા પછી આપણું શું ? તમને આવો ભય સતાવતો હોય અને તમારે મને છોડીને બીજે જવું હોય તો તમે ત્યાં જઈ શકો છો. મારી ચિંતા નહિ કરતા. હજુ આજે પણ આ તરપણી અને દાંડાના સહારે હું મારો નિર્વાહ કરી શકું છું.' બાણું વર્ષની ઉંમરે પણ તેઓશ્રીમદ્‌માં આવી સહજ ખુમારી હતી.

એવી જ રીતે એમને જ્યારે ખંભાતમાં એક મોટી માંદગી આવી હતી ત્યારે પણ એમને બહુ નજીકથી જોયા છે. માંદગી એમને માટે મહોત્સવરૂપ હતી. એ આખી માંદગીમાં એઓશ્રીએ જે ચિંતન કર્યું હતું, તે અંગે અમે જ્યારે તેઓશ્રીને પૂછ્યું, ત્યારે અમને ખબર પડી. **'આ મનુષ્યના શરીર વગર મોક્ષ મળે નહિ અને આ શરીર ઉપર મમતા રહે ત્યાં સુધી ય મોક્ષ મળે નહિ.'** આ મુદ્દાની ધરી ઉપર તેઓશ્રીની ચિંતનધારાની સરિતા વહી રહી હતી. જેના નિર્મળ સલિલમાં સ્નાન કરીને તેઓશ્રીએ પોતાના સમાધિભાવને પુષ્ટ કર્યો હતો.

એક એક દિશામાં જે એમની પારદર્શિતા હતી, જે એમની આધ્યાત્મિકતા હતી, જે એમનું નેતૃત્વ હતું, જે એમની યોગક્ષેમ કરવાની શક્તિ હતી, જે

એમની અનેકાંતના સિદ્ધાંતથી પરિકર્મિત પ્રજ્ઞા હતી, જે શાસ્ત્રની પ્રબુદ્ધતા હતી, જે પરાર્થકરણની વૃત્તિ-પ્રવૃત્તિ હતી, જે સમ્યગ્દર્શનની નિર્મળતા હતી, જે દેવ-ગુરુ-ધર્મ પ્રત્યેનો સમર્પણ ભાવ હતો, જે શાસનનિષ્ઠા હતી, જે શાસન માટે શહાદત વહોરવાનું સામર્થ્ય હતું, એ લોકોત્તર વ્યક્તિત્વ હવે ક્યાં જોવા મળશે ? એની આ વ્યથા છે.

### સાધુતાની સુરક્ષા કાજે સૂરિસમ્રાટની શહાદત :

આપણી દૃષ્ટિએ એક નાનકડી ગણાતી બાબતમાં એમણે એક મોટી શહાદત વહોરી લીધી હતી. ૯૦ ને ૯૫ વર્ષની ઉંમ્મરે પણ એમનું આરોગ્ય એક નવજુવાનને શરમાવે તેવું સારું હતું. સેંકડો સાધુ-સાધ્વીના ગુરુ અને મહારાજા જેવો મહિમા હોવા છતાં રાજરોગ કહેવાય તેવા એક પણ રોગ એમને ન હતા. એમને ડાયાબીટીશ ન હતું, બ્લડપ્રેશર ન હતું, કોલેસ્ટ્રાલ ન હતું, એગ્રાવેશન કે ડિપ્રેશન ન હતાં, સ્લીપડીસ્ક ન હતું, કાયા મહદંશે નીરોગી હતી. મન સંતુલિત હતું. એકમાત્ર ઉંમરને કારણે છેલ્લા પંદર દિવસમાં એમના હૃદયનું ધડકન ઓછું થયું હતું. 'એક નાનો ચીરો મૂકીને એક નાનકડી પેસમેકરની ડબ્બી મૂકવામાં આવે તો બીજા-દશ વર્ષ સુધી કોઈ એમના જીવનને કોઈ વાંધો ન આવે એવું એમનું આરોગ્ય છે.' - એવો ચિકિત્સકોનો અભિપ્રાય હતો. હૃદયનું ધડકન નિયમિત ચાલ્યા કરે. સૌ કોઈને આ રસ્તો ગમી જાય તેવો હતો. મહારાજજી બચી જાય તો સંઘનું યોગક્ષેમ સારી રીતે થઈ શકે. આ લાભ નાનો-સૂનો ન હતો. એ લાભને જ આંખ સામે રાખીને ડૉક્ટરોની સલાહને સ્વીકારી પેસમેકર બેસાડવાની માનસિક તૈયારી ભક્તગણ કરી ચૂક્યો હતો. પણ આ નિર્ણય મહારાજજીની બાબતમાં લેવાનો હતો અને એમના જીવનની બાબતનો પ્રત્યેક નિર્ણય એમને જણાવ્યા વિના, એમની સંમતિ મેળવ્યા વિના લઈ શકાય, એવી અમને કોઈને ય ક્યારેય સ્વતંત્રતા આપવામાં આવેલી ન હતી. પોતાની જીવનની ગંભીર ગણાતી એવી આ પરિસ્થિતિમાં પણ એ સ્વાયત્ત હતા. શિષ્યોને, ભક્તોને કે ચિકિત્સકોને એ પરાધીન ન હતા. માટે જ જ્યારે મહારાજ સાહેબને કહ્યું કે,

'ભગવંત ! ડૉક્ટર ઈન્જેક્શન મારીને છાતીમાં એક નાનો ચીરો મૂકીને અંદર એક નાનકડી ડબ્બી મુકવાનું કહે છે.'



'એ ડબ્બીથી શું થાય ?'

'સાહેબ ! આપના હાર્ટબીટ (હૃદયના ધબકાર) નૉર્મલ થઈ જાય.'

'એ ડબ્બીમાં શું હોય ?'

'સાહેબ ! એમાં એક નાનકડો રાઈનાં દાણા જેટલો સેલ હોય.'

'એટલે બૅટરીનો સેલ જ ને !'

'હા સાહેબ !, પણ બહુ જ નાનકડો હોય છે.'

'નાનકડો પણ બેટરીનો સેલ ને ? તો એ મારે ન જોઈએ.'

'પણ સાહેબ ! એનાથી આપનાં બીજાં પાંચ-દશ વર્ષ આરામથી નીકળી જાય.'

'આપણે આવું ઝાઝું જીવીને શું કરવું છે ? સંયમને બાધ આવે તેવી એક પણ પ્રવૃત્તિ મારે નથી કરવી.'

**દુનિયાની દૃષ્ટિએ અતિ સામાન્ય ગણાતી બાબત પણ એમને મન સામાન્ય ન હતી. વિરાધના કરીને, વિરાધના ચાલુ રાખીને જીવવું એના કરતાં સંયમ સાધના કરતાં કરતાં મરી જવું એમને વધુ પસંદ હતું.**

એમને જીવવાનો લોભ ન હતો. એમને જીવવાનો જેમ લોભ ન હતો તેમ સંયમ જીવનની મર્યાદા ખાતર પ્રાણની આહુતિ આપવાની પણ એમની પૂરી તૈયારી હતી અને એ ખાતર એમણે પ્રાણની ન્યોછાવરી કરી દીધી. પ્રભુ શાસનના આચાર માર્ગની સુરક્ષા માટે અને ભાવી પેઢી કોઈ નબળા આદર્શો પકડી ન લે તે માટેની આ એક શહાદત હતી.

### ગુરુદેવશ્રીજીએ આગમોને જીવનમાં જીવી જાણ્યાં :

વ્યવહાર ભાષ્ય નામના છેદસૂમાં લખ્યું છે. 'આચાર્યને લાગે કે હવે આ દેહથી શાસનની સેવા કે આશ્રિતોનો યોગક્ષેમ થઈ શકે તેમ નથી તો તે દેહની પરિચર્યા બંધ કરે.' કાળધર્મના એક સપ્તાહ પહેલાં જ એમણે અમને બોલાવીને કહ્યું, 'આજ સુધી તમે મારી ચિકિત્સા કરતા હતા, તેમાં મેં ક્યારેય ના નથી પાડી. કારણ કે, મને એમ લાગતું હતું કે આ શરીરથી હું શાસનની સેવા અને શ્રીસંઘનો યોગક્ષેમ કરી શકીશ, પણ હવે મને નથી લાગતું કે, ચિકિત્સાથી કદાચ

થોડો-ઘણો સાજો થઈ જઈશ તો પણ હવે આ શરીરથી શાસનની સેવા કે શ્રીસંઘનો યોગક્ષેમ થઈ શકે, માટે હવે તમે આ ચિકિત્સા બંધ કરો ! મને એકાંતમાં મારી આરાધના કરવા દો !' વ્યવહાર ભાષ્યની એ પંક્તિને જીવનમાં ચરિતાર્થ કરીને આ રીતે તેઓશ્રી ઈચ્છામૃત્યુને વર્યા હતા. એમના અંતિમ સમયે એમની ઈચ્છા મુજબ દ્રવ્ય-ચિકિત્સાનું એક પણ સાધન એમના શરીર સાથે સંલગ્ન ન હતું. ભાવ-ચિકિત્સા કરનાર ચતુર્વિધ શ્રીસંઘ જ એમની ભાવ-ચિકિત્સા કરી રહ્યો હતો. ભાવ-ચિકિત્સાનો માર્ગ બતાવતા શ્રી અરિહંતના ધ્યાનમાં એકતાન થઈને તેઓશ્રીએ અંતિમ શ્વાસ લીધો હતો.

તેઓશ્રીના જીવનના એક-એક પ્રસંગ સાંભળો તો ખબર પડે કે એ વ્યક્તિત્ત્વ કેવું મહાન હતું. એમના પ્રત્યેનો અમારો રાગ એ એમનામાં રહેલા ગુરુતત્ત્વને કારણે છે. એ રાગ એ કોઈ વ્યક્તિગત રાગ નથી, પણ વ્યક્તિમાં આશ્રય કરીને રહેલા વિશિષ્ટ ગુણો પ્રત્યેનો જ રાગ છે.

એમના પ્રત્યેક વ્યવહારમાં ગુરુતત્ત્વનો ધબકાર દેખાતો હતો. એ વાત્સલ્યથી હાથ ફેરવતા, ત્યારેય એમાં ગુરુતત્ત્વનો ધબકાર દેખાતો અને લાલ આંખ કરીને ધોલાઈ કરતા ત્યારે પણ એમાં ગુરુતત્ત્વનો ધબકાર દેખાતો. એમની પ્રવચન સભાઓ જીવતી, જાગતી અને ધબકતી રહેતી. મુંગી સભા એમને પાલવતી ન હતી. સભામાં ચેતના કેમ લાવવી એ એમની સાહજિક-આગવી શક્તિ હતી. ચાર, પાંચ વાક્ય બોલે ત્યાં જ સભા બોલતી થઈ જતી. તેમાં પ્રશ્નોત્તરી પણ થતી. પ્રશ્નોત્તરીમાં માર્ગને નુકશાન થાય એવો કોઈ પ્રશ્ન આવતો અને કોઈ કુતર્ક કરીને સભા ઉપર છવાઈ જવાનો પ્રયત્ન કરતો તો એ વખતે એમનો પુણ્ય પ્રકોપ જે ઊતરતો તે તો જેણે જોયો હોય તે જાણે. ત્યારે ધોબીના ગુણ એમનામાં જોવા મળતા.

ધોબીના ગુણ તમને ખબર નહિ હોય. ધોબી કપડાની ધોલાઈ કરે. પણ કેવી રીતે ? કપડાનો મેલ જવો જોઈએ, પણ કપડું સહેજે ફાટવું ન જોઈએ. તેઓશ્રીજી અવસરે સાધુ કે શ્રાવકની ધોલાઈ પણ કરતા. કડક અને કડવાં વચનો પણ કહેતા અને લાગે કે અમુકને વધારે લાગી ગયું છે તો ઉપર વાત્સલ્યભરી મરામત પણ કરી આપતા. ખોટી વાતોના ભાંગીને ભૂક્કા થઈ



જતા, પણ વ્યક્તિનું હૈયું ક્યાંય ન તુટતું અને જ્યારે એ અવાંતર વિષય પૂરો થઈ જતો ત્યારે તરત પાછા મૂળ વાત ઉપર આવી જતા. તત્ત્વને કઈ રીતે આરપાર જોવું, તત્ત્વને કેવી રીતે સુપાચ્ય બનાવીને પીરસવું, તત્ત્વને હૃદય સુધી કેવી રીતે પહોંચાડવું, સામે શ્રોતાઓ તરફથી મળતા પ્રતિભાવનું મૂલ્યાંકન કરવું... આ બધી એમની સહજ સિદ્ધિ હતી. એમના કટ્ટર વિરોધીના મોઢામાંથી પણ સહજ શબ્દો સરી પડતા કે, 'આવું વિરલ વ્યક્તિત્વ હવે મળવું મુશ્કેલ છે.'

## તેઓશ્રી કસોટીએ ખરું ઊતરેલું સોનું હતા :

એ મહાપુરુષનું વ્યક્તિત્વ જ એવું હતું કે જેમણે એમને શાસ્ત્રસંપૂત દૃષ્ટિથી જોવા, જાણવા અને માણવાનો પ્રયત્ન કર્યો તેઓ ધન્ય બન્યા. સોનાની કોઈપણ રીતે પરીક્ષા કરાય. એને ઘસાય, છેદાય કે તપાવાય એમાં સોનું જ મળે. બીજી, ત્રીજી ધાતુઓ હોય તો કષ, છેદ અને તાપાદિ પરીક્ષામાં નાપાસ થઈ જાય. એક માત્ર સોનું જ એ કસોટીમાં ખરું ઊતરે.

તેઓશ્રી સોનું હતા. અજ્ઞાન લોકોએ અને ઘણીવાર જ્ઞાની તરીકેની છાપ ધરાવતા લોકોએ પણ જીવનભર એમને કસવાનો, છેદવાનો, બાળવાનો અને તપાવવાનો પણ પ્રયત્ન કર્યો, દરેક વખતે એમનામાં રહેલું જૈન શાસનનું ઉજળું ગુરુતત્ત્વ ઝળાહળા કરતું પૂરવાર થયું છે. એમના પ્રત્યે અમે રાગ ધરીએ છીએ. તેનું કારણ આ જ છે. ફરી મૂળ વાત ઉપર આવીએ.

**સભા :** *એમના જેવી મહાન વ્યક્તિએ અપવાદનો આશ્રય લીધો હોત તો શ્રીસંઘને ઘણો લાભ થયો હોત ને ?*

પહેલાં ઉત્સર્ગ શું અને અપવાદ શું ? એ સમજવું જરૂરી છે.

**શાસ્ત્ર વચનને અનુસારે ઊંચું આચરણ તે ઉત્સર્ગ છે. શાસ્ત્ર વચનને સાપેક્ષ રહીને એ ઊંચું આચરણ જીવવાના લક્ષ્યપૂર્વક શક્તિના અભાવે નીચું આચરણ તે અપવાદ છે અને શાસ્ત્રવચનને નિરપેક્ષ રહીને ઊંચું આચરણ પણ ઉન્માર્ગ છે અને શાસ્ત્ર વચનને નિરપેક્ષ બનીને નીચું આચરણ પણ ઉન્માર્ગ છે.**

**જે અપવાદનું લક્ષ્ય ઉત્સર્ગ તરફ જવાનું ન હોય તે અપવાદ, અપવાદ નથી, પણ ઉન્માર્ગ જ છે. અપવાદ પણ અપવાદના સ્થાને જ સેવાય. એવાં સ્થાનો**

**શાસ્ત્રમાં સ્પષ્ટપણે બતાવેલાં છે. એ શાસ્ત્રની અપેક્ષાને બાજુએ મૂકી પોતાની મરજી-અનુકૂળતા મુજબ આચરણ કરવું એ ઉન્માદ છે. એનાથી ઉન્માર્ગ જ પોષાય છે. શાસ્ત્ર નિર્દિષ્ટ અપવાદ એ આચારની મર્યાદાને તોડવાના પક્ષનો ન હોય, અપવાદના નામે ખુલ્લેઆમ જે આચારની મર્યાદાઓ તોડે છે તેને માર્ગની ચિંતા જ નથી, એ ગારવરસિક છે. ગારવરસિક માટે જિનાજ્ઞા ભાંગવી એ રમત વાત છે.** પૂ. ગુરુદેવે સાધુ જીવનના આચાર-વિચાર અને પ્રરૂપણાની સુરક્ષા માટે પોતાના પ્રાણની આહુતિ આપી દીધી. આપણી દૃષ્ટિએ સામાન્ય લાગે એવો અપવાદ પણ એમણે ભવિષ્યમાં 'ઉન્માર્ગ'ની પુષ્ટિ કે પ્રવર્તન ન થાય એ માટે સેવ્યો નથી.

મોહનીય કર્મનો ક્ષયોપશમ ન કેળવો તો આ ભેદ ન સમજાય. એ મોહનીય કર્મનો ક્ષયોપશમ જીવતો રહે તે માટે આપણી મતિને શાસ્ત્રથી પરિકર્મિત કરવી જરૂરી છે.

### સ્નેહ અને તત્ત્વના કારણે પડતો ભેદ :

**સ્નેહરાગમાં વ્યક્તિ ગમે છે અને ભક્તિરાગમાં તેમની તત્ત્વાનુસારિતા ગમે છે. સ્નેહરાગમાં વ્યક્તિ ગમે તેટલું ખોટું કરે તો પણ એની ભૂલ ન દેખાય.** સ્નેહ અંધાપો લાવે છે અને ભક્તિરાગમાં જ્યાં તત્ત્વાનુસારિતા દેખાય ત્યાં ભક્તિ આવે અને જ્યાં તત્ત્વાનુસારિતા ન દેખાય ત્યાં વિવેકપૂર્વકનો ત્યાગ આવે. ન્યાયાંભોનિધિ પૂ.આ.**શ્રીવિજયાનંદસૂરિજી (શ્રીઆત્મારામજી)** મહારાજે જે વખતે સ્થાનકવાસી મતનો ત્યાગ કર્યો તે વખતે એમના ગુરુદેવે એમને કહ્યું,

'આત્મારામ ! મારી ઉંમર તો જો ! તું આ ઉંમરે મને મૂકીને જાય છે ?'

'ગુરુદેવ ! આપ પણ સન્માર્ગે પધારો એવી મારી ઈચ્છા છે. આપ જો સન્માર્ગમાં આવો તો અહીં જેમ મારા ગુરુ છો તેમ ત્યાં પણ આપ જ મારા ગુરુ રહેશો.'

એમના ગુરુદેવ **જીવણલાલજી** મહારાજે કહ્યું, 'હવે આ ઉંમરમાં મારાથી ત્યાં નહિ આવી શકાય.'



ત્યારે પૂ. આત્મારામજી મહારાજે કહ્યું કે, 'તો ગુરુદેવ ! હું આપની સાથે ઉન્માર્ગમાં ન જ રહી શકું. કારણ કે, મેં દીક્ષા લીધી છે તે તરવા માટે લીધી છે, ડૂબવા માટે નહિ જ.'

છેવટે એમણે એ ગુરુનો ત્યાગ કર્યો. એમનો એમના ગુરુ ઉપર સ્નેહરાગ ન હતો માટે તેઓ અવસર આવતાં જ એમનો ત્યાગ કરી શક્યા.

### શૈલકાચાર્ય અને પંથકજી : તત્ત્વરાગથી ગુરુનો ય ઉદ્ધાર :

શાસ્ત્રમાં **શૈલકજી** અને **પંથકજી**નું દૃષ્ટાંત આવે છે. શૈલકજી મહાગીતાર્થ હતા. ૫૦૦ ઉત્તમ શિષ્યોનો એમને પરિવાર હતો. પોતે પૂર્વાશ્રમમાં રાજવી હતા અને એમના જ મંત્રી પંથકજી એમની સાથે દીક્ષિત થયા હતા, જે દીક્ષા જીવનમાં એમના મુખ્ય શિષ્ય હતા. ગચ્છનો ઉત્તમ પ્રકારે યોગ-ક્ષેમ કરતા હતા. વિહાર કરતાં કરતાં પોતાની રાજધાનીમાં આવ્યા. એમનો જ સાંસારિક પુત્ર ત્યાંનો રાજા હતો. એની આગ્રહભરી વિનંતીથી માસકલ્પ યોગ્ય ક્ષેત્ર જાણીને પરિવાર સાથે તેઓ ત્યાં રહ્યા. લોકોને પ્રતિબોધ પણ કર્યા.

એમાં કર્મયોગે એમને મોટી માંદગી આવી. શાસ્ત્રવિહિત અપવાદનું સેવન કરવું પડ્યું. રોગ દૂર થયો. પણ એ અપવાદ સેવન સમયે જે અનુકૂળતાઓ ભોગવવા મળી તે ગમી ગઈ. માંદગીનું કારણ દૂર થતાં અપવાદ સેવન પણ બંધ થવું જોઈતું હતું. તેના બદલે રસગારવ શાતાગારવ આદિથી ઘેરાઈ તેઓએ નિષ્કારણ વિગઈઓ વગેરેનું સેવન ચાલુ રાખ્યું. માસકલ્પનો મહિનો પૂરો થવા છતાં તેઓએ ત્યાંથી વિહાર ન કર્યો. બીજો મહિનો પણ ત્યાં જ રહ્યા અને ધીમે ધીમે આચારમાં શિથિલ બન્યા. એમના પટ્ટધર શિષ્ય પંથકજીએ વિચાર કર્યો કે 'આ તો અનર્થ થઈ રહ્યો છે. ગુરુ ચૂક્યા.' ગુરુને ઉગારવા કાંઈક ઉપાય કરવો જ જોઈએ. ગુરુનું ઔચિત્ય, વિનય ચૂકાવા ન જોઈએ અને પ્રમાદ પણ ટળવો જોઈએ.' એ માટે શાસ્ત્ર પરિકર્મિત બુદ્ધિથી કામ લેવાનું તેમણે નક્કી કર્યું. ગુરુદેવના સંસારી પુત્ર રાજવીને બોલાવીને પંથકજીએ એમને બધી વાત કહી. વિવેકપૂર્વક ગુરુદેવને વિનંતી કરવાનું નક્કી કરાયું.

પુત્ર રાજવીએ આવીને પિતા આચાર્યશ્રીને વિનંતી કરી. 'ભગવંત ! હું તો એવું ઈચ્છું કે આપ સદાય અહીં મારી ઉપર છત્રની જેમ રહો ! પણ ગુરુદેવ !

આપ શ્રીસંઘની મૂડી છો. આપને માટે તો અનેક સંઘોની અપેક્ષા હોય અને એ સંઘો વારંવાર વિનંતી પણ કરી રહ્યા છે, એમની ભાવનાની પૂર્તિ ન થાય તે યોગ્ય ન કહેવાય. ભગવંત ! આપને એમ હશે કે વિહારની વાત કરીશ તો મને ખરાબ લાગશે. આપની ચિંતા યોગ્ય છે, દુઃખ તો થાય જ. પરંતુ ભગવંત ! આપ એકલી મારી ચિંતા ન કરશો. સકલ શ્રીસંઘનું હિત આપે વિચારવાનું છે. આપને વિહાર કરવો હોય તો જરૂર કરી શકો છો. હું આપને બાંધી તો ન જ શકું !'

આમ ભક્તિભર્યા હૈયે પુત્રે વિનંતી કરી છતાં ગારવરસિક બનેલ આચાર્યશ્રીએ એને કાને ન જ ધરી. દિવસે દિવસે વધુ શિથિલ બન્યા. આ જોઈને ગચ્છમાં બે પ્રકારની પરિસ્થિતિ સર્જાઈ. કેટલાક અપરિણત સાધુઓ ગુરુનું અનુકરણ કરવા લાગ્યા અને નિષ્કારણ દોષિત આહાર, પાણી વગેરેનો ઉપભોગ કરવા લાગ્યા. પરિણામે શિથિલાચાર વધવા લાગ્યો તો બીજા કેટલાક સાધુઓ આચારમાં કડક જ રહ્યા, પણ શિથિલાચારી ગુરુને જોઈ નિરંતર તેમની નિંદા કરવા લાગ્યા.

ગચ્છની આ પરિસ્થિતિ જોઈને આચાર્યશ્રીજીના મુખ્ય શિષ્ય પંથકજીએ ગીતાર્થમતિથી નિર્ણય કરી લીધો. ગચ્છને ભેગો કરી જણાવ્યું કે 'હજુ ગુરુદેવનું સ્વાસ્થ્ય જોઈએ તેવું ઠીક નથી. તેથી એક સ્થળે થોડો સમય રોકાવું પડશે. તમારું સૌનું સંયમ નિરાબાધ પ્રવર્તે તે માટે આ મહાત્માને મુખ્ય બનાવ્યા છે. તમો સહુ તેમની નિશ્રાએ વિહાર કરજો. સ્વાસ્થ્ય સુધરશે એટલે તમને ભેગા લઈ લઈશું.' એમ કહી ગચ્છમાંથી એક ગીતાર્થ પદસ્થને મુખ્ય બનાવીને એમની નિશ્રામાં આખા ગચ્છને વિહાર કરાવી દીધો.

**ઉદ્ધાર માટે અવસરની રાહ જોવી પડે :**

ગુરુ પ્રત્યે એમને ભક્તિરાગ છે. એટલે જ ગુરુને માર્ગમાં લાવવા અવસરની રાહ જોઈ રહ્યા છે. સવારથી સાંજ સુધી પંથકજી ગુરુની અપ્રમત્તપણે સેવા કરે છે. જે મંગાવે તે લાવી આપે છે, એમનું પ્રતિલેખન, ખાન-પાનની વ્યવસ્થા, વસ્ત્ર-પ્રક્ષાલનાદિ, માત્રુ-સ્થંડિલ પરઠવાથી લઈને બધાં કાર્યો તેઓ અપ્રમત્તપણે કરે છે. આને કહેવાય સેવક, ગંભીર, કૃતજ્ઞ, ભક્ત હૃદય. એમના મનમાં એક



જ ભાવ છે. ભીમ ભવસાગરમાંથી આ ગુરુદેવે જ પરમકરુણા કરીને મારો સમુદ્ધાર કર્યો છે. એમનો આ એક ઉપકાર પણ કોઈ ભવોમાં વાળી શકાય તેવો નથી. એક જ ઉપાય છે એ ઉપકારને વાળવાનો, જો એમને પાછા પરમાત્માના શાસનમાં સુસ્થિત અને સુસ્થિર કરી દઉં. એ માટે તક જોઈએ. તક આવ્યા વિના એ કાર્ય શક્ય ન હતું માટે તકની રાહ જોઈ એ બધું જ કાર્ય કરી રહ્યા હતા. એ કાર્ય કરતી વખતે ય એમનો અંતર્ગત વિવેક જીવંત અને જાગ્રત હતો.

પંથકજીએ જોયું કે હવે તો ગુરુદેવ કાંઈ જ ધર્મકૃત્ય કરતા નથી. માત્ર ખાવાનું અને સુવાનું, આ બે જ કામ કરે છે.

કેસ વધારે સીરીયસ છે. છતાં દર્દી મરી નથી ગયો, દર્દી મરી ગયો હોય તો વોસિરાવી દેવો પડે એને પછી લઈને ન ફરાય. પણ જીવંત હોય તો સાજો કરવાની તક જતી ન કરાય.

એમ કરતાં ચોમાસી ચૌદસનો દિવસ આવ્યો. એ દિવસે પણ એમને ચૌમાસીનો ખ્યાલ નથી. રોજના ક્રમ મુજબ વિગઈઓ, વનસ્પતિઓ આદિ અનુકૂળ આહાર-પાણી કરી તેઓ સૂતા હતા. પંથકજીએ એમની સેવાનું કાર્ય પરિપૂર્ણ કર્યું. સાંજે પ્રતિક્રમણ પણ કર્યું. એ ચોમાસી પ્રતિક્રમણ કરતી વખતે ગુરુદેવને ખમાવવા ગયા. એ માટે જેવો એમના પગ ઉપર પોતાનો હાથ મુક્યો કે ઊંઘમાં ખલેલ પડવાથી આવેશમાં આવીને બોલ્યા કે 'તું તો મને નિરાંતે ઉંઘવા પણ દેતો નથી.'

આટલી માંદગીમાં જે શિષ્યે પોતાની અપ્રમત્તપણે સેવા કરી હોય, પોતે આચારોમાં શિથિલ બન્યા છે, સંયમની ભૂમિકામાંથી નીચે ઉતર્યા છે, તે તેવું જાણતા હોવા છતાં જેણે અખંડ સેવા કરી હોય તે શિષ્ય પોતાનો કોઈ વિશેષ અપરાધ ન હોવા છતાં ચૌમાસી પ્રતિક્રમણ કરતાં સાધુ જીવનની ઉત્તમ સામાચારીનું પાલન કરવા સામે ચાલીને ક્ષમાપના કરવા આવ્યા હોય ત્યારે પણ જો તે ગુરુ આ રીતે આક્રોશ કરે તો શિષ્યને શું થાય ? એ પછી એ શિષ્ય એમની સેવા કરવા ઊભો રહે ખરો ? પંથકજીને એવું કાંઈ નથી થયું - એ એમની કેવી ઉત્તમ લાયકાત !

આવી પરિસ્થિતિમાં પણ પંથકજીએ ગુરુને વિનયથી કહ્યું કે, 'ભગવંત ! ચોમાસી નિમિત્તે આપની પાસે ક્ષમાપના કરવા આવ્યો અને મારાથી આપનો બીજો નવો અપરાધ થઈ ગયો. આપની અશાતા-સંતાપમાં હું નિમિત્ત બની ગયો. આપ મને તેની પણ ક્ષમા કરો !' આ સાંભળતાંની સાથે જ શૈલકાચાર્યજીનો સૂતેલો આત્મા જાગી ગયો. 'શું આજે ચોમાસી ચૌદસ છે અને હું ખાઈ-પીને ઊંઘ્યા કરું છું ? મેં ચોમાસી પણ ન જાણી ! આટલો બધો પ્રમાદમાં પડી ગયો !' આવો વિચાર કરી તે બધી રીતે જાગી ગયા. પંથકજીને કહ્યું, 'પંથક ! તેં મારી સાથે ક્ષમાપના નથી કરી, પણ મોહાધીન બનીને પ્રમાદમાં ચકચૂર બનીને વ્રતભાન ભૂલેલા મને તેં જગાડી દીધો છે. હું મારા સાધુત્વને, ગુરુત્વને ચૂકી ગયો. જ્યારે તે તારા શિષ્યત્વને જાળવી જાણ્યું, દીપાવી જાણ્યું. મારો પ્રમાદ ખંખેર્યો.' 'બસ ! હવે અહીં નથી રહેવું. કાલે જ વિહારની તૈયારી કરો. જવું છે સિદ્ધગિરિ, ભેટવા છે યુગાદિનાથને, કરવું છે અનશન અને પહોંચવું છે મોક્ષમાં. મારા જેવા પ્રમાદી અને પાપી માટે હવે સિદ્ધગિરિ સિવાય બીજો કોઈ તારણહાર નથી.'

અહીં શિષ્યનો ભક્તિરાગ પ્રગટ્યો. 'ચાલો ! સિદ્ધગિરિ જઈએ અને અનશન કરીને શુદ્ધ થઈએ.' એવું ગુરુએ કહ્યું ત્યારે શિષ્યને ગુરુ ઉપર જો સ્નેહરાગ હોત તો કહેત 'એમ જવાની અને અનશન કરવાની કોઈ જરૂર નથી. ગુરુદેવ ! અહીં રહી પ્રાયશ્ચિત્ત કરી લો ! આરાધના કરો !' પણ આવો કોઈ સ્નેહજનિત પરિણામ એમને ન પ્રગટ્યો. પરિણામે શૈલકાચાર્ય ગુરુની સાથે પંથકજી અને એમનો ૫૦૦ શિષ્યોનો સંપૂર્ણ પરિવાર સિદ્ધગિરિ પહોંચ્યા, સૌએ મન ભરીને યુગાદિનાથની ભાવભક્તિ કરી. શૈલકાચાર્યજી પશ્ચાત્તાપના પાવકમાં પાપને બાળવા માંડ્યા અને અનશન કરી ઘાતિ-અઘાતિ કર્મ ખપાવી કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા. નવ્વાણું પ્રકારની પૂજામાં જે **'સેલક પણ સય વિખ્યાતા રે; આદેસર અલબેલો રે'** પંક્તિ આવે છે. તે આ જ શૈલકાચાર્યજીનો નિર્દેશ કરે છે.

ગુરુ હોય કે શિષ્ય, જો તે પરસ્પર સ્નેહરાગથી બંધાઈ જાય તો તે પરસ્પર માટે આરાધનામાં સહાયક ન બની શકે. એ તો પરસ્પરને આરાધનામાં અંતરાયરૂપ બનવા માંડે. ગુરુ સ્નેહથી શિષ્યને તપ ન કરવા દે અને શિષ્ય



સ્નેહથી ગુરુને તપ ન કરવા દે. આમ સ્નેહરાગ આરાધનામાં બાધક બને છે; જ્યારે ભક્તિરાગ આરાધનામાં સહાયક બને છે.

### ઔચિત્યપાલનમાં ભક્તિરાગ છે :

**સભા :** *માતા-પિતા પ્રત્યે ભક્તિ અને સ્નેહ બંને કેવી રીતે હોય ?*

માતા પિતાનો ઉપકાર અગણિત છે. એમાંય જિનધર્મના દાતાર માતા-પિતાનો ઉપકાર તો અનંત છે. એ ઉપકારના સ્મરણથી એમના ઉપર જે રાગ હોય તે ભક્તિરાગ છે એમ કહી શકાય અને જ્યાં ઉપકારોની સ્મૃતિ ન હોય અને મોહજન્ય મારાપણાની લાગણીઓ કામ કરતી હોય ત્યાં સ્નેહરાગ છે એમ કહી શકાય.

ભગવાન શ્રી મહાવીરદેવના ગૃહસ્થ જીવનની વાત કરું તો એકવાર શ્રી વર્ધમાનકુમાર પોતાના મહેલમાં સિંહાસને બિરાજમાન હતા. મિત્રો સાથે વાત કરી રહ્યા હતા. એમાં અચાનક ત્રિશલા માતાને ત્યાં આવતાં જોયાં. જોતાં જ પ્રભુ પોતે સિંહાસન ઉપરથી ઉભા થઈ ગયા. માતાજીને લેવા સામે ગયા. માતાજીને વિનંતી કરી પોતાના સિંહાસને બેસાડ્યાં અને પોતે હાથ જોડી નતમસ્તકે ઊભા રહ્યા અને વિયનપૂર્વક માતાજીને પૂછ્યું કે, 'માતાજી ! આપે અહીં આવવાનું કષ્ટ શા માટે લીધું ? મને જણાવ્યું હોત તો હું જ આપની પાસે આવી જાત ને !' આ છે માતા-પિતા પ્રત્યેનો ભક્તિરાગ અને આજે તમે 'ભાણું મૂક, પીરસ, પાણી આપ.' રોજ આવા કેટલાય હુકમો 'મા'ને કરો અને પછી 'મા'ને કાંઈ થાય તો એની સાથે રડવા ય બેસો આ છે માતા-પિતાનો સ્નેહરાગ.

**જ્યાં ઔચિત્યપાલનરૂપ જિનાજ્ઞા પ્રધાન છે ત્યાં ભક્તિરાગ છે એમ કહેવાય. જ્યાં ઔચિત્ય પાલન પ્રત્યે ઉપેક્ષા છે અને માત્ર મોહની લાગણીઓની પ્રધાનતા છે ત્યાં સ્નેહરાગ છે એમ કહેવાય.**

### ...તો સ્નેહરાગ પણ તારક બની શકે :

**સભા :** *સ્નેહરાગથી સાધનામાં આગળ વધી શકાતું હોય તો સ્નેહરાગ કરાય ?*

તમને સ્નેહરાગ તો છે જ, તમે સ્નેહરાગથી સાધનામાં આગળ ક્યાં વધ્યા ?

સાધનામાં આગળ વધ્યા ક્યારે કહેવાય ? જ્યારે શુદ્ધિ અને પુષ્ટિ બન્નેય થાય તો. **શુદ્ધિ એટલે કર્મની નિર્જરા અને પુષ્ટિ એટલે પુણ્યાનુબંધી પુણ્યનો સંચય.** પતિ-પત્નીએ ભેગા મળી વીશસ્થાનક તપ કર્યો, યાત્રા કરી, પૂજા કરી. એટલે સાધના પરિપૂર્ણ અને શુદ્ધ થઈ ગઈ ? ના, એમ નહિ માનવાનું. એ તો માત્ર ક્રિયા થઈ. એમાં શુદ્ધિ અને પુષ્ટિ કેટલી થઈ ? એ પ્રશ્ન વિચારણીય છે. તમારી પરસ્પર ભક્તિ પોષાઈ કે સ્નેહ પોષાયો ? અનાદિનો સંબંધ છોડવો છે. સંગ છોડવો છે અને નિઃસંગ દશા પામી મુક્તિ પામવી છે. આવો ભાવ ક્રિયા, અનુષ્ઠાન કરવામાં હોય તો તે ભક્તિરાગ છે એમ કહેવાય. **મુક્તિના આશય વિના ન શુદ્ધિ થાય, કે ન પુષ્ટિ થાય. પુણ્યાનુબંધી પુણ્ય પણ મુક્તિની કામનાથી જે ધર્મ કરે તે પુણ્યાત્માને જ બંધાય છે. સંસારના પૌદ્ગલિક સ્વાર્થ માટે, અર્થ-કામ મેળવવા માટે, નામના કે ખ્યાતિ મેળવવા માટે સર્વજ્ઞ ભગવંતે બતાવેલ ધર્મક્રિયા કરનારને પણ પુણ્યાનુબંધી પુણ્ય ન બંધાય. એને પુણ્યબંધ થાય તે અતિ તુચ્છ કક્ષાનો, અસાર એવો જ બંધાય છે.**

### પિતા-પુત્ર અને ગુરુ-શિષ્યના સંબંધોમાં રાગનું સ્થાન :

ચૌદ પૂર્વધર મહર્ષિ શ્રીશય્યંભવસૂરિ મહારાજની જો વાત કરું તો એમણે પોતાના સ્નેહરાગને બાંધી રાખ્યો. મનક મુનિ પોતાના પુત્ર છે, એમ એમને ખબર હતી, છતાં એમને એક-એક વડીલ, તપસ્વી મહાત્માની સેવામાં એમણે મૂક્યા. તે દરેક પૂજ્યોની ઉત્તમ રીતે વૈયાવચ્ચ કરાવી. કોઈની પણ સેવા લીધા વિના નિર્દોષ, નિરતિચાર, સ્વાધીન સંયમ જીવન જીવવાનું શીખવ્યું. આ રીતે માત્ર છ મહિનાના સંયમ-પર્યાયમાં શ્રીદશવૈકાલિક સૂત્રમાં બતાવેલ શ્રમણાચાર સૂત્રથી, અર્થથી અને તદુભયથી જીવનમાં જીવાડી, આયુષ્ય પૂર્ણ થવા આવ્યું ત્યારે છેલ્લે જ્યારે એમને વજ્ર જેવી છાતી કરીને, સ્નેહરાગને નિયંત્રિત કરી એકાંત ગુણરાગને આગળ કરી ઉત્તમ નિર્યામણા કરાવીને સદ્ગતિમાં મોકલ્યા ત્યારે છ-છ મહિનાથી રોકી રાખેલાં અશ્રુ આંખમાં ભરાઈ આવ્યા.

નિર્મમ અને નિઃસ્નેહભાવની જીવંત પ્રતિમા સમા ગુરુદેવની આંખમાં ક્યારેય નહિ ને આજે પાણી આવેલાં જોઈને વિનીત શિષ્યોએ પૂછ્યું, 'ભગવંત ! અત્યાર સુધીમાં આપે અનેક મહાત્માઓને નિર્યામણા કરાવી છે,



પણ ક્યારેય આપની આંખમાં આ રીતે પાણી જોયાં નથી અને આજે આપની આંખમાં આમ પાણી કેમ ?'

'સ્નેહ રાગને કારણે. ભગવંત ! આપને મનક મુનિ ઉપર સ્નેહરાગ કેમ થયો ? કારણ કે મનક મુનિ એ મારો પૂર્વાશ્રમનો પુત્ર હતો.'

"ભગવંત ! આપે અમને પહેલાં કેમ કહ્યું નહિ ? ગુરુપુત્ર ગુરુવત્ ગણાય. તો અમે એમની ગુરુવત્ સેવા કરત. એમની સેવા લેત નહિ. આ ખબર ન હોવાના કારણે અમે તો એમની સેવા લીધી છે. અમને ખબર હોત તો એમની સેવા કરીને અપૂર્વ લાભ મેળવત," આવું જ્યારે શિષ્યોએ કહ્યું. ત્યારે ગુરુદેવે કહ્યું કે, "એટલા જ માટે મેં તમને ન કહ્યું. મને ખાતરી હતી કે તમને ખબર પડત તો તમે એની સેવા લેવાને બદલે એની સેવા કરત અને તમે એની સેવા કર્યા કરત અને એ સેવા લીધે રાખત તો એનું કલ્યાણ કેમ થાત ?" આ કારણથી જ મેં તમને કહ્યું નથી. આ રીતે એ મહર્ષિએ કર્તવ્ય નિષ્ઠાથી પોતાના સ્નેહરાગને નાથ્યો !

આજે તો અમને આવીને કહે, 'મહારાજ સાહેબ, બાબો ઉપધાનમાં બેઠો છે, હજુ નાનો છે, એના પગ બહુ દુઃખે છે. ખમાસમણાં ઊભાં ઊભાં નહિ અપાવતા.' આ પણ સ્નેહરાગ, તપને કારણે શરીર તો ઉતરે જ તો આ દશ વખત આવીને કહે કે, 'શરીર બહુ ઉતરી ગયું છે હોં, જરા શરીરનું ધ્યાન રાખજે.' આ પણ સ્નેહરાગ. પતિ-પત્ની સાથે ઉપધાનમાં જોડાયા હોય તો 'નીવિમાં એણે શું ખાધું.' - એની ચિંતા કર્યા કરે, આ પણ સ્નેહરાગ. આના બદલે જેને ગુણરાગ હોય તે કહે, 'સાહેબ ! આ મારો દીકરો છે. મૂકીને જઉં છું. એક-એક આરાધના વિધિપૂર્વક સારી કરાવજો.' દીકરાને પણ કહી રાખે. 'જોજે, ગુરુદેવ જે કહે, તે બધું કરજે હોં. આવી આરાધના કાંઈ વારંવાર થતી નથી. આપણે બરાબર માણી લેવાની. જરા કષ્ટ પડશે. પણ ટેવાઈ જઈશ. પછી મજા આવશે. વ્યાખ્યાન-વાચના ચૂકતો નહિ હોં ! બધી ક્રિયા બરાબર કરજે !'

**સભા :** *પત્નીને સુખ-દુઃખના કોલ આપેલા હોય તો ઉપધાનમાં એની ચિંતા તો થાય જ ને ?*

**'વસુધૈવ કુટુંબકમ્' કોણ બોલી શકે ?**

આ સંઘ તો ભક્તિ પાત્ર છે. એની ચિંતા કેમ ન થઈ અને પત્નીની જ ચિંતા કેમ થઈ ? કેમ સંઘ પ્રત્યે તમારો કોઈ કોલ-કરાર નથી ? સંઘ પ્રત્યે તમારું કોઈ કર્તવ્ય નથી ? માત્ર પત્ની પ્રત્યે જ તમારો પ્રેમ અને લાગણી સીમિત થઈ ગયા ? આ રીતે **સીમિત થયેલો પ્રેમ અને લાગણી ગંધાય છે. જ્યારે સંઘ પ્રત્યે, વિશ્વના તમામ જીવ પ્રત્યે તમારો પ્રેમ અને લાગણી વિસ્તાર પામે ત્યારે જ તેમાંથી ધર્મભાવનાની સુવાસ પ્રગટે છે.** "વસુધૈવ કુટુંબકમ્' તેને જ બોલવાનો અધિકાર છે કે જેને સ્નેહરાગ ન હોય અગર તો જેણે સ્નેહરાગને નાથ્યો હોય. **જ્યાં સ્નેહરાગ કે કામરાગ હોય ત્યાં ગંદવાડ જ હોય. જ્યાં ગુણરાગ કે ભક્તિરાગ હોય ત્યાં અધ્યાત્મનો ઉન્મેશ હોય. સ્નેહરાગ અને કામરાગ તમારી જીંદગીમાં ઘર ન કરી જાય એનું ધ્યાન રાખજો કે જેથી તેનું ધ્યાન ન પ્રગટે. કારણ કે સ્નેહરાગ અને કામરાગમાંથી જ્યારે એનું ધ્યાન પ્રગટે છે, ત્યારે તે આત્માને દુર્ગતિની દિશામાં ધસડી જાય છે. આત્મા દુઃખી થાય છે. દુઃખની પરંપરા ઊભી કરે છે.**

**રાગધ્યાનને જીતવા માટે :**

ફરી મૂળ વાત ઉપર આવો ! કામરાગ, સ્નેહરાગ અને દૃષ્ટિરાગનાં ધ્યાનને નબળું પાડવા કામરાગ, સ્નેહરાગ અને દૃષ્ટિરાગ પ્રગટે તેવા વિચારો બંધ કરો, તેની પ્રવૃત્તિ બંધ કરો અને તેનાં નિમિત્તોથી અળગા રહો !

અહીં તમને તમારાં સ્નેહી-સ્વજનો વગેરે મળવા આવે ત્યારે કે તમે અહીંથી ઘરે જાઓ ત્યારે તમારાં પત્ની, દીકરા, પૌત્ર કે પૌત્રીને કહી શકશો કે તમારો રાગ મને ઘણો પીડે છે. પણ હવે એ રાગ તોડવાની મહેનત ચાલુ કરી છે.

**દ્વેષની યોનિ રાગ છે. રાગમાંથી દ્વેષ જન્મે. જ્યાં સુધી રાગ જીવતો ને ધબકતો છે ત્યાં સુધી એ રાગમાં જે આડખીલી કરે તે બધા ઉપર દ્વેષ થવાની પૂરેપૂરી શક્યતા છે.**

દ્વેષનો અંજામ ખૂબ કરુણ અને દારૂણ છે. સમરાદિત્ય કેવલી ચરિત્ર તમે એકવાર શાંતિથી વાંચો અને વિચારો તો દ્વેષના કારણે આત્માની કેવી દુર્ગતિ



થાય તે સમજાશે. આવો દ્વેષ પણ મૂળ તો રાગમાંથી જ પ્રગટે છે. **અનુકૂળતાનો રાગ જ આત્માને દ્વેષના દાવાનલમાં લઈ પટકે છે.**

આપણે દ્વેષ નથી કરવો, એ માટે આપણે દ્વેષને જડમૂળમાંથી ઉખેડી દેવો છે, એ માટે જ આપણે રાગ અને રાગના પેટા પ્રકાર કામરાગ, સ્નેહરાગ અને દૃષ્ટિરાગને ઓળખવા છે, ઓળખીને તેમને દુર્ધ્યાનરૂપ થતાં અટકાવવા છે, જે થઈ ગયા છે તેનાથી પાછા ફરવું છે, ભવિષ્યમાં ન થાય તે માટેનો પાકો બંદોબસ્ત કરવો છે.

એ માટે શું શું કરવું, કઈ રીતે આગળ વધવું એ વિશે જ્ઞાની ભગવંતો જે કહે છે તે અવસરે.

✦ ❖ ✦

## બે પ્રકારનાં આલંબનો

આલંબનો પણ પ્રશસ્ત અને અપ્રશસ્ત બે પ્રકારનાં હોય છે. આત્માનો જેવો ભાવ હોય તેવું જ આલંબન મન સ્વીકારી લે છે. પ્રશસ્ત ભાવમાં પ્રવર્તેલું મન પ્રશસ્ત આલંબનનો સ્વીકાર કરે છે. એમાં એકાગ્ર બનેલું મન પ્રશસ્ત ધ્યાનમાં સ્થિર બને છે અને અપ્રશસ્તભાવમાં પ્રવર્તેલું મન અપ્રશસ્ત આલંબનનો સ્વીકાર કરે છે. એમાં એકાગ્ર બનેલું મન અપ્રશસ્ત ધ્યાનમાં સ્થિર બને છે.

કોઈક તેવા જ પ્રકારના સંયોગમાં પ્રશસ્ત આલંબન લઈને પણ મનમાં અપ્રશસ્ત ધ્યાન પ્રગટતું હોય તેમ બને છે તો ક્યારેક અપ્રશસ્ત આલંબન લઈને પણ મનમાં પ્રશસ્ત ધ્યાન પ્રગટતું હોય તેમ પણ બને છે. કોઈ સમ્યગ્દૃષ્ટિ આત્મા કર્મયોગે સંસારમાં રહે ત્યારે સંસારનાં સાધનોને પણ આલંબનરૂપ બનાવી શુભધ્યાન પ્રાપ્ત કરી શકે છે. તેમ કોઈ મિથ્યાદૃષ્ટિ આત્મા ભાગ્યયોગે ધર્મના ક્ષેત્રમાં આવી જાય ત્યારે પણ એ ધર્મનાં સાધનોને આલંબનરૂપ બનાવી અશુભ ધ્યાન પ્રાપ્ત કરી શકે છે. સમ્યગ્દૃષ્ટિ આત્માના હાથમાં મિથ્યાદર્શનનાં શાસ્ત્રો આવી જાય તો પણ એમાંથી એ સમ્યક્ તત્ત્વ શોધી કાઢે છે; જ્યારે મિથ્યાદૃષ્ટિ આત્માના હાથમાં સર્વજ્ઞ-જૈન દર્શનનાં આગમ-શાસ્ત્રો આવી જાય તો પણ એ એમાંથી ઊંધું જ પામે છે. ધ્યાનની બાબતમાં એ જ ન્યાય લાગુ પડે છે. આ વિભાગોને જેટલા બરાબર વિચારવામાં આવે તેટલી દુર્ધ્યાનથી બચવાની અને સદ્ધ્યાનને પામવાની સાધના કરવાની તક મળી શકે.



# ૧૩

## 8-રાગધ્યાન, 9-દ્વેષધ્યાન

પ્રવચન-૧૩ : વિ. સં. ૨૦૬૩, પોષ સુદ-૩, શનિવાર,
તા. ૨૪-૧૨-૨૦૦૬ શ્રી શંખેશ્વરજી મહાતીર્થ - ઉપધાન તપ પ્રસંગે

### ધ્યાન : પ્રશસ્ત અને અપ્રશસ્ત :

અનંત ઉપકારી, ચરમ તીર્થપતિ, શ્રમણ ભગવાન શ્રીમહાવીર પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ શ્રીવીરભદ્ર નામના આચાર્ય ભગવંતે 'આતુર પ્રત્યાખ્યાન' નામના પ્રકીર્ણક આગમ ગ્રંથમાં ૬૩ પ્રકારનાં દુર્ધ્યાનોનું વર્ણન કરીને દુર્ધ્યાનથી કેમ બચવું તેનું ઉત્તમ માર્ગદર્શન આપીને સાધકો ઉપર અત્યંત ઉપકાર કર્યો છે.

દુર્ધ્યાન તે દુર્ગતિ અને સંસારનું કારણ છે. સદ્ધ્યાન તે સદ્ગતિ અને મુક્તિનું કારણ છે. ધ્યાન એ મોટે ભાગે મનનો ધર્મ છે. મોટે ભાગે મન પ્રવૃત્તિશીલ હોય છે. એ **પ્રવૃત્તિશીલ મનને નિવૃત્તિશીલ બનાવી એક વસ્તુમાં એકાગ્રપણે સ્થિર બનાવવાની સાધના એટલે જ ધ્યાન.** આજ સુધીમાં મન અપ્રશસ્ત વિષયોમાં જ પ્રવૃત્તિશીલ છે. તે અપ્રશસ્ત વિષયોથી મનને નિવૃત્ત કરી

કોઈક એકાદ પ્રશસ્ત વિષયમાં સ્થિર બનાવવાની પ્રક્રિયા જ ધ્યાનરૂપે પ્રસિદ્ધ છે. આમ મન જે પ્રવૃત્તિશીલ કે અસ્થિર છે, તેને સ્થિર કરવા માટે આલંબન જોઈએ.

આલંબનો પણ પ્રશસ્ત અને અપ્રશસ્ત બે પ્રકારનાં હોય છે. આત્માનો જેવો ભાવ હોય તેવું જ આલંબન મન સ્વીકારી લે છે. પ્રશસ્ત ભાવમાં પ્રવર્તેલું મન પ્રશસ્ત આલંબનનો સ્વીકાર કરે છે. એમાં એકાગ્ર બનેલું મન પ્રશસ્ત ધ્યાનમાં સ્થિર બને છે અને અપ્રશસ્તભાવમાં પ્રવર્તેલું મન અપ્રશસ્ત આલંબનનો સ્વીકાર કરે છે. એમાં એકાગ્ર બનેલું મન અપ્રશસ્ત ધ્યાનમાં સ્થિર બને છે.

કોઈક તેવા જ પ્રકારના સંયોગમાં પ્રશસ્ત આલંબન લઈને પણ મનમાં અપ્રશસ્ત ધ્યાન પ્રગટતું હોય તેમ બને છે તો ક્યારેક અપ્રશસ્ત આલંબન લઈને પણ મનમાં પ્રશસ્ત ધ્યાન પ્રગટતું હોય તેમ પણ બને છે. કોઈ સમ્યગ્દૃષ્ટિ આત્મા કર્મયોગે સંસારમાં રહે ત્યારે સંસારનાં સાધનોને પણ આલંબનરૂપ બનાવી શુભધ્યાન પ્રાપ્ત કરી શકે છે. તેમ કોઈ મિથ્યાદૃષ્ટિ આત્મા ભાગ્યયોગે ધર્મના ક્ષેત્રમાં આવી જાય ત્યારે પણ એ ધર્મનાં સાધનોને આલંબનરૂપ બનાવી અશુભ ધ્યાન પ્રાપ્ત કરી શકે છે. સમ્યગ્દૃષ્ટિ આત્માના હાથમાં મિથ્યાદર્શનનાં શાસ્ત્રો આવી જાય તો પણ એમાંથી એ સમ્યક્ તત્ત્વ શોધી કાઢે છે; જ્યારે મિથ્યાદૃષ્ટિ આત્માના હાથમાં સર્વજ્ઞ-જૈન દર્શનનાં આગમ-શાસ્ત્રો આવી જાય તો પણ એ એમાંથી ઊંધું જ પામે છે. ધ્યાનની બાબતમાં એ જ ન્યાય લાગુ પડે છે. આ વિભાગોને જેટલા બરાબર વિચારવામાં આવે તેટલી દુર્ધ્યાનથી બચવાની અને સદ્ધ્યાનને પામવાની સાધના કરવાની તક મળી શકે.

**સભા :** *પ્રશસ્ત રાગ અને અપ્રશસ્ત રાગ કોને કહેવાય ?*

પ્રશસ્ત વસ્તુ ઉપર પ્રશસ્ત ભાવે થયેલો રાગ પ્રશસ્ત કહેવાય છે. અપ્રશસ્ત વસ્તુ ઉપર અપ્રશસ્ત ભાવે થયેલો રાગ અપ્રશસ્ત કહેવાય છે.

પ્રશસ્ત વસ્તુ ઉપર પ્રશસ્ત ભાવે રાગ કરીને ચિત્ત જ્યારે એ વસ્તુમાં એકાગ્ર બને ત્યારે સદ્ધ્યાનને પામવાની ભૂમિકા સર્જાય છે અને અપ્રશસ્ત વસ્તુ ઉપર અપ્રશસ્ત ભાવે રાગ કરીને ચિત્ત જ્યારે એ વસ્તુમાં એકાગ્ર બને ત્યારે દુર્ધ્યાનને પામવાની ભૂમિકા સર્જાય છે.



જગતના મોટા ભાગના લોકો અપ્રશસ્ત સ્થાન કે વસ્તુ ઉપર અપ્રશસ્ત રાગ કરતા હોય છે. પરંતુ ક્યારેક સંયોગવશ, ભવિતવ્યતાવશ કે કોઈક પ્રેરક બળને આધીન થઈને તેવા જીવો કદાચ પ્રશસ્ત સ્થાન પર રાગ કરે તો પણ સંસાર રસિક હોવાને કારણે એમનો એ રાગ અપ્રશસ્ત જ હોય છે.

### પ્રશસ્ત દેવ, ગુરુ, ધર્મ પણ ધ્યાતાભેદે પ્રશસ્ત-અપ્રશસ્ત ધ્યાનને નોંતરે :

તે રાગી, દ્વેષી અને અજ્ઞાની એવા દેવને દેવરૂપે માનતા-પૂજતા હોય ત્યારે તો એમનો રાગ અપ્રશસ્ત વસ્તુ ઉપર અપ્રશસ્ત ભાવે હોય છે જ. પણ ક્યારેક તેઓ વીતરાગ, સર્વજ્ઞ, અઢાર દોષથી રહિત એવા અરિહંત-સિદ્ધ દેવને પણ માનતા-પૂજતા દેખાય ત્યારે તેમનો રાગ પ્રશસ્ત વસ્તુ ઉપર અપ્રશસ્ત ભાવે હોય છે. કારણ કે તેમનો દેવ પ્રત્યેનો રાગ પણ દુન્યવી પદાર્થો અને દુન્યવી હેતુને સિદ્ધ કરવા માટે જ કરાતો હોય છે.

આ જ નિયમ ગુરુ પ્રત્યે પણ લાગુ પડે છે. અન્ય દર્શની ગુરુઓ એ અપ્રશસ્ત વસ્તુરૂપ છે. એમના ઉપરનો રાગ પણ અપ્રશસ્ત ભાવ છે અને એવા જીવો કદાચ જૈન નિર્ગ્રંથ સાધુ-સાધ્વીજી ભગવંતો ઉપર રાગ કરે ત્યારે એ ગુરુ ભગવંતો ભલે પ્રશસ્ત વસ્તુ છે, પણ એ જીવોનો ગુરુ પ્રત્યેનો રાગ પણ દુન્યવી પદાર્થો અને દુન્યવી હેતુઓને સિદ્ધ કરવા માટે જ કરાતો હોય તો તેમનો એમના ઉપરનો ભાવ પણ અપ્રશસ્ત હોય છે.

એ રીતે જ તેમનો જૈન ધર્મની ક્રિયાઓનો રાગ પણ દુન્યવી પદાર્થો અને દુન્યવી હેતુઓ સિદ્ધ કરવા માટે જ કરાતો હોય છે માટે એ પણ પ્રશસ્ત વસ્તુ ઉપરનો અપ્રશસ્ત ભાવે કરાતો રાગ કહેવાય. સંસારનો રાગી અને પક્ષપાતી એ જીવ હોવાથી એ પ્રશસ્ત પદાર્થો પર રાગ કરે તો પણ દુન્યવી પદાર્થોને પામવાના હેતુથી જ કરે છે. તેથી પ્રશસ્ત પદાર્થો ઉપર એણે કરેલો રાગ પણ અપ્રશસ્ત રૂપને ધારણ કરે છે.

### રાગના રંગ નિરાળા :

**સભા :** *એક વ્યક્તિમાં એક સાથે કેટલા રાગ હોઈ શકે ?*

એક જ વ્યક્તિમાં એકી સાથે ત્રણે પ્રકારનો રાગ હોઈ શકે છે. કાળ ભેદે કે ભાવ ભેદે એક જ વ્યક્તિ પ્રત્યે ત્રણે રાગ હોઈ શકે છે. તેમાં કઈ દૃષ્ટિ પ્રધાનતા ભોગવે છે તે મહત્ત્વનું છે. જે વખતે જેવા ભાવમાં રમતા હોવ તેવા પ્રકારનો રાગ કામ કરતો હોય છે. અથવા જ્યારે રાગનો પરિણામ જાગે ત્યારે પ્રધાનતા કોની છે તેને આધારે તેના ત્રણ ભેદ પડે છે. ચિત્ત વૃત્તિ ઉપર મોહની કયા પ્રકારની છાયા છે તે પ્રમાણે ત્રણેય રાગ આકાર લે છે. એક જ પુરુષને ઘરની ત્રણ સ્ત્રીઓ પ્રત્યે ત્રણ જુદા જુદા પ્રકારની રાગની લાગણી થાય છે ને ! માતા પ્રત્યે ભક્તિની ભાવના જાગે છે, પત્ની પ્રત્યે કામવાસનાની ભાવના જાગે છે. જ્યારે પુત્રી પ્રત્યે વાત્સલ્યની ભાવના જાગે છે. ત્રણેમાં પ્રીતિ હોવા છતાં પ્રીતિ-પ્રીતિમાં ફેર છે. તેમ રાગના પણ આ ત્રણ પ્રકાર જ્ઞાનીએ પાડ્યા છે.

કેટલાક લોકોને અમુક મત પ્રવર્તકોને જોઈને એના સિદ્ધાંતો પણ ગમે, એનું રૂપ પણ ગમે, એને જોઈને કામના આવેગો પણ પ્રગટે અને એ વ્યક્તિ ગમે એટલે સ્નેહ પણ પ્રગટે. એના મિથ્યાત્વ પોષક સિદ્ધાંતે ગમે એટલે દૃષ્ટિરાગ આવે. એના પ્રત્યે સ્નેહની લાગણી બંધાય એટલે સ્નેહરાગ આવે. એના રૂપમાં કે શરીરમાં વાસનાજન્ય આકર્ષણ જન્મે એટલે કામરાગ આવે. એટલે **એક જ વ્યક્તિને એક જ વ્યક્તિ ઉપર એક સાથે કે જુદા જુદા કાળે કામરાગ-સ્નેહરાગ-દૃષ્ટિરાગ એમ ત્રણે ય રાગ હોઈ શકે.**

સૂક્ષ્મરૂપે વિચારીએ તો કોઈ વખતે કોઈ એક રાગ મુખ્ય હોય અને કોઈ વખતે કોઈ બીજો રાગ મુખ્ય હોય - એમ બની શકે.

જેના જીવનમાં રાગ હોય તેના જીવનમાં દ્વેષ પણ હોવાનો જ. તેથી જેના જીવનમાં રાગ ધ્યાન હોય તેના જીવનમાં દ્વેષ ધ્યાન પણ હોવાનું જ.

માનો કે કોઈને અમુક વ્યક્તિ પર સ્નેહરાગ હોય તેને તે વ્યક્તિ ન મળે એવો કોઈ પ્રયત્ન કરે તો એવો પ્રયત્ન કરનાર ઉપર દ્વેષ થાય એ અશક્ય નથી - કેટલીક વાર તો જે વ્યક્તિ પર કામરાગ જાગે એ વ્યક્તિ જો પોતાને સમર્પિત ન થાય તો એનો ભવ બગાડવાનું પણ આ રાગીને મન થઈ જાય છે. મને ન મળે તો કાંઈ નહિ, કોઈને ય ન મળે તેવું હું કરીશ - એમ બોલીને એનું રૂપ વિકૃત કરી દેવા સુધી, એને પતાવી દેવા સુધી ય આ રાગી પહોંચી જાય.



**ધર્મક્ષેત્રમાં તો રાગ અને દ્વેષને જીતવા માટે, નિયંત્રિત કરવા માટે જ આવવાનું છે.** છતાં અહીં મંદિર-ઉપાશ્રયમાં આવીને પણ રાગ-દ્વેષ કરનારા એને પોષનારા અને એને પંપાળનારા પણ ઘણા લોકો હોય છે. પરમાત્માના રૂપને જોઈને ય કામરાગ કરનારા હોય છે.

**સભા :** *દેવ-ગુરુને જોઈને કામ પ્રગટે ?*

હા, પ્રગટી શકે છે. એમાં દેવ-ગુરુનો દોષ નથી; પણ રાગ કરનાર વ્યક્તિની આસક્તિનો-અયોગ્યતાનો દોષ છે. રાગના પૂજારી એવા રાગી તો વિરાગના ધામમાંથી પણ રાગની જ પુષ્ટિ શોધતા હોય છે. કલ્પસૂત્રનાં વ્યાખ્યાનમાં તમે સાંભળ્યું છે કે નહિ ? પરમાત્માએ જ્યારે સંસારનો ત્યાગ કર્યો, સર્વવિરતિનો સ્વીકાર કર્યો અને ગ્રામાનુગ્રામ વિહાર કર્યો ત્યારે પરમાત્માનું સ્વાભાવિક લોકોત્તર રૂપ અને દેહયષ્ટિ જોઈને કેટલીય સ્ત્રીઓ તેમના ઉપર મોહિત થઈ હતી તો કેટલીક અજ્ઞાન સ્ત્રીઓએ પ્રભુ પાસે નિર્લજ્જ બનીને ભોગની પ્રાર્થના કરી હતી. કેટલીક સ્ત્રીઓ પ્રભુને અનુકૂળ ઉપસર્ગ કરી બેઠી હતી તો કેટલીક સ્ત્રીઓ અને યુવાનોએ પ્રભુ પાસે સુગંધી પદાર્થોની માગણી કરી હતી. આજે ય ભગવાનની પ્રતિમાને જોઈને 'આવો પતિ મળે તો કેવું સારું.' એવું વિચારનારી મુગ્ધાઓ છે. ધર્મક્ષેત્રમાં આવી, સૌંદર્યવાન, સામર્થ્યવાન ધર્માત્માઓને જોઈને કામરાગથી પીડાતા લોકો પણ હોય છે. સાધુ-સાધ્વીજીને જોઈને પણ કેટલાકને ખરાબ ભાવો પ્રગટતા હોય છે. **જ્યાં સુધી આપણું મન ચોક્ખું નથી ત્યાં સુધી આપણે ક્યાંય બચી શકવાના નથી.એટલે સૌથી પહેલાં મનને ચોક્ખું કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.**

આપણે ત્યારે નિર્મલ બની શકીએ કે જ્યારે આપણી ચિત્તવૃત્તિ નિર્મલ બને. એને માટે મનને-ચિત્તવૃત્તિને બગાડનારા અપ્રશસ્ત આલંબનોથી બચવું જરૂરી છે અને મનને સુધારનારાં પ્રશસ્ત આલંબનોમાં સાથે જોડાવું છે. આ આલંબનો અનેકાંતિક છે, એકાંતિક નથી. એકાંતિક એટલે નક્કી જ લાભ કરનારાં અને અનેકાંતિક એટલે નક્કી લાભ થાય જ એવો નિયમ ન હોય તેવાં. અનેકાંતિક એટલે લાભ થાય પણ ખરો અને ન પણ થાય. પ્રશસ્ત આલંબનને મેળવીને પણ અપ્રશસ્તભાવોમાં જનારા અયોગ્ય જીવો હોય છે, તેમ અપ્રશસ્ત આલંબનને લઈને પ્રશસ્તભાવોમાં જનારા યોગ્ય જીવો પણ હોય છે. પણ મુખ્યત્વે જે

આલંબનો પ્રશસ્ત ભાવને પેદા કરનારાં છે તેને પ્રશસ્ત આલંબન જ કહેવાય છે અને જે આલંબનો અપ્રશસ્ત ભાવને પેદા કરનારાં છે તેને અપ્રશસ્ત આલંબન જ કહેવાય છે. આમ છતાં નિશ્ચયની અપેક્ષાએ તો જે આલંબન મેળવી જે જીવ પ્રશસ્ત ભાવને પેદા કરે છે તેને માટે તે આલંબનો પ્રશસ્ત આલંબન કહેવાય છે. એ જ રીતે જે આલંબન મેળવી જીવ અપ્રશસ્ત ભાવને પેદા કરે છે તેને માટે તે આલંબન અપ્રશસ્ત આલંબન કહેવાય છે. કોઈપણ આલંબનથી વ્યક્તિ કોઈપણ ભાવ પેદા કરી શકે છે. મનની પરિણતિ સારી હોય ત્યારે પરિણામો પણ સારા થાય છે અને મનની પરિણતિ જ્યારે વિકૃત હોય ત્યારે પરિણામો પણ વિકૃત થાય છે.

**સારા નિમિત્તે પણ અયોગ્ય આત્મા અશુભ ધ્યાન કરે :**

વર્ષો પહેલાનો પરમતારક પરમગુરુદેવને થયેલો એક અનુભવ કહું. સિદ્ધગિરિરાજની યાત્રા કરનારા યાત્રિકોમાં પણ કેવા-કેવા ભાવો લઈને યાત્રા કરવા જનારા હોય છે તેનો આ ઘટના એક નમૂનો છે. બે યુવાનો યાત્રા કરવા જતા હતા. પાછળ પરમતારક પરમગુરુદેવશ્રીજી ચડતા હતા. રસ્તામાં બંનેય યુવાનો વાતો કરતા હતા. 'ભગવાનને શું સૂઝ્યું કે છેક આટલે ઉપર જઈને બેઠા, એમને અહીં ઉપર બેસવું છે અને ટાંટીયાં આપણા તોડવાના !' થોડા આગળ વધ્યા પછી એમનો વાર્તાલાપ સંભળાયો કે "આ વાણીયાઓને પણ ન જાણે શું સૂઝ્યું કે આટલે ઊંચે મંદિરો બંધાવ્યાં છે, નીચે બંધાવ્યા હોત તો !" અને જ્યારે દાદાના દરબારમાં પહોંચ્યા ત્યારે દાદાના માથે હીરા જડેલો મુગટ ચડેલો જોઈને બોલ્યા, 'જુવો તો ખરા ! આપણે માથે ચાર આનાની ટોપી પણ નથી અને આ ભગવાનને માથે લાખો રૂપિયાનો મુગટ. ખોટો રૂપિયાનો વેડફાટ જ છે ને !' આમ આવા કેટલાક લોકો ભગવાનને જોઈને પણ બળ્યા કરતા હશે ?

વીતરાગ સ્તોત્રમાં જણાવ્યું છે કે,

**'मिथ्यादृशां युगान्तार्कः, सुदृशाममृताञ्जनम् ।'**

'પરમાત્માનું ધર્મચક્ર મિથ્યાત્વી આત્મા માટે પ્રલયકાળના
પ્રખર સૂર્ય જેવું દઝાડનાર છે અને સમ્યગ્દૃષ્ટિ આત્મા માટે
એ આંખમાં આંજવાના અમૃત જેવું શીતળ છે.'



આ જ વાતને પ્રભુની પ્રતિમા માટે પૂ. ઉપાધ્યાયજી મહારાજે ઘટાવી છે.

*'સજ્જન નયન સુધારસ અંજન, દુર્જન રવિ ભરણી;*
*તુજ મુરતિ નિરખે સો પાવે, સુખ જશ લીલ ઘણી.'*

પ્રભુની પ્રતિમા સજ્જનો માટે આંખમાં અમૃતરસના અંજન જેવી છે તો દુર્જન જીવો માટે ભરણી નક્ષત્રના બળબળતા સૂર્ય જેવી અસહ્ય છે.

જે દ્રાક્ષ સામાન્ય જન માટે મનગમતી અને મીઠી વસ્તુ છે તે ઊંટ માટે અરુચિકર બને છે. આમાં એ વસ્તુની અયોગ્યતા નથી, પણ એ વ્યક્તિની અયોગ્યતા છે. વ્યક્તિને ક્યાંય મૂકવામાં આવે, પણ જો એના મનની પરિણતિ નિર્મળ ન હોય તો એ ગોટાળા જ વાળે. કાલસૌકરિક કસાઈને હિંસાથી અટકાવવા માટે શ્રેણિક મહારાજાએ ખાલી કૂવામાં ઊંધો લટકાવ્યો તો ત્યાંય એણે કાદવના ૫૦૦ પાડા બનાવી મારવાનો પોતાનો નિયમ અકબંધ જાળવ્યો.

જેના મનની ચોક્ખાઈ ન હોય તે કોઈને ધર્મમાં રૂપિયા વાપરતાં દેખીને ય બળ્યા કરે અને ઉપરથી કહે, 'આવાં બધાં કામોમાં રૂપિયાના ધુમાડો કરે છે એના કરતાં અમને આપે તો શું ખોટું ?'

દહેરાસર - પ્રતિમા જેવાં તરવાનાં પ્રશસ્ત આલંબન મળવા છતાં તેની અપ્રશસ્તભાવથી આરાધના-ઉપાસના કરનારા ઘણા જીવો છે. મલિન આશયવાળાને ક્યાંય પણ મૂકવામાં આવે. એ એના મનની મલિનતાને કારણે પ્રશસ્ત સ્થાનોમાં ય અપ્રશસ્તભાવ કરી આવે.

એ જ રીતે ઘણીવાર અપ્રશસ્ત આલંબનોનો ઉપયોગ પણ પ્રશસ્તભાવ માટે કરનારા પુણ્યાત્મા પણ હોય છે. કોઈક પુણ્યાત્મા શ્રાવકને રૂપિયા હાથમાં આવે, રૂપિયા આમ તો અપ્રશસ્ત જ છે, પણ એ પુણ્યાત્મા તેનો ઉપયોગ પ્રશસ્ત માર્ગે કરે એમ બને છે. માટે જ તો શાસ્ત્રોમાં એક સ્થળે ઉદાર શ્રીમંતોને કલ્પવૃક્ષ સાથે સરખાવ્યા છે. એના હાથમાં આવેલા પૈસાને એ સત્ક્ષેત્રમાં વાપરતો જ રહે. શત્રુંજયના ૨૧ દુહામાં એક દુહો આ જ વાતને જણાવે છે.

*'શ્રાવક મેઘ સમા કહ્યા, કરતા પુણ્યનું કામ,*
*પુણ્યની રાશિ વધે ઘણી, તિણે પુણ્યરાશિ નામ.'*

એવા શ્રાવકો પુણ્યના યોગે મળેલ પૈસાને પુણ્યક્ષેત્રમાં ખર્ચીને પુણ્યાનુબંધી પુણ્યનું અર્જન કરે છે.

**કરતાં આવડે તો અપ્રશસ્ત પણ પ્રશસ્ત બની શકે :**

એ જ રીતે પત્ની પણ સ્વરૂપે અપ્રશસ્ત ગણાય છે, પણ ધર્માત્મા પતિ તેનો ઉપયોગ પ્રશસ્ત માર્ગે કરે. એને ધર્મકાર્યમાં જોડી સાચા અર્થમાં ધર્મપત્ની બનાવે તેમ બને છે.

સામાન્ય રીતે તો પત્ની અપ્રશસ્તભાવોનું નિમિત્ત ગણાય છે, એ અપ્રશસ્તભાવોનું કારણ છે, છતાં તે જો ગુણીયલ હોય, ધર્માત્મા હોય, ધર્મને જ એ જો પરમ કર્તવ્ય અને ઉપાદેય માનતી હોય તો એના પતિ કે સ્વજનોને એને જોઈને મનમાં થાય કે તે કહે તેમ જ કરવું છે. એની ઈચ્છા મુજબ ધર્મ માર્ગે આગળ વધવું છે. એમાંથી પ્રશસ્ત ભાવો પ્રગટે. મન બદલાય, હૃદય બદલાય, જીવન બદલાય અને જીવનની દિશાઓ પણ બદલાઈ જાય.

અનુપમાદેવીનું રૂપ કાંઈ ખૂબસૂરત ન હતું. તેજપાલ પહેલાં એમની તરફ ઉપેક્ષાવૃત્તિ ધરાવતા. પણ જ્યારે એમના અલૌકિક ગુણો, ધાર્મિકતા, સહજ નિર્મળ બુદ્ધિ, નિર્મળ શીલપાલન આદિ ગુણો ખ્યાલમાં આવ્યા, ત્યાર બાદ એ તેજપાળ જ નહિ, પણ જેઠ વસ્તુપાલ મંત્રીશ્વર વગેરે સમસ્ત પરિવાર ધર્મની બાબતમાં એમની જ સલાહ-સંમતિથી આગળ વધતા હતા. એ જ રીતે કોશાનો પણ દાખલો છે.

કોશાને માટે સ્થૂલભદ્રજી રાગનું જ સ્થાન હતું. સ્થૂલભદ્રજીના પિતાનું મૃત્યુ થયું, રાજાનો એમને બોલાવવા સંદેશો આવ્યો, છતાં સ્થૂલભદ્રજી કોશાને છોડીને જવા તૈયાર ન હતા. કોશાએ એમને સમજાવીને મોકલ્યા અને સ્થૂલભદ્રજી ગયા તે ગયા, પાછા ન આવ્યા. જ્યાં સુધી સ્થૂલભદ્રજી પાછા ન આવ્યા ત્યાં સુધી કોશા એમને રોજ યાદ કરતી રહી. આ તેનો કયો રાગ હતો ? આ તેનું કયું ધ્યાન હતું ? કહેવું જ પડે કે કામરાગ; અને જ્યારે દીક્ષિત થઈ જ્ઞાની બની એ જ સ્થૂલભદ્રજી ફરી એના આંગણે આવ્યા, ચોમાસું રહ્યા, તેને પ્રતિબોધ કરી, સમ્યક્ત્વની પ્રાપ્તિ કરાવી, પરમ સમકિતી વ્રતધારી શ્રાવિકા બનાવીને પાછા વિહાર કરી ગયા. એ સ્થૂલભદ્રજી વિહાર કરી ગયા પછી પણ કોશા એમને



રોજ યાદ કરતી રહી. આ તેનો કયો રાગ હતો ? આ તેનું કયું ધ્યાન હતું ? કહેવું જ પડે કે નિતાંત ભક્તિરાગ જ હતો. એ કામરાગ કે સ્નેહરાગ ન જ હતો, પણ ગુણરાગ અને કૃતજ્ઞ ભાવમાંથી પ્રગટેલો ભક્તિરાગ હતો.

પહેલાં સ્થૂલભદ્રજીને પળપળ યાદ કરી આર્ત્તધ્યાન અને એ કારમું કર્મબંધન કરતી હતી અને પછી સ્થૂલભદ્રજીને પળપળ ભક્તિભાવે યાદ કરી એ ધર્મધ્યાન અને એ દ્વારા અપાર કર્મનિર્જરા તેમજ પુણ્યાનુબંધી પુણ્યનો બંધ કરતી હતી.

પહેલાનો એનો રાગ એ અપ્રશસ્ત રાગ હતો અને પહેલાનું એનું ધ્યાન રાગઝાણે રૂપે અપ્રશસ્ત ધ્યાન હતું અને પછીનો એનો રાગ એ પ્રશસ્ત રાગ હતો અને પછીનું એનું ધ્યાન ધર્મધ્યાનરૂપ હતું. જ્યાં સુધી એણે એમને ગુરુ તરીકે નહોતા સ્વીકાર્યા અને પોતાના પ્રિયતમ પાત્ર તરીકે જ સ્વીકાર્યા હતા ત્યાં સુધી એનું ધ્યાન અપ્રશસ્ત અને રાગપોષક જ હતું. અને જ્યારે ગુરુ તરીકે સ્વીકાર્યા ત્યાર પછી એ જેટલીવાર તેમને યાદ કરતી હતી ત્યારે એનું ધ્યાન પ્રશસ્ત અને વિરાગપોષક જ બનતું હતું.

દીક્ષા લીધા પછી પણ જ્યાં સુધી સ્થૂલભદ્રજી એમનાં આંગણે નહોતા આવ્યા ત્યાં સુધી કોશાએ એમને જેટલીવાર યાદ કર્યા તેટલીવાર અપ્રશસ્તભાવ કર્યો અને એનાથી પાપનો જ બંધ કર્યો અને દીક્ષા પછી સ્થૂલભદ્રજી કોશાનાં આંગણે આવ્યા, પછી જ્યારે એમણે કોશાને પ્રતિબોધ કરીને પરમશ્રાવિકા બનાવી, ત્યાર પછી કોશાએ સ્થૂલભદ્રજીને જેટલીવાર યાદ કર્યા તેટલીવાર પ્રશસ્તભાવ કર્યો અને એ દ્વારા પુણ્યાનુબંધી પુણ્યનો બંધ અને નિર્જરા કરી. વસ્તુ કે વિષય એકનો એક, પાત્ર પણ એનું એ, પણ અંતર્ગત અભિરુચિ, ઢાળ, બોધ, દૃષ્ટિ બદલાતાં ચિત્તવૃત્તિ પર પણ તદ્દન વિરોધી ભાવો ઉભરાય છે - તે વાત આવાં દૃષ્ટાંતો દ્વારા સમજી શકાય છે. આ વસ્તુ પર ખૂબ ઊંડું ચિંતન કરજો. તેમાંથી તમને તમારી ચિત્તવૃત્તિ બરાબર ઓળખાશે અને એમાંથી જ અપ્રશસ્ત ભાવોથી કેમ બચવું અને પ્રશસ્તભાવોમાં કેમ પ્રવર્તવું તે સમજાશે.

હવે આવે છે દ્વેષધ્યાન. રાગનાં જ્યાં બેસણાં હોય છે ત્યાં દ્વેષનાં બેસણાં હોય છે. રાગમાં વાંધો પડે કે એ રાગની પૂર્તિમાં કોઈ વચ્ચે આવે એટલે એના ઉપર દ્વેષ થતો હોય છે. જે વ્યક્તિને જ્યાં રાગ હોય, જે વસ્તુ, જે વ્યક્તિ, જે

પરિસ્થિતિ કે જે સંયોગ ગમે તેમાં જે જે વ્યક્તિ, વસ્તુ, પરિસ્થિતિ કે સંયોગ બાધક બને તેની ઉપર તેને દ્વેષ થતો હોય છે.

## ९ दोसंझाणे

### द्वेषध्याने

**B अ० दोसंझाणे - अप्रीतिमात्रं परद्रोहाध्यवसायो वा द्वेषस्तस्य ध्यानम्, मधुदेवपिप्पलादयोरिव, धर्मरुचि-नाविकनन्दयोरिव, हरिवंशोत्पत्तौ वीरकदेवस्येव तस्मिन् ।।९।।**

## (૯) દ્વેષ ધ્યાન

### દ્વેષ ધ્યાનના વિષયમાં

**અ - દ્વેષધ્યાન - કેવળ અપ્રીતિ અથવા પરદ્રોહનો અધ્યવસાય તે દ્વેષ, તેનું ધ્યાન તે દ્વેષધ્યાન કહેવાય છે. મધુદેવ અને પિપ્પલાદનો તથા ધર્મરુચિ અને નાવિકના પુત્રનો જે દ્વેષ તેવો અને હરિવંશની ઉત્પત્તિમાં વીરકદેવ જેવો દ્વેષ; તેનું ધ્યાન તે દ્વેષ ધ્યાન છે. તે નિમિત્તે [જે અતિચાર લાગ્યો હોય તેનું મિચ્છા મિ દુક્કડં.] ।।૯।।**

### બે રૂપે પ્રગટતો દ્વેષ :

દ્વેષ બે પ્રકારનો છે. ૧- અરુચિમાંથી જન્મતો - અણગમાનો પરિણામ, અને ૨- દુર્ભાવમાંથી જન્મતો - દ્રોહનો પરિણામ.

માનો કે તમે ભોજન કરવા બેઠા અને તમારી જીભને ન ભાવે એવી વસ્તુ ભાણામાં આવી જતાં તમને અણગમો કે અરુચિ થાય તે દ્વેષનો પરિણામ છે.

તમને કોઈ બોલાવે, તમારી નજીક આવીને એ બેસે, તમને સામે મળે તો ન ગમે તે અરુચિનો પરિણામ છે.

એક વ્યક્તિ તમારી પાસે આવે અને ન ગમે, તે અરુચિનો પરિણામ છે. પણ એ આવે અને ન ગમે એટલું જ નહિ, પણ 'એને મારી નાંખું, પતાવી નાંખું, એનું નિકંદન કાઢી નાખું' એવી ભાવના પણ થાય તો તે દ્રોહનો પરિણામ છે.



અરુચિનો પરિણામ એ જેમ દ્વેષ છે તેમ દ્રોહનો પરિણામ એ પણ દ્વેષ જ છે.

કેટલાક અમને કહે, 'મહારાજ સાહેબ ! આપ મને ઉપવાસ કરવાનું કહો તો કરી લઉં, પણ આયંબિલ કરવાનું નામ નહિ લેતા. એની રસોઈની ગંધ આવે છે ને મને અરુચિ થાય છે, ઉબકા આવે છે.' આ રીતે આયંબિલની રસોઈ કે વાનગી પ્રત્યેની અરુચિ તે પણ દ્વેષ છે.

કોઈ વ્યક્તિ તમને બોલાવે અને એ તમને ન ગમે, તમે કયાંય સારું કામ કરવા જતા હોય અને અણગમતી વ્યક્તિ જ સામે મળે તો તમને થાય કે 'આ પાપી ક્યાં સામે આવ્યો... અપશુકન કર્યાં', આ વિચાર પણ દ્વેષનો જ પરિણામ છે. એટલે અરુચિ અને દ્રોહ આ બંને પરિણામને દ્વેષ કહેવાય. પરિણામ એટલે મનના ભાવો એ તો તમે જાણો જ છો ને !

### દ્વેષધ્યાનનું મૂળ આપણા મનની રુચિ પર છે :

હવે તમે સ્વયં વિચારો કે તમારા જીવનમાં તમને કઈ કઈ વ્યક્તિઓ પ્રત્યે અણગમો છે ? એવી કઈ કઈ વસ્તુઓ છે કે જેના ઉપર તમને અણગમો છે ? એવા કયા કયા સંયોગો છે કે જે તમને નથી જ ગમતા ?

આ દ્વેષ અંગેનો નિયમ પણ એકાંતિક નથી તે પણ અનેકાંતિક છે. આજે જે વ્યક્તિઓ કે વસ્તુઓ તમને ગમે છે તે જ વ્યક્તિઓ કે વસ્તુઓ જો તમારો ભાવ બદલાઈ જાય તો અણગમતી થઈ જાય એમ બની શકે. એ જ રીતે આજે જે અણગમતી વ્યક્તિઓ કે વસ્તુઓ છે તે કાલે તમારો ભાવ બદલાઈ જાય તો ગમતી પણ થઈ જાય છે. આજે જે સંયોગો નથી ગમતા તે કાલે ભાવ બદલાઈ જાય તો ગમતા થઈ જાય એમ પણ બને. આજે ન ભાવતી વસ્તુ કાલે ભાવતી થઈ જાય. આજે ન ગમતું વાતાવરણ કાલે ગમતું થઈ જાય. એટલે **કોઈપણ વ્યક્તિને કોઈપણ વ્યક્તિ, વસ્તુ કે પરિસ્થિતિ પ્રત્યે હંમેશ માટે રુચિ કે અરુચિ ગમો કે અણગમો નથી હોતો. જે વ્યક્તિ-વસ્તુ કે પરિસ્થિતિ જ્યારે અનુકૂળરૂપે વેદાય ત્યારે એના પ્રત્યે રાગ થાય છે અને જે વ્યક્તિ, વસ્તુ કે પરિસ્થિતિ પ્રતિકૂળરૂપે વેદાય ત્યારે એના પ્રત્યે દ્વેષ થાય છે.** આ અનુકૂળતાના રાગનું કે એ રાગમાંથી પ્રગટતું ધ્યાન એ જ રાગધ્યાન છે અને પ્રતિકૂળતાના દ્વેષનું કે એ દ્વેષમાંથી પ્રગટતું ધ્યાન તે દ્વેષ ધ્યાન છે. માટે જ એક સંસ્કૃત સુભાષિતમાં કહ્યું છે કે -

'किमप्यस्ति स्वभावेन सुन्दरं वाप्यसुन्दरम् ।
यदेव रोचते यस्मै, भवेत्तत्तस्य सुन्दरम् ।।'

'જગતમાં કોઈપણ વસ્તુ સ્વભાવે સુંદર કે અસુંદર હોતી નથી, જેને જે ગમે તેને માટે તે સુંદર છે અને જેને જે અણગમતું હોય તેને માટે તે અસુંદર છે.'

જ્યાં સુધી આપણા હૃદયમાં અનુકૂળતાનો રાગ અને પ્રતિકૂળતાનો દ્વેષ બેઠો છે ત્યાં સુધી આર્તધ્યાન થવાની પૂરેપૂરી શક્યતા છે. અહીં સાધુપણામાં આવ્યા પછી સાધુ-સાધ્વીને ગુરુ મહારાજ ક્યારે ગમે ? એ પોતાની અનુકૂળતા સાચવે તો કે અનુકૂળતા ન સાચવે તો ? - એ સૌએ આત્મસાક્ષીએ વિચારવાનું છે. ગુરુ પોતાની બધી રીતે કાળજી રાખે માટે ગુરુ બહુ સારા ! આવી લાગણી એ અનુકૂળતાના રાગનું પરિણામ છે. આવી લાગણીમાંથી રાગધ્યાન પ્રગટતું હોય છે. તે જ રીતે ગુરુ ગમે તેટલા સારા હોય, તો પણ પોતાની અનુકૂળતા ન સાચવે તો ગુરુ ખરાબ ! આવી લાગણી એ દ્વેષનું પરિણામ છે. એમાંથી દ્વેષ ધ્યાન પ્રગટતું હોય છે.

ગુરુ ગુરુપણા માટે યોગ્ય ન પણ હોય, પણ એ જો તમારા શરીર વગેરેની સુખાકારીનું બરાબર ધ્યાન રાખતા હોય તો એ સારા અને ગુરુ, ગુરુપણા માટે પૂરેપૂરા યોગ્ય હોય, પણ જો એ તમારા શરીર વગેરેની સુખાકારીનું બરાબર ધ્યાન ન રાખતા હોય તો તે ખરાબ ! આવી લાગણીમાંથી જ રાગ, દ્વેષ અને રાગ-દ્વેષનું ધ્યાન પ્રગટતું હોય છે.

કદાચ કોઈ પ્રસંગે તમે કોઈને ત્યાં ગયા હો અને ત્યાં દરેક માટે જોઈએ તેવી વ્યવસ્થા ન પણ હોય, છતાં એ તમને જાળવી લેતા હોય તો એ બહુ ગમે. પછી એવા લોકો બધાને કહેતા ફરે. 'શું અમને જાળવ્યા છે ! શું એમની લાગણી હતી ! આટલા બધા માણસો હોય તો બધાની એક સરખી સારસંભાળ ન પણ લઈ શકાય. પણ એમની ભાવના તો જુઓ !' અને એની સામે તમે જ્યાં ગયા હો, ત્યાં આવેલા બધાને બરાબર સાચવ્યા હોય, પણ તમને બરાબર સાચવવાનું ચૂકાઈ ગયું હોય તો તમે શું બોલો ? બધાને કહેતા ફરોને કે 'વ્યવસ્થાનાં કાંઈ ઠેકાણાં હતાં નહિ. આ રીતે કોઈને સાચવવાની તેવડ ન હોય તો આવા લોકો શા માટે મોટા પાયે ઉપાડો કરતા હશે ?'



એમણે તમને સાચવ્યા તો 'બધું બરાબર' અને એમણે તમને ન સાચવ્યા તો 'બધું ખરાબ,' આ જ તમારી વ્યાખ્યાને ? આપણા રાગ-દ્વેષના ભાવો ખરાબને સારા તરીકે ઓળખાવે ને સારાને ખરાબ તરીકે ઓળખાવે. શાસ્ત્રોમાં એક રાજાનું દૃષ્ટાંત આવે છે.

**મિથ્યાદૃષ્ટિ રાજા અને સમ્યગ્દૃષ્ટિ મંત્રી :**

એ રાજાએ એકવાર કોઈ નિમિત્તે ભોજન સમારંભ રાખ્યો હતો. બધા રાજકીય પુરુષોને જમવા બોલાવ્યા. બધા જમવા બેઠા. કુદરતી રીતે રાજાના મુખ્યમંત્રીની બેઠક રાજાની સામે જ આવી. રાજા મિથ્યાદૃષ્ટિ હતો અને આ મંત્રી સમ્યગ્દૃષ્ટિ હતો, અનુભવી હતો, ઠરેલ અને સ્થિતપ્રજ્ઞ જેવો હતો. સામાન્ય રીતે તમારો સંસારીઓનો એક નિયમ હોય છે કે જ્યાં સુધી ખાવા વગેરેની વસ્તુને વખાણે કે વખોડે નહિ ત્યાં સુધી ખાધેલું પચે નહિ. એટલે ખાતા જાય અને રસોઈને વખાણતા કે વખોડતા જાય. સાધુ-સાધ્વીઓને માટે તો નિયમ છે કે ગોચરી વાપરતાં કે વાપર્યા પછી કોઈપણ રસોઈની પ્રશંસા કે નિંદા ન કરાય. રસોઈ જ નહીં, રસોઈ બનાવનારથી માંડીને રસોઈ વહોરાવનાર, વહોરીને લાવનાર અને પાત્રામાં આપનાર સુધી કોઈની પણ પ્રશંસા કે નિંદા ન કરાય. સારી આપે, લાવે કે, બનાવે તેનાં વખાણ ન કરાય અને ખરાબ આપે, લાવે કે બનાવે તેની નિંદા ન કરાય. બંનેમાં સમદૃષ્ટિ સમતોલ ભાવમાં રહેવાનું છે. જો આવી સમતા અમે ન રાખીએ અને વખાણવાનું કે વખોડવાનું કામ કરીએ તો અમને અંગાર અને ધૂમ્ર નામનો દોષ લાગે. અંગાર દોષથી અમારું ચારિત્ર બળી જાય અને ધૂમ્ર દોષથી અમારું ચારિત્ર મેલું થાય.

આ મિથ્યાદૃષ્ટિ રાજાનો જમણવાર યોજાયો એ વખતે ત્યાં આવેલા મોટા ભાગના અતિથિઓ એક-એક વાનગી ખાતા જાય છે અને રસોઈનાં વખાણ કરતા જાય છે. 'મહારાજ ! આપે શું રસોઈ બનાવડાવી છે ? આપે શું મેનુ તૈયાર કર્યું છે આવી વાનગી તો ક્યારેય ચાખી નથી. કમાલ કરી મહારાજ ! આપે જમાડી જાણ્યા. જીવનભર યાદ રહી જશે.' બધા બે મોઢે પ્રશંસા કરે છે. કોઈ રાજાને વખાણે છે, કોઈ વાનગીને વખાણે છે, કોઈ વાનગી બનાવનાર રસોઈયાને વખાણે છે તો કોઈ વ્યવસ્થાપકો અને વ્યવસ્થાને વખાણે છે. પણ **અભિમાની અહંકારી માણસનો એવો સ્વભાવ હોય છે, કે એમને પોતાની**

**વસ્તુની સો વ્યક્તિ પ્રશંસા કરે એ ન દેખાય, પણ એમાની એકાદ વ્યક્તિ પણ જો એની પ્રશંસા ન કરે તો એ એને ખટક્યા વગર ન રહે.** એ રાજાની બધાએ બે મોંઢે પ્રશંસા કરી હોવા છતાં જૈન મંત્રીએ રાજાની વાનગીની પ્રશંસા ન કરી એ રાજાને ખટક્યા વગર ન રહ્યું. રાજાથી ન રહેવાયું એટલે રાજાએ મંત્રીને પૂછ્યું, "મંત્રીશ્વર ! કેમ તમે કાંઈ બોલતા નથી ? રસોઈ તમને કેવી લાગી એ અંગે તમે કેમ મૌન છો ?"

મંત્રીએ કહ્યું, "મહારાજ ! આપે મને જમવા બોલાવ્યો છે કે રસોઈની પરીક્ષા કરવા બોલાવ્યો છે ?"

રાજાએ કહ્યું, "જમવા."

"તો હું એ કામ તો કરી જ રહ્યો છું."

રાજાએ કહ્યું, "એમ નહિ, તને જમવા બોલાવ્યો છે એ વાત સાચી, પણ હવે તું એ તો બોલ કે મારી રસોઈ કેવી છે ?"

મંત્રીએ કહ્યું, "મહારાજ ! એ તો જેવી છે તેવી છે."

"એટલે ? કાંઈ સમજાયું નહિ. જરા ફોડ પાડીને વાત કર !"

"મહારાજ ! જે રસોઈ આનાથી વધારે સારી હોય તેના કરતાં આ રસોઈ ઓછી સારી છે અને જે રસોઈ આનાથી ઓછી સારી હોય તેના કરતાં આ રસોઈ વધારે સારી છે."

જમણવાર યોજનાર એ રાજાએ જૈન મંત્રીના મોંઢે રસોઈની પ્રશંસા કરાવવા પ્રયત્ન કર્યો પણ મંત્રીએ એવી રીતે જવાબ આપ્યો કે રાજાને જે જવાબ જોઈતો હતો તે ન મળ્યો. બધા ખુશામત કરે તેમ આ મંત્રી પણ મારી ખુશામતના બે બોલ બોલે તો સારું, તો જ મારો જમણવાર કર્યો લેખે લાગશે - એવી રાજાની માન્યતા અને અપેક્ષા હતી. તે પૂરી ન થતાં રાજાને થયું કે "આ મંત્રી વેવલો થઈ ગયો છે."

### અવસર પઠિતા વાણી :

કેટલીક વસ્તુઓના જવાબ જીભાજોડીથી આપવાના હોતા નથી. અવસર આવે ત્યારે જ જવાબ આપવાનો હોય છે. **સમજુ માણસો ક્યારેય જીભાજોડી**



**કરતા નથી અને અવસર આવે ત્યારે સ્પષ્ટ કહ્યા વગર પણ રહેતા નથી.** આ મંત્રીએ રાજાને જવાબ જીભાજોડીથી ન આપ્યો. પોતાનું શું લાગશે ? એવો કોઈપણ વિચાર લોકસંજ્ઞાને આધીન ન કર્યો. હિતબુદ્ધિથી એ મૌન રહ્યો. રાજાનું ય સરવાળે હિત કરવું હતું માટે એણે એ માટેના સુયોગ્ય અવસરની રાહ જોવામાં જ ડહાપણ માન્યું, કારણ કે અવસરે કહેવાયેલા વચનનું મૂલ્ય હોય છે. માટે જ કહેવાય છે કે **"અવસર પઠિતા વાણી."**

મંત્રીનો વ્યવહાર રાજાને ન ગમ્યો છતાં આ મંત્રી બુદ્ધિમાન, વફાદાર અને કામકાજમાં એટલો કુશળ હતો કે રાજાને એના વગર ચાલે તેમ પણ નહોતું.

એકવાર રાજા અને મંત્રી ફરવા ગયા ત્યારે રસ્તામાં જ્યાં આખા ગામની ગટર ઠલવાતી હતી તે જગ્યા આવી. માથું ફાટી જાય એવી ભયંકર દુર્ગંધ ત્યાં આવતી હતી. રાજાએ તો નાકે ડૂચો મારીને ઘોડો દોડાવી મૂક્યો અને દૂર જઈને મંત્રીની રાહ જોતા ઊભો રહ્યો. મંત્રીએ તો એ જ સહજતાથી જરાય વેગ વધાર્યા વિના ધીમે ધીમે જ ઘોડો પસાર કર્યો. રાજાએ મંત્રીનો આ વ્યવહાર જોયો. એને થયું કે 'આ ગજબનો માણસ છે, આવી ખરાબ જગ્યાએથી પણ એ આટલી શાંતિથી પસાર થઈ શકે છે ? આ મંત્રીને અહીંની દુર્ગંધ શું નહિ આવતી હોય ?' એથી મંત્રી રાજા પાસે પહોંચ્યો ત્યારે રાજાએ કહ્યું, "કેમ તને આ ખાળની દુર્ગંધ ન આવી ?"

મંત્રીએ શાંતિથી કહ્યું, 'મહારાજ ! આવી'

રાજાએ પૂછ્યું, 'કેવી હતી ?'

મંત્રીએ કહ્યું, 'મહારાજ ! જેવી હતી તેવી આવી.'

આ સાંભળીને રાજાને અત્યંત આશ્ચર્ય થયું અને મનમાં મુઝવણ થઈ કે આવું કેવી રીતે બને ? મનભાવન ભોજનમાં ખુશી ન થાય અને આવી દુર્ગંધમાં અકળામણ ન થાય - એવું કેવી રીતે બને ? મંત્રીએ રાજાને ધર્મ પમાડવો હતો, એ માટે એણે રાજાના મનમાં મુઝવણ ઉભી કરવી હતી, જેમાં એ સફળ થયો હતો.

મંત્રી સમ્યગ્દૃષ્ટિ હોય તો પોતાના રાજાને અને પ્રજાને ધર્મ કેવી રીતે પમાડવો તેનો એ પ્રયત્ન કરે જ. મંત્રી સંસારમાં બેઠો હતો, પણ હૈયાથી સંસારી ન હતો. રાજ્યની ધુરા સંભાળતો હતો, પણ એનું હૈયું ધર્મ સાથે જોડાયેલું હતું. એથી એની ભાવના એક જ હતી કે મારે મારા રાજાને ધર્મ પમાડવો છે, સમ્યગ્દર્શન પમાડવું છે. એમણે મંત્રી તરીકેના પદ પર બેસીને ય લોકોને ધર્મ પમાડવાનો પ્રયત્ન કર્યો હતો, પણ ધર્મનો લાભ ઊઠાવવાનો પ્રયત્ન ક્યારેય નહોતો કર્યો.

### સાધુના આશીર્વાદ શાના હોય ?

તમે જેમ આવો છો તેમ કેટલાક રાજકારણીઓ અમારી પાસે આશીર્વાદ લેવા આવતા હોય છે. જે કોઈ વ્યક્તિ એની સાથે સંબંધ ધરાવતી હોય, તે એવાને ખેંચીને અમારા જેવા પાસે લઈ આવે, તેમ બનતું હોય છે. એ આવે ત્યારે અમારી પાસે સત્તા ઉપર, મંત્રી પદ ઉપર આરૂઢ થવાના આશીર્વાદની પણ માંગણી કરી બેસતા હોય છે. એની ભૂમિકા આદિ જોયા પછી અમારે કહેવું પડે કે, 'ભાઈ ! એક જૈન સાધુ તરીકે તમે કોઈ દુન્યવી પોસ્ટ પર પહોંચો એવા આશીર્વાદ તો અમે ન આપી શકીએ. કેમ કે અમે પોતે સત્તાને પાપનું સ્થાન માનીને છોડી દીધી છે અને જે સત્તા ઉપર બેઠા હોય તેમની પાસેથી તેમની સત્તા છોડાવવામાં અમે માનીએ છીએ, પણ તમારું ભાગ્ય જોર કરે અને તમે પોસ્ટ પર આવો તો તમે ધર્મના કાર્ય કરો, એ દ્વારા તમારા પોતાના આત્માનું કલ્યાણ સાધવા સાથે દેશની પ્રજાનું પણ આધ્યાત્મિક હિત સાધવામાં નિમિત્ત બનો એ માટે અમારા પૂરેપૂરા આશીર્વાદ હોઈ શકે છે અને એ માટેના આશીર્વાદ અમે આપી પણ શકીએ છીએ. તમારાથી એવા આશીર્વાદ લેવા આવી શકાય.'

કેટલાક તો ભલા-ભોળા મહાત્માઓને ભોળવવામાં બહુ જ કુશળ હોય છે. એ મહાત્માને કહે, 'મહારાજ સાહેબ ! મારે તો તમારી સભામાં ચતુર્વિધ સંઘના પણ આશીર્વાદ લેવા આવવું છે - એમાં આપને શું વાંધો હોય ? કોઈપણ સારું કામ કરતાં પૂર્વે ચતુર્વિધ શ્રીસંઘના તો આશીર્વાદ લેવા જ જોઈએ ને ?' એમ કહીને એ અહીં ઉપાશ્રયોમાં આવે અને ઉપાશ્રયની ધર્મસભાઓને એના પક્ષની ચૂંટણીસભામાં ફેરવવાનો પ્રયત્ન કરે. બધાની વચ્ચે ઊભો થાય, ગુરુ ભગવંતને



કામળી ઓઢાડે, એમનું ગુરુપૂજન કરે, વાસક્ષેપ નખાવે અને બધાને કહે, 'મને ફલાણા પક્ષની ફલાણી સીટની ટીકીટ મળી છે, તમે મને આશીર્વાદ આપો !' આશીર્વાદ એટલે સમજ્યા ? મને વોટ આપો ! એને આશીર્વાદ જોઈતા નથી, પણ વોટ જોઈએ છે. આવા લોકોને સાધુઓનો અને શ્રીસંઘનો ઉપયોગ પણ પોતાની સત્તાને સાધવા માટે કરવો છે.

આજ સુધીના ભૂતકાળમાં કોઈપણ જૈનાચાર્યોએ કોઈને રાજા, મંત્રી, સેનાપતિ કે શ્રીમંત બનાવવાનું કામ નથી કર્યું, પણ પુણ્યયોગે જે રાજા, મંત્રી, સેનાપતિ કે શ્રીમંત બન્યા હતા તેને સાચા શ્રાવક કે સાધુ બનાવવાનો પ્રયત્ન જરૂર કર્યો છે અને એવા સાચા શ્રાવક બનેલા રાજા, મંત્રી કે શ્રીમંત દ્વારા પ્રભુ શાસનની શક્ય તેટલી પ્રભાવના રક્ષાનાં કાર્યો કરાયાં છે માટે જ પરમતારક પરમશ્રદ્ધેય પરમ ગુરુદેવશ્રીજી કહેતા હતા કે **જૈન રાજા બને, મંત્રી બને, સેનાપતિ બને, શ્રીમંત બને કે ભોગી બને એ ઈચ્છવા યોગ્ય નથી, પણ રાજા, મંત્રી, સેનાપતિ, શ્રીમંત, કે ભોગી જૈન બને એ જરૂર ઈચ્છવા યોગ્ય છે.**

### સદ્ધર્મ પમાડવા આવું ય કરવું પડે :

મંત્રી સમ્યગ્દૃષ્ટિ હોવાથી એના રાજાને અને પ્રજાને ધર્મ પમાડવાની એની ઈચ્છા હતી. પણ તકની રાહ જોઈને બેઠો હતો અને એવી તક એને મળી પણ ખરી. પદાર્થ વિજ્ઞાનમાં કુશળ એવો એ મંત્રી જાણતો હતો કે **અશુભ પુદ્ગલ પણ પ્રક્રિયા દ્વારા શુભ બની શકે છે અને શુભ પુદ્ગલ પણ પ્રક્રિયા દ્વારા અશુભ બની શકે છે.** એવો જ એક પ્રયોગ કરી પ્રતીતિ કરાવવા માટે મંત્રીએ એ ભયંકર દુર્ગંધ મારતી ગામની ગટરમાંથી પાણી મંગાવ્યું. એમાં કેટલાક દિવસો સુધી રસાયણો મેળવ્યાં. વિવિધ તબક્કામાંથી એને પસાર કરાવ્યું. આવી પ્રોસેસ કરીને પાણીને સ્વચ્છ, સ્વાદુ અને સુવાસિત બનાવ્યું. પછી સોનાના કુંજામાં ભરીને રાજાના રસોઈયાને મોકલી આપ્યું. રસોઈઆને કહ્યું, 'રાજા સાહેબ આજે જમવા આવે ત્યારે પીવા માટે આ પાણી આપજે.'

રાજા જમવા આવ્યા અને ભોજનખંડમાં પ્રવેશ કરતાં જ એમનું નાક તરબતર થઈ ગયું. રાજાને થયું, આજે કાંઈ સરસ વાનગી બનાવી લાગે છે કે એવી સુવાસ આવવાની શરૂ થઈ છે ! એ એક-એક વાનગી સૂંઘવા લાગ્યા. પણ

સુગંધ કોઈ વાનગીમાંથી આવતી ન હતી. રાજાને આશ્ચર્ય થયું કે આવી સુવાસ આવે છે ક્યાંથી ? પણ જ્યારે એમણે પાણી પીવા માટે પ્યાલો ઉપાડ્યો ત્યારે એકદમ તીવ્ર સુગંધ આવવા લાગી. પાણી પીધું. અતિ મધુર, સ્વાદુ, સુવાસિત હોવા છતાં એમાં પાણીનો પોતાનો જ સ્વાદ અકબંધ જળવાયેલો હતો. પાણી, પાણી જ હતું. છતાં કાંઈક જુદું જ હતું. અતિ વિશિષ્ટ હતું. એટલે રાજાને એ પાણી ખૂબ ભાવ્યું, રાજાએ આજે ખાવાનું પડતું મૂકીને પાણી જ પીવાનું કામ કર્યું. રસોઈયાને પૂછ્યું, "આ પાણી ક્યાંથી લાવ્યો ? આટલું સ્વચ્છ, સ્વાદુ, સુવાસિત પાણી... રોજ મને કેમ નથી પીરસતો ?'

'મહારાજ ! આપણી પાસે હોય તો પીરસું ને ?'

'તો આજે ક્યાંથી લાવ્યો ?'

'હું નથી લાવ્યો, પણ આ તો આપણા મંત્રીશ્વરે આપની ભક્તિ માટે આજે મોકલાવ્યું છે.'

હવે રાજાને વિચાર આવ્યો કે 'જે વાતનો આજ સુધી તાળો નહોતો મળતો તે આજે મળી ગયો. આ મંત્રી જો પાણી આવું પીતો હશે તો રસોઈ વળી કેવી ખાતો હશે ? અને એવી સ્વાદિષ્ટ રસોઈ ખાનારને મારી રસોઈ ન ગમે એ બને અને કાયમ આવું પાણી પીનારને કદાચ ગટરની ગંધ પણ નહિ આવતી હોય !'

રાજા મનમાં ને મનમાં આવાં ગણિત માંડવા લાગ્યો. રાજાએ તરત જ સેવકને આદેશ કર્યો કે હમણાંને હમણાં જ મંત્રીશ્વરને બોલાવી લાવો.' મંત્રી તો આ તકની રાહ જોઈને જ બેઠો હતો કે હમણાં તેડું આવ્યું સમજો. એટલે રાજાનો સંદેશો મળતાં જ મંત્રી રાજા પાસે પહોંચ્યો.

રાજાએ પૂછ્યું, 'તું આ પાણી ક્યાંથી લાવ્યો ?'

મંત્રીએ કહ્યું, 'આપને ભાવ્યું ?'

'ભાવ્યું નહિ, બહુ ભાવ્યું એટલે જ તો પૂછું છું, બોલ, ક્યાંથી લાવ્યો ?'

'મહારાજ ! અભય આપો તો કહું.'

'ભલાભાઈ ! આવી સારી વસ્તુનો સોર્સ બતાવવાનો હોય અને એમાં અભય શું માંગવાનું હોય, અભય જ હોય ને !'



'એમ નહિ મહારાજ ! અભય આપો તો કહું.'

'મંત્રીશ્વર ! તમને અભય જ છે. હવે જલ્દી બોલો ! ખોટો વિલંબ ન કરો !'

હવે મંત્રીએ કહ્યું, 'મહારાજ ! યાદ કરો, તે દિવસે આપણે ફરવા ગયા હતા ત્યારે જે ગટર પાસેથી પસાર થયા હતા, દુર્ગંધ સહન ન થવાથી આપે ઘોડો દોડાવી દીધો હતો અને હું ધીમેથી આવ્યો હતો... તે જ ગટરનું આ પાણી છે !'

રાજાએ કહ્યું, 'બને જ નહિ. એ તો કેટલું ગંદું, દુર્ગંધવાળું પાણી હતું. તે આવું સ્વચ્છ, સ્વાદુ, સુગંધી કેવી રીતે હોઈ શકે ?' રાજાને માનવામાં ન આવ્યું એટલે મંત્રીએ રાજાની સામે જ તે ગટરનું પાણી મંગાવ્યું અને પહેલાં કર્યા હતા તેવા જ પ્રયોગો કરીને તે જ પાણી સ્વચ્છ, સુસ્વાદુ અને સુગંધી કરી બતાવ્યું.

'તું આ વિજ્ઞાન કોની પાસેથી શીખ્યો ?' રાજાએ સાશ્ચર્ય પૂછ્યું.

'મહારાજ ! આ બધું જૈનાચાર્ય પાસેથી શીખ્યો. જૈન શાસનના પદાર્થ વિજ્ઞાનથી મેં આ વાત જાણી છે કે અશુભને ક્રિયા-પ્રક્રિયા દ્વારા શુભમાં પલટાવી શકાય છે અને શુભને પણ ક્રિયા-પ્રક્રિયા દ્વારા અશુભમાં પલટાવી શકાય છે.'

એ સમ્યગ્દૃષ્ટિ હતો. પોતાના સ્વાર્થ માટે કળાઓનો ઉપયોગ કરનારો ન હતો. બુદ્ધિ અને કળાનો ઉપયોગ કરીને એણે રાજાને જૈનધર્મનો રાગી બનાવ્યો અને અવસર જોઈને જૈન શાસનનું આખું પદાર્થવિજ્ઞાન, જીવવિજ્ઞાન વગેરે સમજાવ્યું. રાજાને અને રાજ્યનાં લોકોને સમ્યગ્દર્શન પમાડવાનો એણે પ્રયત્ન કર્યો. જૈન શાસન કહે છે કે આ બધા પુદ્ગલના ધર્મો છે. આમાં રાગ શો અને દ્વેષ શો ? જ્ઞાનીએ આ બેય પ્રકારના વિપરીત ભાવોમાં મધ્યસ્થ, સમતોલ દૃષ્ટિથી રહેવું જોઈએ.

### સમ્યગ્દૃષ્ટિ એટલે પારદર્શી દૃષ્ટિવાળો :

સમ્યગ્દૃષ્ટિની મનોદશા આવી હોય છે. કારણ કે, એની દૃષ્ટિ કોઈપણ વસ્તુને આરપાર જોઈ શકે તેવી પારદર્શી હોય છે. તે વસ્તુનું સ્વરૂપ જોઈ શકે છે. વસ્તુના દરેક પર્યાયોને જોઈ શકે છે. એ વસ્તુના માત્ર દેખાતા ગુણો કે દોષો

તરફ જ એની દૃષ્ટિ મર્યાદિત નથી હોતી. એ વસ્તુની વર્તમાન સ્થિતિને જોવા ઉપરાંત એનાં પરિણામો, ફળો, વિપાકોને પણ જુવે છે. એ પરિણામો, ફળો કે વિપાકોના આધારે જ એ વસ્તુની સુંદરતા-અસુંદરતા, હેયતા-ઉપાદેયતા, સારતા-અસારતા આદિનો નિર્ણય કરે છે. એ માત્ર સ્વરૂપ જ ન જુએ, પણ હેતુ અને અનુબંધને પણ જુવે. એ તરફ પણ એની પૂરેપૂરી નજર હોય છે. આવી પર્યાલોચનાના કારણે એ ક્યાંય રાગ કે દ્વેષ ન થઈ જાય તેની કાળજી રાખે છે. આથી એ મહદ્અંશે રાગદ્વેષના ભાવોથી બચી શકે છે.

અત્યારે આપણો મનુષ્યનો પર્યાય છે. એટલે આપણી અપેક્ષાએ જે વસ્તુ ખરાબમાં ખરાબ ગણાય છે, તે વિષ્ટાને જોઈને આપણું માથું ફાટે છે એને જોઈ આપણને શૂગ, અણગમો, દ્વેષ, દુર્ભાવ પેદા થાય છે અને એનાથી દૂર રહેવાનો વિચાર આવે છે. અત્યારનો આપણો માનવનો પર્યાય પૂરો થયા પછી ભવિષ્યમાં જો કદાચ આપણને ભૂંડનો પર્યાય મળે તો એ જ વિષ્ટાને જોઈને એને ખાવા દોડવાનું મન થાય કે નહિ થાય ? એના પ્રત્યે રુચિ, ગમો, રાગ-સદ્ભાવની લાગણી પણ સ્પર્શે કે નહિ ?

જે અવસ્થામાં જે પર્યાયોનું મેચિંગ થાય તે જીવને સારું લાગે છે અને જે પર્યાયોનું મેચિંગ બરાબર ન થાય તે ખરાબ લાગે. પુદ્ગલ તરીકે તો પુદ્ગલ એક જ છે. ફક્ત શબ્દ-વર્ણ-ગંધ-રસ-સ્પર્શ બદલાય છે. તમે જેને સૌથી ખરાબમાં ખરાબ માનો તે વિષ્ટા ભૂંડને સરસ લાગે અને તમે જેને સારું માનો છો તે અનાજના કુંડને છોડીને ભૂંડ વિષ્ટાના કાદવમાં જ પડે. માટે જ ભૂંડના સ્વભાવ માટે વિનયની સજ્ઝાયમાં કહ્યું છે કે -

*'કણનું કુંડું પરિહરેજી, વિષ્ટા શું મન લાગ'*

પૂ. ઉપાધ્યાયજી મહા-ાજે પણ જ્ઞાનસા-માં આવાત જણાવી છે.

**'मज्जत्यज्ञः किलाज्ञाने, विष्टायामिव शूकरः ।**
**ज्ञानी निमज्जति ज्ञाने, मराल इव मानसे ।।'**

'જેમ ભૂંડ વિષ્ટામાં ડૂબેલો રહે છે. તેમ અજ્ઞાની અજ્ઞાનમાં ડૂબેલો રહે છે. જેમ હંસ માન-સરોવરમાં ઝીલે છે. તેમ જ્ઞાની જ્ઞાનમાં ઝીલે છે.'



હંસને માનસરોવરમાં અને ભૂંડને વિષ્ટામાં એમ બંનેને ત્યાં જ મજા આવે. કારણ કે, પર્યાય બંનેયના જુદા છે.

## પર્યાય બદલાય એટલે ભાવ બદલાય :

**સભા :** *સાહેબ ! પર્યાય એટલે શું ?*

બદલાતી જતી અવસ્થાને પર્યાય કહેવાય છે અને જુદી જુદી અવસ્થાને પણ પર્યાય કહેવાય છે. એક જ વ્યક્તિની ક્રમશઃ બદલાતી જતી જુદી જુદી અવસ્થાઓને પણ પર્યાય કહેવાય છે અને એક સમયે એક સાથે જુદી જુદી વ્યક્તિઓની જુદી જુદી અવસ્થાઓને પણ પર્યાય કહેવાય છે.

એક જ પુરુષ કે સ્ત્રીની જુદા જુદા સમયે પ્રગટતી બાલ્યાવસ્થા, યુવાવસ્થા પ્રૌઢાવસ્થા, વૃદ્ધાવસ્થા એ એક જ વ્યક્તિની જુદા જુદા સમયે બદલાતી અવસ્થાઓને પણ પર્યાય કહેવાય છે અને જુદાં જુદાં સ્ત્રી પુરુષોની એક સમયે જે જુદી જુદી અવસ્થાઓ હોય, એ પણ પર્યાય કહેવાય; જેમ કે કોઈ બાળક હોય કે, કોઈ યુવાન હોય, કોઈ પ્રૌઢ હોય કે કોઈ વૃદ્ધ હોય. એ જ રીતે જુદી જુદી વ્યક્તિની એક સમયની અનેક અવસ્થાઓ એ પણ પર્યાય કહેવાય છે.

કોઈ એક વ્યક્તિ પોતે જ માણસમાંથી ભૂંડ બને, ભૂંડમાંથી ગાય બને તે એક વ્યક્તિના જુદા જુદા પર્યાય થયા અને અલગ-અલગ વ્યક્તિઓમાં કોઈ માણસ હોય, કોઈ ગાય હોય, કોઈ ભૂંડ હોય. આ જુદી જુદી વ્યક્તિના જુદા જુદા પર્યાયો થયા.

તમારો પર્યાય બદલાય તો ય ગઈકાલની અણગમતી વસ્તુ આજે ગમતી થઈ જાય અને આજની અણગમતી વસ્તુ ગમતી થઈ જાય. એવી જ રીતે એની એ વસ્તુનો કે વ્યક્તિનો પર્યાય બદલાય તો'ય ગઈકાલની ગમતી વસ્તુ આજે ગમતી થઈ જાય અને આજની અણગમતી વસ્તુ આવતીકાલે ગમતી થઈ જાય. ગઈકાલની બાળકી જ, આજની યુવતી, આવતી કાલની પ્રૌઢા અને પરમ દિવસની વૃદ્ધા બનવાની. કાળ બદલાય તેમ તેના પર્યાયો બદલાય છે. પણ વ્યક્તિ તો એની એ જ રહે છે. ગઈકાલની એ જ બાળકી આજે યુવાન થઈ એટલે યુવાનના મનને એ ગમવા લાગે અને આજની એ જ યુવતી કાલે વૃદ્ધા બન્યા પછી એને નથી ગમતી.

કોઈ યુવકને કોઈ યુવતી ઉપર અનહદ પ્રેમ હોય અને કોઈ અકસ્માતે તે યુવતી બળી-દાઝીને કદરૂપી બની જાય ત્યારે જેને જોઈ જોઈને રાગના ઉછાળા મારતા હતા તેને જ જોઈ જોઈને એ રાગ વરાળ થઈને ઊડી જાય એમ પણ બને છે. આવી તો ઘણી પરિસ્થિતિઓ સંસારમાં દિન-પ્રતિદિન બનતી જ હોય છે. તમારા જીવનમાં કોઈ ઘટના બને અને એનાથી તમારો કોઈ વ્યક્તિ, વસ્તુ કે વાતાવરણ ઉપરનો ગાઢ રાગ અચાનક જ અદૃશ્ય થઈ ગયો હોય, આવું કાંઈ બને છે કે નથી બનતું ?

એટલે એકવાત સમજી લો કે જગતના પદાર્થો, વસ્તુઓ કે વ્યક્તિઓ પરિવર્તનશીલ છે અને ખુદ તમે પણ પરિવર્તનશીલ છો. એના કારણે એના પ્રત્યેના તમારા રાગ-દ્વેષ પણ પરિવર્તનશીલ છે. માટે જ એ પદાર્થો, વસ્તુઓ કે વ્યક્તિઓ પ્રત્યેની તમારી ગમા-અણગમાની લાગણીઓ પણ પરિવર્તનશીલ છે. જે વ્યક્તિ-વસ્તુ કે પરિસ્થિતિ તમને અનુકૂળ ભાસે ત્યારે તમને ત્યાં રાગ થાય છે અને જે વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિ તમને પ્રતિકૂળ ભાસે ત્યારે તમને ત્યાં દ્વેષ થાય છે. **આ અનુકૂળતાનો રાગ અને પ્રતિકૂળતાનો દ્વેષ જે છોડી શકે તે જ રાગધ્યાન અને દ્વેષધ્યાનથી બચી શકે. અનુકૂળતાનો રાગ છોડવો અને પ્રતિકૂળતાનો દ્વેષ છોડવો એ જ તો સાધના છે. એ રાગ-દ્વેષ કાયમના છૂટે તે સિદ્ધિ છે.**

આપણને સૌથી નજીકનું આપણું પોતાનું શરીર છે. એમાં અનુકૂળતા-પ્રતિકૂળતાની લાગણી પણ સૌથી વધારે છે. એનાથી રાગ અને દ્વેષ પેદા થાય છે. એ રાગ, દ્વેષથી છૂટવા માટે આ શરીરની અનર્થકારિતા સમજાવી જોઈએ. એ માટે જ જ્ઞાની ભગવંતોએ આ શરીરની અનર્થકારિતા સમજાવતાં એક સ્થળે કહ્યું કે,

**'मिष्टान्नमपि विष्टा स्यात् अमृतमपि मूत्रः स्यात् ।'**

'આ શરીરમાં નાંખેલ મીઠાઈ પણ વિષ્ટા બની જાય છે અને આમાં પધરાવેલું અમૃત પણ પેશાબ બની જાય છે.'



## સમ્યગ્દષ્ટિનું શરીર વિજ્ઞાન :

ખેતરમાં અનાજ ઉગે, એમાંથી લોટ બને,

એ જ ખેતરમાં ઘાસ ઉગે, એ ઘાસ ગાય-ભેંસ ખાય, એમાંથી દૂધ બને, એ દૂધનો માવો બને, ઘી પણ બને.

એ જ ખેતરમાં શેરડી થાય, એના રસમાંથી ગોળ અને સાકર બને.

આ લોટ, માવો કે ઘી અને ગોળ કે સાકરના મિશ્રણ-સંયોજનથી મિઠાઈ બને. રોટલી રોટલા વગેરે ખાદ્ય પદાર્થો પણ બને. હવે એ મિઠાઈ અને ખાદ્યપદાર્થો માણસ ખાય, એની બીજા દિવસે શી પરિસ્થિતિ થાય ? વિષ્ટા જ કે બીજું કાંઈ ?

એ જ રીતે મધુરમાં મધુર પણ પાણી માણસ પીવે, એની શી પરિસ્થિતિ થાય ? પેશાબ અને પરસેવો જ કે બીજું કાંઈ ?

આ જ વિષ્ટા અને પેશાબ જેવા દુર્ગંધી અને અરુચિકર જણાતા પદાર્થોમાંથી ખાતર બને. એ ખાતરથી જ પાછાં અનાજ, ઘાસ અને શેરડી પાકે. પદાર્થનું આ પર્યાયચક્ર ચાલ્યા જ કરે.

માટે જ સમજી લો કે -

**જે કાંઈ મિષ્ટાન્ન તમારા પેટમાં જાય છે તે વિષ્ટાનો જ પૂર્વ પર્યાય અને પશ્ચાત્ પર્યાય પણ છે. આટલું ય સમજાઈ જાય તો કોઈ પદાર્થ પર રાગ કે દ્વેષ ન થાય.** આ સમજણની સાથે પુદ્ગલના પર્યાયોનો ખ્યાલ આવે તો દુનિયાનાં કોઈપણ પુદ્ગલો આપણા સ્વરૂપને વિકૃત ન કરી શકે. આપણી ચિત્તવૃત્તિને આપણે યોગ્ય રીતે કેળવીએ તો દુનિયાનો કોઈપણ પદાર્થ, વ્યક્તિ કે પરિસ્થિતિ આપણી ચિત્તવૃત્તિમાં ગમા-અણગમાનો ભાવ પેદા ન કરી શકે. ચિત્તવૃત્તિ કેળવાઈ જાય એટલે કોઈપણ પદાર્થ, વ્યક્તિ કે પરિસ્થિતિ આપણા દુઃખનું કારણ ન બની શકે.

તમારી બાજુમાં આવેલી વ્યક્તિના શરીર કે વસ્ત્રોમાંથી અત્યંત દુર્ગંધ આવતી હોય ત્યારે જો તમે પુદ્ગલના ધર્મોને જાણતા હો, એનો સ્વભાવ

સમજતા હો, એનાથી પોતાને કોઈ લેવા-દેવા નથી એમ મનને ભાવિત કરેલું હોય તો એ પુદ્‌ગલો કે પુદ્‌ગલોવાળી વ્યક્તિથી તમને અણગમો ન થાય.

આ તો શિયાળો આવે ત્યારે ઠંડી પડે તો કહે, 'બહુ ઠંડી છે.' ઉનાળો આવે ત્યારે ગરમી પડે તો કહે, 'બહુ ગરમી છે.' પણ એ વખતે પુદ્‌ગલનો ધર્મ સમજનાર સમજે કે આ તો કુદરતનો ક્રમ છે. શિયાળામાં ઠંડી તો પડે જ, ઉનાળામાં ગરમી તો પડે જ, **જેની આત્માને લેવા-દેવા ન હોય તેવી પરિસ્થિતિઓની ચર્ચા શું કરવાની અને એની મુઝવણ પણ શું રાખવાની ?** આવા વિકલ્પો કરવા એ જ તો દુર્ધ્યાનનું મૂળ છે. એ અનુકૂળરૂપે વેદાય ત્યારે રાગધ્યાન બને અને પ્રતિકૂળરૂપે વેદાય ત્યારે દ્વેષધ્યાન બને. એ બેય ધ્યાનથી આત્માને અળગો રાખવાનો છે.

સામાનો સ્વભાવ ગમે તેવો હોય, પણ દરેક જીવની કર્મસ્થિતિને કે કર્મના સિદ્ધાંતોને જો આપણે બરાબર જાણી લીધા હોય તો કોઈ વ્યક્તિ પ્રત્યે આપણને ક્યારેય દુર્ભાવ ન થાય. માટે આવા વિકલ્પો કે એનાથી થતાં દુર્ધ્યાનો ક્યારેય પણ કરવાં નહિ.

જે જે વ્યક્તિથી દુઃખ આવવાની શક્યતા લાગતી હોય અથવા 'આણે જ મારું બગાડ્યું છે' એવું જે વ્યક્તિ માટે માનતા હો તે વ્યક્તિ તમારી આંખ સામે આવે ત્યારે તમને તેના માટે કેવા-કેવા વિચારો-ભાવો આવે ?

જે શાક તમને ન ભાવતું હોય, એ જ શાક જો રોજ તમારા ભાણામાં પીરસવામાં આવે ત્યારે તમને કેવા-કેવા વિચારો-ભાવો આવે ? 'રોજ એનું એ શું બાળો છો ?' એવું કાંઈ મનમાં થાય કે નહિ ?

નવી ફૅશનનું કપડું તમે લાવ્યા હો અને માત્ર એક જ વાર પહેર્યું હોય, બે વર્ષ પછી ફૅશન બદલાઈ જાય અને કોઈ કારણે કોઈ પ્રસંગમાં તમારે એ જ કપડું પહેરીને જવાનો વારો આવ્યો હોય તો એ વખતે તમારા મનમાં કેવા વિચારો-ભાવો આવે ?

માનો કે નવું મકાન બનાવો, લાખો રૂપિયાનું મોંઘેરું ફર્નિચર કરાવો, પણ બે વર્ષમાં ફેશન બદલાઈ જાય તો એ ફર્નિચર પ્રત્યે તમને કેવો અણગમો થાય ? કદાચ ફરી ફર્નિચર ન પણ બદલી શકો, પણ એને જોઈને વિચાર કેવા



આવે ? પૈસા પડી ગયા એમ લાગે ને ? ખૂબ રાગથી બનાવેલા ફર્નિચર પ્રત્યેનો તમારો રાગ ઓસરી જાય એમ બને ને ? એથી આગળ વધીને તમે પોતે જ પસંદ કરી બનાવેલા ફર્નિચર પ્રત્યે જ તમને દ્વેષ પણ જાગે ને ? પરિસ્થિતિ બદલાતાં જ્યાં રાગ હતો ત્યાં જ દ્વેષ થઈ ગયો. રાગનું સ્થાન દ્વેષે લઈ લીધું.

જે માણસ તમારી દૃષ્ટિએ તમારા વિકાસમાં, તમારા સુખમાં આડે આવતો હોય એ માણસ તમારી સામે આવે તો તે વખત તમારા મનમાં કેવા ભાવો આવે ? શું એના પ્રત્યે રાગ, ગમો, પ્રેમની લાગણી ઊભરે ખરી ? રાગ ન થાય તો મધ્યસ્થતા પણ રહે ખરી કે પછી સીધો દ્વેષ, દુર્ભાવ, અભાવ પેદા થઈ જાય ?

## સાવધાન ! દીક્ષિતને ય પીડી શકે છે દ્વેષધ્યાન :

દીક્ષા લીધા પછી પણ જે સાધકની ચિત્તવૃત્તિ ન કેળવાઈ હોય તેમને જો ગુરુ કહે, 'તમારે આ વર્ષે આની સાથે ચોમાસું કરવા જવાનું છે.' એ વ્યક્તિ તેમને અનુકૂળ ન હોય છતાં તેમને જવું જ પડે તેમ હોય અને ચોમાસા પ્રવેશને હજુ બે મહિનાની વાર હોય તો એ બે મહિના સુધી એમને કયું દુર્ધ્યાન ચાલે ? દ્વેષ ધ્યાન જ કે બીજું કાંઈ ?

**જે સાધક પોતાના મનને બીજા સાથે સેટ કરી ન શકે તેને હંમેશા અપસેટ જ રહેવું પડતું હોય છે. એના કારણે એ કાં તો રાગધ્યાન કરીને મરવાનો કાં તો દ્વેષધ્યાન કરીને મરવાનો. બેયમાં મરો તો ચોક્કસ થવાનો. માટે જ્ઞાની આ બંને ય દુર્ધ્યાનથી દૂર રહેવાનું કહે છે.**

અહીં ઉપધાનમાં ય મનગમતી વ્યક્તિઓ સાથે રહેવાનો વારો આવે તો મનમાં કયું ધ્યાન ચાલે ? અને અણગમતી વ્યક્તિઓ સાથે રહેવાનો વારો આવે તો મનમાં કયું ધ્યાન ચાલે ? જેઓ મનગમતા છે તેમની સાથે રહેવામાં આનંદ આવે છે, એ રાગધ્યાન છે અને જે અણગમતા છે એ જેમની સાથે રહેવામાં અરુચિ-અભાવ થાય, એ દ્વેષધ્યાન છે. ગમતી વ્યક્તિનો સંગાથ ગોતવાનું ય ધ્યાન ચાલે અને અણગમતી વ્યક્તિને દૂર કરવા માટેનું ય ધ્યાન ચાલેને ? તમારી રહેઠાણની વ્યવસ્થા કરનારા વ્યવસ્થાપકો માટેનું ય ધ્યાન ચાલે ને?

રૂમમાં સાત જણની જગ્યા હોય અને પોતાની માનેલી વ્યક્તિ બહાર રહી જતી હોય તો સાંકડ-મોકડમાં સમાઈ જઈશું એમ વ્યવસ્થાપકને કહીને આઠની જગ્યા કરી લે અને સાતની જગ્યામાં છ વ્યક્તિ જ હોય અને સાતમું કોઈ પારકું આવી ગયું તો જગ્યા નથી, સંકડાશ છે - એમ કહી દો અને એક સાધર્મિકને જાકારો આપે તો એ કયા ધ્યાનનું પરિણામ ? પહેલામાં રાગધ્યાન કામ કરી ગયું અને બીજામાં દ્વેષધ્યાન કામ કરી ગયું.

નીવિ કરવા બેસે તો ય પોતાને અનુકૂળ વ્યક્તિ જ બાજુમાં જોઈએ. એ વ્યક્તિ બાજુમાં ન આવે અને બીજી કોઈ વ્યક્તિ આવી જાય તો એ વખતે મનમાં થાય કે આજની નીવિ બગડી. આ કયા ધ્યાનનું પરિણામ ? દ્વેષધ્યાનનું જ ને !

જેના પ્રત્યે અણગમો થયો હોય એ પોતાની સામે જુએ તો ય કહે કે, "આખો દિવસ મારી સામે શું જોયા કરે છે. ભગવાન જાણે મારા માટે શું ય વિચારતા હશે" અને કોઈ પોતાની સામે ન જુએ તો કહે, "ન જાણે શું મગજમાં ભૂત ભરાયું છે ? આપણે કાંઈ ખરાબ માણસ થોડા છીએ કે સામેય જોતો નથી." આ બંને ય વિચારો અને ઉદ્ગારો દ્વેષ ભાવ કે દ્વેષધ્યાનનું જ પરિણામ છે ને ?

**રાગધ્યાન અને દ્વેષધ્યાનને જીતવાનો મહામંત્ર :**

પરમતારક પરમશ્રદ્ધેય પરમ ગુરુદેવે આપણા વ્યવહારોનું અવલોકન કરી આપણા મનની પરિસ્થિતિ માપી લીધી અને એમાંથી બહાર આવી સાધના પંથે આપણી ગાડીને દોડતી કરવા માટે આગમોનો નિચોડ કાઢી કહ્યું કે, અનુકૂળતાનો રાગ છોડો અને પ્રતિકૂળતાનો દ્વેષ છોડો ! **"અનુકૂળતાનો ત્યાગ કરો અને પ્રતિકૂળતાનો સ્વીકાર કરો."** માત્ર આ બે વાક્યમાં જ તેઓશ્રીએ જિનેશ્વર પરમાત્માનો સમગ્ર ઉપદેશનો સાર આપી દીધો. માત્ર રાગધ્યાન કે દ્વેષધ્યાનથી જ બચવાનો નહિ પણ સમસ્ત ૬૩ દુર્ધ્યાનથી બચવાના આ મહામંત્રો છે. આનો જેટલો જાપ વધું થશે, એ જાપ જેટલો અજપાજપ સ્વરૂપ બનશે, તેટલી આત્મસુખની પ્રતીતિ થશે.

આ મહામંત્ર ઉપર ભાષ્ય રચવું હોય તો કહી શકાય કે, **આત્માનો ઘાત કરે તેવી દુઃખદ પરિસ્થિતિનો ત્યાગ કરો અને આત્માનો ઘાત કરે તેવી સુખદ**



**પરિસ્થિતિનો પણ ત્યાગ કરો. સુખદ પરિસ્થિતિ આવે કે દુઃખદ પરિસ્થિતિ આવે, જો એ આત્મા માટે ઘાતક બનતી હોય તો તેનો ત્યાગ જ કરવો જોઈએ.**

**આત્મઘાતક ન બને એવી દુઃખદ કે સુખદ કોઈપણ પરિસ્થિતિનો સ્વીકાર કરવો એ પણ સાધનાનું એક અંગ બને છે.** કર્મના ઉદયે દુઃખ આવે કે સુખ આવે છતાં જેને એની કોઈ અસર જ ન થાય, ન સુખમાં રાગ થાય, ન દુઃખમાં દ્વેષ થાય તેને માટે આ સૂત્ર લાગુ પડે કે, "જ્યારે જે પરિસ્થિતિ આવે તેનો સહજભાવે સ્વીકાર કરો." એ ઘણી ઊંચી ભૂમિકા છે. તેને હજુ વાર છે, પણ **અત્યારે આપણી ભૂમિકા માટે તો "અનુકૂળતાનો ત્યાગ કરો અને પ્રતિકૂળતાનો સ્વીકાર કરો," આ જ મહત્ત્વનું સાધના સૂત્ર છે.** અનુકૂળતાનો ત્યાગ કરશું અને પ્રતિકૂળતાને મજેથી વેઠી લઈશું તો જ સમાધિ ટકશે. એમ પ્રભુ કહે છે, માટે જ અમને સાધુઓને દશવૈકાલિક સૂત્ર નામના આગમગ્રંથમાં જ્ઞાની ભગવંતે કહ્યું કે,

**'आयावयंति गिम्हेसु, हेमंतेसु अवाउडा ।**
**वासासु पडिसंलीणा, संजया सुसमाहिया ।।'**

'સુસમાહિત (સુસમાધિવાળા) સંયતો (સંયમીઓ) ગ્રીષ્મ-ઉનાળાની ઋતુમાં આતાપના લે છે, હેમંત ઋતુમાં-શિયાળામાં ખુલ્લા શરીરે રહે છે અને વર્ષાઋતુમાં-ચોમાસામાં પ્રતિસંલીન (સંકોચિત) થઈને રહે છે.'

આજે અમારી અને તમારી ફરિયાદ છે કે સમાધિ કેમ મળતી નથી, કેમ ટકતી નથી ? જેને સમાધિ મેળવવી હોય અને મળેલી સમાધિ ટકાવવી હોય તેને માટે જ્ઞાની ભગવંતોએ ત્રણ કામ કરવાનાં કહ્યાં છે.

૧- ઉનાળામાં આતાપના લેવાની,

૨- શિયાળામાં ઉઘાડા રહેવાનું અને

૩- ચોમાસામાં અંગોપાંગ સંકોચીને એક જગ્યાએ રહેવાનું .

આનાથી ઉત્તમ કોટીની સમાધિ મળે છે અને ટકે પણ છે. આ જ વસ્તુનું હાર્દ

કાઢીને પરમતારક ગુરુદેવશ્રીજીએ સૂત્ર આપ્યું કે, 'દરેક પ્રતિકૂળતાઓનો જે મજેથી સ્વીકાર કરે તે સમાધિને પામી શકે અને ટકાવી શકે' એટલે જ પરમતારક ગુરુદેવશ્રીજી પાસે, જ્યારે કોઈ દીક્ષા લેવા આવતું ત્યારે તેઓશ્રી હિતશિક્ષારૂપે કહેતા કે 'कष्टार्थं दीक्षा ।' **કષ્ટ સહન કરવા જ દીક્ષા લેવાની છે. ઘરમાં તળાઈમાં સૂતા હતા અને અહીં સંથારે સૂવા દીક્ષા લેવાની છે, ત્યાં બૂટ-મોજાં પહેરીને ફરતા હતા અને અહીં ખુલ્લા પગે ચાલવા દીક્ષા લેવાની છે, ઘરમાં વાળ સમારતા હતા અને અહીં લોચ કરવા દીક્ષા લેવાની છે, ઘરમાં સ્નાન કરતા હતા અને અહીં નહીં નાહવાનું કષ્ટ વેઠવા માટે દીક્ષા લેવાની છે, ઘરમાં ધોયેલાં સ્વચ્છ ઈસ્ત્રીવાળાં કપડાં પહેરતા હતા અને અહીં મલિન વસ્ત્રોને ધારણ કરવા દીક્ષા લેવાની છે. ઘરમાં મનભાવન વાનગીઓ ખાતા હતા અને અહીં નહિ ભાવતી-અણભાવતી વસ્તુથી ચલાવી લેવા માટે દીક્ષા લેવાની છે. ઘરમાં ફ્રિજનું પાણી પીતા હતા અને અહીં ઊકાળીને અચિત થયેલું ગરમ પાણી પીને ચલાવી લેવા માટે દીક્ષા લેવાની છે. ઘરમાં બધા પડતો બોલ ઝીલતા હતા અને અહીં નાનામાં નાના સાધુ દ્વારા થતું સારણાદિ અનુશાસન ઝીલવા દીક્ષા લેવાની છે. જે 'कष्टार्थं दीक्षा ।' સમજીને દીક્ષા લે અને પાળે તેને કોઈ દા'ડો અસમાધિ ન થાય.**

## સારણા-વારણાદિ અનુશાસનોનો લાભ :

**સભા :** *સારણાદિ એટલે ?*

કર્તવ્ય યાદ ન રહ્યું તેને કર્તવ્ય યાદ કરાવવું, મહાનુભાવ ! ભાગ્યશાળી ! જેવા શબ્દોનો ઉપયોગ કરીને પ્રેમથી કર્તવ્ય અંગે સમજાવવું તે સારણા કહેવાય.

અકર્તવ્યથી અટકાવવા માટે મીઠાસથી સમજાવવું તે વારણા કહેવાય.

વારંવાર સારણા-વારણા કરવા છતાં પરિણામ ન આવે ત્યારે કઠોર શબ્દોનો પ્રયોગ કરી એને ઠેકાણે લાવવો એને ચોયણા કહેવાય.

આ ચોયણા કરવા માટે ગુરુવર્ગને કઠોર કડવા શબ્દોની ડિક્ષનરી ખોલવી પડે. એમાં જેટલા કઠોર, કડવા, તીખા, તમતમતા, વાગે એવા શબ્દો હોય એ બધા શોધી શોધીને કાઢવા પડે. 'નાલાયક !, મૂર્ખ !, નરકમાં જવાનો છે ! શા



ભોગ લાગ્યા કે અમે તારા પનારે પડ્યા, નક્કી દુર્ગતિમાં જવાનો છે. તારું મોઢું જોવું તે પણ પાપ છે. જા, આઘો જા, તારું મોઢું બતાવતો નહિ' આ છે ચોયણાના શબ્દો અને ચોયણા કરવા છતાં પરિણામ ન આવે, પણ જીવ જો લાયક હોય તો એની પડિચોયણા ય કરવાની વિધિ છે. એમાં ઘડાના દોરાનો પણ ઉપયોગ આવે, દાંડો અને દંડાસનનો પણ ઉપયોગ આવે, ચૌદમું રતન પણ બતાવવું પડે. જેમ બાળકને ઘડવાની નીતિમાં પાંચ વર્ષનો થાય ત્યાં સુધી માત્ર વાત્સલ્યદાનથી લાલન-પાલન કરવાનું આવે, છથી પંદર વર્ષની ઉંમરમાં અવસરે તાડન કરીને પણ ઠેકાણે રાખવો પડે તેમ સદ્ગુરુ પણ શરણે આવેલાનું હિત કરવા માટે આ રીતે તાડન-તર્જનાદિ કરે. શિષ્ય સુયોગ્ય હોય પણ કાળાદિના પરિબળથી, પ્રમાદના યોગથી કે, મિત્રાદિના સંસર્ગથી સંયમયોગોમાં સારી રીતે પ્રવર્તતો ન હોય કે અસંયમ યોગોમાં પ્રવર્તતો હોય ત્યારે તેને સાધુતામાં સ્થિર કરવા માટે આ રીતે તાડન-તર્જનની વિધિ પણ આગમાદિ ધર્મશાસ્ત્રોમાં બતાવેલી છે.

શિષ્ય ઉપર વાત્સલ્ય વરસાવીને એનું હિત કરવું એ જેમ **અનુગ્રહ-કરુણાનો** પ્રકાર છે તેમ એના ઉપર ફિટકાર વરસાવીને કે તાડન-તર્જન કરીને એનું હિત કરવું એ **નિગ્રહ-કરુણાનો** પ્રકાર છે.

'અનુગ્રહ કરુણા' જેમ કરણીય છે તેમ સુયોગ્ય જીવ ઉપર અવસર જોઈ 'નિગ્રહ કરુણા' કરવી એ પણ કરણીય છે. એવી કરુણા કરવામાં જો અનુશાસક ચૂકે તો એને પણ આગમાદિ ગ્રંથો પ્રાયશ્ચિત્તનો ભાગી જણાવે છે.

પરંતુ આજે અમે ચોયણા કે પડિચોયણા કરી શકીએ એવી પરિસ્થિતિ મહદ્અંશે નાશ પામી છે. ક્યાંક જ આ વિધિ જીવંત અને જાગ્રત રહી છે. બાકી આજે ગુરુ શિષ્યોને સંભળાવી ન શકે, ચોયણા કે પડિચોયણા કરી ન શકે અને કદાચ કોઈ ગુરુ શિષ્યની ચોયણા- પડિચોયણા કરે તો એ ગામની વચ્ચે જઈને ગુરુની ફજેતી કરે ! અને એમાં આજના શ્રાવકો એનું ઉપરાણું લઈને આવે કે 'તમે ગુરુ થઈને બેઠા છો, ગુરુ તો કેવા ઠરેલ હોય ! ગુરુથી આવું બોલાય ? ચેલાની ગમે તેવી ભૂલ હોય તોય આવું કડક અનુશાસન કરાય ? છોરું કછોરું થાય, પણ માવતર કમાવતર ન થાય.' એવી સલાહ પણ ગુરુને આપી આવે.

પણ શું ગુરુ ઠપકો આપે એટલાથી કમાવતર થઈ જાય ?... ઉલ્ટુ શિષ્યની ભૂલ થાય અને ગુરુ ઠપકો ન આપે તો શિષ્યને થવું જોઈએ કે મારો આજનો દા'ડો વાંઝિયો ગયો.

તમને પેટનો દુઃખાવો ઊપડે. દવાખાનામાં દાખલ થાઓ અને ડૉક્ટર તપાસવા જ ન આવે તો એ દવાખાનામાં રહેવાનો મતલબ શું ? એમ તમે માનો ને ? તો પછી અહીં ઊંધી વાત કેમ વિચારો છો ? અમારે ત્યાં ગચ્છાચાર પયન્નામાં કહ્યું છે કે, 'જે ગચ્છમાં ગુરુ શિષ્યોને પંપાળ્યા જ કરતા હોય, ક્યારેય સારણાદિ કરતા ન હોય તો તે ગચ્છમાં એક દિવસ પણ ન રહેવું. એની સામે જે ગચ્છમાં ગુરુ અવસરે શિષ્યોની પડિચોયણા કરવા હાથમાં દાંડો પણ લેતા હોય તો તે ગુરુના પગ પકડજો, એ ગચ્છનો ક્યારેય ત્યાગ કરતા નહિ.' આજે દાંડો તો દૂર રહ્યો, શબ્દ સાંભળી શકે તો પણ ઘણું છે. આ તો ગુરુ એક શબ્દ કહે તો સામે ચાર શબ્દ સંભળાવે અને પાછા ઉપરથી કહે, 'સાહેબ ! આપને મને કહેવું જ હતું તો એકલાને બોલાવીને કહેવું હતું ને ! આમ બધાની વચ્ચે શા માટે કહ્યું. બધાની વચ્ચે કહો એટલે બધા મારા માટે શું માને ? અને આપને એમ લાગતું હોય કે હજુ મને કાંઈ સમજણ નથી પડતી તો આટલા વર્ષોમાં આપે મને શીખવાડ્યું શું ?'

ગુરુએ તો શીખડાવવામાં કાંઈ બાકી રાખ્યું ન હોય, પણ બંદો પોતે કાંઈ શીખે નહિ, ગુરુનું કહ્યું કરે નહિ અને પોતાને ન આવડે એનો બધો દોષનો ટોપલો ગુરુ ઉપર ઢોળે.

### અનુશાસનને ઝીલે તે આગળ વધે :

આર્યદેશના આ સંસ્કાર હતા કે વડીલો અનુશાસન કરે અને આશ્રિતો વિનયથી ઝીલે. પરમતારક પરમશ્રદ્ધેય પરમગુરુદેવશ્રીજી કહેતા હતા કે 'આર્યદેશનો વારસાગત વિનય અમે જોયો છે. ૮૦ વર્ષનો બાપ, એના ૬૦ વર્ષના દીકરાને ભરી સભામાં છત્રી મારી શકે અને એ પછી એ દીકરો આંખમાં આંસુ સાથે બાપના પગ પકડીને કહેતો હોય કે, 'હું કેવો કમનસીબ કે મને ઘડવા માટે આટલા વર્ષોથી આપે મહેનત ઉઠાવી છતાં હું હજી આપની ઈચ્છા મુજબ ઘડાયો નથી. જેથી આ ઉંમરે ય આપને આ તકલીફ લેવી પડે છે. મારો અપરાધ માફ કરજો. હવેથી ભૂલ ન થાય એ રીતે પ્રયત્ન કરીશ.'



**સભા :** *નીતિમાં તો કહ્યું છે કે, 'प्राप्ते तु षोडशे वर्षे पुत्रं मित्रवदाचरेत्।'*

'પુત્ર સોળ વર્ષનો થાય એટલે એની સાથે મિત્રની જેમ વર્તાવ કરવો.' આ નીતિ વાક્ય તો તમારા સંસારીઓ માટે છે, સાધક માટે એનો એકાંત નથી. અહીં તો ગુરુની આગળ શિષ્ય કાયમ માટે શિષ્ય જ છે. શિષ્ય ભણી-ગણીને ગમે તેટલો વિદ્વાન બને તો પણ ગુરુના ચરણો આગળ તો એ બાળક જેવો જ હોય અને દરેક વ્યવહાર એ બાળ ભાવે જ કરે.

અનંતલબ્ધિ નિધાન, ચાર જ્ઞાનને ધરનારા, ચૌદપૂર્વાદિ દ્વાદશાંગીના રચયિતા અને ૫૦,૦૦૦ કેવળજ્ઞાની શિષ્યોના ગુરુ એવા પણ ગૌતમસ્વામી, ભગવાન શ્રી મહાવીરસ્વામીજીનાં ચરણોમાં બાળ ભાવે જ રહ્યા છે. પ્રભુ મોક્ષે ન ગયા ત્યાં સુધી ક્યારેય પ્રભુથી અળગા થયા નથી.

સ્થૂલભદ્ર મહારાજાને પોતાનું પૂર્વનું જ્ઞાન બહેન સાધ્વીઓને બતાવવાનું મન થયું એટલે સિંહનું રૂપ વિકુર્વ્યું. ગુરુને ખ્યાલ આવી ગયો. ગુરુને થયું, 'સ્થૂલભદ્ર જેવાને પણ આ જ્ઞાન ન પચ્યું તો હવે પડતા કાળમાં પચશે કોને ?' બીજા દિવસે જ્યારે સ્થૂલભદ્રજી વાચના લેવા ગયા ત્યારે ગુરુએ કહી દીધું 'अयोग्योऽसि' 'હવે આ જ્ઞાન મેળવવા માટે તું અયોગ્ય છે.' ત્યારે સ્થૂલભદ્રજીએ એમ ન કહ્યું કે, 'કામ-વિજેતાઓમાં મારું જે સ્થાન છે તે તમારું ય નથી. ૮૪-૮૪ ચોવીશીઓ સુધી મારું નામ અમર રહેવાનું છે છતાં મને આમ અયોગ્ય કહો છો તો મારા જેવો એક તો લાવી બતાવો !'

એમણે તરત પોતાની ભૂલ કબૂલી. ગુરુની ચરણપાદુકાનું પોતાના નેત્ર ગંગોત્રી-જમનોત્રીમાંથી ઉદ્‌ભવેલ નિર્મળ ગંગા-જમનાના નીરથી પ્રક્ષાલન કર્યું. આ જૈન શાસનનો આદર્શ અને નીતિરીતિ છે.

**કોઈ વ્યક્તિ નબળું વર્તન કરે તો એની ઉપર પણ જો દ્વેષ કરવાનો ન હોય, તો ગુરુ જેવા ગુરુ પર તો ન જ કરવાનો હોય ને ? ગુરુ શિષ્યને નબળા વ્યવહારથી અટકાવે, શિષ્યની ભૂલ હોય તો એને સુધારવા માટે એ સારણાદિ કરે, તેમાં દ્વેષ કેમ થાય ? દર્શન મોહનીય કર્મ તીવ્ર હોય તો જ તારક તત્ત્વો પર દ્વેષ થાય.**

## ધર્મ નહિ પામ્યાની નિશાની :

કેટલાક તો કશું ય ન કરી શકે, પણ એમના મનમાં એટલો દ્વેષ ભર્યો હોય કે એ મનથી પણ પાપ બાંધતો હોય. વ્યાખ્યાન સાંભળીને બહાર નીકળો અને કોઈ ચંપલ ચોર પકડાય તો બધા વ્યાખ્યાન સાંભળનારા એની ઉપર તૂટી પડે અને આ ડોસાઓ કાંઈ કરી ન શકે તો દૂર ઊભા ઊભા કહે કે, 'મારો... બરાબર મારો, એમને એમ છોડતા નહિ.' આ કેટલું મોટું દ્વેષ-દુર્ધ્યાન. આવો વ્યવહાર જો તમારો હોય તો તમે આ વ્યાખ્યાનો સાંભળ્યાં એ શું કામનાં ? રાગ અને દ્વેષને હણવા માટે વ્યાખ્યાન સાંભળવાનાં હતાં. તે સાંભળીને ય નહિ જેવી, ક્ષુલ્લક, છોડવા જેવી ચીજ માટે તમે આવો અમાનવીય વ્યવહાર જીવતા જીવ સાથે, એમાંય એક માનવ સાથે કરી બેસો અને એનું ય તમને દુઃખ ન હોય, કર્તવ્ય માનીને જ કરતા હો તો તમારામાં કેટલું ઉગ્ર દ્વેષધ્યાન છે - તેનો તમે જ વિચાર કરી લેજો !

કોઈક વ્યક્તિ, વસ્તુ કે વાતાવરણ પ્રત્યેની અરુચિના પરિણામમાંથી આર્તધ્યાન પ્રગટે છે અને અરુચિની પ્રખરતામાંથી પ્રગટેલા દ્રોહના પરિણામમાંથી રૌદ્રધ્યાન પ્રગટે છે. કોઈની સાથે વેર બંધાઈ જાય અને એમાંથી એને ખતમ કરવાના પરિણામો તીવ્ર બને કે થાય, 'બસ, એને પતાવી જ નાખો !' એમાં અચાનક ખબર કે પડે 'એ ગયો' ત્યારે થાય 'હાશ, પાપ ગયું.' તેને મારવાનો પરિણામ પણ દ્વેષધ્યાન અને રૌદ્રધ્યાન, તેને મારી ન શકાતા થતો અફસોસ અને પશ્ચાત્તાપનો ભાવ પણ દ્વેષધ્યાન અને રૌદ્રધ્યાન; અને તે કોઈ દ્વારા કે એમને એમ મરી જાય ત્યારે હાશકારો, રાહતની કે આનંદની લાગણી અનુભવવી એ પણ દ્વેષધ્યાન અને રૌદ્રધ્યાન. વળી આમાં માણસની મૃત્યુની અનુમોદનાનું પણ પાપ લાગે છે.

તેવડ કાંઈ હોય નહિ અને મનથી દુર્ધ્યાન કરી કરીને મોટાભાગના જીવો કર્મબંધ કરે છે. શાસ્ત્રમાં તંદુલિયા મત્સ્યનું ઉદાહરણ પ્રસિદ્ધ છે. એનું અંતર્મુહૂર્તનું આયુષ્ય. એક હજાર યોજનની કાયાવાળા માછલાની આંખની પાંપણમાં એ પેદા થાય છે. એક યોજન એટલે લગભગ તેર કિલોમીટર થાય. હવે તેર હજાર કિલોમીટરની લંબાઈવાળું મત્સ્ય મોઢું પહોળું કરીને પડ્યું હોય



અને મોજાના પ્રવાહથી કેટલાય માછલાં મોંઢામાં આવે અને કેટલાંય માછલાં પાછાં જાય. આ દૃશ્ય જોઈને એ તંદુલિયું મત્સ્ય વિચારે કે 'આ માછલું કેટલું બેવકૂફ છે. આટલાં બધાં માછલાં ને જલચરો સાવ મફતમાં, વિના પ્રયાસે એને મળે છે, માત્ર મોઢું બંધ કરી દે તો. તો મોઢું બંધ કરવામાં એનું જાય શું ? મોઢું ખુલ્લું હોવાથી આ બધાં માછલાં બહાર નીકળી જાય છે. આની જગ્યાએ જો હું હોઉં તો આમાંના એક પણ માછલાને પાછું ન જવા દઉં.' આ પ્રકારના હિંસક ભાવ અને રૌદ્રધ્યાનના પરિણામમાં જ એ રહે અને ત્યાં જ એને સાતમી નરકના આયુષ્યનો બંધ પડે અને વિણ ખાધે વિણ ભોગવે માત્ર બે ઘડી જેટલું અહીંનું જીવન પૂરું કરીને એ સાતમી નરકે ચાલ્યો જાય.

ઘણા ગરીબો, શ્રીમંતના બંગલા પાસેથી નીકળતા હોય, એમના બંગલા અને ભોગ-વિલાસ જુએ એટલે મનમાં ને મનમાં બળ્યા કરે. મનમાં થાય કે 'આ એક-એકને પતાવી નાખવા જોઈએ. લોકોનાં લોહી ચૂસી-ચૂસીને બંગલા બનાવ્યા છે. મારું ચાલે તો આ એક-એકને જીવતે-જીવતા બાળી નાખું. એમના આ બંગલા, લાડી, ગાડી, વાડી બધું જ ભસ્મીભૂત કરી નાંખું.' કરી શકે કાંઈ નહિ, પણ મનમાં આવા દ્વેષના અને હિંસાના વિચારો કર્યા કરે. આ કયું ધ્યાન ? દ્વેષધ્યાન, હિંસાધ્યાન, રૌદ્રધ્યાન.

## ઈર્ષ્યા પણ દ્વેષધ્યાનનો જ પ્રકાર :

ધર્મ-ક્ષેત્રમાં પણ તમારો કોઈ સમોવડીયો હોય એના કારણે જ તમારી પ્રશંસા ન થતી હોય, તપમાં તમારો કોઈ સમોવડીયો હોય, જ્ઞાનમાં તમારો કોઈ સમોવડીયો હોય, દાનમાં તમારો કોઈ સમોવડીયો હોય એના કારણે જ તમારી પ્રશંસા થતી ન હોય તો તેને પાછો પાડવાના તમારા મનમાં કેવા-કેવા ભાવો ચાલતા હોય છે ! આ ભાવો પણ દ્વેષધ્યાન જ છે.

ઈર્ષ્યા એ પણ દ્વેષ છે. તમે આવો ત્યારે કોઈ આવકાર ન આપે, બીજો આવે ત્યારે એને આવકાર આપે ત્યારે તમારા મનમાં શું થાય ? એના ઉપર દ્વેષ જાગે ને ? એમાંથી જે પણ ધ્યાન પ્રગટે તે પણ દ્વેષધ્યાન.

બહેનોને પૂછજો, સંયુક્ત કુટુંબમાં રહેતા હોય અને ઘરના વડીલો કે આગંતુકો પોતાના બાબલાને ન રમાડે અને દેરાણી-જેઠાણીના બાબલાને રમાડે

તો ય દ્વેષ ધ્યાન આવે ને? રાજકુળોમાં તો પોતાનો દીકરો યુવરાજ બને અને રાજગાદી ઉપર આવે એ માટે એમાં વચ્ચે નડતા શોક્યના દીકરાઓને ખતમ કરાવવા સુધી બાબતો પહોંચી જતી. આ બધું પણ દ્વેષધ્યાન સહિતના રૌદ્રધ્યાનનું જ પરિણામ છે ને ? પરશુરામને આખી પૃથ્વી ક્ષત્રિય વગરની કરવાનો વિચાર આવ્યો અને એકવાર નહિ સાત-સાત વાર એણે પૃથ્વી પરથી ક્ષત્રિયોને ખતમ કર્યા. તો એની સામે સુભૂમ ચક્રીએ એકવીશ-એકવીશ વાર પૃથ્વી પરથી બ્રાહ્મણોને ખતમ કર્યા. એમનો આ વિચાર અને એ મુજબનો પ્રયત્ન એ પણ તીવ્ર કક્ષાનું દ્વેષધ્યાન અને રૌદ્રધ્યાન જ હતું. નજીકના ભૂતકાળમાં અલગ-અલગ દેશોમાં ચોક્કસ પ્રકારની પ્રજાએ ચોક્કસ પ્રકારની પ્રજાને ખતમ કરવાની જે પ્રવૃત્તિ કરી તે પણ આ દ્વેષધ્યાનનું જ પરિણામ હતું. આજે પણ વિવિધ દેશોના સત્તાધીશો, વિવિધ ધર્મો અને જાતિના મોવડીઓ એમની માન્યતા, મત કે ધર્મથી વિરુદ્ધ માન્યતા, મત કે ધર્મને આચરતી પ્રજાને ખતમ કરવા માટેનાં આયોજનો ગોઠવે, એમાં પ્રવર્તે એ પણ દ્વેષધ્યાનનો જ પ્રકાર છે.

## દ્વેષધ્યાનમાંથી પ્રગટે છે નિષ્ઠુરતા અને કસાઈવેડા :

તમારા ઘરમાં બાથરૂમમાં કીડીઓ ઊભરાય અને પાણી રેડવાનો વિચાર આવે તે કયું ધ્યાન ? ઘરમાં મચ્છર વધે અને દવા છાંટવાનો વિચાર આવે તે કયું ધ્યાન ? ઘરમાં માંકડ થાય અને દવા છાંટવાનો વિચાર આવે તે કયું ધ્યાન ? ઘરમાં માખીઓ વધે અને એને દૂર કરવાનો - ભગાડવાનો - મારવાનો વિચાર આવે તે કયું ધ્યાન ? એ પણ દ્વેષ ધ્યાન જ છે. એ જીવો તો બિચારા લાચાર છે. તમારા ઘરમાં તમને જેટલો જીવવાનો અધિકાર છે તેટલો જ એ જીવોને પણ જીવવાનો અધિકાર છે. તમે કહેશો ‘કઈ રીતે ?’ સાચું કહો, આ હિંદુસ્તાનમાં તમને જીવવાનો અધિકાર કેમ ? હિંદુસ્તાન તમે ખરીદ્યું છે એટલે ? હિંદુસ્તાન ઉપર તમારો અધિકાર છે એટલે ? ના, તમે હિંદુસ્તાનમાં જન્મ્યા એટલે ! કરોડપતિના દીકરાનો કરોડ રૂપિયા પર અધિકાર કેમ ? એ કરોડપતિને ત્યાં જન્મ્યો એટલે ! તેમ આ જીવો પણ આ જ ઘરમાં જન્મ્યા છે. તો એમને અહીં જીવવાનો અધિકાર કેમ નહિ ? તમારા શરીરના અંગ-ઉપાંગોમાં, મેલમાં, પરસેવામાં, વસ્ત્રો-સાધન-સામગ્રી આદિમાં જેટલા જીવો પેદા થાય છે તે તમારા જ કારણે પેદા થાય છે. જેમ



તમારો દીકરો ય તમારે કારણે જ પેદા થયો છે તેમ. **તમારા દીકરાને જીવવાનો અધિકાર છે તો તમારા શરીર, મેલ, વસ્ત્ર કે ઘરવખરીમાં ઉત્પન્ન થયેલા એ જીવોને જીવવાનો અધિકાર કેમ નહિ ?** પણ આજના સમાજની કમનસીબી એ છે કે આજે સગા દીકરા પ્રત્યે પણ સ્નેહ નથી. દીકરો પણ તમને કામ લાગે તો તમારો, નહિ તો તેને'ય ખતમ કરવાનો પરિણામ જાગે ને ! દીકરો જન્મ લે તે પહેલાં જ એને પતાવવાનો પરિણામ જાગે ને ! જીવતે-જીવતા પોતાનાં સંતાનને કેટલા મા-બાપો ખતમ કરે છે ! સંતાનો જન્મશે અને ખોટી જવાબદારી વધશે, એટલે સંતાન ન જોઈએ છતાં ગર્ભ રહી ગયો છે તો ખતમ કરો ! આમ દીકરો જન્મે તે પહેલાં જ એને ખતમ કરવાની-પતાવવાની ઈચ્છા, એનું આયોજન એ સ્પષ્ટ રીતે તીવ્ર કક્ષાનું દ્વેષધ્યાન અને રૌદ્રધ્યાન જ છે. જૈન કુળમાં, જૈન પરિવારોમાં આવી હિંસાની પ્રવૃત્તિ હોય ખરી? એમાં પણ પંચેન્દ્રિય જીવની હિંસા ? એમાં પણ મનુષ્યની હિંસા અને એમાં પણ પોતાના સંતાનની હિંસા ? એ કેટલી નિર્દયતા, રૌદ્રતા, કઠોરતા, અને નિષ્ઠુરતા હોય ત્યારે જ થઈ શકે ! કેવી નિર્ધ્વંસતા હોય તો થઈ શકે ! કેટલા નિર્ઘૃણ પરિણામ (ભાવ) હોય ત્યારે આ પાપ થઈ શકે ! **એક લાચાર જીવ, તમારા શરણે આવેલો જીવ, તમારા આધારે જીવનારો જીવ, તમારા આધારે જ પાંગરી રહેલો જીવ... આ ધરતીને જુએ એ પહેલાં જ તમે એને ખતમ કરી દેવો ! આવું ઘોરાતિઘોર મહાપાપ તમારાથી શી રીતે થઈ શકે ? આવી મહાહિંસાનો જે ઉપદેશ આપનારા હોય, એમાં જે લોકો સાથ-સહકાર આપનારા હોય, આવી હિંસા કરનારા અને સાથે રહીને કરાવનારા જે લોકો હોય એ બધા દ્વેષધ્યાન અને રૌદ્રધ્યાનની આગમાં સળગી રહ્યા છે.**

## કહેવાતા જૈન કુળોમાં પેઠેલું દૂષણ :

જે જૈન કુળમાં એક વનસ્પતિની પાંખડી પણ દુભાય તો ય જૈન પરિવારનું બાળક રોવા લાગતું એ પરિવારોમાં આ હદની કારમી હિંસાનાં પાપો થઈ રહ્યાં છે. કેટલાક તો એવા નિઃશંક અને પાપની સૂગ વિનાના ધિટ્ઠા હૈયાવાળા બની ગયા હોય છે કે આવા ગર્ભ હત્યાના પાપો ઠંડે ક્લેજે કરીને અમારી પાસે આવે ને કહે, ‘મહારાજ સાહેબ ! આવું પાપ થઈ ગયું છે. શું કરીએ ? નાઈલાજ હતો. ત્રણ દીકરી હતી અને તપાસમાં ચોથી પણ દીકરી જ આવવાની વાત ડૉક્ટરે કહી. એટલે પછી નછુટકે ગર્ભપાત કરાવી લીધો. મહારાજ સાહેબ !

એની જે પણ આલોચના આવતી હોય તે આપી દો, પણ મારાથી ઉપવાસ થતા નથી.' એમ અમને નિર્લજ્જતાથી કહી દેતા હોય છે. મારે એવાને કહેવું પડ્યું કે તમારાથી એક ઉપવાસ થતો નથી અને એ જીવનું જીવતર તમે લઈ લીધું એનું શું ? જીવતા જીવને તમે મારી નાખવાનો ધંધો કર્યો છે. આ પાપનો તમને વસવસો કે પશ્ચાત્તાપ પણ નથી. માત્ર પાપની સજાથી બચવાના ભાવથી કે લોકવ્યવહારથી આલોચના કરો છો - જેનો કોઈ મતલબ નથી. આ નિર્ઘૃણતા માત્ર સ્વાર્થીપણું અને સુખનું અર્થીપણું છે. એમાંથી જ દ્વેષધ્યાન પ્રગટે છે. તમને આ દ્વેષ ધ્યાન સમજાઈ જવું જોઈએ અને જીવનમાં ક્યાં-ક્યાં દ્વેષધ્યાન છે તેનો ખ્યાલ આવી જવો જોઈએ.

હવે વાત કરવી છે મોહ ધ્યાનની.

✦ ❖ ✦



# સન્માર્ગ પ્રકાશન

**જૈન આરાધના ભવન, પાછીયાની પોળ,**
**રીલીફ રોડ, અમદાવાદ-૧**
**Ph. : 2535 2072, Fax : 2539 2789,**
**E-mail : sanmargprakashan@gmail.com**

**સારા એરિયામાં માત્ર એક સ્ક્વેઅર ફુટ જગ્યા મળે એટલી જ રકમમાં જીવનભર માટે જીવનને અધ્યાત્મના ઉજાસથી ભરતા અઢળક પુસ્તકો મેળવો !**

***સન્માર્ગ પ્રકાશન*** **દ્વારા પ્રકાશિત થતાં પુસ્તકો જૈન આચાર, વિચાર અને તત્ત્વજ્ઞાનને ખૂબ જ સરળ ભાષામાં, સુબોધ શૈલીમાં, આકર્ષક રૂપરંગમાં પ્રસ્તુત કરે છે.**

**દસ વર્ષના ગાળામાં બસો જેટલાં પુસ્તકો પ્રકાશિત થયાં છે. એક એક પુસ્તકે કૈંકનાં જીવન પલટ્યાં છે. નવી દૃષ્ટિ આપી છે. મૂરઝાયેલી ધર્મચેતનાને ફરીથી જીવતી અને જાગતી કરવામાં અમૂલ્ય ફાળો આપ્યો છે.**

**પ્રતિવર્ષ લગભગ ૮૦૦ થી ૧૦૦૦ પાનાં જેટલું શાસ્ત્રાનુસારી માર્ગસ્થ સાહિત્ય ઘેરબેઠાં પ્રાપ્ત થશે.**

**માત્ર લાભ જ લાભ આ યોજનામાં હોઈ આજે જ રૂ. ૫૦૦૦- ભરી** ***સન્માર્ગ પ્રકાશન*** **- પુસ્તક યોજનાના આજીવન સભ્ય બનો.**

**સભ્ય બનતાંની સાથે જ તમારી પસંદગીનાં રૂ. ૧૦૦૦/-નાં પુસ્તકો ભેટ અપાશે.**

**પુસ્તકો માટે આજીવન સભ્ય ફી માત્ર રૂ. ૫૦૦૦/-**




## સન્માર્ગ પ્રકાશન
## પારિવારિક સમાચાર
### પાક્ષિક પત્ર ગુજરાતી-હિંદી
### અલગ અલગ આવૃત્તિરૂપે

દર પંદર દિવસે ઘરે આવી સૂતેલા આતમરામને ઢંઢોળી અનંત સુખના સ્વામી બનવાનો કિમીયો બતાવતું ***સન્માર્ગ પાક્ષિક*** જન-જનમાં જાણીતું અને માણીતું બની ચૂક્યું છે.

વ્યાખ્યાનવાચસ્પતિ પૂ. આ. શ્રી વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના સચોટ પ્રવચનાંશો તેમજ પ્રવચનપ્રભાવક પૂ. આ. શ્રી વિજય **કીર્તિયશસૂરીશ્વરજી** મહારાજનાં પ્રવચનોથી આ પાક્ષિકનાં પૃષ્ઠો અલંકૃત બનેલાં છે.

તે ઉપરાંત જૈનશાસનનું તત્ત્વજ્ઞાન, સ્વાધ્યાયનો સથવારો, ચૂંટેલા શાસ્ત્ર શ્લોકો, સરળ ભાષામાં નવતત્ત્વ અને દર્શન-પૂજાની વિસ્તૃત સમજ, પૂજ્ય પુરુષોનો પરિચય અને મુંઝવતા પ્રશ્નોના શાસ્ત્રીય સમાધાનો આ પાક્ષિકની વિરલ વિશેષતા છે. ***સન્માર્ગના*** અનેકાનેક વિશેષાંકો ચતુર્વિધ શ્રીસંઘ ખૂબ જ આત્મીયતાથી સંઘરી રાખે છે; કેમ કે તે અંકો તે તે વિષયના પ્રામાણિક સંદર્ભો બની રહે છે.

વર્ષે ૩૦૦થી વધુ પાનાં **A/4** સાઈઝના ઉજળા ભારે કાગળ પર બહુરંગી-ઑફસેટ પ્રિન્ટીંગમાં છપાતું ***સન્માર્ગ*** બાહ્યાભ્યંતર આકર્ષક રૂપરંગ ધરાવે છે.

**માત્ર ૧૦૦૦/- રૂપિયા એક જ વાર ભરી આજીવનપર્યંત ઘેર બેઠાં મેળવો.**
**જે ભાષાની આવૃત્તિ જોઈએ તે લખી જણાવશો.**

**સન્માર્ગ પ્રકાશન**
**જૈન આરાધના ભવન, પાછીયાની પોળ, રીલીફ રોડ, અમદાવાદ-૧**
Ph. : 2535 2072, Fax : 2539 2789, E-mail : sanmargp@icenet.net

**માત્ર ૧૦૦૦/- રૂ. માં જિંદગીનો અધ્યાત્મ વીમો ઉતરાવો.**



# આધાર સ્થંભ

**સન્માર્ગ પ્રકાશનના શુભકાર્યમાં આત્મીયભાવે અત્યંત મહત્ત્વનો ફાળો આપી આધારસ્થંભ બનનારા પુણ્યવાનોની શુભ નામાવલિ**

| | | |
|---|---|---|
| ૧. | ભોરોલતીર્થ નિવાસી મહેતા શાંતિલાલ હરીલાલ | મુંબઈ |
| ૨. | હસમુખલાલ ચુનિલાલ મોદી | મુંબઈ |
| ૩. | રમીલાબેન મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ | મુંબઈ |
| ૪. | માણેકલાલ મોહોલાલ ઝવેરી | મુંબઈ |
| ૫. | ભોરોલતીર્થ નિવાસી સંઘવી સ્વરૂપચંદ મગનલાલ હ. વાડીલાલ | સુરત |
| ૬. | ભોરોલતીર્થ નિવાસી વોહેરા જેવતલાલ સ્વરૂપચંદ | અમદાવાદ |
| ૭. | શાહ પ્રેમચંદ ઈશ્વરલાલ | મુંબઈ |
| ૮. | શ્રીમતી કંચનબેન સારાભાઈ શાહ હ. વિરેન્દ્રભાઈ (સાઈન્ટીફીક લેબ) | અમદાવાદ |
| ૯. | ઝવેરી કુમારપાળ બાલુભાઈ | મુંબઈ |
| ૧૦. | શાહ જોઈતાલાલ ટોકરદાસ હ. શાહ દિનેશભાઈ જે. | મુંબઈ |
| ૧૧. | શાહ છબીલદાસ સાકળચંદ પરિવાર | મુંબઈ |
| ૧૨. | શાહ ભાઈલાલ વર્ધીલાલ (રાધનપુર) હ. શાહ રાજુભાઈ બી. | નવસારી |
| ૧૩. | ભોરોલતીર્થ નિવાસી સંઘવી મણીબહેન મનજીભાઈ હ. ચંપકભાઈ | સુરત |
| ૧૪. | શાહ દલપતભાઈ કકલભાઈ (પીલુચાવાળા) | સુરત |
| ૧૫. | સંઘવી શાંતિલાલ વાડીલાલ | ભાભર |
| ૧૬. | શાહ બાબુલાલ મંગળજી પરિવાર | ઉંબરી |
| ૧૭. | શ્રીમતી કંચનબેન કાંતિલાલ મણીલાલ ઝવેરી હસ્તગિરિ પ્રતિષ્ઠા સ્મૃતિ | પાટણ |
| ૧૮. | પાલનપુર નિવાસી શાહ શશીકાંત પૂનમચંદ | મુંબઈ |
| ૧૯. | શાહ ચમનલાલ ચુનીલાલ ધાનેરાવાળા | મુંબઈ |
| ૨૦. | શાહ મંગળદાસ માનચંદ લિંબોદ્રાવાળા | મુંબઈ |
| ૨૧. | ઝવેરી જીતુભાઈ ઝવેરચંદ | મુંબઈ |
| ૨૨. | શાહ લાલચંદ છગનલાલ પરિવાર પિંડવાડાવાળા | મુંબઈ |
| ૨૩. | ધાનેરા નિવાસી શાહ ચંદનબેન કનૈયાલાલ હ. નરેશભાઈ | નવસારી |
| ૨૪. | સુશીલાબેન પ્રતાપભાઈ દલાલ | પાટણ |
| ૨૫. | સાલેચ્છા ઉકચંદજી જુગરાજજી | અમદાવાદ |
| ૨૬. | શાહ જયંતિલાલ આત્મારામ | અમદાવાદ |
| ૨૭. | શ્રીમતી પ્રવિણાબેન ચંપકલાલ ગાંધી | મુંબઈ |
| ૨૮. | શ્રીમતી સવિતાબેન મફતલાલ વારીયા હઃ કીર્તિભાઈ મફતલાલ વારીયા | મુંબઈ |
| ૨૯. | છોટાલાલ નાથાલાલ શાહ | મુંબઈ |
| ૩૦. | સીતાદેવી પોદ્દાર | મુંબઈ |

# સહયોગી

**સન્માર્ગ પ્રકાશનના શુભકાર્યને પોતાનું માની આગવો ફાળો આપી સહયોગી બનનારા પુણ્યાત્માઓની શુભ નામાવલિ.**

| | | |
|---|---|---|
| ૧. | હેમચંદભાઈ મોતીચંદભાઈ ઝવેરી | મુંબઈ |
| ૨. | અમુલખભાઈ પૂનમચંદભાઈ મહેતા હ. કુમારભાઈ આર. શાહ | સુરત |
| ૩. | રમણિકભાઈ રેવચંદભાઈ શાહ ધાનેરાવાળા હ. અરવિંદભાઈ આર. શાહ | સુરત |
| ૪. | સંઘવી સોહનરાજજી રૂપાજી | મુંબઈ |
| ૫. | શ્રી કેશવલાલ દલપતલાલ ઝવેરી શ્રી સુંદરલાલ દલપતભાઈ ઝવેરી | મુંબઈ |
| ૬. | શ્રી મણીલાલ નીહાલચંદ શાહ હ. રતિલાલ મણીલાલ શાહ | મુંબઈ |
| ૭. | સ્વ. શાહ મૂળચંદ ધર્માજી તથા પારૂલબહેન મૂળચંદજી પરિવાર | ભાંડોતરા |
| ૮. | સ્વ. ભીખમચંદજી સાકળચંદજી શાહ રતનચંદ ફુલચંદ | મુંબઈ |
| ૯. | શાહ પારૂબહેન મયાચંદ વરધાજી | જેતાવાડા |
| ૧૦. | શાહ મણીલાલ હરગોવનદાસ નેસડાવાળા હ. પ્રવિણભાઈ | સુરત |
| ૧૧. | શ્રીમતી જયાબહેન પાનાચંદ ઝવેરી હ. પાનાચંદ નાનુભાઈ ઝવેરી | મુંબઈ |
| ૧૨. | શ્રી દીપચંદ લલ્લુભાઈ તાસવાળા | સુરત |
| ૧૩. | શાહ બાબુલાલ નાગરદાસ પટોસણ (ઉ.ગુ.)વાળા | મુંબઈ |
| ૧૪. | શાહ અમીચંદ ખીમચંદ પરિવાર હ. યોગેશભાઈ તથા નિકુંજભાઈ | મુંબઈ |
| ૧૫. | શાહ માણેકલાલ નાનચંદ | મુંબઈ |
| ૧૬. | શાહ બબાભાઈ ડાહ્યાલાલ રોકાણી (જૂના ડીસાવાળા) | મુંબઈ |
| ૧૭. | શ્રી ચુનીલાલ માણેકલાલ દડીયા | મુંબઈ |
| ૧૮. | વીરચંદ પુનમચંદજી દલાજી (બાપલા) હ. તુલસીબેન, કસુંબીબેન, સમુબેન | મુંબઈ |
| ૧૯. | અ.સૌ. પુષ્પાબેન મફતલાલ દલીચંદજી શાહ | આલવાડા |
| ૨૦. | મેઘજી સાંગણ ચરલા હ. માલશી - ખેતશી મેઘજી ચરલા | આધોઈ-કચ્છ |
| ૨૧. | સ્વ. રસીકલાલ ચિમનલાલ ઝવેરી હ: અભયભાઈ | મુંબઈ |
| ૨૨. | શાહ મફતલાલ જેશીંગભાઈ હ: ભરતભાઈ | નવસારી |
| ૨૩. | વીણાબેન ધીરજલાલ કપાસી | મુંબઈ |
| ૨૪. | શ્રીમતી આશાબેન કીરીટભાઈ શાહ | મુંબઈ |
| ૨૫. | વોહેરા રામચંદ હકમચંદ પૂ.સા.શ્રીજયપ્રજ્ઞા-વિજયપ્રજ્ઞાશ્રીજીસંયમસ્મૃતિ | રામપુરા |
| ૨૬. | કલાબેન કાંતિલાલ પનાજી | જેતાવાડા-મુંબઈ |

# સન્માર્ગ પ્રકાશન

**જૈન આરાધના ભવન, પાછીયાની પોળ, રીલીફ રોડ, અમદાવાદ-૧**

**Ph. : 2535 2072, Fax : 2539 2789, E-mail : sanmargprakashan@gmail.com**


## ❖ પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરિ સ્મૃતિ ગ્રંથમાળા ❖

| નં. | | નામ | કિંમત |
|---|---|---|---|
| RSG-001 | ૧ થી | સ્મૃતિ ગ્રંથમાળા (૨૧-૨૨ પુસ્તકોના ચાર સેટ) | (અપ્રાપ્ય) |
| RSG-108 | ૧૦૮ | સ્મૃતિ ગ્રંથમાળા (૨૧-૨૨ પુસ્તકોનો પાંચમો સેટ) | ૧૨૫/- |
| RSG-109 | ૧૦૯ | ભગવાને ભાખ્યા ભાવિના લેખ (ચોથી આવૃત્તિ) | ૩૦/- |
| RSG-110 | ૧૧૦ | સમ્યગ્દર્શન | (અપ્રાપ્ય) |
| RSG-111 | ૧૧૧ થી ૧૨૫ | આચારાંગ સૂત્રનાં (ધૂતાધ્યયન)-વ્યાખ્યાનો (ભાગ ૧-૧૫) | ૨૦૦૦/- |
| RSG-131 | ૧૩૧ | જૈનશાસનની મિલકત | (અપ્રાપ્ય) |
| RSG-132 | ૧૩૨ | આત્માની ત્રણ અવસ્થાઓ | (અપ્રાપ્ય) |
| RSG-133 | ૧૩૩ | સનાતન સત્યનો સાક્ષાત્કાર | ૪૦/- |
| RSG-134 | ૧૩૪ | વંદિત્તા સૂત્રનું વિવરણ | ૫૦/- |
| RSG-135 | ૧૩૫ | રામાયણનો રસાસ્વાદ | (અપ્રાપ્ય) |
| RSG-136 | ૧૩૬ | આર્યસંસ્કૃતિનો આદર્શ | (અપ્રાપ્ય) |
| RSG-137 | ૧૩૭ | વિંશતિ-વિંશિકા | ૬૦/- |
| RSG-138 | ૧૩૮ થી ૧૪૦ | સંઘ સ્વરૂપ દર્શન ભાગ ૧થી ૩ (સેટ) | ૨૫૦/- |
| RSG-141 | ૧૪૧ | ધોબીડા તું ધોજે મનનું ધોતીયું | ૧૦/- |
| RSG-142 | ૧૪૨ | સમરાદિત્ય મહાકથા ભૂમિકાનાં પ્રવચનો | ૩૦/- |
| RSG-H01 | १. | जिनशासन के प्रति हमारा उत्तरदायित्व (हिंदी ग्रंथमाला) | ३५/- |

## ❋ English Books ❋

| | | | |
|---|---|---|---|
| ENG-001 | 1. | Jainism A Glimpse | 20/- |
| ENG-002 | 2. | Atma The Self | 25/- |
| ENG-003 | 3. | Devasia-Raia Pratikraman Sutra | 30/- |

## ❖ प्रवचनप्रभावक हिन्दी ग्रंथमाला ❖

| | | | |
|---|---|---|---|
| PPH-001 | १. | जिनाज्ञा परममंत्र | ३५/- |
| PPH-002 | २. | प्रार्थनासूत्र के माध्यम से परमात्मा को प्रार्थना | २५/- |
| PPH-003 | ३. | जैन संघ के अग्रणिओं को मार्गदर्शन | (अप्राप्य) |
| PPH-004 | ४. | आत्मध्यान के अवसर पर | ३०/- |
| PPH-005 | ५. | नवपद के उपासक - श्रीपाल - मयणा | ५०/- |
| PPH-006 | ६. | समकित का संग, मुक्ति का रंग | ५०/- |
| PPH-007 | ७. | उचित आचरण-१ माता-पिता के प्रति संतानों का | २५/- |



## ❖ પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરિ સ્મૃતિ : સંસ્કૃત-પ્રાકૃત ગ્રંથમાળા ❖

| | | | |
|---|---|---|---|
| RSS-001 | १. | जीवनसाफल्यदर्शनम् (श्रीविजयरामचन्द्रसूरि) प्रत | (अप्राप्य) |
| RSS-002 | २. | दर्शनशुद्धिप्रकरणम् (बृहद्वृत्ति सह) प्रत | (अप्राप्य) |
| RSS-003 | ३. | धर्मोपदेशकाव्यम् सटीक (श्रीलक्ष्मीवल्लभगणि) प्रत | (अप्राप्य) |
| RSS-004 | ४. | नवस्मरण-गौतमस्वामी रास (मोटा टाइप) प्रत | (अप्राप्य) |
| RSS-005 | ५. | इन्द्रियपराजयशतक सटीक (श्रीगुणविनयगणि) प्रत | (अप्राप्य) |
| RSS-006 | ६. | दीपोत्सवकल्प (श्रीहेमचन्द्रसूरि) प्रत | ५०-०० |
| RSS-007 | ७. | श्रीश्रीपालचरित्रम् (श्रीज्ञानविमलसूरि) प्रत | ६५-०० |
| RSS-008 | ८. | श्रीश्रीपालचरित्रम् (श्रीसत्यराजगणि) प्रत | १००-०० |
| RSS-009 | ९. | योगविंशिका-प्रकरणम् सटीक (भाषांतर) पुस्तक | २५-०० |
| RSS-010 | १०. | हितोपदेशः सटीक (श्री प्रभानंदसूरि) प्रत | ३००-०० |
| RSS-011 | ११. | उत्तराध्ययनसूत्र सटीक प्रत (पं. श्री भाव वि.) प्रत | ३००-०० |
| RSS-012 | १२. | षड्दर्शनसमुच्चय (गुज. भावानुवाद) भाग-१ पुस्तक | १३०-०० |
| RSS-013 | १३. | षड्दर्शनसमुच्चय (गुज. भावानुवाद) भाग-२ पुस्तक | १५५-०० |
| RSS-014 | १४. | हितोपदेशः (मूल-वृत्ति-कथा-तुला-टिप्पणीसमन्वितः) पुस्तक | १७५-०० |
| RSS-015 | १५. | हितोपदेशः (कथारहित-वृत्तिसमन्वितः) पुस्तक | ७५-०० |
| RSS-016 | १६. | आचारप्रदीपः (श्रीरत्नशेखरसूरि.) प्रत | १००-०० |
| RSS-017 | १७. | योगविंशिकाप्रकरणम् (टीका-टीप्पण-अनुवाद-तात्पर्य-परिशिष्ट-समेतम्) | ९०-०० |
| RSS-018 | १८. | सूत्रव्याख्यानविधिशतकम् प्रत | ५०-०० |
| RSS-019 | १९. | श्रीआवश्यकनिर्युक्ति भाग-१ (तिलकाचार्य) प्रत | १५०-०० |
| RSS-020 | २०. | સમરાદિત્ય મહાકથા (ગુજરાતી ભાવાનુવાદ) | ૧૦૦-૦૦ |
| RSS-021 | २१. | પંચસૂત્ર સચિત્ર-આર્ટપેપર | ૨૦-૦૦ |
| RSS-022 | २२. | चतुःशरणप्रकीर्णकम् सटीक-सपरिशिष्ट-पुस्तक | २००-०० |
| RSS-201 | ● | नेमिदूतकाव्यम् - (संस्कृत - हिन्दी - गुज.) पुस्तक | ५०-०० |
| RSS-202 | ● | उपदेशसप्ततिः (ભાષાંતર સાથે) पुस्तक | (અપ્રાપ્ય) |
| RSS-023 | २३. | ध्यानशतकं सटीक-सतुला-सपरिशिष्ट-पुस्तक | (प्रेसमां) |
| RSS-024 | २४. | सन्मतितर्कः टीका-अनुवादसहित पुस्तक | (प्रेसमां) |
| RSS-025 | २५. | कल्पसूत्र सुबोधिका (मोटा टाईप) प्रत | (प्रेसमां) |
| RSS-026 | २६. | आतुरप्रत्याख्यानादि प्रकीर्णकानि सटीकादीनि पुस्तक | (क्रमशः) |
| RSS-027 | २७. | दर्शनशुद्धिप्रकरणम् सटीक-सतुला पुस्तक | (प्रेसमां) |
| RSS-203 | ● | શ્રમણ ઉપયોગી સૂત્ર-સાર્થ पुस्तक | ૪૦-૦૦ |
| RSS-204 | ● | ઓઘનિર્યુક્તિ પરાગ पुस्तक | (અપ્રાપ્ય) |
| RSS-205 | ● | પિંડનિર્યુક્તિ પરાગ पुस्तक | (અપ્રાપ્ય) |

## ✦ પ્રવચનપ્રભાવક ગ્રંથમાળા ✦

(પ્રવચનકાર : પૂ. આ. શ્રી વિજય કીર્તિયશ સૂ. મ. સા.)

| | નં. | નામ | કિંમત |
|---|---|---|---|
| PPG-1 | ૧. | પ્રવચનનું પ્રતિબિંબ | ૫૦/- |
| PPG-2 | ૨. | નવપદ ઉપાસના (બીજી આવૃત્તિ) | ૬૦/- |
| PPG-3 | ૩. | નવપદના ઉપાસકો (શ્રીપાળ-મયણા) (બીજી આવૃત્તિ) | ૪૦/- |
| PPG-4 | ૪. | સાધના જીવનના ચડાવ ઉતાર | (અપ્રાપ્ય) |
| PPG-5 | ૫. | પ્રાર્થના સૂત્રના માધ્યમે પરમાત્માને પ્રાર્થના (બીજી આ.) | ૩૦/- |
| PPG-6 | ૬. | જિનાજ્ઞા પરમમંત્ર (બીજી આવૃત્તિ) | ૩૦/- |
| PPG-7 | ૭. | માર્ગ : દુઃખમુક્તિ અને સુખપ્રાપ્તિનો | (અપ્રાપ્ય) |
| PPG-8 | ૮. | આત્મા જ સંસાર, આત્મા જ મોક્ષ | (અપ્રાપ્ય) |
| PPG-9 | ૯. | જિનાજ્ઞા જીવનમંત્ર | (અપ્રાપ્ય) |
| PPG-10 | ૧૦. | અહિંસાનો પરમાર્થ | ૨૫/- |
| PPG-11 | ૧૧. | ધર્મમાં ભાવવિશુદ્ધિની અનિવાર્યતા | ૨૦/- |
| PPG-12 | ૧૨. | તપસ્યા કરતાં કરતાં હો ડંકા જોર બજાયા હો... | ૨૫/- |
| PPG-13 | ૧૩. | સાધના અને સાધક | ૨૦/- |
| PPG-14 | ૧૪. | આત્મધ્યાનના અવસરે | (અપ્રાપ્ય) |
| PPG-15 | ૧૫. | સમકિતનો સંગ મુક્તિનો રંગ (બીજી આવૃત્તિ) | ૪૦/- |
| PPG-15/1 | ૧૫/૧. | અંજનશલાકાનાં રહસ્યો | ૨૦/- |
| PPG-16 | ૧૬. | જૈનસંઘના મોભીઓને માર્ગદર્શન (બીજી આવૃત્તિ) | ૫૦/- |
| PPG-17 | ૧૭. | ઝાણં : (મનને જાણો ! મનને જીતો !) (બીજી આવૃત્તિ) | ૫૦/- |
| PPG-18 | ૧૮. | આગમ જાણો ! (સૂયગડાંગ સૂત્રનાં વ્યાખ્યાનો ભા. ૧) | ૬૦/- |
| PPG-19 | ૧૯. | આતમ જાગો ! (સૂયગડાંગ સૂત્રનાં વ્યાખ્યાનો ભા. ૨) | ૬૦/- |
| PPG-20 | ૨૦. | બંધન જાણો ! બંધન તોડો ! (સૂયગડાંગ સૂત્રનાં વ્યાખ્યાનો ભા.૩) | ૬૦/- |
| PPG-21 | ૨૧. | શ્રી આદિનાથ ચરિત્ર (સચિત્ર) | ૧૦/- |
| PPG-21/1 | ૨૧/૧ | સન્માર્ગ પ્રશ્નોત્તર - ૧ | ૨૦/- |
| PPG-22 | ૨૨. | સન્માર્ગ પ્રશ્નોત્તર - ૨ | ૨૦/- |
| PPG-23 | ૨૩. | સન્માર્ગ પ્રશ્નોત્તર - ૩ | ૨૦/- |
| PPG-24 | ૨૪. | સન્માર્ગ પ્રશ્નોત્તર - ૪ | ૨૦/- |
| PPG-25 | ૨૫. | કથા સન્માર્ગની - ૧ | ૨૦/- |
| PPG-26 | ૨૬. | કથા સન્માર્ગની - ૨ | ૨૫/- |
| PPG-27 | ૨૭. | ઉચિત આચરણ-૧ : માતા-પિતા પ્રત્યે : સંતાનોનું (ત્રીજી આવૃત્તિ.) | ૨૦/- |
| PPG-28 | ૨૮. | પર્વાધિરાજ પર્યુષણ સચિત્ર-આર્ટપેપર | ૫૦/- |
| PPG-29 | ૨૯. | ઉચિત આચરણ-૨ : ભાઈ-બહેન પ્રત્યેનું (ત્રીજી આવૃત્તિ.) | ૨૦/- |
| PPG-30 | ૩૦. | ઉચિત આચરણ-૩ : પતિનું-પત્ની પ્રત્યે | |
| PPG-31 | ૩૧. | ઉચિત આચરણ-૪ : પત્નીનું પતિ પ્રત્યે | |
| PPG-32 | ૩૨. | ઉચિત આચરણ-૫ : સંતાનો પ્રત્યે માતા-પિતાનું (બીજી આ.) | ૪૦/- |
| PPG-33 | ૩૩. | ઉચિત આચરણ-૬ : સ્વજનો અને નગરજનો પ્રત્યેનું | ૨૫/- |
| PPG-34 | ૩૪. | ઉચિત આચરણ-૭ : ધર્માચાર્ય પ્રત્યેનું | ૫૦/- |
| PPG-35 | ૩૫. | ઉચિત આચરણ-૮ : સાધુ-સંતો પ્રત્યેનું | ૨૫/- |



## ✦ પ્રવચનપ્રભાવક ગ્રંથમાળા ✦

| | | | |
|---|---|---|---|
| PPG-36 | ૩૬. | ઝાણં-૬૩ દુર્ધ્યાનો - પતિત મનને પાવન કરો ! - ૧ | ૨૫/- |
| PPG-37 | ૩૭. | ઝાણં-૬૩ દુર્ધ્યાનો - પતિત મનને પાવન કરો ! - ૨ | ૨૫/- |
| PPG-38 | ૩૮. | ઝાણં-૬૩ દુર્ધ્યાનો - પતિત મનને પાવન કરો ! - ૩ | ૨૫/- |

## ✤ અન્ય પ્રકાશનો ✤

| | | | |
|---|---|---|---|
| EXE-001 | ૧. | સન્માર્ગદર્શન ભાગ-૧ | (અપ્રાપ્ય) |
| EXE-002 | ૨. | સન્માર્ગદર્શન ભાગ-૨ | (અપ્રાપ્ય) |
| EXE-003 | ૩. | ત્રૈલોક્યપ્રકાશ | (અપ્રાપ્ય) |
| EXE-004 | ૪. | મૃત્યુની મંગળપળે - સમાધિની સાધના (ત્રીજી આવૃત્તિ) | ૫૦/- |
| EXE-005 | ૫. | અરિહંતના અતિશયો | (અપ્રાપ્ય) |
| EXE-006 | ૬. | અર્હન્નમસ્કારાવલી | ૨૦/- |
| EXE-007 | ૭. | વિશ્વવિજ્ઞાન પ્રાચીન અને નવીન | (અપ્રાપ્ય) |
| EXE-008 | ૮. | દ્રવ્યસપ્તતિકા | ૧૦૦/- |
| EXE-009 | ૯. | પ્રેરક પરિવર્તન (બીજી આવૃત્તિ) | ૫૦/- |
| EXE-010 | ૧૦. | ભાવપ્રતિક્રમણનું તાળું ખોલો (છઠ્ઠી આવૃત્તિ) | ૬૦/- |
| EXE-011 | ૧૧. | વૈરાગ્યશતક-ઈન્દ્રિયપરાજયશતક | ૭૦/- |
| EXE-012 | ૧૨. | શ્રાદ્ધવિધિ પ્રકરણ (ગુજરાતી ભાષાંતર) | ૧૨૫/- |
| EXE-013 | ૧૩. | સૂત્રસંવેદના ભાગ-૧ | (અપ્રાપ્ય) |
| EXE-014 | ૧૪. | સૂત્રસંવેદના ભાગ-૨ | (અપ્રાપ્ય) |
| EXE-015 | ૧૫. | સૂત્રસંવેદના ભાગ-૩ | ૩૦/- |
| EXE-016 | ૧૬. | સૂત્રસંવેદના ભાગ-૪ | ૬૦/- |
| EXE-017 | ૧૭. | શ્રાવકધર્મ-ધર્મસંગ્રહ સારોદ્ધાર ભાગ-૧ | ૬૦/- |
| EXE-018 | ૧૮. | શ્રમણધર્મ-ધર્મસંગ્રહ સારોદ્ધાર ભાગ-૨ | ૫૦/- |
| EXE-019 | ૧૯. | અગમ્ય જીવસૃષ્ટિ | (અપ્રાપ્ય) |
| EXE-020 | ૨૦. | માંદગીમાં મનની માવજત (પાંચમી આવૃત્તિ) | ૧૫/- |
| EXE-021 | ૨૧. | શ્રુત મહાપૂજા | ૧૦/- |
| EXE-022 | ૨૨. | भाव प्रतिक्रमण का ताला खोलो - दो प्रतिक्रमण | ૩૦/- |
| EXE-023 | ૨૩. | भाव प्रतिक्रमण का ताला खोलो - पंच प्रतिक्रमण | ૭૭/- |
| EXE-024 | ૨૪. | ભાષ્યત્રિક-ભાવત્રિક | ૩૦/- |